# શ્રી જ્ઞાનવિમલ સજ્ઝાયસંગ્રહ

સંપાદક

કીર્તિદા શાહ, અભય દોશી

•

સહાયક સંપાદક

વિનોદચંદ્ર રમણલાલ શાહ

# શ્રી જ્ઞાનવિમલ સઝાયસંગ્રહ


સંપાદક

કીર્તિદા શાહ

અભય દોશી

સહાયક સંપાદક

વિનોદચંદ્ર રમણલાલ શાહ



પ્રકાશક

શ્રી જ્ઞાનવિમલ ભક્તિપ્રકાશ પ્રકાશન સમિતિ

**Jnanavimal Sajjaysangrah**
*a collection of devotional poems by*
*Acharya Shree Jnanavimalsuri, ed. Kirtida Shah, Abhay Doshi*

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૩

નકલ : ૧૦૦૦

પૃષ્ઠસંખ્યા : ૨૮+૨૪૮

**કિંમત : રૂ. ૧૦૦-૦૦**

*પ્રકાશક :*

**શ્રી જ્ઞાનવિમલ ભક્તિપ્રકાશ પ્રકાશન સમિતિ વતી**
વિનોદચંદ્ર રમણલાલ શાહ
'દીપક' બ્લોક નં. ૫, બીજો માળ,
આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (પૂર્વ)
મુંબઈ ૪૦૦ ૦૭૭

*પ્રાપ્તિસ્થાન :*

(૧) મહેન્દ્રભાઈ ચં. પટેલ
ચંદ્રમહાલ, ૧૬, મહાલક્ષ્મી સોસા.,
પાલડી, અમદાવાદ ૩૮૦ ૦૦૭

(૨) ઈશ્વરલાલ માણેકલાલ શાહ
૧૩, તુલસી રો-હાઉસ, જોધપુર-
ગામ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫

(૩) વિનોદચંદ્ર રમણલાલ શાહ
'દીપક' બ્લોક નં. ૫, બીજો માળ, આર. બી. મહેતા માર્ગ,
ઘાટકોપર (પૂર્વ) મુંબઈ ૪૦૦ ૦૭૭

*ટાઇપસેટિંગ :*

**શારદા મુદ્રણાલય**
૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી,
અમદાવાદ ૩૮૦ ૦૦૬

*મુદ્રક :*

**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૪

## અર્પણ

આદરણીય
જયંત કોઠારીને

## પ્રકાશનના પુણ્યકાર્યના સહભાગીઓની યાદી

| | શુભનામ | રૂપિયા |
|---|---|---|
| ૧. | શ્રી તારાબહેન રમણલાલ શાહ<br>સ્વ. શ્રી રમણલાલ ચીમનલાલ શાહ | ૨૫૦૦ |
| ૨. | સ્વ. શ્રી સમરતબહેન ચીમનલાલ શાહ<br>સ્વ. શ્રી ચીમનલાલ સાંકળચંદ શાહ | ૨૫૦૦ |
| ૩. | સ્વ. શ્રી સાધ્વી વસંતશ્રીજી તથા<br>સ્વ. શ્રી સાધ્વી નયમાલાશ્રીજીના<br>સ્મરણાર્થે – સૂર્યયશાશ્રીજી તથા<br>જયમાલાશ્રીજીની પ્રેરણાથી | ૨૫૦૦ |
| ૪. | સ્વ. શ્રી ચંપાબહેન સાંકળચંદ શાહ<br>સ્વ. શ્રી સાંકળચંદ જેઠાલાલ શાહ | ૨૫૦૦ |
| ૫. | સ્વ. શ્રી કાન્તાબહેન રસિકલાલ શાહ<br>સ્વ. શ્રી રસિકલાલ ચીમનલાલ શાહ | ૨૫૦૦ |
| ૬. | સ્વ. શ્રી કમળાબહેન અંબાલાલ શાહ<br>સ્વ. શ્રી ડૉ. અંબાલાલ જેઠાલાલ શાહ | ૨૫૦૦ |
| ૭. | સ્વ. શ્રી મધુરીબહેન અમૃતલાલ શાહ<br>સ્વ. શ્રી અમૃતલાલ જેઠાલાલ શાહ | ૨૫૦૦ |
| ૮. | શ્રી કુસુમબહેન હીરાલાલ શાહ<br>સ્વ. હીરાલાલ કેશવલાલ શાહ | ૨૫૦૦ |
| ૯. | શ્રી સુશીલાબહેન ઈશ્વરલાલ શાહ<br>શ્રી ઈશ્વરલાલ માણેકલાલ શાહ | ૨૫૦૦ |
| ૧૦. | સ્વ. શ્રી મોતીચંદ ધરમચંદ કોઠારી<br>સ્વ. શ્રી તારાબહેન મોતીચંદ કોઠારી | ૨૫૦૦ |

| | |
|---|---|
| ૧૧. સ્વ. શ્રી જયસુખલાલ નાગરદાસ શાહ | |
| સ્વ. શ્રી મંજુલાબહેન જયસુખલાલ શાહ | ૨૫૦૦ |
| ૧૨. સ્વ. શ્રી લીલાબહેન બાબુલાલ કોઠારી | |
| સ્વ. શ્રી બાબુલાલ મોહનલાલ કોઠારી | ૨૫૦૦ |
| ૧૩. સ્વ. શ્રી ડૉ. જયંતીલાલ શાંતિલાલ શાહ | |
| શ્રીમતી જ્યોતિબહેન જયંતીલાલ શાહ | ૨૫૦૦ |
| ૧૪. સ્વ. શ્રી મણિબહેન સોમચંદ શાહ | |
| સ્વ. શ્રી સોમચંદ મગનલાલ શાહ | ૨૫૦૦ |
| ૧૫. સ્વ. શ્રી જયવંતીબહેન સાકરલાલ શાહ | |
| સ્વ. શ્રી સાકરલાલ વીરચંદ શાહ | ૨૫૦૦ |
| ૧૬. શ્રી મંજુલાબહેન વિનયકુમાર શાહ | |
| સ્વ. શ્રી વિનયકુમાર કે. શાહ | ૨૫૦૦ |
| ૧૭. સ્વ. શ્રી કમળાબહેન ભગુભાઈ શાહ | |
| સ્વ. શ્રી ભગુભાઈ મણિલાલ શાહ | ૨૫૦૦ |
| ૧૮. સ્વ. શ્રી ચંદ્રકાન્ત મણિલાલ પટેલ પરિવાર | |
| હ. મહેન્દ્ર ચંદ્રકાંત પટેલ | ૨૫૦૦ |
| ૧૯. સ્વ. શ્રી સવિતાબહેન ચંદ્રકાંત પટેલ | |
| હ. બિપિન ચંદ્રકાંત પટેલ | ૨૫૦૦ |
| ૨૦. સ્વ. શ્રી ગજીબહેન મણિલાલ પટેલ | |
| હ. અશ્વિન ચંદ્રકાંત પટેલ | ૨૫૦૦ |
| ૨૧. સ્વ. શ્રી કમળાબહેન કાંતિલાલ મોદી | |
| હ. સુરેન્દ્ર ચંદ્રકાંત પટેલ | ૨૫૦૦ |
| ૨૨. સ્વ. શ્રી પ્રવીણાબહેન જિતેન્દ્ર શેઠ | |
| સ્વ. શ્રી દ્વિજેનકુમાર જિતેન્દ્ર શેઠ | |
| હ. જિતેન્દ્ર રતિલાલ શેઠ | ૨૫૦૦ |
| ૨૩. સ્વ. શ્રી સત્યેન્દ્રભાઈ ગીરધરલાલ દલાલ | |
| હ. ગૌરાંગ સત્યેન્દ્રભાઈ દલાલ | ૨૫૦૦ |
| ૨૪. ઉષાબહેન ચંદ્રકાંત શાહ | |
| ઉષાબહેન અશોકકુમાર પરીખ | |
| હેતલબહેન જયકુમાર શાહ | |

| | |
|---|---|
| મિતાબહેન નૈમિષકુમાર પરીખ | ૨૫૦૦ |
| ૨૫. સ્વ. શ્રી કાન્તાબહેન હીરાલાલ શાહ | ૧૨૫૦ |
| ૨૬. સ્વ. શ્રી દર્શનાબહેન બિપિનભાઈ શાહ | |
| હ. બીજલબહેન સચીન પટેલ | ૧૨૫૦ |
| ૨૭. શ્રી ઘેલાભાઈ અભેચંદ ઝવેરી | ૧૨૫૦ |
| ૨૮. શ્રી નરેશભાઈ લક્ષ્મીચંદ શાહ | ૧૨૫૦ |
| ૨૯. શ્રી મયંકભાઈ શાહ | ૧૨૫૦ |
| ૩૦. સ્વ. શ્રી છોટાલાલ મગનલાલ શાહ | |
| સ્વ. શ્રી ચંપાબહેન છોટાલાલ શાહ | ૧૨૫૦ |
| ૩૧. શ્રી શાન્તિભાઈ મહેતા, શ્રી રમણીકભાઈ સંઘવી | |
| શ્રી પ્રતાપરાય દોશી, શ્રી બિપિનભાઈ ગાંધી, | |
| શ્રી નવિનભાઈ મહેતા | ૧૨૫૦ |

# પ્રકાશકીય નિવેદન

૧. પ. પૂ. આચાર્યશ્રી પ્રદ્યુમનસુરીશ્વરજીની શુભ પ્રેરણાથી અમે 'શ્રી જ્ઞાનવિમલ ભક્તિપ્રકાશ' નામે શ્રી જ્ઞાનવિમલસૂરિના સ્તવન-ચૈત્યવંદન-સ્તુતિ વગેરેનો સમુચ્ચય સને ૧૯૯૮માં પ્રકાશિત કર્યો.

૨. હવે અમે શ્રી જ્ઞાનવિમલસૂરિજી રચિત સઝાયોનો સંગ્રહ 'શ્રી જ્ઞાનવિમલ સઝાય સંગ્રહ' પ્રકાશિત કરીએ છીએ.

૩. આ સંગ્રહના પ્રકાશન વખતે અમને થયું કે શ્રી જ્ઞાનવિમલસૂરિજીની અન્ય કૃતિઓનો જે 'શ્રી જ્ઞાનવિમલ ભક્તિપ્રકાશ'માં સમાવેશ થયો નથી - તે પરિશિષ્ટ રૂપે સમાવેશ કરી લેવો. કલ્યાણ મંદિર સ્તોત્રના સ્તવનો, મૌન એકાદશી માહાત્મ્ય ગર્ભિત મલ્લિનાથ સ્તવન તથા અન્ય સ્તુતિ વગેરે પરિશિષ્ટમાં મૂકયા છે.

૪. પન્યાસ શ્રી નિરંજનવિજયજીએ શ્રી નગીનદાસ પાટડીવાળા સંપાદિત સ્વાધ્યાય સંગ્રહના ચાર ભાગ અમને આપ્યા હતા. એમાંથી જ્ઞાનવિમલસૂરિકૃત સઝાયોનો ઉપયોગ કર્યો છે. આ ઉપરાંત અન્ય કૃતિઓમાંથી સઝાયો પ્રાપ્ત થઈ હતી. શ્રી જૈન ગુર્જર સાહિત્યમાં નિર્દેશિત જ્ઞાનવિમલકૃત સઝાયો મોટે ભાગે સમાવેશ થઈ ગઈ છે. આ તકે આ બંને મહાનુભાવોનો અમે આભાર વ્યક્ત કરીએ છીએ.

૫. શ્રી પાટણ હેમચંદ્ર ભંડાર, શ્રી પાટણ (ભાભાના પાડા) જૈન ભંડાર તથા લિંબડી જ્ઞાનભંડારમાંથી અમને સહકાર પ્રાપ્ત થયો છે.

૬. પ. પૂ. આચાર્ય ભગવંત પ્રદ્યુમ્નસૂરીશ્વરજીએ જેઓ આ સંગ્રહના પ્રેરક મહાત્મા છે. તેમના આર્શીવચન માટે અમે ધન્યતા અનુભવીએ છીએ.

૭. પ. પૂ. સાધ્વી ભગવંત શ્રી રત્નચૂલાશ્રીજીએ 'યત્કિંચિત' સ્વાધ્યાય દર્શન કરાવી આ સમુચ્ચયની ઉપયોગિતામાં ઉમેરો કર્યો છે.

૮. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને જૈન સાહિત્યના પ્રખર સંશોધક અને વિદ્વવર્ય સ્વ. શ્રી જયંત કોઠારી અમારા આ પ્રકાશન કાર્યની અધવચ્ચે વિદાય

થયા. એમની પુણ્યસ્મૃતિ રૂપે આ પ્રકાશન અર્પણ કરતા આનંદ અને ઋણતર્પણની લાગણી વ્યક્ત કરીએ છીએ.

૯. આદરણીય ડૉ. કુમારપાળ દેસાઈએ શ્રી જ્ઞાનવિમલસૂરિજીના સાહિત્યકાર્યમાં આશીર્વચન દ્વારા અનુમોદના અને પ્રોત્સાહન આપ્યા છે.

૧૦. પ્રા. શ્રીમતી કીર્તિદાબહેન (જોષી) શાહ અને પ્રા. અભયભાઈ દોશીએ વ્યવસાયિક રૂપે ખૂબ જ વ્યસ્ત હોવા છતાં અમૂલ્ય સમય ફાળવી આ પ્રકાશનના સંપાદનમાં સહકાર આપી અમને આભારી કર્યા છે.

૧૧. આ ગ્રંથના પ્રકાશનમાં આર્થિક સહકાર આપી સહૃદયી કુટુંબીજનો, સંબંધીઓ અને મિત્રો પુસ્તક પ્રકાશનના પુણ્યકાર્યમાં અમારા ભાગીદાર બન્યા છે.

૧૨. પૂ. સાધુ-સાધ્વી ભગવંતો, જ્ઞાનભંડારો, પુસ્તકાલયોને આ ગ્રંથ ભેટ આપવામાં આવશે. ગ્રંથ મેળવવાની વ્યવસ્થા એમને કરવી રહેશે.

૧૩. ભવિષ્યમાં અમારી યોજના જૈન સાહિત્યના ચારેય ફીરકાઓના આધ્યાત્મિક પદોનો સમુચ્ચય પ્રકાશિત કરવાની છે. સાહિત્યરસિકોને એમનાં સૂચન તથા એમની પાસે જે અમૂલ્ય પદો હોય એ અમને પાઠવવા વિનંતી.


વિનોદચંદ્ર ન. શાહ

મહેન્દ્રકુમાર ચં. પટેલ

ઈશ્વરલાલ મા. શાહ

શ્રી જ્ઞાનવિમલ ભક્તિપ્રકાશન સમિતિ

# સંપાદકીય નિવેદન

મહદઅંશે ધર્મને કેન્દ્રમાં રાખીને રચાયેલા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈન કવિઓનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. માણસમાત્રને સીધો ધર્મબોધ પચતો નથી પરંતુ દૃષ્ટાંતથી કાવ્યમય રીતે આવેલી કડવી પરંતુ સાચી વાત તરત જ સમજાઈ જાય છે. મધ્યકાળના જૈન-જૈનેતર બધા જ કવિઓએ આ સત્યને ધ્યાનમાં રાખીને ધર્મબોધનું ગાન સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં કર્યું છે. જૈન કવિઓએ મુખ્યત્વે સઝાય, સ્તવન, વીશી, ચોવીશી, રાસ જેવાં સ્વરૂપોની કૃતિઓ આપી છે. આ રચનાઓમાં તીર્થંકર ભગવાનનો ગુણાનુવાદ, ધર્મનો આચારબોધ, મનુષ્યજીવનની નિઃસારતા અને એમાંથી મુક્તિ મેળવવાના નુસખા વગેરે વિષયો આલેખાય છે. વિવિધ સ્વરૂપોમાં સઝાય અને સ્તવન એની સંખ્યા અને ગુણવત્તા બંને રીતે ધ્યાનપાત્ર છે. યશોવિજય, આનંદઘન, વીરવિજય, શુભવિજય જેવા અનેક કવિઓએ આ સ્વરૂપની સંખ્યાબંધ રચનાઓ આપી છે. આ કવિઓની ઘણી રચનાઓ પ્રકાશિત થયેલી છે પરંતુ હસ્તપ્રત ભંડારોમાં હજુ ઘણી પ્રકાશિત થવાની રાહ જોતી બેઠી છે. કવિ જ્ઞાનવિમલસૂરિની રચનાઓ જે જુદા-જુદા સંગ્રહોમાં પ્રકાશિત હતી તેનું સંકલન કરી એક સંપાદન 'જ્ઞાનવિમલભક્તિ પ્રકાશ' (૧૯૯૮)ને નામે પ્રકાશિત થયેલ છે. એમાં કવિનાં સઘળાં સ્તવનો, સ્તુતિઓ અને ચૈતન્યવંદનોની સાથે કવિનું ચરિત્ર દર્શાવતો 'જ્ઞાનવિમલસૂરિચરિત્ર રાસ' પણ મૂક્યો છે. કવિની પ્રકાશિત-અપ્રકાશિત સઘળી રચનાઓની એક વિગતવાર સૂચિ પણ એમાં આપી છે.

પ્રસ્તુત સંગ્રહ એનું શીર્ષક દર્શાવે છે તેમ કવિની સઝાયરચનાઓનો છે. કવિની કેટલીક પ્રથમ સંગ્રહ સમયે પ્રાપ્ત ન થયેલી રચનાઓ પરિશિષ્ટમાં સમાવી છે. કવિની ૮૪ જેટલી સઝાયકૃતિઓ મળી છે. એને અહીં તત્ત્વવિચારાત્મક અને કથાત્મક એમ બે વિભાગમાં વર્ગીકૃત કરીને કક્કાના ક્રમમાં મૂકી છે. આ

સઝાયરચનાઓ ૧૯ જેટલા પ્રકાશિત સંગ્રહો અને થોડીક હસ્તપ્રતોમાંથી મેળવી છે. સઝાયસંગ્રહોનાં નામ 'જ્ઞાનવિમલભક્તિ પ્રકાશ'માં મૂકેલ છે.

'સઝાય' એ જૈન પારિભાષિક શબ્દ છે. એના મૂળમાં સંસ્કૃત 'સ્વાધ્યાય' શબ્દ રહેલો છે. 'સ્વ' એટલે આત્મા. તેનું જ્ઞાન થાય એવો અધ્યાય કે તેનું અધ્યયન તે સ્વાધ્યાય. બાર પ્રકારના તપમાં બારમા તપનું નામ સ્વાધ્યાય છે. ધ્યાન અને કાઉસગ્ગ નામના અભ્યંતર તપની ભૂમિકારૂપે આ સ્વાધ્યાય નામનું અભ્યંતર તપ છે. જૈનધર્મમાં સવાર-સાંજના પ્રતિક્રમણની વિધિ સાથે સઝાય સંકળાયેલ છે. વર્તમાનમાં ગુજરાતી અથવા લોકભાષામાં રચાયેલી આધ્યાત્મિક અથવા મહાપુરુષોના ગુણકીર્તનરૂપ પદ્યરચનાઓને સઝાય તરીકે ઓળખવામાં આવે છે. છ આવશ્યકની પૂર્ણાહુતિ અને દેવસી (સાંજના) પ્રતિક્રમણ પછી સાધુ તેની શક્તિ મુજબ સ્વાધ્યાય કરે છે.

જ્ઞાનવિમલસૂરિએ શાસ્ત્રના મર્મને સમજાવતી સઝાયો રચી છે સાથે મહાપુરુષો પ્રત્યેના આદરભાવથી પ્રેરાઈ કથામૂલક સઝાયરચનાઓ પણ આપી છે. કવિની તત્ત્વવિચારાત્મક સઝાયોમાં દસ ઢાળ અને વિવિધ દુહાઓમાં વિસ્તરેલી 'યતિધર્મની સઝાય' વિસ્તૃત છે એની નિરૂપણરીતિ અને વિષય બંને આદિકવિ નરસિંહ મહેતાની યાદ આપે છે. 'નવકારમંત્ર ભાસ' અથવા 'પંચપરમેષ્ટિની સઝાય' પણ નોંધપાત્ર છે. એમાં જૈનધર્મમાં પરમ આરાધ્ય ગણાવેલા પાંચ પરમેષ્ટિના ગુણોનું વર્ણન લાઘવથી પણ અસરકારક રીતે થયું છે.

'ચરણસિત્તરી - કરણસિત્તરી', 'વિગવઈ નિવિગઈ વિચાર', 'ઇરિયાવહીની સઝાય', 'કાઉસગ્ગના ૧૯ દોષની સઝાય' આ રચનાઓ જૈન સાધુના ગુણ અને શ્રાવકોની વિવિધ ક્રિયાઓને અનુલક્ષીને થયેલી છે. ધાર્મિક ક્રિયાઓને વિષય કરતી આ રચનાઓનું વસ્તુ પ્રમાણમાં શુષ્ક છે પરંતુ એનું આલેખન રસમય છે. 'અષ્ટનયભંગી', 'આઠયોગદષ્ટિ', 'શ્રાવકના ૨૧ ગુણ' આ સઝાયોમાં શુદ્ધ તત્ત્વવિચાર છે. 'તે સુખીયાની સઝાય'માં કવિએ 'વૈષ્ણવજન'ની રીતે સાચા જૈનધર્મીનાં લક્ષણો વર્ણવ્યાં છે. જુઓ–

*જે નવિ બોલે પરની નિંદા, જીભ અમીરસ કંદાજી,*
*જેણે તોડ્યા ભવના ફંદા, તસ દેખત પરમ આનંદાજી,*

***તે સુખીયા ભાઈ તે નર સુખીયા, જે પર દુઃખે દુઃખીયાજી,***
***પરસુખ દેખી જે સંતોષિયા, જેણે જૈનધર્મ ઓળખીયાજી.***

'કાયા કામિનીની જીવ સ્વામીને ઉપદેશક સઝાય'માં કવિ પરંપરાગત રૂપકથી જુદી રીતે વાત મૂકે છે. સામાન્ય રીતે ચેતનસ્વામીને કાયાની માયા છોડવાની વાત કરાતી હોય છે પરંતુ આ સઝાયમાં કવિએ કાયાકામિનીના મુખે ચેતનને ઉપદેશ અપાતો દર્શાવ્યો છે. કાયાકામિની ચેતનને કહે છે કે હે ચેતન ! મનુષ્યકાયા જેવી દુર્લભ વસ્તુ પ્રાપ્ત થયા પછી તું આ ભોગવિલાસમાં કેમ ડૂબેલો રહે છે ? મારો સદઉપયોગ કરી આત્મકલ્યાણ સાધ. 'મોક્ષનગરની સઝાય'માં દયારામના 'નિશ્રેના મહેલ'માંની જેમ મોક્ષનગર અને તેની યાત્રાનું રૂપકાત્મક વર્ણન કર્યું છે.

તત્ત્વવિચારાત્મક સઝાયો કરતાં કથાત્મક સઝાયમાં કવિને રસાત્મક બનવાની વધુ શક્યતા રહે છે. માનવસ્વભાવનું આલેખન અને વિવિધ વર્ણનો દ્વારા કવિએ રચનાના વસ્તુને રસાત્મક બનાવ્યું છે. કથાત્મક સઝાયમાં સુદર્શન શેઠ, સુલસા સતી, નંદા સતી આદિ જૈન પરંપરાનાં પ્રસિદ્ધ પાત્રોનાં ગુણકીર્તનરૂપ સઝાયોની સાથે અપ્રસિદ્ધ મહાપુરુષો દેવકુંવરઋષિ, મહાસેન મુનિ, રત્નમાલાના પાંચ બાંધવ આદિ વિશેની સઝાયો, સુમતિવિલાપની મનુષ્યભવની દુર્લભતા વિશે 'દસ દૃષ્ટાંતની સઝાય' જેવી રૂપકાત્મક સઝાયો પણ મળે છે. આ રચનાઓમાં સુદર્શન શેઠની અને અવંતી સુકુમાલની સઝાયો નોંધપાત્ર છે. છ ઢાળની 'સુદર્શન શેઠની સઝાય'માં સુદર્શન શેઠના પૂર્વભવવૃત્તાંતનું આલેખન રસમય છે. સુદર્શન શેઠના ગુણનું વર્ણન પરંપરાગત છે પરંતુ ગુણોને લાઘવમાં કહેવાની કવિની રીત ધ્યાનાર્હ છે. અભયારાણીનું છળકપટભર્યું માનસ, સુદર્શન શેઠના શિયળનો મહિમા, મનોરમાની પતિભક્તિ આ બધું સુંદર રીતે આલેખાયું છે. અન્ય સઝાયોમાં કવિ ટૂંકમાં કથા કહી જાય છે. ક્યાંક કવિ કથાની મુખ્ય મુખ્ય રેખાઓ આપી દે છે. 'વંકચૂલની સઝાય'માં તો રેખાઓ પણ અસ્પષ્ટ આપી આધારગ્રંથનો સંદર્ભ ટાંકી દે છે. આમ છતાં, જૈન પરંપરાનાં પ્રસિદ્ધ પાત્રોની વાત કરતી વખતે કવિ ભાવછટાઓના અનોખા રંગ પ્રગટાવે છે જેમકે, પુત્રવિરહમાં પિડાતા પૌત્રને ઠપકો આપતાં મરુદેવીમાતાનું અને મહાવીર સ્વામીને જોઈ ભાવવિભોર બનેલી ચંદનબાલાનું ચિત્ર અત્યંત ધ્યાનપાત્ર છે.

કેટલીક સઝાયો એમાં પ્રયોજાયેલા રાગ-રાગિણીઓ અને કેટલીક

એના કથાવસ્તુને કારણે નોંધપાત્ર છે, રહનેમી, ચંદનબાલા, બાહુબલિ આદિ વિષયક તો એક કરતાં વધુ રચનાઓ કવિએ આપી છે. મહાસેનમુનિ, રત્નમાલાના પાંચ બાંધવ, પદ્મનાભ રાજા, સીમંધરસ્વામીના બત્રીસ કેવળી શિષ્યો આ સઝાયોમાં ભરતક્ષેત્રના નહીં પરંતુ મહાવિદેહક્ષેત્રમાં સીમંધરસ્વામીની નિશ્રામાં થયેલા મહાપુરુષોનાં ચરિત્ર આલેખાયાં છે. એ રીતે આ રચનાઓ નોંધપાત્ર છે.

મયણરેહા (મદનરેખા), વંકચૂલ આદિ સઝાયોમાં કવિ ઝડપથી વાત સંકેલતા જણાય છે. 'પર્યુષણ પર્વના વ્યાખ્યાન' આ રચના પારંપારિક રીતે જ્ઞાનવિમલસૂરિકૃત ગણાઈ છે પરંતુ દરેક ઢાળને અંતે આવતા 'જ્ઞાનવિમલગુરુ' નામછાપ આ રચના જ્ઞાનવિમલના શિષ્યની હોવાની સંભાવના દૃઢ કરે છે. પર્યુષણપર્વના વ્યાખ્યાનના ઢાળિયાના વિવરણમાં પ. પૂ. ભદ્રંકરસૂરિએ 'જ્ઞાનવિમલગુરુમુખે'નું અર્થઘટન 'જ્ઞાનવિમલસૂરિએ ગુરુના મુખથી આ કલ્પસૂત્ર ભણ્યું' સ્વીકાર્યું છે પરંતુ 'જ્ઞાનવિમલભક્તિ પ્રકાશ'ને 'ઉમળકાભર્યો આવકાર' આપતા લેખમાં પ. પૂ. પ્રદ્યુમ્નસૂરિએ લખ્યું 'કલ્પસૂત્ર પરના તેમના ઢાળિયા તો તેમની અમર રચના છે' આમ આ રચના જ્ઞાનવિમલસૂરિની હોવા માટે શંકા રહેતી નથી છતાં આ કૃતિના કર્તૃત્વ અંગે હજુ સંશોધન થઈ શકે. 'સતાસતીની સઝાય' સવારના પ્રતિક્રમણમાં બોલાતી 'ભરહેસરની સઝાય'નો અનુવાદ છે. દેવકુંવરઋષિ અને રાજકુંવરઋષિની સઝાય થોડાક પાઠાંતરો સિવાય એકસરખી જ રચના છે. ૨૨ ઢાળ અને ૩૮૫ ગાથાની 'દસ દૃષ્ટાંત સઝાય'માં મનુષ્યભવની દુર્લભતા સમજાવવામાં આવી છે. ઉપદેશ પદ, નરભવ ઉપનય આવશ્યકચૂર્ણી, ઉત્તરાધ્યયન સૂત્ર વગેરેમાં આ દૃષ્ટાંતો થોડાક ભેદ સાથે મળે છે. 'સુમતિવિલાપ સઝાય', 'શેઠવાણોતર અને વણજારાની સઝાય' આ સઝાયમાં તત્ત્વજ્ઞાનની સાથે કથારસનું પણ મહત્ત્વ જણાયું છે તેથી તેમને કથાત્મકસઝાય શીર્ષક હેઠળ મૂકી છે. કથારસદ્વારા તત્ત્વવિચાર સમજાવવાની કવિની રીત ધ્યાનપાત્ર છે.

પરિશિષ્ટમાં આપેલા 'કલ્યાણમંદિર સ્તોત્રનાં સ્તવનો' મુનિ મહેન્દ્રવિમલજીએ અને પછી શાહ રસિકલાલ ગોપાલજીએ પ્રકાશિત કર્યાં હતા તે જ અહીં પ્રકાશિત કર્યાં છે. ગ્રંથને અંતે શબ્દકોશ આપ્યો છે એમાં જૈન ધર્મના પારિભાષિક શબ્દોનો સમાવેશ કર્યો નથી.

'જ્ઞાનવિમલ ભક્તિપ્રકાશ'ના પ્રકાશન સમયે પ્રદ્યુમ્નસૂરિ મહારાજસાહેબે કવિ જ્ઞાનવિમલની સઝાય રચનાઓનો સંગ્રહ પણ પ્રગટ થવો જોઈએ એવી ભાવના વ્યક્ત કરેલી. વિનોદચંદ્રભાઈએ એ ઝીલી લીધી. તેઓએ માત્ર આર્થિક સહાય નહીં પરંતુ કવિ જ્ઞાનવિમલની કૃતિઓ એકત્રિત કરવામાં પણ ખૂબ જ રસ લીધો. કૃતિઓના સંપાદનનું કામ મને કરવા જણાવ્યું. 'જ્ઞાનવિમલ ભક્તિપ્રકાશ' અને ગુજરાતી સાહિત્યકોશ (મધ્યકાલીન)ને કારણે મને જ્ઞાનવિમલસૂરિની રચનાઓનો અભ્યાસ હતો તેથી આ સંપાદન શરૂ કર્યું. પરંતુ કોઈ ને કોઈ કારણસર એની ગતિ મંદ રહી. 'જ્ઞાનવિમલ ભક્તિપ્રકાશ'ના પ્રકાશન સમયે મારા ગુરુ પ્રો. જયંત કોઠારી મારી મદદે હતા પરંતુ એમના જવાથી મારું કામ અઘરું બન્યું. હાથવગા હરતાફરતા જ્ઞાનકોશ વિના કરવું શું ? વળી, જૈનધર્મની કેટલીક પરિભાષાથી પણ હું અજાણ. કૃતિ વંચાય ને શંકા પડે. તરત જ સાહેબ યાદ આવે. પરંતુ મન મક્કમ રાખી 'બહેન કામ કરો કામ બોલશે.' આ એમના વાક્યને સ્મરી સંપાદન કર્યું. મધ્યકાલીન સાહિત્યના અભ્યાસી અને મારા મિત્ર પ્રો. અભય દોશીને મેં આ સંપાદનમાં સાથે રહેવા વિનંતી કરી. એમનો જૈન ધર્મનો અભ્યાસ પણ અહીં ઉપયોગી બન્યો. શબ્દકોશમાં પણ એમણે સહાય કરી.

આ સંપાદનમાં અમારી સાથે રહેનાર વિનોદચંદ્રભાઈ શાહના અમે ઋણી રહીશું. એમના જૈનધર્મના ઊંડા અભ્યાસ અને જ્ઞાન પ્રત્યેની પ્રીતિનું અમે અનુભવેલું સુખદ સ્મરણ હંમેશ રહેશે.

આ સંગ્રહ આમ તો જૈનધર્મની સાંપ્રદાયિક રચનાઓનો છે. પરંતુ સાંપ્રદાયિકતાને વટી જતી કેટલીક અધ્યાત્મભાવની, ભક્તિરસની ને જ્ઞાનવૈરાગ્યની રચનાઓનો કાવ્યરસ કોઈપણ ભાવકને સ્પર્શી જાય તેવો છે.

**કીર્તિદા શાહ**
**અભય દોશી**

૧, 'સ્વાશ્રય'
એ. ડી. સી. બેંક સ્ટાફ
સોસાયટી, સેટેલાઈટ,
અમદાવાદ ૩૮૦૦૧૫

# ત્રિવિધ તાપને શાન્ત કરનાર જ્ઞાનગંગામાં સ્નાન કરીએ – પાવન થઈએ

શ્રી જ્ઞાનવિમલસૂરિમહારાજ માત્ર કવિ જ છે તેવું નથી તેઓનું સ્થાન ઉત્તમ ભક્ત કવિની આગલી હરોળમાં છે.

તેમના પદ્ય સર્જનમાં જેટલી ઈયત્તા છે તેટલી જ ગુણવત્તા પણ છે.

કેટલાંક પદો-પદાવલિ તો એવાં છે કે જે સીધાં જ 'પરા' વાણીનો સ્પર્શ પામીને બહાર આવ્યાં છે તેથી જ તે આપણા હૃદયને સીધાં સ્પર્શે છે અને આપણને પણ તે ભક્તિના રંગે રંગી દે છે.

જેવું ભક્તિ સાહિત્ય છે તેવું જ તત્ત્વજ્ઞાન નીતરતું સઝાય સાહિત્ય છે.

સ્તવન સાહિત્યનો એક અણમોલ સંગ્રહ પ્રકાશિત થયો તેને ઘણો જ ઉમળકા ભર્યો આવકાર સાંપડ્યો. તે જ પ્રમાણે આ સઝાય સંગ્રહને પણ ઉલ્લાસભર્યો સ્વીકાર સાંપડશે તેવી શ્રદ્ધા છે.

પ્રાચીન પુરુષોની રસધારામાં ભીંજાયા વિના આપણા જેવા જીવોનો આ ત્રિવિધ તાપ ઉપશમે તેમ લાગતું નથી. માટે એક માત્ર આધાર રૂપ આ જ્ઞાનગંગામાં સ્નાન કરી શીતળતા, નિર્મળતા અને કોમળતાને પ્રાપ્ત કરીએ. સંપાદિકા કીર્તિદાબહેને પણ આ કામ ખૂબ જ રસ લઈને કર્યું છે માટે તેમને ધન્યવાદ અને આવા સાહિત્યના પ્રેમી શ્રી વિનુભાઈને પ્રેમાળ ધર્મલાભ–

દેવકીનંદન **પ્રદ્યુમ્નસૂરિ**

અમદાવાદ-૧૩. મ. વ. ૧૪

# યત્કિંચિત્

વાત્સલ્યનિધિ, પરમતારક જિનેશ્વર પરમાત્માએ શાસનની સ્થાપના કરીને આપણા જેવા મંદબુદ્ધિ જીવોના ઉદ્ધાર - જીર્ણોદ્ધાર - સમુદ્ધાર માટે અસંખ્ય યોગો બતાવ્યા છે. જીવો પોતાની યોગ્યતા અને રુચિ અનુસાર તે તે યોગોમાં પ્રવેશ કરી વિધ-વિધ આરાધના દ્વારા મુક્તિમંજિલ નજીક કરી રહ્યા છે.

પરમાત્મા દ્વારા ઉપદિષ્ટ ગ્રંથોમાં જણાવ્યું છે. 'સજઝાય સમો તવો નત્થિ' સ્વાધ્યાય સમાન કોઈ તપ નથી. કર્મ નિર્જરાનું સઘન કારણ છે. સ્વાધ્યાય....આ સ્વાધ્યાય વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા.....ના ભેદથી પાંચ પ્રકારનો છે. પરમાત્માની આખરી દેશના સ્વરૂપ ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા 'સમ્યક્ત્વપરાક્રમ' નામના અધ્યયનમાં પાંચેય પ્રકારના સ્વાધ્યાય સંબંધી પ્રશ્ન અને તેના ફલનો નિર્દેશ કરેલ છે. અપેક્ષાએ ફલ અલગ - અલગ દર્શાવ્યા છે. પણ મુખ્યતા સ્વાધ્યાયની છે.

સાધુ જીવનમાં દિવસ - રાત્રિ દરમિયાન કુલ ચાર પ્રહર સ્વાધ્યાય કરવાનો હોય છે. તેવું સામાચારી અધ્યયનમાં ફરમાવ્યું છે. (પ્રહર ; દિવસ યા રાત્રિનો ચતુર્થાંશ) પછી તે સ્વાધ્યાય પાંચ પ્રકારમાંથી ગમે તે હોય....પણ સ્વાધ્યાય એ સાધુ - જીવનનો પ્રાણ છે.

વાચના અને અનુપ્રેક્ષામાં 'દુર્બલિકા પુષ્પમિત્ર'નું ઉદાહરણ છે. રોજની ૭૦૦ ગાથા કંઠસ્થ કરતા હતા. ૧૪૪૪ ગ્રંથના રચયિતા પૂ. હરિભદ્ર સૂ. મ. સા. જૈન શાસનને મળ્યા તો યાકિની મહત્તરાના પરાવર્તના સ્વાધ્યાયના જ પ્રભાવથી.....આવાં તો કેટલાંય દૃષ્ટાંતો સ્વાધ્યાયને સ્પર્શીને છે.

સ્વાધ્યાય આગમનો હોય કે પ્રકરણ ગ્રંથોનો હોય, સૂત્રનો હોય કે અર્થનો હોય....મહાપુરુષોએ રચિત સ્તવન, સઝાય કે રાસનો હોય પણ તેમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ કે ધર્મકથાનુયોગનું પ્રરૂપણ હોય છે.

તીવ્ર ક્ષયોપશમવાળા આગમ - પ્રકરણ ગ્રંથ અને તેના સૂત્ર અર્થને કંઠસ્થ કરી તેનો નિરંતર સ્વાધ્યાય કરે. મંદ ક્ષયોપશમી આત્મા હોય તો તેઓ મહાપુરુષોએ દેશી ગુજરાતી ભાષામાં રચિત સઝાયોનો પાઠ કરે, સ્વાધ્યાય કરે. પ્રસ્તુતમાં પૂ. જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ. સાહેબે આપેલી સજ્ઝાયમાળાની વાત છે. આપણા જેવા મંદમતિવાળા આત્માઓ સઝાયોના સ્વાધ્યાયમાં લીન બની અપૂર્વ કર્મનિર્જરા કરી. સિદ્ધગતિને પ્રાપ્ત કરે તે જ આ ગ્રંથનું પ્રયોજન છે.

૫૦ ટકા સઝાયો ધર્મકથા સ્વરૂપે છે. બાકીની ૫૦ ટકા સઝાયો ઉપરોક્ત બાકીના ત્રણ અનુયોગ રૂપે છે. આપણે આપણી રુચિ પ્રમાણે સ્વાધ્યાય તપમાં તત્પર બનીએ એ જ આ ગ્રંથનો ઉદ્દેશ છે...ગુરુભગવંતોનો વાત્સલ્ય ભાવ છે.

પૂ. જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ. સા. ની કૃતિઓ એકદમ સરળ અને સઝાય આદિ કાવ્ય સાહિત્ય વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. જેને કંઠસ્થ કરવાથી આપણે પણ મૂડીદાર બની શકીએ તેમ છે.

આવા મહાન જ્ઞાનનિધિ જ્ઞાનથી જેમણે પોતાના જીવનને વિમલ બનાવ્યું છે. તેવા જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ. સા.ની જીવન ઝરમર શબ્દાતીત છે. છતાંય બે શબ્દોમાં સમાવવાની ચેષ્ટા કરું છું.

ભિન્નમાલ નિવાસી માતા કનકાવતી.....પિતા વાસવ શ્રેષ્ઠીના પુત્રરત્ન નાથુમલ્લજી આઠ વર્ષની કુમળી વયે પ. પૂ. ધીરવિમલગણિ પાસે સંયમી બન્યા. મુનિ શ્રી નયવિમલજી નામ ધારણ કરી જીવન સાર્થક કર્યું. દીક્ષા દિવસથી જ જ્ઞાન-ધ્યાનમાં પ્રગતિ કરી. અનેકવિધ કાવ્યોની નવ્ય રચના કરતા હતા. તેથી 'શીઘ્રકવિ' 'સરસ્વતી પુત્ર' જેવા બિરુદને પ્રાપ્ત કરી. જિનશાસનની અપૂર્વ સેવા કરી છે. સહજ રીતે જ્ઞાનાનંદી હોવાથી આચાર્ય પદ પ્રદાન દિને તેઓશ્રી નામથી 'જ્ઞાનવિમલસૂરિ' તરીકે અલંકૃત થયા.

દેશી ભાષા - ગુજરાતીભાષાની રચનામાં પૂ. જ્ઞાન વિમલસૂરીશ્વરજી મ. સા.નું નામ અતિ પ્રસિદ્ધ છે. આજના ભક્તિપ્રધાન યુગમાં તેઓશ્રીની સમસ્ત કૃતિઓનો સંગ્રહ ગ્રંથારૂઢ બને તે આવશ્યક છે. તેથી જ આ વર્તમાન ગ્રંથના પ્રકાશન પૂર્વે પૂજ્યશ્રી દ્વારા રચિત - ચૈત્યવંદન, સ્તુતિ અને સ્તવનનો સંગ્રહ રૂપે 'જ્ઞાનવિમલ ભક્તિપ્રકાશ' નામે દળદાર ગ્રંથ પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે. હવે બાકી રહેલ સઝાયોના સંગ્રહ રૂપે ગ્રંથ પ્રકાશિત

થઈ રહ્યો છે. તે અનુમોદનીય છે...સરાહનીય છે...આ સઝાય સંગ્રહ અનેક આત્માઓના જીવન ઘડતર માટે પરમ આલંબન...માર્ગદર્શન બની રહેશે. એ નિર્વિવાદ છે.

આ પ્રકાશનને અનુલક્ષીને બે બોલ લખવા પ્રયાસ કર્યો છે. ક્યાં મહાજ્ઞાની પૂ. જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ. સા...ક્યાં હું મંદમતિ...પામર જીવ. તેમનું ગુણાલેખન કરવા સમર્થ બનું. તેમના ગુણગાન અનેક મહાત્માઓ કરશે પણ કૃતજ્ઞભાવે તેમના સાહિત્યનું વાંચન કરી શકું તો પણ મારી જાતને ધન્ય માનીશ.

જીવનની અંતિમ અવસ્થા સુધી સ્વાધ્યાયપરાયણ, અજાતશત્રુ પરમતારક, કવિકુલકિરીટ, જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ, વાદિઘટમુદગર પૂ. ગુરુદેવેશ 'લબ્ધિ સૂરીશ્વરજી મ. સા.' સદૈવ કહેતા હતા 'ગરથ ગાંઠે વિદ્યા પાઠે' પ્રસંગ આવે બેંકનું ધન કામ નથી આવતું પણ પાસે તે જ કામ આવે છે. તેમ પ્રસંગે પુસ્તકમાં રહેલું જ્ઞાન પુસ્તકમાં જ રહે પણ મુખપાઠ હોય તે જ જ્ઞાન તુરત કામમાં આવે છે. માટે જેમ બને તેમ વધારે-વધારે કંઠસ્થ રાખતાં શીખો 'પાનું ફરે અને સોનું ઝરે' મતલબ કે અપ્રમત્ત ભાવે રાત-દિવસ સ્વાધ્યાયમાં લીન રહેવાથી અમૂલ્ય રત્નોની પ્રાપ્તિ થાય.'

આવાં વચનો આપણા જેવા પ્રમાદી જીવો માટે ટંકશાળી વચનો છે. આ વચનોને સફળ કરવા આપણે સહુ નિરંતર સઝાય-સ્વાધ્યાયમાં તન્મય બનીએ એ જ શુભકામના....આવી અણમોલ હિતશિક્ષાનો વારસો પૂ. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ. સાહેબે પોતાના જીવનમાં જીવંત બનાવ્યો હતો. તો પૂ. ગુરુદેવરાજ્યશસૂરીશ્વરજી મ. સાહેબ પણ અમારા સુધી આ હિતશિક્ષાને પહોંચાડવા સતત પ્રયત્નશીલ છે.

મારો લેખનનો અભ્યાસ નથી...તો લેખનશક્તિની વાત જ ક્યાં રહી ? વાચક વર્ગને વિજ્ઞપ્તિ....લખાણમાં સ્ખલના હશે જ સુધારીને વાંચશો....સ્ખલના બદલ 'મિચ્છામીદુક્કડમ્' આ ગ્રંથ વિષયક વિનુભાઈ શાહે તથા કીર્તિદા શાહે મને કંઈક લખવા વિનંતી કરી. તે બદલ તેમને પણ ધન્યવાદ.

દિનાંક ૧૧-૯-૨૦૦૦

**ગુરુ ચરણ ચંચરિકા પૂ. સર્વોદયા શ્રી**
**મ. સા.ની નિશ્રાવર્તીની સાધ્વી રત્નચૂલાશ્રી**
**પ્રેરણાતીર્થ અમદાવાદ**

# આર્શીવચન

## પરંપરાપોષક પદ્યસર્જનો

જૈનદર્શનમાં તપનું સર્વોચ્ચ શિખર સ્વાધ્યાય ગણાય છે અને આવું તપ 'નાપિ અસ્તિ નાપિ ચ ભવિષ્યતિ' અર્થાત્ આજે નથી અને ભવિષ્યમાં પણ નહીં હોય તેમ કહેવાયું છે. ભગવાન મહાવીરે એમના સાધનાકાળ દરમિયાન કવચિત્ આહાર લીધો હતો, પરંતુ એક ક્ષણ પણ સ્વાધ્યાય વિના રહ્યા નહોતા. પ્રતિક્રમણ દ્વારા સ્વદોષ-દર્શન કર્યા બાદ સઝાયથી ધર્મવિચાર કે પરંપરાને દૃઢીભૂત કરવામાં આવે છે. આથી જૈન પરંપરામાં સ્વાધ્યાયનું સવિશેષ મહત્ત્વ હોવાથી તેના મંત્રો, પર્વો, ભાવનાઓ, ગ્રંથો, આચારો – એમ બધી જ બાબતોને સઝાયમાં આવરી લીધી છે. પરિણામે સઝાય માત્ર આરતભરી પ્રાર્થના કે અશ્રુભરી યાચના બનવાને બદલે પરંપરાની પરિચાયક અને તત્ત્વજ્ઞાનમૂલક બની રહે છે.

એક્યાશી વર્ષ સુધી સંયમજીવન પાળનાર આચાર્ય જ્ઞાનવિમલસૂરિના વિરાટ જીવનકાર્યને જોઈએ તો આશ્ચર્યચકિત થવાય કે આટલાં બધાં ધર્મકાર્યો વચ્ચે એમણે સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં આટલું વિપુલ સાહિત્યસર્જન કઈ રીતે કર્યું હશે ! તેઓ નયવિમલગણિમાંથી આચાર્ય જ્ઞાનવિમલસૂરિ થાય તેના કારણરૂપે એમની ભાષા નિપુણતા જ છે.

એક વાર તપાગચ્છના આચાર્ય શ્રી વિજયપ્રભસૂરિ શ્રી શત્રુંજય મહાતીર્થમાં પધાર્યા હતા ત્યારે તેઓ તીર્થનાયક આદીશ્વર ભગવાન સમક્ષ ચૈત્યવંદન કરવા ગયા, પરંતુ એ સમયે શ્રી નયવિમલગણિ ત્યાં આવ્યા અને તાત્કાલિક નવાં કાવ્ય રચીને સ્તુતિ કરવા લાગ્યા. એમની કવિત્વશક્તિ જોઈને આનંદિત થયેલા આચાર્યશ્રીએ શ્રી નયવિમલગણિને 'આવો જ્ઞાનવિમલસૂરિ' કહીને સૂરિપદની યોગ્યતા દર્શાવી આદરપૂર્વક બોલાવ્યા. શ્રી નયવિમલગણિએ નમ્રતાથી भवत्प्रसादेन એમ કહ્યું. આ પછી

આચાર્યશ્રીએ નયવિમલગણિને ચૈત્યવંદન કરવાનું કહ્યું. સામાન્ય રીતે જે સૌથી વધુ પૂજ્ય હોય તે ચૈત્યવંદન કરે તેવી પ્રણાલિકા હોવાથી અન્ય સાધુજનો ખેદ પામ્યા, પરંતુ એમને સમજાવતાં આચાર્યશ્રીએ કહ્યું કે, 'ભલે મારા પદને કારણે હું પૂજ્ય ગણાઉં, પરંતુ મારામાં નયવિમલગણિ જેવું જ્ઞાન અને કવિત્વશક્તિ સતાંશે પણ નથી. તેઓ જ્ઞાનવૃદ્ધ છે તેથી એમને આદર આપું છું.' શ્રી નયવિમલગણિએ તાત્કાલિક નવાં કાવ્યો રચીને ૪૫ કાવ્યો વડે ચૈત્યવંદન કર્યું. આ પછી નયવિમલગણિને આચાર્યપદ મળ્યું અને તેઓ જ્ઞાનવિમલસૂરિ તરીકે ઓળખાયા.

શ્રી જ્ઞાનવિમલસૂરિએ પ્રાકૃત ભાષામાં પણ એટલી જ નિપુણતા મેળવી હતી. એમને માટે કહેવાતું કે –

**संस्कृतकवितायां कलिकालसर्वज्ञबिरूदधारिश्रीहेमचंद्रसूरिः**

**प्राकृतकवितायां तु श्रीमत्तपागच्छाचार्यविमलशाखीयश्रीज्ञानविमलसूरिः ।**

શ્રી જ્ઞાનવિમલસૂરિનું પ્રાકૃત ભાષા પરનું પ્રભુત્વ એમના 'नरभवदष्टान्तोपनयमाला' માં જોવા મળે છે.

શ્રી જ્ઞાનવિમલસૂરિએ ગુજરાતી ગદ્ય અને પદ્ય એમ બંને સ્વરૂપો અજમાવ્યાં છે. ગુજરાતી પદ્યરૂપમાં એમણે 'સાધુવંદના', 'નરભવદશદષ્ટાંતસ્વાધ્યાય', 'જંબુરાસ', 'બારવ્રત ગ્રહણ (ટીપ) રાસ', 'તીર્થમાલા', 'ચંદકેવલી રાસ', 'રણસિંહ રાજર્ષિ રાસ', 'અશોકચંદ્ર તથા રોહિણી રાસ', 'કલ્પવ્યાખ્યાન', 'દિવાળી દેવવંદન', 'ગણધરસ્તવરૂપ દેવવંદન', 'મૌન એકાદશીનાં દેવવંદન', 'કલ્યાણમંદિરસ્ત્રોત ગીતો' તેમ જ 'દશવિધિ યતિધર્મ સ્વાધ્યાય' જેવાં પદ્યગ્રંથોની રચના કરી છે. આ ઉપરાંત 'પ્રાચીન સ્તવનરત્નસંગ્રહ'માં શ્રી જ્ઞાનવિમલસૂરિ સ્તવનો, સ્તુતિઓ, સઝાયો અને પદો રચેલાં છે. જ્યારે ગુજરાતી ગદ્યમાં એમણે ત્રણ ગ્રંથોની રચના કરી છે. જેમાં 'દષ્ટિવિચારસઝાયનો બાલાવબોધ', 'આનંદઘનચોવીસીસ્તબક' અને 'સીમંધરજિનસ્તવન' (યશોવિજયકૃત) પર રચેલો બાલાવબોધ મળે છે.

આવા સમર્થ આચાર્યશ્રી જ્ઞાનવિમલસૂરિનો જન્મ વિ. સં. ૧૬૯૪માં થયો હતો. તેઓ ગૃહસ્થાવસ્થામાં ભિન્નમાલ શહેરમાં રહેતા હતા. તેમના પિતાનું નામ વાસવ શેઠ અને માતાનું નામ કનકાવતી હતું. બાળપણમાં એમનું નામ નાથુમલ હતું. માત્ર આઠ વર્ષની વયે એમણે તપાગચ્છની વિમલ શાખામાં પંડિત વિનયવિમલગણિના શિષ્ય પંડિત ધીરવિમલગણિ

પાસે દીક્ષા લીધી. દીક્ષા સમયે એમનું નામ 'નયવિમલ' રાખવામાં આવ્યું. આ પછી એમણે કાવ્ય, તર્ક, ન્યાય, શાસ્ત્રાદિમાં નિપુણતા મેળવી. તેઓએ શ્રી અમૃતવિમલગણિ તથા શ્રી મેરુવિમલગણિ પાસે વિદ્યાભ્યાસ કર્યો. વિક્રમ સંવત ૧૭૨૭ મહા સુદ દશમને દિવસે મારવાડના સાદડી પાસેના ઘાણેરાવ ગામમાં ઉત્સવપૂર્વક આચાર્ય વિજયપ્રભસૂરિએ એમને પંન્યાસપદ આપ્યું. ત્યાર બાદ વિક્રમ સંવત ૧૭૪૮ ફાગણ સુદ પાંચમને ગુરુવારના દિવસે શ્રી નયવિમલગણિને આચાર્યપદની પ્રાપ્તિ થઈ અને તેમનું નામ જ્ઞાનવિમલસૂરિ રાખવામાં આવ્યું. શ્રી જ્ઞાનવિમલસૂરિએ સુરત, ખંભાત, રાજનગર (અમદાવાદ), પાટણ, રાધનપુર, સાદડી, ઘાણેરાવ, શિરોહી, પાલીતાણા, જૂનાગઢ વગેરે સ્થળોએ વિહાર કર્યો. એમની વિહારભૂમિ મુખ્યત્વે ગુજરાત, રાજસ્થાન અને સૌરાષ્ટ્રનો પ્રદેશ હતી. શત્રુંજય તીર્થની એમણે અનેક વખત યાત્રા કરી હતી. જિનપ્રતિમાઓની સત્તર જેટલી પ્રતિષ્ઠાઓ કરાવેલી.

શ્રી જ્ઞાનવિમલસૂરિ યોગાભ્યાસમાં પ્રવીણ હતા. એવી કિંવદંતી પણ મળે છે કે પાટણના ઉપાશ્રય પાસે આવેલા એક મોટા લીમડાને સિપાઈઓ પાડતા હતા. કેટલાક લોકોએ તેમને અટકાવવા પ્રયત્ન કર્યો પણ સિપાઈઓએ કોઈને દાદ ન આપી. એમ કહેવાય છે કે આ સમયે શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ ચમત્કાર બતાવ્યો અને એ રીતે લીમડો પાડવા આવેલા સિપાઈઓને પાછા વાળ્યા.

અધ્યાત્મયોગી આનંદઘનજી વિશે શ્રી જ્ઞાનવિમલસૂરિને અત્યંત આદરભાવ હતો. આનંદઘનજીના ગહન સ્તવનોને પામવા માટે શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ સુરતમાં સૂર્યમંડન પાર્શ્વનાથના દેરાસરમાં છ માસ સુધી ધ્યાન ધર્યું. એ પછી તેઓએ આનંદઘનજીનાં સ્તવનો પર સ્તબકની રચના કરી. આ સ્તબક આનંદઘનજીના દેહોત્સર્ગ પછી આશરે ચાલીસેક વર્ષના અરસામાં લખાયો છે.

જ્ઞાન અને ધ્યાનની આવી વિરલ ઉપાસના કરીને વિ.સં. ૧૭૮૨ના આસો વદી ૪ને ગુરુવારને દિવસે ૮૯ વર્ષની વયે શ્રી જ્ઞાનવિમલસૂરિ કાળધર્મ પામ્યા. આ સમયે ખંભાતના શ્રાવકોએ સક્કરપરામાં એમની પગલાંયુક્ત દેરી કરાવી હતી તેમ જ આજે તેમનો જ્ઞાનભંડાર ખંભાતમાં ખારવાડામાં વિમલના ઉપાશ્રયમાં વિદ્યમાન છે.

જ્ઞાનવિમલસૂરિની સઝાયો જોતાં એનું વૈવિધ્ય ઊડીને આંખે વળગે

એવું છે. એમાં પ્રતિક્રમણ, કાઉસગ્ગ, પચ્ચખાણ, સામાયિક, મુહપત્તિ પડિલેહણા, વિગય-નિવઝ્ઝાઈ જેવા આચારોને આલેખ્યાં છે. કાયાની નશ્વરતાથી માંડીને સત્સંગ, વૈરાગ્ય, સમકિત, યતિધર્મ અને મોક્ષમાર્ગ સુધીની ધર્મભાવનાને દર્શાવી છે. સાતવ્યસનનિવારણ કે મોહનીયકર્મનિવારણની સમજ ગૂંથી છે, તો શ્રાવકના એકવીસ ગુણ અને ગુરુની આશાતના જેવા વિષયો પર સમજ આપતી સઝાય મળે છે. 'ભગવતી સૂત્ર' જેવા ગ્રંથ પર અને પર્યુષણ જેવા પર્વ પર પણ સઝાય મળે છે. આવી રીતે ગ્રંથોની ગરિમાનું ગાન પદ્યમાં ભાગ્યે જ થતું હોય છે. કથાત્મક સઝાયોમાં બાહુબલિ, ચંદનબાળા અને રહનેમિ જેવા જાણીતાં કથાનકો છે, તો કૌશલ્યા, ચંદ્રગુપ્ત જેવા ઓછાં જાણીતા ચરિત્ર વિશેની કથાત્મક સઝાય મળે છે. આ સઝાયોમાં કાવ્યપ્રતિભાનો વિશેષ સ્પર્શ અનુભવાય છે, પરંતુ વિશેષે તો એ કલ્પના કરીએ કે આ સઝાય ગવાતી હશે ત્યારે કશી ભૌતિક પ્રાપ્તિ કે પ્રયોજનને બદલે આંતરિક ગુણસમૃદ્ધિના સંવર્ધનની ભક્ત હૃદયની ખેવના કેવી સુંદર રીતે પ્રગટ થતી હશે !

સાહિત્ય સાથે ગાઢ અનુબંધ ધરાવનાર વિદ્વાન આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી મહારાજના એક સૂચનને શ્રી વિનોદચંદ્ર રમણલાલ શાહે કાર્યાન્વિત કર્યું અને તે માટે મધ્યકાલીન સાહિત્યના આંગળીના વેઢે ગણાય તેવા અભ્યાસીઓમાં મહત્ત્વનું પ્રદાન કરનાર ડૉ. કીર્તિદાબહેન જોશીને આ કામમાં જોતર્યા. આને પરિણામે આ ગ્રંથને વિશેષ પ્રમાણભૂતતા મળી છે. પ્રા. અભય દોશીનો સાથ એમાં વધુ ઉપયોગી બની રહ્યો.

ગુજરાતી સાહિત્યમાં સર્જકની 'સમગ્ર ગ્રંથાવલિ' પ્રગટ કરવાની પરંપરા છે. દલપતરામ, મણિલાલ નભુભાઈ, આનંદશંકર ધ્રુવ જેવા સર્જકોની 'સમગ્ર ગ્રંથશ્રેણી' પ્રગટ થઈ ચૂકી છે. આવી રીતે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું યોગદાન કરનાર જૈન કવિઓનું સમગ્ર સાહિત્ય પ્રકાશિત થાય તો તો પરમ આનંદ, પરંતુ પ્રત્યેક કવિની પસંદ કરેલી કૃતિઓનો સંચય પણ પ્રગટ થાય તો ઘણું મહત્ત્વનું કાર્ય થયું કહેવાશે. આ દિશામાં સમાજની દૃષ્ટિ વળે એ જ અભ્યર્થના સાથે આવા સુંદર કાર્ય માટે સંપાદકોને અભિનંદન.

૧૮-૯-૨૦૦૨ — કુમારપાળ દેસાઈ

# મંગલાચરણ

## શ્રી જિનેશ્વરવંદના

### શ્રી મહાવીર સ્વામી

શાસનનાયક ગુણનિલો, સિદ્ધારથનૃપ-નંદ,
વર્દ્ધમાન જિન પ્રણમતાં, લહિયે પરમાણંદ.

### શ્રી પાર્શ્વનાથ પ્રભુ

કુશળસદન જિન, ભવિભયહરન, અશરનશરન સુજન બરનત હૈ. ૧
ભવજલરાશિભરન પતિતજનતાતતરન, પ્રવહન-અનુકરન ચરણસરોજ હૈ. ૨
કમઠઅસુરમાન, ધૂમકેતુને સમાન મહિમકો નિધાન જ્ઞાન પાસ જિનરાજ હૈ. ૩
સકલતીરથપ્રધાન જસ ગુનગન પ્રપાન કરત સુરગુરુમાન માનું વડજિહાજ હૈ. ૪
પ્રભુ મેરો જીઉ પાન, જ્ઞાનવિમલ ગુણખાન, તારક તું હિ નિદાન, એહિ મુજ કાજ હૈ. ૫

*

સુખકર શ્રી સંખેશરૂ, પાસ જિણંદ દયાલ;
પ્રણમી પદયુગ તેહના, મનવંછિતસુખ રસાલ. ૧
પરતાપૂરણ પરગડો, મહિમામહિમનિવાસ;
ધરણરાય પદમાવતી, પૂરો વંછિત આસ. ૨
પાસ જખ્ય જસ શાસને, સાનિધ કરે કર જોડ;
અલિય વિઘન દૂરે કરે, દુઃખ દોહગ સવિ છોડ. ૩

### શ્રી શાંતિનાથ પ્રભુ

જગજંતુકારણ કામદારણ, મોહનિવારણ જિનવરો,
દુઃખકોડિરાવણ સુખકારણ વંછિતપૂરણ સુરતરો,
શ્રી વિનયવિમલ કવિરાજ સેવક ધીરવિમલ પંડિતવરો,
તસ સીસ પ્રણમઇં શાંતિ જિણવર નયવિમલ જયજયકરો.

## ગુરુવંદના

પૂર્વાચાર્ય થયા ગુણવંતા, જ્ઞાનક્રિયાગુણ ભરિયાજી,
શ્રદ્ધા જ્ઞાન કથક ને કરણી એ ચૌવિધ રયણના દરિયાજી,
તે સુવિહિત મુનિવંદન કરતાં નિરમલ સમકિત થાવેજી,
અહનિશ આતમભાવ અનોપમ જ્ઞાન અનંતુ પાવેજી.

## શ્રુતદેવીવંદના

જય જૈની જગદંબિકા જયવંતી શ્રુતદેવી,
ચંદ્રકિરણ પરિ નિર્મલી, તે સરસતી પ્રણમેવિ. ૧
ચંદ્રકિરણ પરિ ઉજલી, શ્રી જિનવરની વાણી,
તે સમરી મતિ સારદા, લહીઇં અવિરલ વાણી. ૨

# શ્રી પાર્શ્વ જિન સ્તવન

રાગ - નદી યમુના કે તીર

પુરુષાદાની[1] પાસ કે આશા સફલ કરો,
દાસતણી અરદાસ સદા દિલમાં ધરો;
બપૈયો જેમ જલધર વિણ જાચે નહિ,
તેમ તુમ વિણ હું ઓર ન યાચું એ સહિ. ૧

તુમ ઉપર એક ટેક કરીને હું રહ્યો,
સાહિબ તું મુજ એક મેં અવર ન સંગ્રહ્યો,
સેવાની પણ ચૂક કદા પડતી નથી.
ઋદ્ધિ અનંત ખજાને ખોટ પણ કો નથી. ૨

ભવિતવ્યતા પણ ભવ્ય અછે પ્રભુ માહરી,
તે જાણ્યું નિરધાર કૃપા લહી તાહરી,
ભવસ્થિતિનો પરિપાક વિલંબ વિચે કરે,
રા'ઘયણાદિ દોષ તણો અંતર ધરે. ૩

પણ તે નાવે કામ એ વાત નિપાત છે,
સેવક કેમ હોયે દૂરે ખાના[2] જાતિ છે;
ભોળવિયા નવિ જાય કે જે તુમ શીખવ્યા,
પહેલાં હેત દેખાડીને જેહને હેળવ્યા. ૪

તે અલગા કેમ જાય નજર ધરો નેહની,
વાંછિત આપી આશા સફળ કરો તેહની;
**જ્ઞાનવિમલ** પ્રભુ ચરણસેવા નિતુ દીજીએ,
સહજે ઉદય બહુમાન અધિક હવે કીજીએ. ૫

પ્રસ્તુત સ્તવન જ્ઞાનવિમલસૂરિનાં સઘળાં સ્તવનોના સંપાદન 'શ્રી જ્ઞાનવિમલભક્તિપ્રકાશ'માંથી લેવામાં આવ્યું છે. સઝાયરચનાઓની જેમ કવિની સ્તવનરચનાઓ ભક્તિને કેન્દ્ર કરે છે અને રસાળ શૈલીમાં રજૂ થઈ છે. જ્ઞાનવિમલભક્તિપ્રકાશ સંપા. : કીર્તિદા જોશી, ૧૯૯૮. પ્રાપ્તિસ્થાનઃ મહેન્દ્રભાઈ ચં. પટેલ, ચંદ્રમહલ, ૧૬, મહાલક્ષ્મી સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

---

૧. પુરુષોમાં ઉત્તમ ૨. ઉત્તમ

# પટ્ટાવલી

શ્રી આનંદવિમલસૂરિ (તપાગચ્છે ૫૬મી પાટ)

| | | |
|---|---|---|
| શ્રી વિજયદાનસૂરિ | શ્રી હર્ષવિમલગણિ | શ્રી હર્ષવિમલગણિ |
| શ્રી હીરવિજયસૂરિ | શ્રી જયવિમલગણિ | શ્રી સોમવિમલગણિ |
| શ્રી વિજયસેનસૂરિ | શ્રી કીર્તિવિમલગણિ | શ્રી ઋદ્ધિવિમલગણિ |
| શ્રી વિજયદેવસૂરિ | શ્રી વિનયવિમલગમિ | શ્રી કીર્તિવિમલગણિ |
| શ્રી વિજયપ્રભસૂરિ | શ્રી ધીરવિમલગણિ | શ્રી વીરવિમલગણિ |
| શ્રી વિજયરત્નસૂરિ | શ્રી નયવિમલગણિ | શ્રી મહોદયવિમલગણિ |
| શ્રી વિજયક્ષમાસૂરિ | (શ્રી જ્ઞાનવિમલસૂરિ) | શ્રી પ્રમોદવિમલગણિ |
| શ્રી વિજયદયાસૂરિ | | શ્રી મણિવિમલગણિ |
| શ્રી વિજયધર્મસૂરિ | | શ્રી ઉદ્યોતવિમલગણિ |
| શ્રી જિનેન્દ્રસૂરિ | | શ્રી દાનવિમલગણિ |
| શ્રી દેવેન્દ્રસૂરિ | | શ્રી દયાવિમલગણિ |
| શ્રી ધરણેન્દ્રસૂરિ | | શ્રી સૌભાગ્યવિમલગણિ |

## અનુક્રમણિકા

### તત્ત્વવિચારાત્મક સઝાય


અગ્યાર અંગ અને બાર ઉપાંગની સઝાય ........... ૨
અલ્પબહુત્વની સઝાય ........................ ૨
અષ્ટનયભંગીની સઝાય ........................ ૫
અસમાધિકર વીસ સ્થાનકની સઝાય ............... ૬
આઠ ગુણદોષની સઝાય ........................ ૭
આઠ દૃષ્ટિની સઝાય ......................... ૮
આત્મશિક્ષાની સઝાય ......................... ૯
ઇરિયાવહીની સઝાય .......................... ૧૦
ઉપદેશની (કઠિયારાની) સઝાય .................. ૧૩
કાઉસગ્ગના ૧૯ દોષ સઝાય .................... ૧૪
કાયા કામિનીની જીવ સ્વામીને ઉપદેશક સઝાય ...... ૧૬
કાયાની નશ્વરતા વિશે સઝાય ................... ૧૭
ખાદ્યવસ્તુના કાલ-માનવિચારની સઝાય ............ ૧૭
ગુરુની ૩૩ આશાતના વર્જવાની સઝાય ............ ૧૯
ચરણ સિત્તરી કરણ સિત્તરીની સઝાય ............ ૨૦
ચૌદ પૂર્વની સઝાય ......................... ૨૧
તે સુખીયાની સઝાય ......................... ૨૨
દીવાળીપર્વની સઝાય ......................... ૨૩
દેવસિય પ્રતિક્રમણની વિધિની સઝાય ............. ૨૩
નવકાર ભાસ સઝાય .......................... ૨૭
નવકારમહામંત્ર મહિમાના સ્તવન અથવા સઝાય...... ૩૧
નવકારમંત્ર માહાત્મ્યની સઝાય ................. ૩૨
પચ્ચખાણ - ફળની સઝાય ...................... ૩૩

પચ્ચખાણની સઝાય........................ ૩૫
પન્નરતિથિની સમુચ્ચય સઝાય/આત્મવિકાસબોધક સઝાય ૩૬
પર્યુષણપર્વની સઝાય ........................ ૩૭
પાયશ્રમણના ૨૯ દોષવારક મુનિગુણની સઝાય ...... ૩૮
પૂર્વસેવા લક્ષણ ગુણની સઝાય ................ ૩૯
બત્રીસ યોગ સંગ્રહની સઝાય .................. ૪૦
ભગવતી સૂત્રની સઝાય ...................... ૪૨
મુક્તિ અદ્વેષ ગુણની સઝાય .................. ૪૪
મુનિ (મુનિગુણ)ની સઝાય .................... ૪૬
મુહપત્તિ પડિલેહણની સઝાય ................... ૪૭
મોહનીયકર્મના ૩૦ ભાંગાની સઝાય.............. ૪૮
મોક્ષનગરની સઝાય.......................... ૪૯
મોક્ષમાર્ગ સાધક આણારૂચિ ૮ ગુણની સઝાય....... ૪૯
યતિધર્મની સઝાય .......................... ૫૦
રાઈ પ્રતિક્રમણની વિધિની સઝાય............... ૬૩
રાત્રીભોજનની સઝાય........................ ૬૬
વિગઈ નિવ્વિગઈ વિચારની સઝાય............... ૭૦
વીસ સ્થાનક તપની સઝાય ................... ૭૨
વૈરાગ્યની સઝાય : ૧ ....................... ૭૩
વૈરાગ્યની સઝાય : ૨ ....................... ૭૪
વૈરાગ્યની સઝાય : ૩ ....................... ૭૪
વ્યવહાર ધર્મની સઝાય ..................... ૭૫
શ્રાવકના એકવીસ ગુણોની સઝાય.............. ૭૭
સત્સંગની સઝાય........................... ૭૮
સબલદોષ ૨૧ (ચરિત્ર મલિનતા)ની સઝાય......... ૭૮
સમકિતની સઝાય .......................... ૮૦
સમતા સુંદરીની સઝાય ..................... ૮૪
સાત વ્યસન નિવારક સઝાય.................. ૮૪
સામાયિકના ૩૨ દોષની સઝાય................ ૮૫
સિદ્ધ સ્વરૂપની સઝાય ...................... ૮૬
સૌધર્મ સ્વામીની જંબૂસ્વામીને હિતશિક્ષા સઝાય...... ૮૭

## કથાત્મક સઝાય


અઢારનાતરાની સઝાય .................... ૯૨
અવંતી સુકુમાલજીની સઝાય .................... ૯૩
કૌશલ્યાજીની સઝાય .................... ૯૬
ગજસુકુમાલને સઝાય .................... ૯૭
ચંદનબાલાની સઝાય : ૧ .................... ૯૮
ચંદનબાલાની સઝાય : ૨ .................... ૯૯
ચંદ્રગુપ્તનાં ૧૬ સ્વપ્નોની સઝાય .................... ૯૯
ચૌદસો બાવન ગણધરોની સંખ્યાની સઝાય ........ ૧૦૩
જયભુષણ મુનિની સઝાય .................... ૧૦૪
દમદંત રાજર્ષિની સઝાય .................... ૧૦૫
દમયંતીની સઝાય .................... ૧૦૮
દશ દષ્ટાંત દુર્લભ સઝાય .................... ૧૦૯
દેવકુંજર ઋષિની સઝાય .................... ૧૩૪
નંદાસતીની સઝાય .................... ૧૩૫
નાગદત્ત શેઠની સઝાય .................... ૧૩૬
પદ્મનાભરાજાની સઝાય .................... ૧૩૯
પર્યુષણના વ્યાખ્યાનની સઝાય .................... ૧૪૦
બાહુબલીની સઝાય : ૧ .................... ૧૬૫
બાહુબલીની સઝાય : ૨ .................... ૧૬૭
મનુષ્યભવની દુર્લભતા વિશે દસ દષ્ટાંતની સઝાય ... ૧૬૮
મનોરમાસતીની સઝાય .................... ૧૭૦
મયણરેહાની સઝાય .................... ૧૭૧
મરુદેવીમાતાની સઝાય .................... ૧૭૨
મહસેનમુનિની સઝાય .................... ૧૭૨
રત્નમાલાના ૫ બાંધવની સઝાય .................... ૧૭૩
રહનેમિની સઝાય : ૧ .................... ૧૭૪
રહનેમિની સઝાય : ૨ .................... ૧૭૫
રહનેમિને રાજીમતીની હિતશિક્ષાની સઝાય ......... ૧૭૫
રાજકુંવર ઋષિની સઝાય .................... ૧૭૭
રાવણ દશમધરની સઝાય .................... ૧૭૮

વણજારાની સઝાય........................ ૧૭૮
વંકચૂલની સઝાય ........................ ૧૭૯
શેઠ-વાણોતરની સઝાય.................... ૧૭૯
સતા-સતીઓની સઝાય...................... ૧૮૧
સાધુ સમુદાયની સઝાય .................... ૧૮૨
સીતાજીની સઝાય ........................ ૧૮૩
સીમંધર ગણધર સઝાય.................... ૧૮૪
સીમંધર સ્વામીના બત્રીસ કેવલી શિષ્યની સઝાય.... ૧૮૫
સુદર્શન શેઠની સઝાય .................... ૧૮૬
સુમતિ વિલાપની સઝાય.................... ૧૯૨
સુલસા સતીની સઝાય...................... ૧૯૩
સુવ્રતઋષિની સઝાય ...................... ૧૯૩
સુંદરીની આયંબિલ તપવર્ણનની સઝાય.......... ૧૯૭

## પરિશિષ્ટ

અધ્યાત્મ પદ .......................... ૨૦૦
ચેતનબોધ ............................ ૨૦૦
હિતશિક્ષા............................ ૨૦૧
ચોવીસ જિનવરના પરિવારનું ચૈત્યવંદન........... ૨૦૧
મૌન એકાદશી માહાત્મ્યગર્ભિત મલ્લિનાથ સ્તવન.... ૨૦૨
કલ્યાણમન્દિરસ્તોત્રાનુસારિ સ્તવન-૧ ......... ૨૦૮
શ્રી કંચનાંજન જ્ઞાનઝરણા ................ ૨૩૭
શબ્દાર્થ............................ ૨૪૭

# તત્ત્વવિચારાત્મક સઝ્ઝાય

## અગ્યાર અંગ અને બાર ઉપાંગની સઝાય

અંગ અગ્યાર સોહામણા સાહેલડી રે ૧ આચારાંગ ૨ સુયગડાંગ તો
૩ ઠાણાંગ ૪ સમવાયાંગ વળી રે ૫ ભગવતી પંચમ અંગ તો ૧

૬ જ્ઞાતા ધર્મકથા છઠ્ઠું રે ૭ સાતમું ઉપાસક દશાંગ તો
૮ અંતગડ ૯ અણુત્તરોવવાઈયા રે ૧૦ પ્રશ્ન વ્યાકરણ દશમાંગ તો ૨

૧૧ સુખ-દુઃખ વિપાક અગ્યારમું રે હવે ઉપાંગ કહું બાર તો
૧ ઉવવાઈ અને ૨ રાય પસેણીયા રે ૩ જીવાભિગમ વિચાર તો ૩

૪ પન્નવણા ૫ જંબુપન્નત્તી રે જેહમાં ક્ષેત્ર વિચાર તો
૬ ચંદપન્નત્તી ૭ સુરપન્નત્તી રે હવે પણ એકમાં સંભાર તો ૪

૮ કપ્પિયા ૯ કપ્પવડિંસિયા રે જેહમાં વિમાન વિચાર તો
૧૦ પુપ્ફિયા ને ૧૧ પુપ્ફચૂલિયા રે ૧૨ નિરયાવલી ઇમ બાર તો ૫

સૂત્ર અર્થ ગુરુથી લહી રે ભણે-ભણવે જેહ તો
તે વાચકને વંદીયે રે **જ્ઞાનવિમલ** શું નેહ તો ૬

## અલ્પબહુત્વની સઝાય

ભવિ પ્રાણી રે, જિનવાણી મનમાં ધરો,
ભીમ ભવજલ રે, ઉદધિમાંહિ જિમ નવિ ફિરો,
જિન આણા રે, પાખે મહાદંડક પદે,
અઠ્ઠાણું રે, બોલ કહ્યા ત્રીજે પદે.
પન્નવણા ઉપાંગ માંહી અલ્પ બહુ વક્તવ્યતા,
અભિધાનથી સવિશેષ લહીયે સકલ કાલે સાસતા. ૧
મનુષ્ય ગર્ભજ સર્વ થોવા[૧], સંખ ગુણી સ્ત્રી તેહથી[૨],
અસંખ્ય બાદર અગણિ[૩] કાયા પજ્જત્તા લહું તેહથી. ૨
અસંખ્યાતા રે અણુત્તર સુર હવે સંખ ગુણા[૪],
ઉવરિમ[૫] મજ્ઝિમ રે[૬] હિટ્ઠિમ[૭] અચ્યુય[૮] આરણા[૯],
પાણય[૧૦] આરણે રે[૧૧] સગ સંખ્યાત ગુણા કહ્યાં,
હવે ચઉલ્સ રે અસંખગુણા એહથી લહ્યાં. ૩

માધવે[૧૨] મઘા[૧૩] સહસ્રાર[૧૪] સુક્કહ[૧૫] રિટ્ઠ[૧૬]લતંગ[૧૭] અંજણ[૧૮],
બંભ[૧૯] વાલુય[૨૦] મહેંદ્રને[૨૧] સણ કુમર[૨૨] સક્કર[૨૩] સમુનરા[૨૪],
ઇશાન[૨૫] સુર એ અસંખ ગુણીયા દેવી તેહની સંખ ગુણી[૨૬],
સોહમ્મસુર[૨૭] સુરી સંખ ગુણીયા[૨૮] વિશેષાધિક ત્રણ ભણી. ૪
અસંખા રે ભવણા[૨૯] દેવી સંખ ગુણી[૩૦],
ઘમ્મા નારકી રે અસંખ્યાત ગુણા સુણી[૩૧],
ખેચર[૩૨] પંચેદી રે તિરિ પુરિસા અસંખગુણા,
થી સંખ ગુણી રે થલ[૩૩] તિરિ પુરિસ અસંખગુણા. ૫
ગુણિય સંખ્યે તેહની થી[૩૪] જલતિરિ પુરિસ અસંખગુણા[૩૫],
તસ ઇત્થી સંખા ગુણી વધતી ત્રણ અધિકને ત્રિગુણા[૩૬],
દેવ વંતર વળી અસંખી[૩૭] દેવી સંખગુણી[૩૮] જાણીયે,
જ્યોતિષી સુર અસંખ જાણો[૩૯] તસ સુરી સંખગુણા આણીયે[૪૦]. ૬
કીવા નહ[૪૧] થલ[૪૨] જલ[૪૩] પણ તિરિ અસંખ ગુણાય[૪૪],
ચોરિંદી પજ્જત્તા અસંખ ગુણા વળી થાય[૪૫],
પંચેંદી પજ્જત્તા વિશેષાધિક જાણો[૪૬],
તિમ બિ[૪૭] તિ[૪૮] પજ્જત્તા વિશેષાધિક આણો. ૭
અપજ્જત્ત અસંખા પણ[૪૯] તિરિ ચઉ[૫૦] તિ[૫૧] દુ[૫૨] જેહ,
અપજ્જત્તા વિશેષાધિક બોલ્ય સવિ તેહ,
પત્તેય સરીર વણ બાદર જેહ પજ્જત્ત[૫૩],
અસંખગુણા વળી બાયર નિગોય પજ્જત્ત[૫૪] ૮
બાયર ભૂપજ્જગ એહ અસંખગુણાય[૫૫],
બાદર[૫૬] આઉ વાઉ પજ્જ અસંખગુણા થાય[૫૭],
બાયર તેઉ અપજ્જ અસંખગુણા વળી જાણો[૫૮],
પત્તેય શરીર વણ અપજ્જ અસંખ ચિત્ત આણો[૫૯]. ૯
બાયર નિગોયા અપજ્જ અસંખ ધારો[૬૦],
બાયર ભુ[૬૧] જલ[૬૨] મરૂ[૬૩] અપજ્જ અસંખ અવધારો,
સુહુમ તેઉ અપજ્જા અસંખિજ્જ ગુણ તેહ[૬૪],
સુહુમ ભૂ[૬૫] જલ[૬૬] વાઉ[૬૭] અપજ્જ વિહેસ અછેહ. ૧૦

સુહુમ તેઉ પજ્જત્તા સંખગુણા ધારીજે[૬૮],
પજ્જ સુહુમ ભુ[૬૯] જલ[૭૦] વાઉ વિશેષાધિક કીજે[૭૧],
સુહુમ નિગોય અપજ્જા અસંખગુણા જાણીજે[૭૨],
સુહુમ નિગોદ પજ્જત્તા[૭૩] સંખ ગુણા તિમ લીજે. ૧૧

ઢાળ

હવે અનંતા ગુણા ઇહાંથી બોલું અભવ્યજીવ સંસારે જી[૭૪],
સમકિત પડિવડિયા[૭૫] ને સિદ્ધા[૭૬] પજ્જ વિણ બાયર વિચારો જી[૭૭],
વળી બાદર પજ્જત્તા જત્તા વિસેસાધિક પદમાંજી[૭૮],
પણ એ સર્વ અનંત તેણે પદે લહવું ઇણિપરે ચિત્તમાંજી ૧૨
બાયર વણ અપજ્જત્ત અસંખ ગુણ[૭૯] બાયર અપજ્જ વિશેષાજી[૮૦],
બાયર વિશેષ[૮૧] સુહુમ વણ અપજ્જ અસંખ[૮૨] સુહુમ અપજ્જ વિશેષાજી[૮૩],
સંખગુણી સુહુમ વણ પજ્જા[૮૪] સુહુમ પજ્જત્ત વિશેષાજી[૮૫],
સુહુમ વિશેષ[૮૬] ભવસિદ્ધિય વિશેષા[૮૭] નિગોય જીવ વિશેષાજી[૮૮]. ૧૩
વણસ્સઈ જીવ વિશેષા કહીએ[૮૯] એગિદિયા સવિશેષાજી[૯૦]
નિરય વિશેષા[૯૧] વિશેષ મિચ્છા[૯૨] અવિરયા તેહથી વિશેષાજી[૯૩]
સકસાયા[૯૪] છઉમત્થા[૯૫] જાણો સયોગી સવિ એ વિશેષાજી
સંસારી[૯૬] અને જીવા સઘળા[૯૭] વિશેષાધિક હેસાજી. ૧૪
બિગડો અંક છન્નુ અભ્યાસે કરતાં જે થાય અંક જી,
ગર્ભજ નર ગુણ તીસેં અંકે થાય તે નિઃશંકજી,
નારી સત્તાવીશ ગુણી તેહથી અને અધિકી સત્તાવીસજી,
ત્રિગુણી ને ત્રણ અધિકી નારી ગર્ભજ પણ તિરિ દીસેજી. ૧૫
બત્રીસ ગુણી બત્રીસેં અધિક સુરથી સુરની દેવીજી,
ઇમ મહાદંડક પદે ફિરિયો પ્રભુ આણા નવિ સેવીજી,
ચોથે અનંતે જીવ અભવ્યા પડિવડિયા ને સિદ્ધાજી,
એ પાંચમે અનંતે જાણી અવર તેવીસ પદ લહ્યાજી,
પણ આઠમે અનંતે (જાણા અવર તેવીસ પદ) ભાખ્યા છે સવિ સિદ્ધાજી ૧૬
પજ્જ બાયર વર્ણવી આરંભી યાવત્ સઘળા જીવજી,
અલ્પ બહુત્વ પદે ઇમ ભવમાં ફિરતા રહે અતીવજી,

દિસિ ગતિ (પ્રમુખ) પ્રભુદ્વારે ચોવીસે બિસ્તારે કરી દાખ્યાજી,
પન્નવણ ઉપાંગપદે ત્રીજે શ્યામાચાર્ય ગણિ ભાખ્યાજી. ૧૭
તેહ ભણી જિનમત અનુસારે જ્ઞાનક્રિયા અનુસરીયેજી,
તો ભવ ભ્રમણ સકળ ટાળીનેં કેવળ કમલા વરીયેજી,
**જ્ઞાનવિમલ** ગુરુપદ સેવાથી એહવા ભાવત હિજેજી,
તો સમતારસ સરસ સુધારસે નિત્ય આતમ સિંચીજે જી. ૧૮

## અષ્ટનયભંગીની સઝાય

સુગુરુ સુદેવ સુધર્મનું, જેહ તત્ત્વ ન જાણે,
મુનિ શ્રાવક વ્રત નાદરે, ભાવે પણ નાણેં. ૧
ચેતન! જ્ઞાનદશા ભજો તજો પર નિંદા,
ઉદાસ ભાવપણું ભજો જિમ જલ અરવિંદા. ચેતન૦ ૨
નવિ જાણે નવિ આદરે, નવિ પાળે અંગિ તેહ,
મિથ્યાત્વી સવિ જના કહ્યા, પહિલે ભંગે તેહ. ચેતન૦ ૩
નવિ જાણે નવિ આદરે, અંગે પણ પાળે,
કષ્ટ ક્રિયા શીલાદિકે તાપસ તનું ગાળે. ચેતન૦ ૪
નવિ જાણે વળી આદરે, મુનિવ્રત નવિ પાળે,
પાસત્થાદિક દુર્ભવી, ત્રીજે ભંગે નિહાળે. ચેતન૦ ૫
નવિ જાણે વળી આદરે, પાળે પણ અંગે,
અભવ્ય ઉત્સૂત્ર કથક મુખા, લહ્યા ચોથે ભંગે. ચેતન૦ ૬
જાણે પણ નાવિ આદરે, વ્રત ભયે નવિ પાળે,
શ્રેણીક પ્રમુખ જે સમકિતી શાસન અજુઆળે. ચેતન૦ ૭
જાણે પણ નવિ આદરે, શીલાદિક પાળે,
પંચાનુત્તર સુરવરા, છઠ્ઠો ભેદ નિહાળે. ચેતન૦ ૮
જાણે અંગે આદરે, મુનિવ્રત નવિ પાળે,
ગીતારથ પ્રવચન લહે, સત્તમ ભેદ વિશાલે. ચેતન૦ ૯
જાણે પાળે આદરે, જિન મતના વેદી,
ચઉવિહ સંઘ જે સુવિરતિ, અટ્ઠમ ભંગ વિનોદી. ચેતન૦ ૧૦

પઢમ ચઉભંગી માંહિલા મિથ્યાત્વ નિવાસી,
પર ચઉભંગી સમકિતી, શ્રી જીનમત વાસી. ચેતન૦ ૧૧
એ અડભંગી ભાવતા, વિધિને અનુસરતાં,
**જ્ઞાનવિમલ** મતિ તેહની, જિન આણ ધરંતા. ચેતન૦ ૧૨

## અસમાધિકર વીસ સ્થાનની સઝ્ઝાય

શ્રી જિન આગમ સાંભળી ચિત્ત સમાધિ કરીજે રે,
થિર શુભયોગે આતમા સમતાએ વાસીજે રે...શ્રી જિન આગમ૦ ૧
વીસ બોલ અસમાધિના ચોથે અંગે ભાખ્યા રે,
આવશ્યક નિર્યુક્તિમાં ચોથે આવશ્યકે દાખ્યા રે...શ્રી જિન આગમ૦ ૨
દ્રુત દ્રુત પંથે ચાલવું[૧] અપ્રમાર્જિત ઠામે રહેવું રે[૨],
તિમ દુષ્પ્રમાર્જિત જાણવું[૩] પંથિ ગમનનું કરવું રે[૪]...શ્રી જિન આગમ૦ ૩
અધિક શય્યાસન સેવતો[૫] ઉપગરણાદિક લેવું રે[૬],
રત્નાધિક મુનિપરે જાવે[૭] થિવિરોપઘાત ચિંતવવું રે[૮]...શ્રી જિન આગમ૦ ૪
ભૂત પ્રાણ ઉપઘાતીઓ[૯] બોલાવ્યો બહુ કોપે રે[૧૦],
દીર્ઘ રોસ રાખે ઘણો[૧૧] પિટ્ઠિમંસ આરોપે રે[૧૨]...શ્રી જિન આગમ૦ ૫
વારંવાર આક્રોશસું નિષ્ઠુર કલંકાદિક બોલે રે[૧૩],
ક્રોધાદિક જે ઉપશમ્યા તે ફિરિ અધિકરણને ખોલે રે[૧૪]...શ્રી જિન આગમ૦ ૬
કરે સઝ્ઝાય અકાળમાં[૧૫] કર પગ સરજન પૂજે રે[૧૬],
ગાઢ સ્વરે ત્રિરાત્રિ લવે[૧૭] કલહ માંહે ચિત્ત રંજે રે[૧૮]...શ્રી જિન આગમ૦ ૭
ગણ ભેદાદિક મોટકા ઝંઝ કરણનો રાગી રે[૧૯],
સૂર્ય ઉદય ને આથમે તિહાં અશનાદિક ભોગી રે[૨૦]...શ્રી જિન આગમ૦ ૮
એષણાદિકે શમતો નહી એ અસમાધિ વરતે રે,
ચિત્ત સમાધિ ન ઊપજે દ્રવ્ય ક્રિયા બહુ કરતે રે...શ્રી જિન આગમ૦ ૯
નામ થકી એ દાખીયા પણ એહમાં બહુ આવે રે,
આર્ત રૌદ્ર દોય ધ્યાનથી ચિત્ત ચપળતા થાવે રે...શ્રી જિન આગમ૦ ૧૦
એહ પરિહર્યા (હરતાં) મુનિ તણે ચિત્તસમાધિ સલુઝે રે,
ભાવક્રિયા સફલી હોયે **જ્ઞાનવિમલ** ગુણ સુઝે રે...શ્રી જિન આગમ૦ ૧૧

# આઠ ગુણદોષની સઝાય

क्षुद्रो[1] लोभरतिर[2] दीनो[3] मत्सरी[4] भयवान्[5] शठः[6] ।
अहो[7] भवाभिनंदी च[8] निष्फलारम्भासाधकः ॥ १ ॥

ઢાળ - ૧

પ્રણમીય સરસ્વતી ભગવતી એ, કહું વાત અનુભવતણી જે છતીએ,
ચરમ પુદ્ગલ પરાવર્તમાં એ, હોયે પૂર્વ સેવા તણી વાસમાં એ. ૧
દોષ એ આઠ પહેલાં અછે એ, જેહ અનાદિના અનુક્રમે તે અછે એ,
ક્ષુદ્રને લોભરતિ દીનતા એ, શઠ મત્સરી અજ્ઞ સવિ ભાતિના એ. ૨
ભવ આનંદે લહે સારતા એ, દોષ એ આઠ ધર્મફલ વારતા એ,
ક્ષુદ્ર ને તુચ્છ ગંભીર નહીં એ, નહીં સત્વધની કૃપણતા નિરવહીએ. ૩
લોભરતી યાચના શીલતા એ, હવે પરતણી આસની લીલતા એ,
દીન તે અદીઠ કલ્યાણીઓ એ, પર વિધને સંતોષ તસ જાણીઓ એ. ૪
મચ્છરી પરગુણ નવિ સહે એ, ભયવાન ને ધર્મકૃતિ ભય વહે એ,
શઠ તે સઘળે કપટતા એ, વળી અજ્ઞ તે નવિ લહે તત્ત્વતા એ. ૫
ભવ અભિનંદી તે જાણીયે એ, વલી સાર સંસાર બહુ માણીએ એ,
સાર સંસાર માંહિ છે એ જિહાં, પુન્ય ફલ જાગતા તે રૂચે એ. ૬
નિષ્ફલારંભ કિરિયા હુવે એ તિહાં, તત્ત્વનો લેશ નવિ તે જુએ એ,
એહ અડદોષ પાછા પડીએ તવ, ગ્રંથિને ભેદે આવી અડે એ. ૭
**જ્ઞાનવિમલ** પ્રભુની કૃપા હોય તો, લહે શુભ રૂચિની ઉપમાએ,
દોષ પ્રતિપક્ષ અડગુણ લહે એ, હવે આગલી ઢાળમાં તે કહે એ. ૮

ઢાળ - ૨

તુચ્છ ન કૃપણતા ધારે, તે ગંભીર ગુણ સારે[1]
સત્ત્વ સંતોષ ઉદાર ધૃતિ, ગુણ બીજો તે ધારે[2] ૯
જન પ્રિય પર હિતકારી, સૌમ્ય તૃતીય ગુણધારી[3]
વિનયી કપટ ન ધર્મે, ભદ્રક ગુણનો એ મર્મ.[4] ૧૦
ગુણરાગી ગુણપક્ષી, એ પંચમ ગુણ લક્ષી[5]
દક્ષ તે તત્ત્વનો અરથી[6], ધીર તે બીહે ન પરથી[7] ૧૧

ધર્મે દઢપણું ધારે, શંકા કાશલ વારે૯
ભવ સુખ દુઃખ કરી જાણે, એ સવિ પુન્ય પ્રમાણે. ૧૨
સુખ દુઃખ માન આતુરતા, ન ધરે, કરે મનિ સમતા
સહજે એ ગુણ પ્રગટે, તો કુદષ્ટિ સવિ વિઘટે. ૧૩
કરણ અપૂરવને ભેટે, મિચ્છા અણભયે ચોર,
કર્મસ્થિતિ કરે ઓછી, હોવેં શુદ્ધ ધર્મ રોચી. ૧૪
ઊગે સમકિત સૂર, **જ્ઞાનવિમલ** તણું નૂર,
વધે તત્ત્વની વૃદ્ધિ, સહેજે સ્વભાવની સિદ્ધિ. ૧૫

## આઠ દૃષ્ટિની સઝાય

ચોપાઈ

ચિદાનંદ પરમાત્તમ રૂપ, પ્રણમી બોલું દૃષ્ટિ સરૂપ,
યોગ દૃષ્ટિ સમુચયથી લહી, આઠ દૃષ્ટિ જે પ્રવચન કહી. ૧
૧ મિત્રા ૨ તારા ૩ દીપ્રા ૪ બલા
૫ સ્થિરા ૬ પ્રભા ૭ કાંતા ૮ સુણપરા
આઠે યોગદૃષ્ટિના નામ, એ સંમત કિરિયાના ઠામ. ૨
આઠ કર્મક્ષય ઉપશમે હોય, ઓંઘ દૃષ્ટિ જાણે સહુ કોય,
નિયમાદિક સહુ રૂઢિ કરે, ગ્રંથિ પાસે તે ફીરવું કરે. ૩
મિથ્યા ગુણ ઠાણું જિહાં મિત્રા દૃષ્ટિ કહી જે સોય,
રાગદ્વેષ મંદ પરીણામ, નિયમ કરે પણ નહી મન ઠામ. ૪
અનુદ્વેગને ઈચ્છાસાર, તારા દૃષ્ટિ કહી જે સાર,
દીપક પરે કરે ઘરને પ્રકાશ, ઇહઈ મોક્ષપણ પઢમ ગુણવાસ. ૫
દીપ્રા દૃષ્ટિ કહી જે તાસ, જસ વાંચ્છકને ક્રિયા અભ્યાસ,
બલા ચોથી દૃષ્ટિ કહાય, શાસ્ત્રબોધ પણ નહી નિરમાય. ૬
ગ્રંથિ ભેદ જબ કરે સુજાણ, સ્થિર દૃષ્ટિ તવ પામે ભાણ,
વિષય કષાય દમી કરે દયા, સર્વ જીવસ્યું રાખી મયા. ૭
પ્રભા દૃષ્ટિથી સકલ વિવેક, પ્રગટે જ્ઞાન દીપક તવ છેક,
કાંતા દૃષ્ટિ સહુને નમે, પ્રમાદ પાંચને વલી દમે. ૮

નિરતિચાર ક્રિયાનુષ્ઠાન, શુદ્ધ ઉપયોગ સઘલે સાવધાન,
ધર્મોદ્યમ કરવા ઉજમાલ, શુદ્ધ વિધે કરણીને ઢાલ. ૯
ધ્યાનાદિક સમવસ્થા કરે, જે કુવિકલ્પ સવિ પરિહરે,
નિર્વિકલ્પ ગુણ ધ્યાનારૂઢ, પરાદષ્ટિ જિહાં કિરિયા ગુઢ. ૧૦
૧ તણ ૨ ગોમાય ૩ કાષ્ટાનિલ ૪ લેશ
૫ દીપશિખા ૬ તારા ૭ રવિ ૮ દેશ,
ચંદ્ર સમાન પ્રભા એહની, આઠે દષ્ટિ પ્રભા તેહની. ૧૧
પ્રથમ ચાર અનુસારે ક્રિયા, કરતાં પામે ભવ વિક્રયા,
અંતિમ ચાર થકી સુખ લહે, દર્શન જ્ઞાન ચરિત જિહાં કહે. ૧૨
અંતિમ એક પુદ્ગલ સંસાર, ભવ્ય લહે, મિત્રાદિક ચ્યાર,
અર્ધ પુદ્ગલે સ્થિરાદિક હોય, અભવ્ય જીવ ન લહે એ કોય. ૧૩
જ્ઞાનદષ્ટિ સહુ એહવી દષ્ટિ, જેહ વિચારે તેહ વિશિષ્ટ,
ચેતન જ્ઞાન લહી અબ ચેતી **જ્ઞાનવિમલસૂર** કહે ભવિહિત. ૧૪

## આત્મશિક્ષાની સઝાય

માહરા આતમ, એહિજ શીખ સાંભળો (સંભાળો) કોઈ કુમતિ સંગ ટાળો રે,
સુગુર સુદેવ સુધર્મ આદરજે, દોષરહિત ચિત્ત ધરજે,
દોષ સહિત જાણી પરિહરજે, જીવદયા તું કરજે રે...માહરા૦ ૧
પાછલી રાતે વહેલો જાગે, ધ્યાન તણે લય લાગે,
લોક વ્યવહાર થકી મત ભાગે, કષ્ટ પડે મમ માગે રે...માહરા૦ ૨
દુઃખ આવે પણ ધર્મ મ મૂકે, કુળ આચાર મ ચૂકે,
ધરતી જોઈને પગ તું મૂકે, પાપે કિમહી મ ઢૂંકે રે...માહરા૦ ૩
સદ્ગુરુ કેરી શીખ સુણીજે, આગમનો રસ પીજે,
આળી રીશે ગાળ ન દીજે, આપ વખાણ ન કીજે રે...માહરા૦ ૪
શકતે વ્રત પચક્ખાણ આદરીએ, લાભ જોઈ વ્યય કરીએ,
પર ઉપકારે આગળ થાયે, વિધિશું યાત્રાએ જાયે રે..માહરા૦ ૫
સમકિતમાં મત કરજે શંકા, ધર્મે મ થાઇશ વંકા,
છંડી સત્ત્વ ન થઇએ રંકા, સંતોષ સોવન ટંકા રે...માહરા૦ ૬

કિમહી જૂઠું વયણ મ ભાંખે, જિન ભેટે લેઈ આખે,
શીલરતન રૂડી પેરે રાખે, હીણે દીન મ દાખે રે...માહરા૦ ૭
સમકિત ધર્મ મ મૂકે ઢીલો, વ્યસને મ થાઇશ વી(ગી)લો,
ધર્મ કાજે થાજે તું પહેલો, એહિ જ જસનો ટીલો રે...માહરા૦ ૮
જ્ઞાન દેવ ગુરુ સાધારણનું, દ્રવ્ય રખોપું કરજે,
પાખંડી અન્યાય તણું દ્રવ્ય, સંગતિ દૂરે કરજે રે...માહરા૦ ૯
વિનય કરે ગુરુ જન કેરો, પંચ પર્વ ચિત્ત ધારે,
હીન મહોદય અનુકંપાએ, દુઃખિયાને સાધારે રે....માહરા૦ ૧૦
શક્તિ પાખે મ કરીશ મોટાઇ, શુભ કામે ન ખોટાઈ,
છોડીજે ચુગલ ચોટ્ટાઈ, મળવું ન દુષ્ટથી કાંઈ રે...માહરા૦ ૧૧
ધર્મક્ષેત્રે નિજ ધનને વાવે, જિમ આગળ સુખ પાવે,
પરનિંદા નિજ મુખે મત લાવે, આપે હીણું ભાવે રે...માહરા૦ ૧૨
ઉદેરી મત કરજે લડાઈ, આદરજે સરલાઈ,
ફુલાવ્યો ચિત્ત ન ધરે જડાઈ, પામીશ એમ વડાઈ રે...માહરા૦ ૧૩
વિધિશું સમજી વ્રત આદરજે, ત્રણે કાળ જીન પૂજે,
બુધ પૂછીને ઉદ્યમ કરજે, વ્યસન અભક્ષ્ય પરિહરજે રે...માહરા૦ ૧૪
**જ્ઞાનવિમલ** ગુરુ સેવા કરીએ, તો ભવ સાયર તરીએ
શિવ સુંદરીને સહેજે વરીએ, શુદ્ધ મારગ અનુસરીએ રે...માહરા૦ ૧૫

## ઇરિયાવહીની સઝાય

ઢાળ

મન શુદ્ધે રે, ઇરિયાવહી ભલી (વિ) પડિક્કમો,
ચોરાશી લખ રે, જીવયોની સાથે ખમો,
કરો મૈત્રી રે, સમતારસમાંહી રમો,
ચઉ ગતિમાં રે, જિમ ભવિયાં તુમે નવિ ભમો. ૧

ત્રુટક

નવિ ભમો જિમ સંસારમાંહી સકલ સુખને અનુસરો,
મિચ્છામિ દુક્કડ દીએ ઇણિપરે, સુગુરુ વયણાં ચિત્ત ધરો,

ભૂજલ જલણ ને વાયુ સુહુમવણ, એહ પાંચે થારા,
વીશ ભેદ પજ્જ અપજ્જ કહીયે, સુહુમ તિમ વળી બાદરા. ૨

ઢાળ

વણ પ્રત્યેક રે, પજ્જ અપજ્જ દુવીશ એ,
બિતિ ચઉ પજ્જ રે, અપજ્જ છક્ક અડવીશ એ,
જલ થલ ખગ રે, ઉરપરિ ભુજ પરિ સપ્પ એ,
પજ્જા પજ્જ રે, સન્નિયર વીસ થપ્પ એ. ૩

ત્રુટક

થપ્પિયાએમ પંચેંદ્રિ તિરીશું, મળી થયા અડયાલ એ,
સગ નારકીના ચૌદ પજ્જા–પજ્જ દુસહિ એમ સંભાળ એ,
તીસ અકર્મ ભૂમિ પન્નર, કર્મભૂમિ વિવેક એ,
છપ્પન અંતરદીપ નરના, ખિત્ત એક શત એક એ. ૪

ઢાલ

પજ્જા પજ્જ રે, સન્નિ બિસત બિહું આગલા,
અસન્ની નર રે, અપજ્જ એકશત એક મલ્યા,
એમ ત્રણસેં રે, ત્રણ અધિક નરનાં હુવા,
હવે દેવનાં રે, કહીયે છે તે જુજુઆં. ૫

ત્રુટક

જુજુવા પરમાધામી પનરહ, ભવણ દશ સોલ વ્યંતરા,
ચર અચર જ્યોતિષી પંચ પંચહ, કીલ્બિસીયા ત્રણ ગોબરા,
લોકાંતિક નવ તિરીયગજૃંભક દશ વૈમાનિક બાર એ,
ગ્રૈવેયકા નવ પણ અનુત્તર ભેદ નવાણું સાર એ. ૬

ઢાલ

પજ્જત્તા રે, અપજ્જત્તા ભેદે કરી,
અઠ્ઠાણું રે, અધિકા એક શત ઉપરી,
સવી મળીને રે, પંચસયા ત્રેસઠ થયા,
જીવ ભેદા રે, એગિંદિયાદિક પદે લહ્યા. ૭

ત્રુટક

લહ્યા એહના ભેદથી જે, મિચ્છામિ દુક્કડં અછે,
અભિહયાદિક પદે દશ ગુણા, કરો જિમ ભવિ મન રુચે,
પંસ સહસ ષટ્ શતક ઉપરી, ત્રીશ અધિક સોહામણા,
અગ્યાર સહસ બસેં સાઠ હોવે, રાગ દ્વેષે તે ગણ્યા. ૮

ઢાલ

વળી ત્રિગુણા રે, મન વય કાયથકી ગણો,
તેત્રીશ સહસ રે, સાત સયા એંશી ભણો,
કરણાદિકે રે, ત્રિગણા એક લખ જાણીયે,
સહસ એકજ રે, તીનસે ચાલીસ જાણીયે. ૯

ત્રુટક

જાણીયે સંપ્રતિ અતીત અનાગત, કાલે ત્રિગુણા કીજીયે
લખ તીન ઉપર ચાર સહસા, વીશ અધિકા લીજીયે
અરિહંત સિદ્ધ સુસાહુ આતમ, દેવગુરુ શાખે કરી
ષટ્ગુણા કરતાં જેહ હોયે, તે સુણો હૃદયે ધરી. ૧૦

ઢાલ

લખ અડદશ રે, ચોવીસ સહસા ઉપરી,
વીશ અધિકા રે, એક શત સવિ મલી કરી,
મિચ્છામિ દુક્કડં રે, એતા ભાવ ધરી દીઓ,
બહુ વિધ વળી રે, ભેદ થાયે છે તે જુઓ. ૧૧

ત્રુટક

જુઓ તે વળી અવર ગ્રંથે, કર્યા ષટ્ગુણ તે છતાં,
દ્રવ્ય ક્ષેત્ર કાળને ભાવ ભેળી, જાણતાં અજાણતાં,
એક કોડી નવ લખ સહસ ચૌંઆલીસ, સાત સયને વીસ એ,
ઇરિયાવહિનો અર્થ ભાવે, લહે તે સુજગીસ એ. ૧૨

ઢાલ

નવ્વાણું રે, એકશત અક્ષર એહના,
આઠ સંપદા રે, ચોવીશ ગુરુ છે જેહના,

ઇચ્છામિ રે, પડિક્કમિઉં ધુરિ જાણીયે,
ઠામિ કાઉસગ્ગં રે, અંતિમ પદ એ જાણીયે. ૧૩

ત્રુટક

જાણીયે એહ વિણ શુદ્ધ કિરીયા, વિધિ સઘળો સફ્લો નહીં,
અઇમુત્તોમુનિ મૃગાવતી સાધુણી, પ્રમુખ બહુ શિવગતિ લહી,
તે જાણી યતના કરો સુધી, સયલ સંપત્તિ જિમ લહે,
કવિરાજ **શ્રી ધીરવિમલ** સેવક, **નયવિમલ** કવિ ઇમ કહે. ૧૪

## ઉપદેશની (કઠિયારાની) સઝ્ઝાય

સોહમ સ્વામી બે લાલ, એણી પેરે ઉપદિશે,
જંબુ નિસુણે બે લાલ, મનમાંહિ ઉલ્લસે,
ઉલ્લસે નિવસે એક દિવસે, દરિદ્રી કઠીયારડો,
તે અતિ દુઃખીયો, કાષ્ઠ વેચી કરે એમ વેપા(ગુજા)રડો... ૧

તે એક દિવસે બે લાલ, ગિરિગહ્વર ગયો,
એક વૃક્ષ દેખી બે લાલ મનમાંહે ઉલ્લસ્યો,
ઉલ્લસ્યો મનમાં વૃક્ષ દેખી, છેદીયો હરખે કરી,
તસ મૂળી ખણતાં કનક પીઠડી, પંચરત્નોંશું જડી... ૨

પીઠડી વાંસે બે લાલ, સીર મૂળી ધરે,
ઘરે આવંતા બે લાલ, વૃષ્ટિ થઈ આકરી,
વૃષ્ટિ કારણ વેચી ન શક્યો, કાષ્ઠવાહક તેણે દિને,
કાષ્ઠ ભારી કનક પીઠડી, લઈ ઘરમાંહે જીને... ૩

ભોજન આણ્યું બે લાલ, ખલ તેણે નિર્ધને,
નિર્ધન રાંધે બે લાલ, કંચન ભાજને,
કંચન ભાજને તેહ રાંધે, સમીધ મૂળીનું કરે,
તસખંડ દહંત અગ્નિ સહતાં ગંધ દિશોદિશ વિસ્તરે... ૪

વડ વ્યવહારી બેલાલ, પંથે આવતો,
ઇણ દિશે દેખી બે લાલ, પરીમલ પાવતો,

પાવતો પરિમલ અતિ, અનર્ગલ બાવના ચંદન તણો,
અચરીજ પામી શીશ નામી, કહે ભોગી કુણ ગણો... ૫

વડ વ્યવહારી બે લાલ, મૂરખને ઇમ કહે,
રે અજ્ઞાની બે લાલ, ચંદન કાષ્ઠ કાં દહે!
કાં દહે ચંદન તુજ કંચન દેઉં બમણું એહથી,
સુરલોકની પરે સખર મંદિર વિલસે સુખ કંચન થકી... ૬

તે નવિ માને બે લાલ, મૂરખ પ્રાણીયો,
શેઠે તેહને બે લાલ, અતિ જડ જાણીયો,
જાણીયો તે જડ અતિ અનર્ગલ કહી બહુ ઉવેખીયો,
એહનો ઉપનય એ છે અંતર શાસ્ત્રમાંહે દેખીયો... ૭

ભવપાટણ બે લાલ, સંસારી એક વસે,
જીવ કબાડી બે લાલ, એહ સુખ શું ઘસે?
શું ઘસે એહ સુખ મનુજ ગતિ વન સરલા તરુ શ્રાવકપણું,
પંચેંદ્રીરત્ને ભરી કાયા કનકપીઠડી સમ ગણો. ૮

ખલતણું વિષય બે લાલ, ચંદન શુભમતી,
તૃષ્ણા અનલ બે લાલ, તે લહે દુર્મતી,
દુર્મતિ તેહને શેઠ સદગુરુ વારીઓ બહુ હિતકરી.
પણ તે ન માને કરે કાજી જડે શીખ ન આચરી... ૯

ઉપનય નિસુણી બે લાલ, ગુરુ સુખ સહેવા,
એહ સુખભોગ બે લાલ, વિષફલ જેહવાં,
જેહવા વિષફલ અતિ અર્નગલ જાણી જેણે ધરી હર્યા,
કવિરાજ શ્રી ધીરવિમલ સેવક કહે નય તે ભવ તર્યા... ૧૦

## કાઉસગ્ગના ૧૯ દોષની સઝાય

સકલ દેવ સમરી અરિહંત, પ્રણમી સદ્ગુરુ ગુણે મહંત,
ઓગણીસ દોષ કાઉસગ્ગતણી, બોલું શ્રુત અનુસરે સુણી. ૧

૧ ઘોટક દોષ પ્રથમ કહ્યો એહ, વાંકો પગ રાખે વળી જેહ,
૨ લતા દોષ બીજો હવે સુણો, (દીલ) તન હલાવે જે અતિઘણો. ૨
૩ ઓઠિંગણ લેઇ જે રહે, થંભ દોષ તે ત્રીજો કહે,
૪ માલ દોષ ચોથો કહ્યો એહ, મસ્તક અડકાવીર હે જેહ. ૩
૫ પગ અંગુઠા મેલી રહે, ઉદ્ધિ દોષ પંચમ તે લહે,
૬ બેહુ પગ પાની જે મેળવે, નિલય દોષ છઠ્ઠો જિન કહે. ૪
૭ ગુહ્ય ઠામે રાખે નિજ હાથ, સબરી દોષ કહ્યો જગનાથ,
૮ ધર્મોપગરણ વાંકુ ગ્રહે, ખલિન દોષ તેહને પણ કહે. ૫
મુખ ચાલના કરે અતિઘણું, ખલિન દોષ આઠમો તે ભણું
૯ ઘુંઘટ તાણીને જે રહે, વહુ દોષ નવમો તે લહે. ૬
૧૦ લડસડતું પહિરે પહિરણું, દશમો દોષ લંબુત્તર ભણું
૧૧ હૃદય સ્થલ આચ્છાદિ રહે, તે સ્તન દોષ અગીયારમો લહે. ૭
૧૨ વસ્ત્રેસું ઢાંકે સવિદેહ, સંયતિ દોષ બારસમો તેહ,
૧૩ (પાં) ભાંપણિ ચાળો કરે અતિ ઘણો, ભમૂહ દોષ તેરસમો સુણો,
૧૪ અંગુલિ હલાવે સંખ્યા કાજ, અંગુલી દોષ ચૌદસમો ત્યાજ. ૮
૧૫ નેત્રતણા જે ચાળા કરે, તે વાયસ દોષ પન્નરમો કહે,
૧૬ પહેર્યાં વસ્ત્ર સંકોડી રહે, કપિ દોષ સોલસમો લહે. ૯
૧૭ મસ્તક ધૂણાવે અતિઘણું, તે શિરકંપ સત્તરમો સુણો,
૧૮ મદિરાની પરે જે બડ બડે, વારૂણી દોષં અઢારમો ચઢે. ૧૦
૧૯ મુંગાની પરે હું હું કરે, મૂક દોષ ઓગણીસમો ધરે,
ત્રણ દોષ એ માંહિ ટળે, સોળ દોષ સાધ્વીને મળે ૧૧
લંબુત્તર, થણ ને સંયતિ દોષ, એહ બોલ્યા જિનપતિ વિશેષ,
વહુ દોષ ચોથો જબ ટળે, પંદર દોષ શ્રાવિકાને મળે. ૧૨
કાઉસગથી સમતા સુખ થાય, કઠિન કર્મ કોડી ભુલાય,
કાઉસગ્ગ કરતાં શિવસુખ હોય, કાઉસગ્ગ સમ તપ ન કહ્યો કોય. ૧૩
દોષરહિત કાઉસગ કીજીએ, તો સ્હેજે શિવ (સુખફળ) લીજીએ,
ધીરવિમલ પંડિતનો શીસ કવિ નયવિમલ ભણે સુજગીશ. ૧૪

## કાયા કામિનીની જીવ સ્વામીને ઉપદેશક સઝાય

સુગુણ સોભાગી હો સાહિબ માહરા, સુણ મુજ આતમરામ વાલ્હેસર,
કાયા કામિની કંથ પ્રતિ કહે, પ્રીતમ તું અભિરામ સોભાગી સુગુણ૦ ૧
રયણ અમૂલક મેં તું સંગ્રહયો, મત હુઓ કાચ સમાન ચતુરનર,
ધુરિ છેડાલગે તેહને ચાહતાં, નીપટ ખરાખરી કામ પનોતા સુ૦ ૨
પુરવ પુણ્યેં હું તુજને મળી, ઉત્તમકુળની એ કાય રંગીલા,
અવસર મળિયાં લાહો લીજીયે, ક્ષણ લાખેણો રે જાય છબીલા સુ૦ ૩
કામિની કંતતણો સંબંધ કરી પણ નવિ વિસરે, હેજ વિલસી રહેજી હળી મળી,
હું સોહાગણ સોહવિ તુજ છતે, ઈમ કિમ સરસો રે પ્રીતમ સાંભળી સુ૦ ૪
કુમતિ કુચિંતા પ્રમુખ કુરૂપ ત્રિયા, તેને તું (તેની સાથે રે) વિલસે નેહ લગાઈ,
નિજ ઘર છંડી પર ઘરે જાતાં, કોઈ ન કહેશે રે કંત ભલાઈ સુ૦ ૫
તેહ કુઘરણી સંગમથી કદા, વિષય કષાયા રે અંગજ હોશે,
તે બહુ દુઃખદાયક અતિ વાંકડા, મહેણાં દેઇને સયણ વિગોશે સુ૦ ૬
વણજ કરેવા શેઠે ધન દિયો, કુમતિ કુઘરણી રે તે સવિ મૂસે,
ચોખે લેખે કહો કિમ પહોંચશો સાહમી, ધરમ કહે કિણ પરે રહેશે સુ૦ ૭
પાળે પ્રીતિ સદા પરણી ત્રિયા, પણ પરતરૂણી રે પ્રીતિ ન પાળે,
હમણાં મદ વાહ્યા નથી જાણતા, નિરતિ પડશે રે મોહ સમ ગાળે સુ૦ ૮
કુલવંતી કોઈ કામિની મુજ સમી, ફિર નવિ મલશે રે ચિત્ત અવધારો,
પડછાયા સુખ ત્યાં લગે સાંભરે, જબ (લગે=તને) લાગે તાપ નિરાલો સુ૦ ૯
સયણ મળીને દુર્જન જબ મીલે, તવ તે સાંભરે સયણ સુગુણનર,
કપટ કુઘરણી કેરાં જાણશો, તવ ચિત્ત ધરશો રે વયણ ચતુર નર સુ૦ ૧૦
મુઝ વડપણ થયે તુમ રસીયા હોશો, શ્યો રસ માણસ્યો ત્યાંય રંગીલા,
એ ઉખાણો મળશે લોકનો, ઊંટ બળદ તણો ન્યાય સુ૦ ૧૧
હમણાં સરખી જોડી બિહુંતણી, નવયૌવન રસ ભૂરિ સલુણા,
અવિચલ પ્રીતિ કરો પ્રીતમ તુમ્હેં, હોંશ હૈયાતણી પુરી સનેહા સુ૦ ૧૨
પ્રસન્ન થઈને મુજસું વિલસતાં, હોસ્યે સુત સુવિવેક સલુણો,
ઘડપણે સુખદાઈ તુમને હોસ્યે, ધરશે જનકસ્યુ નેક વિદુણો સુ૦ ૧૩

સુપ્રતિષ્ઠ પ્રીતમને જે ભાખવું, તેહ અઘટતું રે સુકુલ વહૂને,
શોકય વેધ હોય અતિહિ આકરા, વાંછા સુખની રે હોયે સહુને સુ૦ ૧૪
સુમતિ સાહેલી માહરી અતિ ભલી, તે પણ પ્રીતમ ભોગ તુમારે,
સહજ સલૂણાં સાહિબ સેવતાં, અવિચલ સુખ સંયોગ વધારે સુ૦ ૧૫
ઈમ ઘર વટસ્યું પ્રીતમ પીછવી, અતિહિ અનોપમ પ્રેમ લગાડ્યો,
સુકૃત સુકામણ કરીને વશ કીયો, જગે જશ વાદસ્યું તેમ જગાડ્યો સુ૦ ૧૬
તપ જપ કિરિયાં સમકિત સુખડી, વિલસે કામિની કંત સદાય
**ધીરવિમલ** કવિ સેવક **નય** કહે, ઉત્તમ સંગતિ સુજશ ભલાય સુ૦ ૧૭

## કાયાની નશ્વરતા વિશે સઝાય

કાયા માયા દોનું કારમી પરદેશી રે કબહુ ન અપની હોય મિત્ર પરદેશી
ગર્વ ન ઇનકો કીજીયે રે છીનમેં દેખાવે છેહ.... પરદેશી
જેસો રંગ પતંગકો રે છીનમેં ફીકો હોય. પરદેશી
મણિ માણેક મોતી હીરલા રે ત્રાણ શરણ નહિ કોય.... પરદેશી
જીસ ઘર હય ગય ઘૂમતા રે હુંતા છત્રીસ રાગ.... પરદેશી
સો મંદિર સૂના પડ્યાં રે બેસણ લાગા કાગ.... પરદેશી
મણી માણેક મોતી પહેરતી રે રાજા હરિચંદ્ર ઘરનાર.... પરદેશી
એક દિન એસા હુઇ ગયા રે પર ઘરકી પણિહાર.... પરદેશી
હાથે પર્વત તોલતે રે કરતે નરપતિ સેવ.... પરદેશી
સોબી નર સબ ચલે ગયે રે તેરી કયા ગિનતી અબેવ.... પરદેશી
છોડકે મંદિર માળીયા રે કરલે જિનશું રાગ... પરદેશી
વો દિન કયુંકર શોચના રે લગસી ઈન તન આગ.... પરદેશી
જૂઠો સબ સંસાર હૈ રે સુપનાકા સો ખેલ.... પરદેશી
**નય** (ગ) કહે તાસ સમજ કે રે કરલે જિન (પ્રભુ) સ્યું મેળ.... પરદેશી

## ખાદ્ય વસ્તુના કાલ-માનવિચારની સઝાય

પ્રવચન અમરી સમરી સદા, ગુરુપદપંકજ પ્રણમી મુદા,
વસ્તુતણું કહું કાલ પ્રમાણ, અચિત્ત સચિત્ત વિધિ લહે જિમ. ૧

બિહું ઋતુ મળી ચોમાસા માન, ષટઋતુ મળીને વર્ષ પ્રમાણ,
વર્ષા શીત ઉષ્ણ ત્રણ કાળ, ત્રિહું ચોમાસે વરસ રસાલ. ૨
શ્રાવણ ભાદ્રવો આસો માસ, કાર્તિક ઇમ વરસાલા વાસ,
માગસર પોષ માહ નૈ ફાગ, એ ચારે શીયાલા લાગ. ૩
ચૈત્ર વૈશાખ ને જેઠ અષાડ, ઉષ્ણકાળ એ ચાર અગાઢ,
વર્ષા શરદ શિશિર હેમંત વસંત, ગ્રીષ્મ ષટ્ ઋતુ ઇમ તેહ. ૪
વર્ષા પનર દિવસ પકવાન, ત્રીસ દિવસ શીયાળે માન,
વીસ દિવસ ઉનાળે રહે, પછી અભક્ષ્ય શ્રીજિનવર કહે. ૫
રાંધ્યું વિદળ રહે ચઉયામ, ઓદન આઠ પહોર અભિરામ,
સોલ પ્રહર દધિકાંજી છાસ, પછે રહે તો જીવ વિનાશ. ૬
પાપડ લોઈયા વટક પ્રમાણ, ચાર પહોર તિમ પોલી જાણ,
માતર પ્રમુખ નીવી પકવાન, ચલિત રસે તસ કાલ પ્રમાણ. ૭
ધાન ધોવણ છ ઘડી પ્રમાણ, દોય ઘડી જલવાણી જાણ,
ફલ ધોયણ એક પ્રહર પ્રમાણ, ત્રિફલાજલ બે ઘડીનું માન. ૮
ત્રણ વાર ઉકળીયો જેહ, શુદ્ધ ઉષ્ણ જલ કહીએ તેહ,
પ્રહર તીન ચઉ પંચ પ્રમાણ, વર્ષા શીત ઉન્હાલે જાણ. ૯
શ્રાવણ ભાદ્રપદે દિન પંચ, મિશ્રલોટ અણચાલિત સંચ,
આસો કાર્તિક ચઉદિન માન, માગસર પોષ દિન ત્રણ પ્રમાણ. ૧૦
મહા ફાગણે કહ્યું પણ યામ, ચૈત્ર વૈશાખે ચિહું પહોર અભિરામ,
જ્યેષ્ટ આષાઢ પ્રહર ત્રણ જોય તિણ ઉપરાંત સચિત્ત તે હોય. ૧૧
ગેહું સાલિ ખડ ધાન કપાસ, જવ ત્રણ વરસે અચિત્ત તે ખાસ,
વિદલ સર્વ તિલ તુયરી ને વાલ, પાંચે વરસે હોય અચિત્ત રસાલ. ૧૨
અલસી કોદ્રવા કાંગ ને જુવાર, સાતે વરસે અચિત્ત વિચાર,
શીત તાપ વર્ષાદિક જોઈ, સચિત્ત યોનિ અચિત્ત તે હોઈ. ૧૩
હરડિ પીપરી મરીચ બદામ, ખારેક દ્રાખ એલા અભિરામ,
શત જોયણ જલ વટમાં વહે, સાઠ જોયણ થલવટમાં કહે. ૧૪
સચિત્ત વસ્તુ પ્રવહણની જેહ, થાય અચિત્ત પ્રવચન કહે તેહ,
ધૂમ અગ્નિ પરિઅટ્ટણ કરી, અચિત્તયોનિ તસ થાય ખરી. ૧૫

બાર પહોર રહે જુગલી રાબ, સોલ પહોર રાઈતાં અજાબ,
પહોર ચોવીસ ગોમૂત્રનું માન, બે દિન અતીત દહિ છાસનું માન ૧૬
ખોરું ઘૃત જે કાલાતીત, પલટાયે વર્ણાદિક રીત,
કાચું દુધ વિદલ સંયોગ, થાય અભક્ષ્ય કહે મુનિ લોગ. ૧૭
ઢુંઢણીયાદિક વિદલની દાળ, સેક્યાં ધાન નિર્ણીત નહિ કાળ,
ચાર પહોર શીરો લાપશી, વિદલ પરેં તે પ્રવચન વસી. ૧૮
પ્રથમ દિવસ પ્રારંભી ગણો, કાલ પ્રમાણ સવિ તેહનું ભણો,
ચલિતરસ જેહનો જિહાં થાય, તિહાં તે વસ્તુ અભક્ષ્ય કહેવાય. ૧૯
ધોળો સિંધવ કહ્યો અચિત્ત, શ્રાદ્ધ વિધે અક્ષર પરતીત,
ઇલાદિક ઓળા જે થાય, તેહ અચિત્ત થાપના નવિ થાય. ૨૦
તેલ નીર મિશ્રિત અચ્છાણ, તેહ ન લેવે પ્રવચન જાણ,
દહિ રાઈ વિદલે દેષાય, ઉષ્ણ કર્યું તે શુદ્ધ કહેવાય. ૨૧
અથાણા પ્રમુખ સહુ જાણ, ચલિતરસે તસ કાલનું માન,
અલ્પ શુદ્ધિને પડે સંદેહ, તેહ ભણી ઇહાં ન કહ્યો તેહ. ૨૨
ગીતારથને વયણે જોય, આચીર્ણ અનાચીરણ હોય,
આર્દ્રધાન અંકુરા નીકળે, તે સહુ વસ્તુ અભક્ષ્યમાં ભળે. ૨૩
ગેરૂ મણસિલ લૂણ હરિયાલ, આવે જલવટમાંહિ (વિ)રસાલ,
તેહ અચિત્ત હોય પ્રવચન સાખ, પણ લેવાની નહિં તસ ભાખ. ૨૪
ઈમ બોલ્યા લવલેશ વિચાર, વિસ્તર પ્રવચન સારોદ્ધાર,
**ધીરવિમલ** પંડિત સુપસાય, કવિ **નયવિમલ** કીધી (કહે) સઝ્ઝાય. ૨૫

## ગુરુની ૩૩ આશાતના વર્જવાની સઝ્ઝાય

સદ્‌ગુરુની કરીએ સેવના, ટાળી તેત્રીસ આશાતના,
ઉઠ હાથ અવગ્રહનો વાસી, આગળ પાછળ ને બેહુ પાસિ. ૧
ચલિત બેઠત ઊભો રહે, નવ આશાતના ત્રિકત્રિક લહે,
બહિ ભૂમિ લિયે પહિલાંવારી, એક ભાજને આચામનિવારી.૧૦ ૨
આલોયે પહેલાં ગમણા ગમણ ૧૧ બોલાવ્યો ન દીયે પડિવયણ,૧૨
ગૃહીને પ્રથમ સંભાષણ કરે૧૩ ગુરુ વિણ ભિક્ષા લોયણ કરે.૧૪ ૩

ગુરુને કહ્યા વિણ અપરનેં દીયે૧૫ તિમ દેખાડે નિષ્ઠુર હીયે,૧૬
ખાસ્યો કેતલું એક એ છે બહુ૧૭ ખદ્ધ કહીજે સરસ લિયે લહું.૧૮ ૪
નિશિ બોલાવ્યો ઉત્તર નવિ દીયે૧૯ અથવા ઠામે બેઠો દીયે,૨૦
સ્યું સ્યું૨૧ તું તુંકારો કરે૨૨ કર્કશ મોટે સ્વર કરી વદે(ઢેં).૨૩ ૫
લાભ અછેં તો તુમ હીજ કરો બીજાં બહુ છે તે ચિત્ત ધરો,૨૪
કથા કહેતાં દુમણો થાય ગૃહી શીખવો પણ અમ્હનેં ન કહાય.૨૫ ૬
અર્થપૂરણ સાંભરતો નથી, અર્થ કહું હું ઇમ અવિતથી,૨૭
હમણાં છે ભિક્ષાનો કાળ, ઇમ કહી ભાંજે પરષદ બાળ. ૭
આપ ડાહપણ દેખાડવા ભણી, વચમાં ભાખે જે અવગુણી,૨૮
વિચમાંહિ વળી કરે વ્યાઘાત૨૯ કરે તર્જના કરતાં વાત. ૮
ગુરુ ઉપગરણ પગે સંઘટે૩૦ ઉચ્ચાસન૩૧ સમ આસન.૩૨ વટે
ગુરુ બેસણે બેસવું તેત્રીસ૩૩ આશાતના વરસે સુજગીશ. ૯
આય લાભ જ્ઞાનાદિક તણાં શાતન થાયે જેહથી ઘણાં,
તે આશાતન જો ટાળીયે સકલ લાભ તો સંભાળીએ. ૧૦
મન વચ કાય કુશલ શુભયોગ, જોડિજે ગુરુ ચરણ સંયોગ,
**જ્ઞાનવિમલ** ગુરુ વિનયથી સિદ્ધિ અષ્ટ મહાસિદ્ધિ ને નવનિધિ. ૧૧

## ચરણ સિત્તરી કરણ સિત્તરીની સઝ્ઝાય

પંચ મહાવ્રત દશ વિધ યતિ ધર્મ, સત્તર સંજમ ભેદ પાળેજી;
વૈયાવૃત્ય દશ નવવિધ બ્રહ્મચર્ય, વાડ ભલી અજવાળેજી. ૧
જ્ઞાનાદિક ત્રણ બારે ભેદે, તપ કરી જેહ નિદાનજી;
ક્રોધાદિક ચારનો નિગ્રહ, એ ચરણ સિત્તરી માનજી. ૨
ચઉવિધ પિંડ વસતિ વસ્ત્ર પાત્ર, નિર્દૂષણ એ લેવેજી;
સમિતિ પાંચ વળી પડિમા બારે, ભાવના બારે સેવેજી. ૩
પચ્ચીશ પડિલેહણા પણ ઇંદ્રિય, વિષયવિકારને વારોજી.
ત્રણ ગુપ્તિ વળી ચાર અભિગ્રહ, દ્રવ્યાદિકથી સંભાળોજી. ૪
કરણ સિત્તરી ઇણવિધ સેવે, ગુણ અનેક વળી ધારેજી;
સંજમી સાધુ તેહને કહીએ, બીજા સવિ નામ ધારીજી. ૫

એ ગુણ વિણ પ્રવ્રજ્યા બોલી, આજીવિકાને તોલેજી;
તે ષટ કાય અસંજમી જાણો, ધર્મદાસ ગણી બોલેજી. ૬
જ્ઞાનવિમલ ગુરુ આણા ધરીને, સંજમ શુદ્ધ આરાધેજી;
જિમ અનુપમ શિવ સુખ સાધે, જગમાં સુજસ તે વાધેજી. ૭

## ચૌદ પૂર્વની સઝ્ઝાય

ચિંતામણિ ચિંતા સબ ચૂરે દેશી.

ચૌદ પૂર્વધર ભક્તિ કરીજે, જેમ શ્રુતજ્ઞાન લહીજે રે;
ચૌદ પૂર્વ તપવિધિ આરાધી, માનવ ભવ ફળ લીજે રે,
ચૌદ પૂર્વધર ભક્તિ કરીજે. એ આંકડી. ૧
પ્રથમ પૂર્વ જે ઉત્પાદક નામે, વસ્તુ ચૌદ તસ જાણો રે;
એક કોડી પદ એક ગજ મસી માને, લિખનતણું પરમાણો રે. ચૌ૦ ૨
અગ્રયણી પૂર્વ છે બીજું, વસ્તુ છવીશ છે જેહની રે;
છન્નું લાખ પદ બે ગજ માને, લિખન શક્તિ કહી તેહની રે. ચૌ૦ ૩
વીર્યપ્રવાદ નામ છે ત્રીજું, વસ્તુ સોળ અધિકાર રે;
સત્તરી લાખ પદ ગજ ચઉ માને, લિખવનો ઉપચાર રે. ચૌ૦ ૪
અસ્તિપ્રવાદ ચોથું જે પૂર્વ, વસ્તુ અઠાવીશ કહિએ રે;
સાઠ લાખ પદ અષ્ટ ગજ માને, મસી પુંજે લિપિ લહિએ રે. ચૌ૦ ૫
જ્ઞાનપ્રવાદ પંચમ પૂર્વનું, વસ્તુ બાર સુ વિચાર રે,
એકોનએક કોડી પદ છે તેહનાં, સોલસ ગજ લિપિ સાર રે. ચૌ૦ ૬
સત્યપ્રવાદ છઠ્ઠું પદ ષટ શત, અધિકા પદ એક કોડી રે;
બે વસ્તુ ગજ બત્રીશ માને, લખવાને મતિ જોડી રે. ચૌ૦ ૭
આત્મપ્રવાદ સત્તમ સોલ વસ્તુ, કોડી છવીશ પદ વારૂ રે;
ચોસઠ ગજ મસી માને લખિએ, એ ઉપમા કહી ચારૂ રે. ચૌ૦ ૮
આઠમું કર્મપ્રવાદ પૂર્વ છે, ત્રીશ વસ્તુ અધિકારો રે;
અસી સહસ્સ એક કોડી પદ ગજ વળી, એકસો અઠવીસ ધારો રે. ચૌ૦ ૯
પ્રત્યાખ્યાન પ્રવાદ છે નવમું, વીશ વસ્તુ પદ જેહનાં રે;
લાખ ચોરાશી ગજ બસે છપ્પન, લિખન માન કહ્યા તેહનાં રે. ચૌ૦ ૧૦

વિદ્યાપ્રવાદ પૂર્વ છે દશમું, પંદર વસ્તુ તસ ભણિએ રે;
એક કોડી દશ લક્ષ પદ તેહનાં, પાંચસે બાર ગજ ગણિએ રે. ચૌ૦ ૧૧
એકાદશમું કલ્યાણ નામે, કોડી છવીશ પદ સુદ્ધાં રે;
બાર વસ્તુ એક સહસ ચોવીશ ગજ, લિપિ અનુમાન પ્રસિદ્ધાં રે. ચૌ૦ ૧૨
પ્રાણાવાય દ્વાદશમું પૂર્વ, તેર વસ્તુ સુખકારી રે;
છપ્પન લાખ એક કોડી પદ ગજ વળી, દો સહસ અડતાલીસ સાર રે. ચૌ૦ ૧૩
ક્રિયાવિસાલ ત્રયોદશમું પૂર્વ, નવ કોડી પદ વસ્તુ ત્રીશ રે;
ચાર સહસ છન્નુ ગજ માને, લિખવા અધિક જગીશ રે. ચૌ૦ ૧૪
લોક બિન્દુસાર ચૌદમું પૂર્વ, પદ કોડી સાઢિબાર રે;
વસ્તુ પંચવીશ ગજ એક શત બાણું, અધિકા આઠ હજાર રે. ચૌ૦ ૧૫
ધુરી ચારે પૂર્વે ને ચુલા, અવર તેહ ન જાણો રે;
દષ્ટિવાદનો ભેદ એ ચોથો, શાસન ભાવ વખાણો રે. ચૌ૦ ૧૬
એણી પરે ચૌદ પૂર્વની સેવા, કરતાં આતમ દીપે રે;
શ્રી **નયવિમલ** કહે નિજ શકતે, તો સવી અરિયણ જીપે રે. ચૌ૦ ૧૭

## તે સુખીયાની સઝાય

તે તરીયા રે ભાઈ, તે નર તરીયા – દેશી

તે સુખીયા ભાઈ તે નર સુખીયા, જે પર દુઃખે દુખીયાજી;
પરસુખ દેખી જે સંતોષિયા, જેણે જૈન ધર્મ ઓળખીયાજી. તે સુખીયા૦ ૧

જ્ઞાનાદિક બહુ ગુણના દરિયા, ઉપશમ રસ જળ ભરીયાજી;
જે પાળે નિત્ય શુદ્ધ ક્રિયા, ભવસાગર તે તરીયાજી. તે સુખીયા૦ ૨

દાન તણા જે રંગે રાતા, શીલ ગુણે કરી માતા રે;
સવિ જગ જીવને દિયે જે શાતા, પર વનિતાના ભ્રાતા રે. તે સુખીયા૦ ૩

જેણે છાંડ્યા ઘરના ધંધા, જે પર ધન લેવા અંધા રે;
જે નવિ બોલે બોલ નિર્બંધા, તપ તપવે જે જોધા રે. તે સુખીયા૦ ૪

પરમેશ્વર આગળ જે સાચા, જે પાળે સુદ્ધ વાચાજી;
ધર્મ કામે કબ હિ ન પાછા, જિન ગુણ ગાવે જાચા જી. તે સુખીયા૦ ૫

પાપતણા દૂષણ સવિ ટાળે, નિજ વ્રત નિત્ય સંભાળેજી;
કામ ક્રોધ વૈરીને ગાળે, તે આત્મ કુળ અજવાળેજી. તે સુખીયા૦ ૬

નિશદિન ઈર્યા–સમિતિએ ચાલે, નારી અંગ ન ભાળેજી;
શુકલ ધ્યાન માંહે જે મ્હાલે, તપહ તપી કર્મ ગાળેજી. તે સુખીયા૦ ૭

જે નવિ બોલે પરની નિંદા, જીભ અમીરસ કંદાજી;
જેણે તોડ્યા ભવના ફંદા, તસ દેખત પરમ આનંદાજી. તે સુખીયા૦ ૮

જે પૂજે ભાવે જિન–ઈંદા, સૌમ્ય ગુણે જિમ ચંદાજી;
ધર્મ ધીર ગુરુ ચિર નંદા નય કહે હું તસ બંદાજી. તે સુખીયા૦ ૯

## દિવાળીપર્વની સઝાય

રાગ કેદારો – હરિ વિણ મોરલી કોણ વજાવે, હરિ૦
ઓર અનેક વજાવત મુરલી – દેશી

પ્રભુ વિણ વાણી કોણ સુણાવે, પ્રભુ૦ આંચલી
જબ યે વીર ગએ શિવમંદિર, અબ મેરા સંશય કોણ મિટાવે, પ્ર૦
કહે ગૌતમગણહર તમહર એ જિનવરદિનકર જાવે રે જાવે. પ્ર૦ ૧
કુમતિઉલૂક કુતીર્થક નર તિગતિગાટ તસ થાવે રે થાવે, પ્ર૦
તુમ વિણ ચૌવિહસંઘકમલવન વિકસિત કોણ કરાવે રે કરાવે પ્ર૦ ૨
મોકું સાથ લઇ ક્યું ન ચલે, ચિત્ત અપરાધ ધરાવે રે ધરાવે, પ્ર૦
ઇયું પરભાવ વિચારી અપનો, ભાવ સભાવમાં લાવે રે લાવે પ્ર૦ ૩
વીરવીર લવતાં વીર અક્ષર અંતરતિમિર હરાવે રે હરાવે. પ્ર૦ ૪
ઇંદ્રભૂતિ અનુભવ **જ્ઞાનવિમલ** ગુણ પાવે રે પાવે. પ્ર૦
સકલસુરાસુર હરખિત હોવત જૂહાર કરણકું આવે રે આવે. પ્ર૦ ૫

## દેવસિય પ્રતિક્રમણની વિધિની સઝાય

સુગુરુ ગણધર પાય પ્રણમેવિ વિધિ પભણું પડિકમણની,
ભવિક જીવ ઉપગાર કાજે ષટ્ આવશ્યક નિતુ પ્રતિ કરો. ૧

જેમ ભવ દુઃખ ભાંજે ભૂમિ પ્રમાર્જી મુહપત્તી થાપની ચરવલો લેઈ,
મન થિર કરીને આપણું ખમાસણ ધરે દેઈ. ૨
પ્રથમ ઇરિયા પડિકમી મુહપત્તિ પડિલેહી,
સામાયિક સંદિસાવું ઠાઉં ખમાસમણ દુગ દેઈ,
ગુરુ મુખે સામાયિક ગ્રહે કહી એક નવકાર,
તદનંતર ચઉ(વિસ)ત્થો ભંદઈ કહે ત્રણ નવકાર. ૨
સામાયિક લેવા તણો વિધિ ઇણ પરે પૂરે,
પચ્ચખાણ કરવો તિહાં વેળા જાણી અસુરે,
પડિલેહે પુણ મુહપતી દોય વંદન દેવે,
દુઃતિ ચઉવિહ પચ્ચખાણ તેમ યથાશક્તિ લેવે. ૩
ચૈત્યવંદન નમુત્થુણ કહી ચૈત્ય સ્તવ પભણે,
મંગલ એકૈક કાઉસગ્ગ કરી થુઈ નિસુણેઇ,
કાઉસગ્ગ કરે ચ્યાર ચ્યાર થુઇ દેવજ વાંદે,
બેસી શક્રસ્તવ કહી નિજ પાપ નિકંદે. ૪
ચાર ખમાસમણા દેઇ ભગવન આચારિજ,
ઉપાધ્યાય વર સાધુ જેહ વંદે ગુણ સંયુત્ત,
ધર્મતણા દાતાર જેહ તેહ ભગવન જાણો,
શુદ્ધાચારના પાલક આચારજ ચિત્ત આણો. ૫
સમય માન સિદ્ધાંત જાણ સકિરિય ઉવજ્ઝાય,
સત્તાવીસ ગુણ યુત્ત સાધુ તસ વંદન થાય,
શ્રાવક તિહાં ઊભા થઈ ઈચ્છકાર સમસ્ત,
શ્રાવક વાંદુ ઇમ કહે ધરી ભક્તિ પ્રશસ્ત. ૬
હવે આવશ્યક ષટતણું બોલું મંડાણ,
દઇ ખમાસમણ સાવધાન કિરિયા વિધિ જાણ,
બીજ એહ છે દેવસિય પડિકમણે ઠાઉ,
દુચ્ચિંતિય દુબ્ભાસિય દુચ્ચિટ્ઠિય ચાહું. ૭
સામાયિક જો મે કહો તસ્સ ઉત્તરી ભણીયે,
કાઉસગ્ગ માંહિ ગાહ અટ્ઠ તિહાં નાણમ્મિ ગણીયે,

પ્રથમ આવશ્યક એ થયું હવે લોગસ્સ બીજું,
મુહપત્તિ વંદન દોય એહ આવશ્યક ત્રીજું. ૮
આવશ્યક ચોથું હવે પડિકમણું જોઈ,
ઊભો ઉગ્ગહમાં રહી દેવસિક આલોઈ,
બીજક પુણ સંભારીને વંદિત્તુ પભણે,
પંચાસી અતિચાર તેહ મનમાંહિ નિસુણે. ૯
ગુણચાલીસ અતિચાર જેહ નાણંમિમાં કહીયા,
એકસો ને ચોવીસ એમ અતિચારજ લહીયા,
તસ્સ ધમ્મસ્સ ઉભો થઈ કહે અવગ્રહ બાહિર.
દુગ વંદન દેઈ દેવસિય ખામે સમતા ધરી. ૧૦
ગુરુ સંયુત ત્રણ સાધુને ખામણડાં દીજે,
પુણ દુગ વંદન દેઈને હવે પંચમ કીજે,
અવગ્રહ બાહિર નીસરી પાછલે પગ પુંજી,
આયરિય કરેમિ જો મે તસ્સ સૂત્ર પ્રયુંજી. ૧૧
ચારિત શુદ્ધિ કાઉસગ્ગે લોગસ્સ દોય ભાખે,
લોગસ્સ સવ્વલોએ કહી પુણ કાઉસગ્ગ દાખે,
જ્ઞાનાચારે વિશુદ્ધિ એક લોગસ્સ તવ કહીયે,
પુકખર વંદન કાઉસગ્ગ લોગસ્સ એક જાણો. ૧૨
દર્શન શુદ્ધિ તે કહી સિદ્ધાણં આણો,
પંચમ આવશ્યક થયું મંગલને કામે,
શ્રુત દેવીને ક્ષેત્ર દેવી સમરો તસ નામ,
એક નવકારનો કાઉસગ્ગ કહે પ્રગટ નવકાર,
બેસી મુહપત્તી વાંદણા દુગ દીજે સાર. ૧૩
છટ્ઠું આવશ્યક ઈહાં પચ્ચખાણની સુડે,
મૂલ વિધિ અર્ધ બિંબ સૂર પડિકમણો મંડે,
તે વિધિ સઘળો જાણીને પહેલું પચ્ચખાણ કીજે,
છે પણ તે પ્રમાદ સમજે યો જાણે. ૧૪

છ આવશ્યક પૂર્ણ કરી ઈચ્છામો અણુસદ્ધિ,
કહે નમોડસ્તુ સક્કત્થયે સ્તવનજ અતિમીઠું,
ચાર ખમાસમણા દેઇ તેણે ભગવન વાંદે,
અડ્ઢાઇજ્જેસુ શ્રાવક કહી સવિ પાપ નિકંદે. ૧૫
આલોયતાં જે વિસર્યુ દિન પાપ વિશુદ્ધ,
ગુણ સંયુત્ત શુદ્ધ સાધુની કહે તિહાં સઝાય,
આદિ અંતે નવકારસ્યું નિસુણે સમુદાય. ૧૬
દુઃખ કર્મક્ષય હેતુ તત્થ લોગસ્સ ચઉપનર,
શાંતિ નિમિત્તે કહે શાંતિ જે ભવિજન ચતુર,
લોગસ્સ પારી પડિક્કમે ઇરિયા વહી વલતી,
ચૈત્યવંદન ચઉક્કસાય પણ એ ક્રિયા મિલતી,
તે માટે ઇરિયા તણો ઇહાં નહિ નિરધાર,
મુહપત્તિ પડિ લેહીને સામાયિક પારે. ૧૭
સામાઈય વયજુત્ત કહી ઇમ વિધિ આરાધે,
અવિધિતણો જો કરે ત્યાગ તો શિવસુખ સાધે,
ઠય પુંઠે સ્તવન લગે મનિ આડિ ટાળે,
આળસ અંગે પ્રમાદ છંડી થાપના નિહાલે. ૧૮
હવે શ્રાવક સાધુને જે અંતર દીસે,
તે દાખુ સઘળો ઇહાં જિમ મનડું હીસે,
સામાયિક લેવું નહિ પારણ પણ નવ હોય,
ત્રિવિધ ત્રિવિધનો પાઠ હોઈ શ્રાવક દુવિધ જ હોય. ૧૯
નાણમ્મિ કાઉસગ્ગે સાધુને ગાથા એક દીસે,
સયણાસણ નામે કહે આવશ્યક સાખે,
ગીતારથ કહે એ વાર તસ અર્થ વિચારે,
ગોચરીયે ફિરે જેહ તેહ ત્રણવાર સંભારે. ૨૦
નમો કરેમિ ચત્તારિયા જો મે કહે સૂત્ર,
શ્રાવક વંદિતુ ભણે નમો કરે જે મે સૂત્ર,

જો મે કરેમિ વંદિતુ સૂત્ર ઇહાં પાઠનો ફેર,
દેશ વિરતિ સર્વ વિરતિનો જિમ સરિસવ મેર. ૨૧
ઇણિ પરે દેવસિ પડિકમણ વિધિ જેહ કરંત,
ત્રિકરણ શુદ્ધિ આલોઈને પાપ સંસાર તરંત,
**ધીરવિમલ** કવિરાજ શિષ્ય **નયવિમળ** ભણંત,
તસ ઘરે નવ નિધિ ઋદ્ધિ હોય ભવિ જેહ મુણંત ૨૨

## નવકાર ભાસ સઝાય

ઢાલ – નણદલની – દેશી.

પ્રથમ પદવર્ણન ભાસ અથવા શ્રી અરિહંતપદની સઝાય

વારી જાઉં હું અરિહંતની, જેહના ગુણ છે બાર; મોહન૦
પ્રાતિહારિજ આઠ છે, મૂલ અતિશય ચ્યાર. મો૦ વા૦ ૧
વૃક્ષ અશોક–૧ સુરકુસુમની વૃષ્ટિ–૨ દિવ્ય ધ્વનિ વાણ–૩ મો૦
ચામર–૪ સિંહાસન–૫ દુંદુભિ–૬ ભામંડલ–૭ છત્ર વખાણ– ૮ મો૦ વા૦ ૨
પૂજા અતિશય છે ભલો, ત્રિભુવન જનને માન્ય; મો૦
વચનાતિશય યોજનમાંનિ, સમજે ભવિ અસમાન. મો૦ વા૦ ૩
જ્ઞાનાતિશય અનુત્તર સુરતણા, સંશય છેદનહાર; મો૦
લોકાલોક પ્રકાશતા, કેવલજ્ઞાન ભંડાર. મો૦ વા૦ ૪
રાગાદિક અંતરરિપુ, તેહના કીધા અંત મો૦
જિહાં વિચરે જગદીસરુ, તિહાં સાતે ઈતિ શમંત. મો૦ વા૦ ૫
એહ અપાયાપગમનો, અતિશય અતિ અદ્ભુત; મો૦
અહનિશિ સેવા વારતા, કોડીગમેં પુરુહૂત. મો૦ વા૦ ૬
મારગ શ્રી અરિહંતનો, આદરીઈ ગુણગેહ; મો૦
ચાર નિક્ષેપઈ વંદીઈ, **જ્ઞાનવિમલ** ગુણગેહ. મો૦ વા૦ ૭

ઈતિ પ્રથમ પદવર્ણન ભાસ.

## દ્વિતીય પદ્વર્ણન ભાસ અથવા શ્રી સિદ્ધપદની સઝાય

ઢાલ – અલબેલાની – દેશી.

નમો સિદ્ધાણં બીજે પદે રે લાલ, જેહમાં ગુણ છે આઠ રે;
હું વારી લાલ૦
શુકલ ધ્યાન અનલેં કરી રે લાલ, બાળ્યાં કર્મકુકાઠ રે. હું વારી૦ ૧ નમો૦
આંકણી૦
જ્ઞાનાવરણ ક્ષયેં લહ્યો રે લાલ, કેવલજ્ઞાન અનંત રે; હું વારી૦
દર્શનાવરણ ક્ષયથી થયો રે લાલ, કેવલ દર્શન કંત રે. હું વારી૦ ૨. નમો૦
અખય અનંત સુખ સહજથી રે લાલ, વેદની કર્મનો નાશ રે, હું વારી૦
મોહની ક્ષયેં નિરમલું રે લાલ, ક્ષાયિક સમકિત વાસ રે. હું વારી૦ ૩. નમો૦
અખયથિતિ ગુણ ઉપનો રે લાલ, આયુકર્મ અભાવિ રે; હું વારી૦
નામકર્મ ક્ષયે નીપનો રે લાલ, રૂપાદિક ગત ભાવ રે. હું વારી૦ ૪. નમો૦
અગુરુલઘુગુણ ઊપનો રે લાલ, ન રહ્યો કોઈ વિભાવ રે; હું વારી૦
ગોત્રકર્મક્ષયે નીપનો રે લાલ, નિજપર્યાય સ્વભાવ રે. હું વારી૦ ૫. નમો૦
અનંતવીર્ય આતમતણું રે લાલ, પ્રગટ્યો અંતરાય નાશ રે; હું વારી૦
આઠ કર્મ નાશે થયો રે લાલ, અનંત અખય સુખવાસ રે. હું વારી૦ ૬ નમો૦
ભેદ પન્નર ઉપચારથી રે લાલ, અનંત પરંપર ભેદ રે; હું વારી૦
નિશ્ચયથી વીતરાગના રે લાલ, ત્રિકરણ કર્મ ઉચ્છેદ રે. હું વારી૦ ૭. નમો૦
**જ્ઞાનવિમલ**ની જ્યોતિમાં રે લાલ, ભાસિત લોકાલોક રે; હું વારી૦
તેહના ધ્યાનથકી હુઆ રે લાલ, સુખીયા સઘલા લોક રે. હું વારી૦ ૮. નમો૦

ઈતિ નવકાર પદાધિકારે દ્વિતીય ભાસ.

## તૃતીય પદવર્ણન ભાસ અથવા શ્રી આચાર્યપદની સઝાય

ઢાલ – પ્રથમ ગોવાલાતણેં ભવઈજી – દેશી.

આચારી આચાર્યનુંજી, ત્રીજેં પદે ધરો ધ્યાન;
શુદ્ધ ઉપદેશ પ્રરૂપતાજી, કહ્યા અરિહંત સમાન. સૂરી૦ ૧
નમતાં શિવસુખ થાય, ભવ ભવ પાતિક જાય; સૂ૦ આ૦

પંચાચાર પળાવતાજી, આપણપેં પાલંત;
છત્રીસ છત્રીસી ગુણેંજી, અલંકૃત તનું વિલસંત. સૂરી૦ ૨
દર્શન – જ્ઞાન – ચારિત્રનાજી, એકેક આઠ આચાર;
બારહ તપ આચારનાજી, ઈમ છત્રીસ ઉદાર. સૂરી૦ ૩
પડિરુવાદિક ચઉદ છે જી, વલી દસવિધ યતિધર્મ;
બારહ ભાવન ભાવતાંજી, એ છત્રીસી મર્મ. સૂરી૦ ૪
પંચેંદ્રિય દમે વિષયથીજી, ધારે નવનિધ બ્રહ્મ;
પંચ મહાવ્રત પોષતાંજી, પંચાચારે સમર્મ. સૂરી૦ ૫
ગુપતિ ત્રણિં સૂધી ધરેંજી, ટાલે ચ્યાર કષાય;
એ છત્રીસી આદરેજી, ધન ધન તેહની માય. સૂરી૦ ૬
અપ્રમત્તે અર્થ ભાખતાજી, ગણિ સંપદ જે આઠ;
બત્રીસ ચઉ વિનયાદિકેજી, ઈમ છત્રીસી પાઠ. સૂરી૦ ૭
ગણધર ઓપમ દીજીઈજી, યુગપ્રધાન કહિવાય;
ભાવ ચારિત્રજ જેહવાજી, તિહાં જિનમારગ ઠવાય. સૂરી૦ ૮
**જ્ઞાનવિમલ** ગુણ રાજતાજી, ગાજે શાસનમાંહિ;
તે વંદી નિરમલ કરોજી, બોધિબીજ ઉછાહિં. સૂરી૦ ૯

ઈતિ નવકાર પદાધિકારે તૃતીય ભાસ.

## ચતુર્થ પદવર્ણન ભાસ અથવા શ્રી ઉપાધ્યાય પદની સઝાય

પાંચે પાંડવ વાંદતાં – દેશી.

ચોથે પદે ઉવજ્ઝાયનું, ગુણવંતનું ધરો ધ્યાન રે;
જુવરાજા સમ તે કહ્યા, પદિસૂરીને સૂરી સમાન રે. ત્રુટક૦
જે સૂરિ સમાન વ્યાખ્યાન કરિપણિ નવિ ધરેં અભિમાન રે;
વલી સૂત્રાર્થનો પાઠ દિઈં, ભવી જીવને સાવધાન રે. ૧
અંગ ઈગ્યાર ચૌદ પૂર્વ જે, વલી ભણિ ભણાવે જેહ રે;
ગુણ પણવીસ અલંકર્યા, દષ્ટિવાદ અરથ ગેહ રે. ત્રુટક૦
બહુ નેહેં અભ્યાસ સદા, મનિ ધારતા ધર્મધ્યાન રે;
કરે ગચ્છની ચિંત પ્રવર્ત્તક, દિઈં થિવિરને બહુમાન રે. ૨

અથવા અંગ ઈગ્યાર જે વલી, તેહના બાર ઉપાંગ રે;
ચરણકરણની સિત્તરી, જે ધારે આપણઈં અંગ રે. ત્રુટક૦
વલી ધારે આપણે અંગે, પંચાંગી સમ તે સૂધી વાંણિ રે;
નય ગમ ભંગ પ્રમાણ, વિચારને દાખતા જિનઆણ રે. ૩
સંઘ સકલ હિતકારિયા, રત્નાધિક મુનિ હિતકાર રે;
પણ વ્યવહાર પ્રરૂપતા, દસ સમાચારી આચાર રે. ત્રુટક૦
કહે દસ સામાચારી આચાર, વિચારને વારતા ગુણગેહ રે;
શ્રી જિનશાસન ધર્મધુરા, નિરવાહતા શુચિ દેહ રે. ૪
પંચવીસ પંચવીશી ગુણતણી, જે ભાખી પ્રવચનમાંહિ રે;
મુક્તાફલ માલા પરી, દીપે જસ અંગિ ઉછાહી રે. ત્રુટક૦
જસદીપે અતિ ઉછાહિ, અથાહગુણે જ્ઞાનવિમલથી એકતાન રે;
એહવા વાચકનું ઉપમાન કહું, કિમ જેહથી શુભધ્યાન રે. ૫

ઈતિ નવકાર પદાધિકારે ચતુર્થ ભાસ.

## પંચમ પદવર્ણન ભાસ અથવા સાધુપદની સઝાય.

તે મુનિને ભામડે જઈઈં – દેશી.

તે મુનિને કરું વંદન ભાવઈં, જે ષટ્ વ્રત ષટ્કાય રાખે રે. ૧૨
ઈંદ્રિય પણિ દમેં વિષયણાથી ૧૭ વલી ખંતિ સુધારસ
ચાખે રે. ૧૮. ૧ તે૦

લોભતણા નિગ્રહનેં કરતા ૧૯, વલી પડિલેહણાદિક કિરિયા રે;
નિરાસંસ જતનાઈ બહુપદિ ૨૦, વલી કરણ શુદ્ધિ ગુણદરિયા રે. ૨૧. ૨ તે૦
અહનિસ સંયમ યોગસ્યું યુગતા ૨૨, દુર્દ્ધર પરિસહ સહતા રે. ૨૩;
મન વચ કાય કુસલતા યોગઈ, વરતાવે ગુણ અનુસરતા રે. ૨૬. ૩ તે૦
છંડિ નિજતનું ધર્મનઈં કાજે, ઉપસર્ગાદિક આવે રે;
સત્તાવીસ ગુણઈં કરી સોહે, સૂત્રાચાર નઈં ભાવે રે. ૪ તે૦
જ્ઞાન દર્શન ચારિત્રતણાં જે, ત્રિકરણ યોગે આચાર રે;
અંગઈ ધરે નિઃસ્પૃહતા સૂધી, એ સત્તાવીસ ગુણ સાર રે. ૫ તે૦

અરિહંત ભક્તિ સદા ઉપદેશૈ, વાયગસૂરિના સહાઈ રે;
મુનિ વિણ સર્વ ક્રિયા નવ સુઝેં, તીર્થ સકલ સુખદાઈ રે. ૬ તે૦
પદ પંચમ એણી પરિ ધ્યાવંતા, પંચમગતિને સાધો રે;
સુખકર શાસનના એ દાયક, **જ્ઞાનવિમલ** ગુણ વાધો રે. ૭ તે૦

ઈતિ નવકાર પદાધિકારે પંચમ ભાસ.

## નવકારમહામંત્ર મહિમાના સ્તવન અથવા સઝાય

એ પંચપરમેષ્ઠિપદ, મંત્રઈ નવકાર
શિવપદનું સાધન પ્રવચન કેરું સાર;
એક અક્ષર જપતાં સાત સાગરનું દુઃખ,
નાશે સઘળે પદ, પણસય સાગર દુઃખ. ૧
નવપદ વળી સંપદ, આઠ અક્ષર અડસઠી.
ગુરુ અક્ષર સાત જ, લઘુ અક્ષર ઈગસઠી;
દે વિધિસ્યું જપઈ, ગુરુમુખ વહી ઉપધાન,
વળી નિર્મળ ચિત્તે, સમકિત વિનયપ્રધાન. ૨
હોઈ બહુ ફળદાયક, ઇહ પરલોકે સાર,
સિદ્ધિ સઘળી એહમાં, ચૌદ વિદ્યા આધાર;
બહુ ભેદઈ ધ્યાઓ, કમલ કર્ણિકાકાર,
વળી રહસ્ય ઉપાંશુ, ભાષ્ય જાપ ત્રણ સાર. ૩
વળી દ્રવ્યે ભાવે, એહના અનેક વિધાન,
ગુરુ વિનયથી લહીંઈ, થાપન પંચ પ્રસ્થાન;
સવિ મંગલમાંહિ, પરમ મંગલ છઈ એહ,
સવિ પાપ નસાડઈ, તાડઇ દુરિત અછેહ. ૪
એહનું માહાત્મ્ય જ્ઞાનવિમલથી જાણી,
આરાધો અહનિશ જિમ, સુખિયા થાઓ પ્રાણી;
અંતર આતમથી, લહીએ એહ સરૂપ;
પરમાતમ ભાવે, એહ છે સિદ્ધસરૂપ. ૫

## નવકારમંત્ર – માહાત્મ્યની સઝાય

એ નવકારતણું ફળ સાંભળી, હૃદયકમલ ધરી ધ્યાન,
આગે અનંત ચોવીસી હુઇ તિહાં એ પંચ પ્રધાન, હો આતમ ! સમર(૨)નવકાર
જિન શાસનમાં સાર, પંચ પરમેષ્ઠી ઉદાર, ત્રણ કાલ નિરધાર. ૧ સમર(૨)નવકાર
વનમાં એક પુલિંદ પુલિંદી, મુનિ કહે તસ નવકાર,
અંતકાલે બિહું મંત્ર પ્રભાવે, નૃપ મંદિર અવતાર. ૨ સમર(૨)નવકાર
રાયસિંહ અને રત્નવતી તે, પ્રમદાને ભરતાર,
ત્રીજે ભવે તે મુક્તે જાશે, આવશ્યકે અધિકાર. ૩ સમર(૨)નવકાર
ચારૂદત્તે અજ પ્રતિબોધ્યો; સંભળાવી નવકાર,
સુરલોકે તે સુર થઈ ઉપન્યો, કરી સાન્નિધ્ય તિણિવાર. ૪ સમર(૨)નવકાર
નગર રતનપુરે જોઉં મિથ્યાત્વી, વહુઅરને દિએ આળ
મહામંત્ર મુખે જપે મહાસતી, સર્પ થયો ફુલમાળ. ૫ સમર(૨)નવકાર
ભૂમી પડી સમળીને દેખી, દીધો મુનિ નવકાર,
સિંહલરાય તણે ઘર કુંવરી, ભરૂયચ્છે કર્યો વિહાર. ૬ સમર(૨)નવકાર
નગર પોતનપુર શેઠ તણો સુત, મલીયો ત્રિંદડી સાથ,
મહા સત્ત્વમને મંત્ર જપંતો, ખડ્ગ મૃતકને હાથ જિન૦ ૭
તેહ વિઘન સવિ દૂરે નાઠાં, સોવનપુરિસો પામી,
કનકતણું જિન ભુવન કરાવી, થાપ્યા ત્રિભુવન સ્વામી. જિન૦ ૮
યક્ષ પ્રસન્ન કરી બીજોરૂ, લેવે મંત્ર પ્રભાવે,
હુંડિક યક્ષને પિંગલ તસ્કર, એહથી સુરપદ પાવે. જિન૦ ૯
સોમદત્તને મણિરથ સિંહરથ, માવતને કુવિંદ,
એમ અનેક પરમેષ્ઠિ ધ્યાને, તરિયા ભવિજન વૃંદ જિન૦ ૧૦
ગર્ભવાસી જીવ ઈમ ચિંતવતો, ધર્મ કરીસ્યું સાર,
જબ જનમ્યો તબ વીસરી વેદન, એળે ગયો અવતાર. જિન૦ ૧૧
જિહાં લગે આથ તિહાં સહુ સાથી, નિર્ધનને તે મૂકે,
કૂડ કુટુંબતણે હિત કાજે, કાં આતમ હિત ચૂકે જિન૦ ૧૨
યમરાજા કેણે નવિ જીત્યો, સુકૃત કર્યું તે પોતે,
અવસર બેર બેર નહીં આવે, જાય જનમ ઈમ જોતે. જિન૦ ૧૩

સાર એહ છે અસાર સંસારે, શ્રીજિનસેવા કરીએ,
વિષય કષાયથી રહીને અળગા, જ્ઞાનવિમલ ગુણ ધરીએ. જિન૦ ૧૪

## પચ્ચખાણ – ફળની સઝાય

પ્રભુ પગલાં પ્રણમી પચ્ચખાણ વિચાર, પભણું ભવિ કાજે પ્રથમ નવકારશી સાર.
પહ વિકસે જિહાંથી તરણી કિરણ વિસ્તાર, તિહાં લગે તે જાણો તેહના દોય આગાર.

ત્રુટક

ચોવિહાર પચ્ચખાણ એ જાણો નવકાર ગણીને પારો,
પોરશી પહોર દાડે સાઢપોરસી છ આગાર ચિત્તધારો,
પુરિમઢ અવઢ એ સાત આગારે સંકેતે ચરિમે ચાર,
ગંઠસી મૂઠસી આદિ અભિગ્રહ એ સઘળા ચોવિહાર. ૧
સગ એકલઠાણે એકાસણિ બ્યાસણે આઠ ,
વિગઇ નિવ્વિગઈએ નવ આઠ આયંબિલ પાઠ,
સંધ્યા પચ્ચખાણે ચાર ઉપવાસે વળી પંચ,
પાણસ્સે છગ જાણો એમ આગાર પ્રપંચ,

ત્રુટક

નહિ ખલખંચ મુનિદિને ત્રિહું ચઉવિધ રાતે નિતુ,
ચોવિહાર નીવિ આંબિલ તિવિહારે શ્રાવકને નિશિ હોય પાણહારે,
બાકી દુતિ ચઉ યથા શકતે દિનરાતિ વળી હોયે,
વિરતિ તણાં ફળ બહુલા જાણો વિરતિ કરો સહુ કોયે. ૨
હવે ચાર આહારના ભેદ કહું ધરી નેહ,
અશન પાન ને ખાદિમ સ્વાદિમ નામે જેહ,
દુવિહારે સ્વાદિમ વીરિ સકલ કોઈ સુઝે,
તિવિહારે પાણી ચૌવિહારે કાંઈ ન સુઝે.

ત્રુટક

બુઝો અશન તે ઓદન રોટી ભાતદાળ પકવાન,
વિગય સાતને સાથું પૈયા સાક તત્ર સવિ ધાન,
ફળ કંદાદિ ખાદિમમાં ભાખ્યા પણ અશનમાં માન,
ફળ જલધોયણ આસવ મદિરા ઇક્ષુરસાદિક પાન. ૩

ખાદિમ ફળ સુખડી પાક ખજૂર સેક્યાં ધાન,
મેવા ટોપરા ગુંદ દ્રાખ ચારોલી બદામ,
સ્વાદિમ સુંઠિ પીંપરી દાતણ પીંપરીમૂલ,
હરડાં બેહડાં આમળાં બિડ લવણ પુષ્કર મૂલ,

ત્રુટક

એલચી મોચ ઉટીંગણ દોયે સાવચી ચાણીકબાવા ને કપૂર,
કંઠા સેલીઓ પીપલી મરીચાં લવિંગ પટોલ કચૂર,
મરી કલીંજણ કાથો કસેલો આજો ને અજમોદિ,
સોયા મોયિ મેથી ધાણાજીરૂ પાન આમોદ. ૪
હિંગુ હિંગલો કોઠ ત્રવિસો તજ તમાલ જાવંત્રી,
નાગકેસર હિંગુલાષ્ટક જેઠી મધુ કેસર પૂગી વિચિત્ર,
સંચલ ને સેંધવ જાયફળ ને જવખાર,
સવિ ગોળી ઓષધ કવાથ ખદિર ખયરસાર,
ઇત્યાદિક સ્વાદિમ ભેદ ઘણા ગ્રંથ માંહિ,
ગોળ (લ) જીરૂં અજમો સોયાં ધાણા મેથી ચાહ.

ત્રુટક

પ્રાહિ જીતતણે વ્યવહાર એહ અશનમાં આવે,
એ ખારા ગોમૂત્રમાં કીધા હોવે તો સ્વાદિમ ફાવે,
ઇત્યાદિક બહુશ્રુત પૂછીને લેવાનો વ્યવહાર,
અશન – પાન – ખાદિમ ને સ્વાદિમ એણિ પરિચાર. ૫
ચોવિહારે એ સવિ નવિ સુઝે આહાર,
હવે રાત્રિ પ્રમુખમાં સૂઝે તે અણાહાર,
ત્રિફલા સમભાગે કડુકીરિયાતું નાંહિ,
સુકડીને ધમાસો અગુરી મલયાગરૂ ચાહિ,

ત્રુટક

લિંબ પંચાંગને બાવળ છલ્લિ ચિત્રો કંથેરી મૂલ,
આછિ આસંધીને ચીજ ઉપલોટહ રાખિ વોણી અર્કમૂલ,

કુંદરૂ કસ્તુરી ચોપસીનીવજ હલદ્ર કેરડામૂલ,
સાજીટંકણ અફીણ વિષ સઘળાં અતિવિસ બીઓ બોલ. ૬
ગો મૂત્ર સવિ મૂત્રહ કણયરિ મૂલ કુંઆરિ ચૂનો,
ગુગલ થોહરિ ગલો ખારો મજીઠ સૂરો,
ખાર એળીયો બોર છલ્લી ઝીંકો ફટકડી પૂઆડ,
રીંગણી ધાતુ સઘળી અનીષ્ટ કટુક મુલ ઝાડ,

ત્રુટક

જીરૂહાડિ બિના મુખ દીજે જે વળી રાત્રિ સુઝે,
પાણહાર કર્યે આંબિલમાંહિ તે પણિ રાત્રે સુઝે,
સુઝે લાભાલાભ વિચારી લેતાં દૂષણ ન હોયે,
પચ્ચકખાણ જે સુધુ પાળે વિરતિગવિ તો દોહે. ૭
એમ પ્રવચન સાથે નહીં ઇંદ્રિયની પુષ્ટિ,
આગારપદે પણિ તે લેતાં નહીં દુષ્ટ,
પચ્ચખાંણ પ્રવાદહ પૂર્વમાંહિ અધિકાર,
આચીર્ણ અનાચીરણ કે'તાં પ્રવચનમાં અધિકાર,

ત્રુટક

સારવિચાર ધરી મનમાંહે અભક્ષ્યતણો પરિહાર,
જે કરસ્યે તે નરભવ લેવે જગમાં ધન અવતાર.
**જ્ઞાનવિમલ** ગુરુમુખથી નિસુણી તત્વારથ આદરીયો,
સાર એહ અનિદાન વિરતથી ભવસમુદ્રને તરીયો. ૮

## પચ્ચખાણની સઝાય

નવકારશી કરું તો મારું મન વસી રે,
પોરસીનાં કરું પચ્ચખાણ સતી રે. શિરોમણિ. રે. ૧
એકાસણાં રૂપી બે ત્રોતડી રે, નીવી રૂપી નવસેરો હાર.
સતી રે શિરોમણિ રે. ૨
આયંબિલ રૂપી ઝાલ ઝબુકતી રે, ઉપવાસે ઝબકીયા મોર;
સતી રે શિરોમણિ રે. ૩

ત્રણ ઉપવાસે ત્રિભુવન મોહી રહ્યા એ, પાંચ ઉપવાસે મોહી ગુજરાત,
સતી રે શિરોમણિ રે. ૪
આઠ ઉપવાસે આઠેકર્મ ક્ષય કર્યા, એ દશ ઉપવાસે તાર્યો સંસાર
સતી રે શિરોમણિ રે. ૫
પંદર ઉપવાસે ઇંદ્રતણા બેસણાં રે, માસખમણે મુક્તિનો વાસ;
સતી રે શિરોમણિ રે. ૬
એવા તપ તપ્યા બ્રાહ્મી સુંદરી રે, રાજેમતી સુકુમાલી;
સતી રે શિરોમણિ રે. ૭
ધર્મ કરીને લાહો લીજીએ રે, ધર્મના ચારે પ્રકાર,
સતી રે શિરોમણિ રે. ૮
દાન શીયલ તપ ભાવના એ, તેહથી ભવજલ પાર;
સતી રે શિરોમણિ રે. ૯.
દાન દઈને લાહો લીજીએ, દાનથી જય જયકાર;
સતી રે શિરોમણિ રે. ૧૦.
તપ તપીને કર્મ કાપીએ, **જ્ઞાનવિમલ** સુખકાર;
સતી રે શિરોમણિ રે. ૧૧

## પન્નરતિથિની સમુચ્ચય સજઝાય / આત્મવિકાસબોધક સઝાય

આતમ અનુભવ ચિત્ત ધરો કરો ધર્મનો રંગ,
ભંગ નવિ આણે સર્મને હોયે સમકિત સંગ...આતમ અનુભવ૦ ૧
એહ અનાદિ નિગોદમાં મહામોહ અંધાર,
કૃષ્ણપક્ષે જ્ઞાનની શૂન્યતા અમાવાસી આકાર....આતમ અનુભવ ૨
શુકલપક્ષે ચરમાવર્તની, સ્થિતિમાર્ગ અનુસારે,
આર્યતા શુદ્ધ શ્રદ્ધાતણી, લહી નૃભવે એકસાર...આતમ અનુભવ ૩
બીજ લહે દુવિધ ધર્મનું, લહી તત્ત્વ પરતીત,
સુગુરુ સુદેવ શુદ્ધધર્મનું, એહી ત્રીજની રીત...આતમ અનુભવ ૪
ઉપશમ ચાર કષાયનો, ચઉવિધ ધર્મ આરાધે,
પંચવિધ જ્ઞાનની સેવના, કરે અનુભવ વ્રત સાધે...આતમ અનુભવ ૫

જીવષટ્કાય સાથે સદા, યતના પર થાવે,
દંડ અનર્થ ધારે નહીં, ધરે તો પસ્તાવે...આતમ અનુભવ ૬
ઈહ પરલોક આદિ અછે, ભય સાતમે વારે,
સાત શિક્ષા વ્રત આદરે, આઠ કર્મ પખાલે...આતમ અનુભવ ૭
દર્શન જ્ઞાન ચારિત્રના, ધરે આઠ આચાર,
નવ પદારથ લહે તત્ત્વથી, નિયાણા નવ વાર...આતમ અનુભવ ૮
આદરે દશવિધ મુનિતણો, દઢ ધર્મ હિત આણી,
અંગ અગીયારની વાચના, લિયે ગુરુમુખ જાણી..આતમ અનુભવ ૯
દ્વાદશ મુનિ પડિમા વહી, ક્રિયા ઠાણ તેરવારે,
ચઉદસ ભેદ જે જીવના, અહિંસા ત્રિક ધારે..આતમ અનુભવ ૧૦
ચૌદ ગુણ ઠાણ ફરસી હોયે, પરિપૂર્ણ પ્રકાશે,
પનર ભેદ થઈ આતમા, સદા સિદ્ધિ સંકાશ...આતમ અનુભવ ૧૧
ઈણિપેરે પન્નર તિથિનું ચરી, લહે નિર્મલ રૂપ,
**જ્ઞાનવિમલ** ગુણ ગુરુપદે, નમે સુરનર ભૂપ...આતમ અનુભવ ૧૨

## પર્યુષણપર્વની સઝાય

શ્રી સરસ્વતી માતને ધ્યાઓ મનવંછિત સુખ પાઓ,
પર્યુષણપર્વને ગાઓ હોરાજ એ મુજ મનરલી. ૧
કરો ધર્મ સજ્ઝાઈ આવી એહ અઠ્ઠાઈ,
સુણો સહુ ચિત્ત લાઈ હો રાજ એ મુજ મનરલી. ૨
જીવ જતનાઈ કીજે ધવલ મંગલ દીજે,
ગુરુમુખે સૂત્ર સુણીજે હો રાજ એ મુજ મનરલી. ૩
પૂજા સ્નાત્ર રચીજે લાહો લક્ષ્મીનો લીજે,
તો મનોવાંછિત સીઝે હો રાજ એ મુજ મનરલી. ૪
માસ પાસ ચત્તારિ અઠ્ઠદસ દોય વારી,
કરે ભવી નર-નારી હો રાજ એ મુજ મનરલી. ૫
સમતા ચિત્તમાં લાવો મૈત્રી ભાવના ભાવો,
અવિચલ સુખડા પાવો હો રાજ. એ મુજ મનરલી. ૬

ગુરુ શ્રુત જ્ઞાનને પૂજો ભવિ તમે દુરિતથી ધ્રુજો,
એહથી ધર્મ ન દૂજો હો રાજ એ મુજ મનરલી. ૭
શુભ કરણીને સાધો ગુણઠાણાએ વાધો,
સમતાએ પર્વ આરાધો હો રાજ એ મુજ મનરલી. ૮
છાંડી ચિત્તનો ચાળો મનડું પાપથી વાળો,
આશાતના સર્વ ટાળો હો રાજ એ મુજ મનરલી. ૯
નંદીશ્વર દ્વીપે આવે સુર સવિ એકઠા થાવે,
જિનભક્તિ પૂજા રચાવે હો રાજ એ મુજ મનરલી. ૧૦
વિધિશું કરોને વારુ નિજશક્તિને સારુ,
એ કરણી છે તારુ હો રાજ જ્ઞાનવિમલ કહે મનરલી. ૧૧

## પાપશ્રમણના ૨૯ દોષવારક મુનિગુણની સઝાય

ધન ધન તે મુનિધર્મનો ધોરી જેહની કીર્તિ ગોરીજી,
જે શ્રુત પાપ – નિંદાને પાવે તેણે શ્રુતમતિ નવિ જોરીજી. ધન૦ ૧

દિવ્ય તે વ્યંતર અટ્ટહાસાદિક૧ રુધિરાદિ વૃષ્ટિ ઉત્પાતજી૨
ગ્રહ ભેદાદિક અંતરીક્ષ કહીયે૩ ભૌમ તે ભૂમિ પ્રપાતજી. ૪ ધન૦ ૨

અંગે અંગ ફુરકણ ચેષ્ટાદિક૫ સ્વર પશુ-પંખી ભાષાજી ૬
વ્યંજનમષી તિલકાદિક જાણો૭ લક્ષણ કરપદ (ગ) રેખાજી. ૮ ધન૦ ૩

એ અષ્ટાંગ નિમિત્ત કહીજે તે વિગુણા ચોવીસજી
સૂત્ર અર્થ વાર્તિકથી યુંજન નિજ સ્વારથની જગીશજી. ધન૦ ૪

વળી ગાંધર્વને નાટિક વિદ્યા વાસ્તુ તે ગૃહ નિષ્પાદજી,
વૈદ્યક વિદ્યા અને ધનુર્વિદ્યા એ પંચક ઉત્પાદજી. ધન૦ ૫

ઓગણત્રીસ એ પાપશ્રુત કહીયે તે દિલમાંહિ જાણેજી,
હેયપરિજ્ઞાયે કરી છંડે સાર કરી ન વખાણેજી. ધન૦ ૬

સાતિશયી જિનશાસન કાજે લાભાલાભ વિચારીજી,
જેહ કરે તે શ્રી જિનઆણા જ્ઞાનવિમલ જયકારીજી. ધન૦ ૭

## પૂર્વ સેવા લક્ષણ ગુણની સઝાય

ભવ્યને કર્મના યોગથી ચરમ આવર્ત અનુભાવ રે,
પૂર્વ સેવા ગુણ ઉપજે જેહને એક જમાવ રે. સુગુરુ વાણી ઇમ સાંભળો ૧
પૂર્વ સેવા તણા યોગથી સદાચારનો રંગ રે,
દેવ ગુર્વાદિક પૂજના મુક્તિ અર્થે તપ સંગ રે. વાણી ઇમ સાંભળો ૨
જનક-જનની કલાચાર્યની એહની જે વળી જ્ઞાતિ રે,
વૃદ્ધ વળી ધર્મ ઉપદેશકો એહ ગુરુવર્ગ કહેવાતી રે. વાણી ઇમ સાંભળો ૩
નમન – પૂજન ત્રિસંધ્યે કરે આસનાર્પણ જસવાદ રે,
અપયશ તાસ નવિ સાંભળે નામ સુણી લહે આલ્હાદ રે. વાણી ઇમ સાંભળો ૪
સર્વદા તાસ ઈષ્ટ આચરે કરે અનિષ્ટનો ત્યાગ રે,
તાસ ધન વિષયે જોડે નહી મરણે અનુમતિ લાગ રે. વાણી ઇમ સાંભળો ૫
ગુરુજન બિંબની થાપના અર્ચના તાસ ઉપગરણ રે,
આપ ભોગે તે જોડે નહી એહ ગુરુવર્ગનું તરણ રે. વાણી ઇમ સાંભળો ૬
શૌચ શ્રદ્ધાન શુભ વસ્તુસ્યું કરે દેવની ભક્તિ રે,
મુક્તિની વાસનાએ વસ્યો ઉલ્લસે આતમ શક્તિ રે. વાણી ઇમ સાંભળો ૭
યધપિ વસ્તુ નિર્ણય નથી તોયે એમ મતિભાવ રે,
વિષય કષાય જીત્યો જેણે તેહિજ ભવજલ નાવ રે. વાણી ઇમ સાંભળો ૮
હોયે અધિક ગુણ આપમાં ઈહિયે (એહ) અધિકતા તોહિ રે,
નિર્ગુણ પરજન દેખતે ધરે દ્વેષ નવિ કોઈ રે. વાણી ઇમ સાંભળો ૯
સ્વ ક્રિયાકાર સવિ લિંગિયા દીયે પાત્ર પરિ(રેં) દાન રે,
નિર્ગુણીને પણ દેયતો દીયે નવિ અપમાન રે. વાણી ઇમ સાંભળો ૧૦
કૃપણ દીનાંધ કાર્યાક્ષમી પાલના શક્તિથી તાસ રે,
આતુરે પથ્ય દાનાદિકે પોષ્યવર્ગ દયા વાસ રે. વાણી ઇમ સાંભળો ૧૧
લોક અપવાદે ભય મન ધરે નવિ કરે દાનનો ભંગ રે,
મને લહે ભવતણું હેતુ છે સદા દાન આશ્રવ સંગ રે. વાણી ઇમ સાંભળો ૧૨
એ સદાચાર હોય સહજનો ગુણી જનસ્યું ધરે રાગ રે,
નિંદના ગુણી તણી નવિ કરે આપદે દૈન્ય નવિ લાગ રે. વાણી ઇમ સાંભળો ૧૩

સંપદાયે ધરે નમ્રતા પ્રતિજ્ઞા કરે નિર્વાહ રે.
જાતિ કુલ વિરુદ્ધ નવિ આચરે સત્ય મિત વચન પ્રવાહ રે. વાણી ઇમ સાંભળો ૧૪
ઉત્તમ કાર્ય ઇહા ધરે વાવરે દ્રવ્ય શુભ ઠામ રે,
લોક અનુવૃત્તિ ઉચિત કરે તપ કરે કરી મન ઠામ રે. વાણી ઇમ સાંભળો ૧૫
પાપસુદન ને ચાંદ્રાયણાદિક તપ-જપને સંન્યાસ રે,
કૃચ્છ્ર મૃત્યુ (ઘ્ન) દમન પ્રમુખા બહુ તપ તણા ભેદ વિલાસ રે. વાણી ઇમ સાંભળો ૧૬
આદિથી ધર્મની યોગ્યતા ચિત્ર જપ મંત્ર અભ્યાસ રે,
કર્મક્ષય હેતે સવિ આદરે એહિજ મોક્ષ આવાસ રે. વાણી ઇમ સાંભળો ૧૭
માન અજ્ઞાન મિથ્યા વિષે નહી જિહાં એહવા ભાવ રે,
તેહિજ મોક્ષ ચિત્તમાં ધરે જન્મ મરણ ન સંતાપ રે. વાણી ઇમ સાંભળો ૧૮
ચારે સંજીવનીની પરે હોયે કાર્યની સિદ્ધિ રે,
માર્ગ સુપ્રવેશ ફલ ઉદયથી ટળે કપટની બુદ્ધિ રે. વાણી ઇમ સાંભળો ૧૯
ભવસુખ (ઉત્કટ) ઉત્કૃષ્ટ વાંછના એહ સંસારનું મૂલ રે,
આપ ઉત્કર્ષ માતો રહે તે પૂર્વ સેવા પ્રતિકૂલ રે. વાણી ઇમ સાંભળો ૨૦
પૂર્વ સેવાથી હોય શિથિલતા મલ કષાયાદિ પરિણામ રે,
ભોગ સંકલેશ તે મલ કહ્યો યોગ્યતા ભવ પરિણામ રે. વાણી ઇમ સાંભળો ૨૧
એહથી માર્ગ અનુસારિતા ગુણ વૃદ્ધિ હોય એમ રે,
અપુનર્બંધકતા કરે ધરે શુદ્ધ ગુણ પ્રેમ રે. વાણી ઇમ સાંભળો ૨૨
**જ્ઞાનવિમલ** ગુરુસેવના વધે નિજ ગુણ સુજાત રે,
સાંભળી અંગે જો આદરે હોય તોહી સુખ સાત રે. વાણી ઇમ સાંભળો ૨૩.

## બત્રીસ યોગ સંગ્રહની સઝાય

ભવિયણ પ્રાણી રે ! જાણી આગમ જિન તણું ચિત્ત આણી રે,
દુતીસ યોગ સંગ્રહ ભણું શુભ મન વચ રે
કાયા જિહાં કિણ જોડીઈ
જોગ સંગ્રહ રે તેહથી કમ સેવી ત્રોડીઈ. ૧

ત્રુટક

તોડીઈં કર્મ આલોચનાઈ શુભમને ગ્રહો સુગુરુથી ૧
ગંભીરતાશય સુગુરુ પણિ દીઈ આલોયણ જિમ સુય થકી. ૨
દઢ ધર્મના ગુણ આપદાઈ ૩ અનુષ્ઠાન અને દાનથી ૪
ગ્રહણસેવન શીખ કરણી તે સદાબહુમાનથી. ૫ ૨
નિઃસ્પૃહ તણે રે સ્વગુણ પ્રશંસા નવિ કરઈ ૬
સંવેગ રત રે કરણી શ્રુત સુખ અનુસરે ૭

ત્રુટક

નિર્લોભતા રે ૮ પરિસહ સહવઉ ૯ ઋજુપણું ૧૦
શુચિ સંયમ રે નિરતિચાર નિર્મલપણું ૧૧ ૩
પણ દર્શન શુદ્ધ કરણે ૧૨ ચિત્ત અસમાધિતા ટાળવી ૧૩
વિનય તત્પરતા ૧૪ આચારે સાવધાનતા પાલવી ૧૫
ધૃતિ તોષ તત્પરતા નિરંતર ૧૬ ધન રૈંન કાતરતા કરે ૧૭
નિર્માય ધર્મી ૧૮ સુવિધિ કરતો અવિધિ ગુણનાણેં રિદઈ ૧૯ ૪
શુચિ સંવર રે આશ્રવ રૂંધન જિહો હોઈ ૨૦
નિજ અવગુણ રે દેખે લેખે છઈ તિહાં ૨૧
કામાદિક રે પરગુણ વિષય વિરાગતા ૨૨
મૂલ ગુણ ધરઈ રે ૨૩ ઉત્તરગુણની સહાયતા ૨૪ ૫

ત્રુટક

આયતા કાઉસગ્ગ દ્રવ્ય ભાવઈ ૨૫ અપ્રમત્તતા અતિ ઘણી ૨૬
ખિણ ખિણે દશવિધ સામાચારી પાળવાનો હુઈ ઘણી ૨૭
પંચાંગી સમ્મત ક્રિયા સાધઈ આર્ત-રૌદ્ર દો પરિહરે ૨૮
ધર્મ શુકલ શુભાનુબંધી દુવિધ ધ્યાન સમાચરે ૨૯ ૬
જે પરિજ્ઞા રે પ્રત્યાખ્યાન પરિજ્ઞયા
તેણે સમઝી રે પંચે પચ્ચખાવે ક્રિયા ૩૦
મરણાંતિક રે પરીસહે હોઈ અક્ષોભતા ૩૧ આરાધના રે
સાધઈ પણિ નહી દીનતા ૩૨

ત્રુટક

હીનતા કિણવિધ નહી તેહને જે યોગસંગ્રહ સાચવઈ,
તસ દુષ્ટ દુસમન દૂરિ જાવઈ કર્મ સઘલા પાચવઈ, ૭
દષ્ટાંત સંથુત એહ દાખ્યા આવશ્યક નિર્યુક્તિમાં,
બત્રીસ યોગ નિમિત્ત પામી હોય સિદ્ધ તે મુક્તિમાં.
સંઠાણા રે ફાસઠ ગંધ રસ રૂપ એ અવેદે રે અજન્મ અસગ અરૂપ એ
પણ નવ દુગ રે દુગચઉ દુગ દુગ પણમિલી ૩૧
દોષ ઇગતીસ રે સકલકર્મ જાઈ ટલી. ૮

ત્રુટક

ઈમ મિલી હુઈ સિદ્ધના ગુણ લહે આતમ અતિભલા,
સિદ્ધ બુદ્ધ પર પારગામી હોય તે ત્રિભુવન તિલા,
એ યોગ સંગ્રહ થિકા લહિઈ બોધિ ભાવ સમાધતા,
શ્રી **જ્ઞાનવિમલ** પ્રભાવ પ્રભુતા ઉદય સુખ લહે સાસતા. ૯

## ભગવતી સૂત્રની સઝાય

આવો આવો સયણા રે, ભગવતી સૂત્રને સુણીયે,
પંચમ અંગ સુણીને નરભવ સફળ કરીને ગણીયે... આવો૦
શુદ્ધ સ્વરૂપ કથક સંવેગી જ્ઞાન તણા જે દરિયા,
નીરાશંસ શ્રી જિનવર આણા અનુસારે કરે કિરિયા... આવો૦ ૧
ગીતારથ ગુરુકુલના વાસી ગુરુમુખથી અર્થ લીધા,
પંચાંગી સમ્મત નિજ હઠ વિણ અનુભવ અર્થયે કીધા... આવો૦ ૨
સૂત્ર અર્થ નિર્યુક્તિ ને ચૂર્ણી ભાષાવૃત્તિના ભાખે,
જે કડયોગી સાધુ સમીપે સુણીયેં પ્રવચન સાખે... આવો૦ ૩
કાલ વિનયાદિક આઠ આચારે શક્તિ ભક્તિ બહુમાને,
નિદ્રા, વિકથા ને આશાતના વર્જી થઈ સાવધાન... આવો૦ ૪
દેઈ પ્રદક્ષિણા શ્રુતને પૂજી કરજોડીને સુણીયે,
તો ભવ સંચિત પાપ પણાસે જ્ઞાનાવરણી હણીયે... આવો૦ ૫
કેવલનાણ થકી પણ વધતું કહ્યું શાસ્ત્રે સુયનાણ,

નિજ – પરને સવિ ભાવ પ્રકાશે એહથી કેવલ નાણ... આવો૦ ૬
ઉન્નત પંચમ અંગ સોહાવે જિમ જય કુંજર હાથી,
નામ વિવાહ પન્નત્તી કહીયે વિવિધ પ્રશ્ન પ્રવાહથી... આવો૦ ૭
સુલલિત પદ પદ્ધતિ રચનાયે બુધજન નામ ન રંજે,
બહુ ઉપસર્ગ, નિપાત ને અવ્યય શબ્દ ઉદારે ગુંજે... આવો૦ ૮
સુવર્ણમયા ઉદ્દેશે મંડિત ચતુરનુયોગ ચઉ શરણા,
જ્ઞાનાચરણ દોય નયન અનોપમ શુભ લોકને આચરણા... આવો૦ ૯
દ્રવ્યાસ્તિક પર્યાયાસ્તિક નય દંત્ત મુસલસમ ગાઢા,
નિશ્ચયને વ્યવહાર નય દ્રય કુંભસ્થલના આઢા... આવો૦ ૧૦
પ્રશ્ન છત્તીસ સહસ શતક એકતાલીસ સુંદર દેહ વિભાસે,
રચના વચન તણી બહુ સુંદર શૂડા દંડ વિલાસે... આવો૦ ૧૧
નિગમન ઉત્તર વચન મનોહર પૂંછ પરે જે (તે)લલકે,
ઉત્સર્ગ ને અપવાદ અતુલરવ ઘંટા નાદશ્યું રણકે... આવો૦ ૧૨
વાદી અંગ જય યશ પડહે કરી પૂર્ણ દિસો દિશ દીસે,
અંકુશ સ્યાદ્વાદે વશ કીધો નિરખી સજ્જન હીંસે... આવો૦ ૧૩
વિવિધ યુક્તિ પ્રહરણ શ્યું ભરીયો વીર જિનેશે પ્રેર્યો,
મિથ્યા અજ્ઞાન અવિરતિ રિપુદલથી મુનિયોધે રહ્યો ઘેર્યો... આવો૦ ૧૪
શુદ્ધાચાર આચારજ મતિશ્યું કલ્પિત રિપુ ગણ જીપે,
એહવો જે આગમ જયકુંજર તે જિનશાસને દીપે... આવો૦ ૧૫
સુયખંધ એક અધ્યયન શત જાણો દસ સહસ ઉદ્દેશા,
લાખ દોય અઠ્યાશી સહસા પદ પરિણામ વિશેષા... આવો૦ ૧૬
શ્રી વિવાહ પન્નત્તી, ભગવતી દોય નામ જસ લહીયે,
પ્રથમ પંચ પરમેષ્ઠી નમીને ભાવ શ્રુતને કહીયે... આવો૦ ૧૭
દ્રવ્ય શ્રુત અષ્ટાદશ લિપીને પ્રણમી અર્થ પ્રકાશ્યા,
બોધ અનંતર કારણ શિવફલ પરંપરાયે વાસ્યા... આવો૦ ૧૮
ગુરુ પર્વક્રમ એહ સંબંધે સુણીએ ઉલટ આણી,
પાવન મન પાવન ઉપગરણે વિધિ ગુરુમુખથી જાણી... આવો૦ ૧૯

સચિત્ત પરિહારી ને એકલ આહારી થઈયે વળી બ્રહ્મચારી,
ગુરુ પૂજા અને શ્રુત પૂજા પ્રભાવના મનોહારી... આવો૦ ૨૦
અર્થભાવ નહિ લહિયેં તો પણ સુણતાં પાપ પણાસે,
નાગમતાથી (મંત્રથી) જિમ વિષ જાયેં તિમ શ્રુત શ્રવણ અભ્યાસે... આવો૦ ૨૧
શતક ઉદ્દેશા ગૌતમને નામે નાણું મૂકે તિણ ઠામ,
જિમ શ્રીમાલી વંશ વિભૂષણ સોની શ્રી સંગ્રામ... આવો૦ ૨૨
આગમ સુણતાં સહાય કરે જે તે પણ લહે સુયનાણ,
વીર ભદ્ર પરે પુરવધારી તિણે ભવે કેવલ નાણ... આવો૦ ૨૩
ઈણ પેરે ધનનો લ્હાવો લેઈ(વેં) જે આગમને નિસુણે,
**જ્ઞાનવિમલ** ગુણ તેહના જગમાં હુંસે કરી સહુ પભણે... આવો૦ ૨૪

## મુક્તિ અદ્વેષ ગુણની સઝાય

મુક્તિ અદ્વેષ ગુણ પ્રગટઇ ગોન ચરિમ પુદ્‌ગલ અર્ધદિશોન,
મુકત્યુપાયની ચેષ્ટા નહીં તોહી પણિ તસ પ્રાપ્તિ હોય સહી... ૧
વિષાન્ન તૃપ્તિ સમવ્રતનું ધરણ દુર્ધર શાસ્ત્ર વ્યાલ જલ તરણ,
તે સરિખો વ્રત ગ્રહવું ગણઈ યથા ઉક્તપાલન ભય મુણઇ... ૨
ગ્રૈવેયકાદિક સુખની પ્રાપ્તિ તે વિપાક વિરસ સમ વ્યાપ્તિ,
મુક્તિ અદ્વેષ ગુણ વિણ તે લહઈ ક્રિયા સફલ નવિ તેહની કહૈં... ૩
મુક્તિ ઉપાયનઇં મુક્તિનઇં વિષઇં મુક્તિમાર્ગ આદરતાં દૂખઇ,
મુક્તિ અદ્વેષ કહીજે તેહ તસ કરણી સઘળું શુભ ગેહ... ૪
ગુરુ દોષીને બહુલી ક્રિયા ન હોય ગુણ પણ બહુ વિક્રિયા,
જિમ પદ ફરસ નિષેધ ન કરી ભૌતું હંતુનઇં ભક્તિ થઈ ફરી... ૫
મુક્તિ અદ્વેષ ગુણથી જે લાભ પાપ નિવૃત્તિ અશુભ અલાભ,
તેહથી તપ જપ અધિક ન કોય કર્તુ ભેદઈં અનુષ્ઠાન જ હોય... ૬
જિમ રોગી નિરોગી જિમઇ અશનાદિક તે રૂપ પરિણમઇ,
તિમ અનુષ્ઠાન કરણ જાણવો ભવા ભિષંગ અનાભોગે આણવું... ૭
વિષગર અનુષ્ઠાન તદ્ધેત અમૃતપંચ એ કરણ સંકેત,
ત્રિણ્ય મિથ્યાદ્વય સત્વ વખાણ પૂજા વશ્યક પ્રમુખે મનિ આણ... ૮

લષ્ટ્યાદિક ઈહાં સચિત્ત મારણથી વિષ નામ પ્રમત,
દિવ્ય ભગો ઈહઇ ગર થાય કાલાંતર મારે જિમ હડકવાય... ૯
સંમોહાદિક નિજ હઠવશઇં અનુષ્ઠાન શૂન્યાદિક રસઈ,
શ્રુત અનુસારિ સદાચાર વિધિરાગ તે તદ્હેતુ તણો છે લાગ... ૧૦
જૈનમાર્ગ શ્રદ્ધાઈસાર તન્મય ભાવતણો વ્યાપાર,
ભવાંતરે પણિ તસુ અનુબંધ તે અમૃત અનુષ્ઠાન સંબંધ... ૧૧
પ્રથમ દોયનો સ્વામી અભવ્ય અંત્ય દોયનો સ્વામી ભવ્ય,
મુક્તિ અદ્વેષ ગુણઇં અમૃત જ હોઈ મોક્ષરાગે તદ્વેતુ જોઈ... ૧૨
પ્રાયે ઇષ્ટ અનુષ્ઠાન અભિધાન ચરિમાવર્તિઇ હોયે નિદાન,
અવિધ થકી હોઈ અનુષ્ઠાન ચરિમા અપાર્દ્ધે તદ્હેતુ પ્રધાન... ૧૩
અસન્ના તરતમ સિદ્ધિ તિમ તિમ અમૃતતણી હોય સિદ્ધિ,
યદ્યપી ગર વિષ ભવ્યને હોઈ તે દ્રવ્યાનંદેથી જોઈ... ૧૪
પણિ ભવા ભિષ્વંગઈથી નહીં કર્તૃભેદથી જાણો સહી,
અનુબંધઈ જે કર્મની હાણ તેહીજ મુક્તિ નિરખાય નિદાન... ૧૫
દર્શન જ્ઞાન ચરિત્ર સદુપાય તેહીજ કહીઇં મુક્તિ ઉપાય,
તેહ સાધન કાજે ઉમહ્યાં રાગદ્વેષ વિણ તે મુનિ કહ્યાં... ૧૬
કુશલાનુષ્ઠાનેં સાધ્યતા વીતરાગપરિ જે સહજતા,
મુક્તિ અદ્વેષ કહીજે તાસ રાગદ્વેષ વિણ શમતા વાસ... ૧૭
સદનુષ્ઠાન રાગકૃત કરણ પ્રજ્ઞાધીન ફળ ઇહાં ધરણ,
મુક્તિ અદ્વેષ ફળ વાંછે તેહ માર્ગાનુસારિણી બુદ્ધિ અછેહ... ૧૮
યદ્યપિ ભવભ્રાંતિ હોયે કદા તો પણ મોક્ષ બાધક નહીં તદા,
ધારા લગ્ન હોયે શુભચાવ ક્રિયારાગ પ્રયોજક નાવ... ૧૯
અંતસ્તત્વ તણી હોઇં શુદ્ધિ, જિહાં વિનિવૃત્ત કદાગ્રહ બુદ્ધિ,
એહવી સત્સાધનથી ન હોઈ પરિભવિ નાસ્તિકતાદિક દહેં... ૨૦
ચરમાવર્ત આસન સિદ્ધિતા હોઈ જિ વારઇં શુભ ભવિતવ્યતા,
એ ગુણ બિંદુ જો સમતા સિંધુ માંહે પડઈ તો અક્ષય અબંધ... ૨૧
ઈમ માનસિક સુખનો આસ્વાદ લીણ્યો પામે પરમઆહ્લ્પદ,
તે કય ક્રિયાઈ પીડાયે નહીં પરમાનંદ મગન હોયે સહી... ૨૨

શુદ્ધશ્રદ્ધાંઇ પ્રસન્નચિત્ત કરૌ મલ કષાય સવિ દૂરિ ધરૌ,
કતક ફલઇં જિમ નિર્મલ નીર મિટે અનાદિ અવિદ્યા તીર... ૨૩
પંડિત વીર્ય લસઈ એહથી તેહથી અનુત્તર સ્મૃતિ ભાવથી,
તેહથી ચિત્ત થિર સુદઢ વર ધ્યાન પામઈ નિર્મલ કેવલ જ્ઞાન... ૨૪
અપુનર્બંધકતા સવિ આદિ મુક્તિ અદ્વેષ ગુણ અંતિસવાદ,
એહ આરાધો વીસવાવીસ જ્ઞાનવિમલસૂરિ દિઇં આસીસ... ૨૫

## મુનિ (મુનિગુણ)ની સઝાય

શારદા સૌખ્યદા ચિત્ત ધરી વળી નમી સદ્ગુરુ પાય રે,
સુવિહિત સાધુ ગુણ વર્ણના બોલતાં સંપદ થાય રે... ધન ધન ૧
ધન ધન સાધુ સોહામણા ભાંમણા લીજીયે તાસ રે,
દાસપણું જાસ સુરવર કરે જે તરે ભવજલ રાશ રે... ધન ધન ૨
મોક્ષનું સાધન સાધતા ધારતા ધર્મતરુ પાર રે,
સુકૃત તન તરુવર કાનને સિંચતા સમજલ ધાર રે... ધન ધન ૩
નવવિધ પરિગ્રહ પરિહરે નવિ હરે કિંપિ અદત્ત રે,
ગ્રંથિ અભ્યંતર ભેદથી જે થયા જગજનમિત્ત રે... ધન ધન ૪
જે કહ્યા જિનવરે પિંડના દોય ચાલીસ તે દોષ રે,
તેહ વિના પિંડ શુદ્ધો ગ્રહે જે કરે સંયમ પોષ રે... ધન ધન ૫
દશવિધ ધર્મ નિતુ ધારતા મેળવી આતમ ભાવ રે,
ચરણ ને કરણની સિત્તરી (પ)ખિણરતાં તસ જમાવ રે... ધન ધન ૬
સમિતિથી હોય પ્રવર્તના ગુપ્તિ તે નિવર્તન રૂપ રે,
એકની એકની યોગ્યતા સંયમ ઉભયથા રૂપ રે... ધન ધન ૭
તપ તપે બાર ભેદે વળી બાહ્ય અભ્યંતર જેહ રે,
બાહ્યથી કારણ શુદ્ધતા તરંગે સદા નેહ રે... ધન ધન ૮
વિનય વૈયાવચ્ચ અતિ ઘણું સાચવે સુગુણી સંયોગ રે,
દશવિધ ચક્રવાલે કરી સમાચરીયે જે મુનિલોગ રે... ધન ધન ૯
માન–અપમાન સરીખા ધરે નવિ ધરે પરતણી આશ રે,
દાસપણું શ્રી જિન આણનું અવર સવિ ભવતણો પાસ રે... ધન ધન ૧૦

દર્શન – જ્ઞાન – ચારિત્રના અખયનિધિ – સિદ્ધિના ગેહ રે,
મૈત્રી – કરુણા ગુણે વાસિયા તે મુનિ નિજ ગુણ દેહ રે... ધન ધન ૧૧
કર્મસુડણ કનકાવલી તિમ શ્રી આંબિલ વર્ધમાન રે
તપ તપે ઉપશમ રસ ભર્યા દિન દિન ચઢતલે વાન રે... ધન ધન ૧૨
ગુરુ તણી આણ શિર ધારતા વારતા વિષય કષાય રે,
આપ પરે જંતુ સવિ પાળતા ટાળતા લોભ – મદ પાય રે... ધન ધન ૧૩
વચન વિનયાદિ ગુણ રયણના ખાણ ગુણ જાણ મુનિરાજ રે,
તેહિજ મોક્ષ અધિકારીયા સારીયા તિણેં નિજ કાજ રે... ધન ધન ૧૪
એહવા સાધુ નિતુ ધ્યાયને પામીયે સંપત્તિ કોડી રે,
ધીરવિમલ કવિવર તણો નય નમે બેહુ કર જોડી રે... ધન ધન ૧૫

## મુહપત્તિ પડિલેહણની સઝાય

પડિલેહણ મુહપત્તિ પચવીસ, તિમ તનુ પડિલેહણ પચવીસ,
બિહું મળીને હોય પચાસ, સુણજો તેહના અર્થ પ્રકાશ... ૧
દૃષ્ટિ પડિલેહણ પહેલી કરો, સૂત્ર અર્થ તત્ત્વ ચિત્તમાં ધરો,
સમક્તિ ૧ મિશ્ર ૨ મિથ્યાત્વ મોહની ૩, પરિહરિયે ત્રણ એહની... ૨
કામ ૧ સનેહ ૨ દૃષ્ટિ ત્રિણ રાગ, નવિ કરીયે એહના મનિ લાગ,
સુદેવ૧ સુગુરુ ૨ સુધર્મ ૩ આદરુ, કુગુરુ ૧ કુદેવ ૨ કુધર્મ ૨ પરિહરુ... ૩
જ્ઞાન – દર્શન – ચારિત્ર૩ આદરું, વિરાધના ત્રણ તસ પરિહરું,
મણ ૧ વય ૨ કાય ૩ ગુપ્તિ આદરો, મણ ૧ વય ૨ કાયદંડ ૩ પરિહરો... ૪
વામ ભુજ હાસ્ય ૧ રતિ ૨ અરતિ ૩ છંડે દાહિણ ભુજે ભય સોગ દુગંછ ૩
ત્રણ પડિલેહણ મસ્તકે કરો, કૃષ્ણ ૧ નીલ ૨ કાપોત ૩ પરિહરો... ૫
ઋદ્ધિ ૧ રસ ૨ શાતાગારવ ૩ છંડે, વદને પડિલેહણ ત્રિણ મંડે,
માયા૧ નિયાણ૨ મિથ્યા૩ ત્રણ શલ્ય, ટાળી હૃદય કરો નિઃશલ્ય... ૬
ક્રોધ, માન, માયાને લોભ, પૂંઠે ટાળી થાઓ અક્ષોભ,
પૃથ્વી, અપ, તેઉ ને વાઉ, વણ ત્રસ પગે પૂંજો ષટકાય... ૭
મનમાંકડી વશ કરવા ભણી, પડિલેહણ કરો યતના ઘણી,
અખોડા અણલગતે કરો, પખોડા લગતિ કરી ધરો.... ૮

સ્ત્રીને ચાલીસ પડિલેહણ અંશ, હૃદય, શિર એ દશ વિના,
ષટકાય જીવ આરાધક કહ્યો, વિધિશ્યું અવિધિ વિરાધક લહ્યો... ૯
તેર પડિલેહણ થાપન તણી, દાંડા દાંડીની દશ ભણી,
વસ્ત્ર પાત્ર પાટી પાટલા, એહની પણ વીસ પડિલેહણા... ૧૦
ઈણિ પરે વિધિસ્યું જયણા કરો, જિમસહેજે શિવરમણી વરો,
**ધીરવિમલ** પંડિતનો શિષ્ય, કવિ **નયવિમલ** કહે સુજગીશ... ૧૧

## મોહનીયકર્મના ૩૦ ભાંગાની સઝાય

જિનશાસન જાણી આણી શુભ પરિણામ, સંયમ ખપ કરવા થાઓ કરી મન ઠામ
મોહનીય કર્મ જે ચોથું ભવનું મૂળ, ત્રીસ થાનક તેહમાં મહામોહ અનુકુળ... ૧

ત્રુટક

જલમાંહિ બોલી ત્રસ હિંસે ૧ કરપ્રમુખે મુખ બુંદી મારે ૨
શીશે વાધર પ્રમુખ વિંટે ૩ વળી મોગરે કરી ગુંદે ૪
ભવોદધિ પડતાં દ્વીપકલપ જે ઉત્તમ જન મૃત્યુ ચિંતે ૫
છતી શક્તિ પણ ગ્લાનાદિકની પ્રતિ ચરણાઈ ન વરતે ૬
વળી ધર્મી જનને હઠસ્યું ધર્મ છંડાવે ૭ રત્નત્રય મારગ કારકને ભંડાવે ૮
જિન નાણી પ્રમુખના દોષાદિક ઉઘાડે ૯ ગણિવાયગ ઉપકૃતિ કારકદોષ દેખાડે ૧૦ ૨

ત્રુટક

તાડે વચન થકી નવિ સંતોષે ૧૧ નિમિત્ત અધિકરણાદિક ભાખે ૧૨
તીર્થ ભેદ કરવા જોગ જોડે ૧૩ વશીકરણાદિક આખે ૧૪
પચ્ચકખી ભોગ અને વળી વાંછે ૧૫ અભણ્યો હું કહે બહુ ભણીયો ૧૬
તપ વિણ તપીઓ નામ ધરાવે ૧૭ ઉપકૃતિ ન લહે રણીયો ૧૮
વળી ધૂમ અગ્નિસ્યું હિંસા બહુની ચિંતે ૧૯
કરે આપે પાપ જ અન્ય તણો શિરમંતે ૨૦
અશુભાશયથી કહે સત્યને અસત્ય સભામાંહિ ૨૧
વિસાસી પરધન લેવે ૨૨ પરસ્ત્રી સેવે પ્રાંહિ ૨૩ ૩

ત્રુટક

નહિ કુમારને કુમરપણું કહે ૨૪ કુશીલ કહે સુશીલ ૨૫
દ્રવ્ય ગ્રહે વંચીને પોતે જેહથી પામ્યો લીલ ૨૬

દેવ ન દેખે ને કહે દેખું; કલહે કિમહિ ન થાકે ૨૭
રાજાદિક બહુજનનો નાયક હિંસન તેહનું તાકે ૨૮
જેહથી જશ પામ્યો કરે તેહને અંતરાય ૨૯
કરે દેવ અવજ્ઞા હું છું પ્રત્યક્ષ દેવ કહાય ૩૦
એ ત્રીસે બોલે મહામોહનીય વાધે ઉત્કૃષ્ટે બાંધે કર્મ વિપાકને સાધે... ૪

ત્રુટક

રૂંધે એહને તેહી જ ઉત્તમ કર્મ નિકાચિત ત્રોડે
એહિજ વીર્ય ઉલ્લાસે પ્રાણી ક્ષપક શ્રેણીને જોડે
**જ્ઞાનવિમલ** ગુણ ગિરુઆ પામે ચોથે અંગે વિચાર
આવશ્યક નિર્યુક્તિ ભાખ્યા વિસ્તારથી અધિકાર... ૫

## મોક્ષનગરની અજ્ઝાય

મોક્ષનગર માહરું સાસરું, અવિચલ સદા સુખવાસ રે;
આપણા જિનવર ભેટીયે, તિહાં કરો લીલ વિલાસ. મોક્ષ૦ ૧

જ્ઞાન દરિસન આણાં આવીયા, કરો કરો ભક્તિ અપાર રે;
શિયળ શૃંગાર પહેરો શોભતા, ઊઠી ઊઠી જિન સમરંત રે. મોક્ષ૦ ૨

વિવેક સોવન ટીલું તપ, જીવદયા કુંકુમ રોલ રે;
સમકિત કાજલ નયણ રો, સાચું સાચું વચન તંબોળ રે. મોક્ષ૦ ૩

સમતા વાટ સોહામણી, ચારિત્ર વહેલ જોડાવ રે;
તપ જપ બળદ ધોરી જોતરો, ભાવના ભાવો રસાલ રે. મોક્ષ૦ ૪

કારમું સાસરું પરિહરો, ચેતો ચેતો ચતુર સુજાણ રે;
**જ્ઞાનવિમલ** મુનિ ઇમ ભણે, તિહાં છે મુક્તિનું ઠામ રે. મોક્ષ૦ ૫

## મોક્ષમાર્ગ સાધક આણારુચિ ૮ ગુણની સઝાય

મોક્ષ તણાં કારણ એ દાખ્યાં, આઠ અનોપમ એહી,
ચરમાવર્તઈ ચરમ કરમથી, ગુણથી ભાખ્યું તેહી,
પ્રાણી ! જિન વાણી ચિત્ત ધારો, મનથી મિથ્યા મત વારો રે...પ્રાણી ! જિ૦ ૧

ષટદર્શનને નિજ નિજ મતિથી, જે કરીયા વ્યવહાર,
દેખી મત્સર મનિ નવિ આણે, તેહ અદ્વેષ ગુણસાર રે...પ્રાણી જિ૦ ૨
જિજ્ઞાસા તે સકલ વસ્તુના, ગુણ જાણણની ઇચ્છા,
મનમાંહિ નિસદિન ઇમ ચાહિ, પણ ન ધરઇ વિચિકિચ્છા રે..પ્રાણી જિ૦ ૩
સુશ્રુષા તે શાસ્ત્ર સુણેવા, કારણ સઘલાં મેલઈ,
વિનયાદિકથી નિજ – પરને પણિ, ભદ્રકથી ચિત્ત ભેલે રે...પ્રાણી જિ૦ ૪
શ્રવણ તે સકલ સુણીનઇં મનડું, બોધજ્ઞાનથી જોડી,
ચિત્ત આપ્તવચન તે સાચું મિથ્યાવાસના મોડે રે...પ્રાણી જિ૦ ૫
મિમાંસા તે તત્ત્વ વિચારી હેય જ્ઞેય ઉપાદેય,
વિહચી ખીર – નીર જિમ હંસો જડ-ચેતન બહુ ભેય રે..પ્રાણી જિ૦ ૬
પરિશુદ્ધિ પ્રતિપત્તિ તે કહીઇં થિરતાથી ગુણધારે,
ઉપસર્ગાદિકની વ્યાકુલતા નાશૈ ધૈર્ય વધારે રે....પ્રાણી જિ૦ ૭
હવઇં પ્રવૃત્તિ ગુણ સમતાઈ આતમ ભાવે મેલે,
આદિમ ચ્યાર તે પ્રાપતિકારણ અગ્રિમ ગ્રંથિને ખોલે રે...પ્રાણી જિ૦ ૮
એ આઠે ગુણ પ્રગટે આતમ સકલ લાભનઇં પામે,
**જ્ઞાનવિમલ** ગુણ ઉદય અહોનિશિ ઉત્તરોત્તર ગુણકામિ રે...પ્રાણી જિ૦ ૯

## યતિધર્મની સઝાય

દુહા

સુકૃત લતા વન સિંચવા, નવ પુષ્કર જલધાર,
પ્રણમી પદયુગ તેહના, ધર્મ તણા દાતાર. ૧
દશવિધ મુનિવર ધરમ જે, તે કહીએ ચારિત્ર,
દ્રવ્ય – ભાવથી આચર્યા, તેહના જન્મ પવિત્ર. ૨
ગુણ વિણ મુનિનું લિંગ જે, કાશ કુસુમ ઉપમાન,
સંસારે તેહવા કર્યાં (હ્યાં), અવધિ અનંત પ્રમાણ. ૩
તેહ ભણી મુનિવર તણો, ભાખું(ખ્યો) દશવિધ ધર્મ,
તેહને નિત્ય આરાધતાં, પામીજે શિવશર્મ. ૪

ખંતી મદ્દવ અજ્જવા, મુત્તી તપ ચારિત્ર,
સત્ય શૌચ નિઃસ્પૃહપણું, બ્રહ્મચર્ય સુપવિત્ર. ૫

ઢાળ ૧

પહેલો મુનિવર ધર્મ સમાચરો જી, ખંતી ક્રોધ નિરાસ,
સંયમ સાર કહ્યો સમતા(ઉપશમ) છતે જી, સમકિત મૂલ નિવાસ... પહેલો૦ ૧
સમતા ક્ષીરોદધિને આગળે જી, સુરનર સુખ એક બિંદુ,
પર આશા દાસી તસ નવિ નડે જી, તસ સમ સુરતરુ કંદ... પહેલો૦ ૨
પંચભેદ તિહાં ખંતીતણાં કહ્યાં જી, ઉપકાર ને અપકાર,
તિમ વિપાક વચન વળી ધર્મથી જી, શ્રીજિન જગદાધાર... પહેલો૦ ૩
પ્રથમ ત્રિવિધ જે ખંતી તણે ગુણે જી, વાધે જસ સૌભાગ્ય,
ચોથી ચઉગતિ વારક પંચમી જી, આતમ અનુભવ લાગ... પહેલો૦ ૪
પારસ ફરસે રસ કુંપી રસે જી, લોહે હોયે જેમ હેમ,
તિમ સમતા રસ ભાવિત આતમા જી, સહજ સરૂપી પ્રેમ... પહેલો૦ ૫
ઉપશમ કેરી એક લવ આગળે જી, દ્રવ્યક્રિયા મણ લાખ,
ફળ નવિ આપે તે નવિ નિર્જરા જી, એહવી પ્રવચન સાખ... પહેલો૦ ૬
ખંધક શિષ્ય સુકોશલ મુનિવરા જી, ગજ સુકુમાલ મુણીંદ,
કુરગડુ પ્રમુખા જે (મુનિ) કેવલી જી, સમતાના ગુણવૃંદ... પહેલો૦ ૭
કાર્ય – અકાર્ય હિતાહિત નવિ ગણે જી, ઈહ – પરલોક વિરુદ્ધ,
આપ તપી પરતાપે તપને નાશવે જી, ક્રોધવશે દુર્બુદ્ધ... પહેલો૦ ૮
શિવસુખ કેરું કારણ છે ક્ષમા જી, સર્વ ધર્મનું મૂલ,
દુરિત ઉપદ્રવ નાશે ખંતીથી જી, જિમ વિદ્યા અનુકૂલ... પહેલો૦ ૯
એમ જાણીને મૈત્રી આદરો જી, કીજે સમતા સંગ,
**જ્ઞાનવિમલ** સૂરીશ્વર કહે ઈસ્યું જી, ખંતી શિવસુખ અંગ.... પહેલો૦ ૧૦

ઢાળ ૨

દુહા

વિનયતણો એ હેતુ છે, ક્ષમા પ્રથમ ગુણ જાણ,
વિનયાધિષ્ઠિત ગુણ સવિ, તે મૃદુતા અનુમાન...૧

જેમ પડસૂદી(લી) કેળવી, અધિક હોયે આસ્વાદ,
તેમ માર્દવ ગુણથી લહે, સમ્યગ્જ્ઞાન સવાદ...૨

બીજો ધર્મ એ મુનિ તણો, મદ્દવનામે તે જાણ રે,
મૃદુતા માન નિરાસથી, વિનયાદિક ગુણ ખાણ રે,
વિનયે શ્રુત સુપ્રમાણ રે, શ્રુત તે વિરતિનું ઠાણ રે,
અનુક્રમે કર્મ નિર્વાણ રે, અનુભવરંગી રે આતમા...૧

મૂકતું માનનો સંગ રે, નિર્મલ ગંગ તરંગ રે,
જેમ લહે જ્ઞાન પ્રસંગ રે, હોયે અક્ષય અભંગ રે,
સુજશ મહોદય ચંગ રે, સમકિત જ્ઞાન એકંગ રે,
સહજ ગુણે સુખ સંગ રે, અનુભવ રંગી રે આતમા...૨

માન મહા વિષધરે ડસ્યા, ન રહે ચેતના તાસ રે,
આઠમદ ફણાટોપશું, અહનિશિ કરતા અભ્યાસ રે,
ધ્યાન અશુભ જીહ જાસ રે, નયન અરુણ રંગ વાસ રે,
અમરીષ કંચુક પાસ રે, નિતઉત્કર્ષ વિલાસ રે...અનુભવ૦ ૩

ગુણ લવ દેખીને આપણો, શું મતિમૂઢો તું થાય રે,
દોષ અનંતનો ગેહ છે, પરદોષે મન જાય રે,
તેં વાસી ષટકાય રે, ભાગે અનંત (વિકાય) વેચાય રે,
કાલ અનંત વહાય રે, નહિ કો' શરણ સહાય રે,
કર હવે ધર્મ ઉપાય રે, જીમ લહે શિવપુર ઠાય રે...અનુભવ૦ ૪

જ્ઞાનાદિક મદ વારીયો, જઈ વિહુ ત્રિભુવન રાય રે,
તો શી વાત પરમદતણી, માનેં લઘુપણું થાય રે,
ખલનું બિરુદ કહાય રે, નહિ તસ વિવેક સહાય રે,
ક્રોધ મતંગજ ધાય રે, ઢાહે ગુણ વણ રાય રે...અનુભવ૦ ૫

જાતિમદેં જિમ દ્વિજ લહ્યો, ડુંબપણું અતિ નિંદ રે,
કુલમદથી જુઓ ઉપન્યા, દ્વિજ ઘરે વીર જિણંદ રે,
લાભમદે હરિચંદ રે, તપમદે સિંહ નરિંદ રે,
રૂપે સનત નરિંદ રે, શ્રુતમદે સિંહ સૂરીંદ રે...અનુભવ૦ ૬

જ્ઞાન ભલું તસ જાણીયે, જસ મદ વિષ ઉપસંત રે,
તે ભણી જો મદ વાધીયો, તો જલધિથી અનલ ઉઠંત રે,
તરણીથી તિમિર મહંત રે, ચંદથી તાપ ઝરંત રે,
અમૃતથી ગદ હુંત રે, મદ ન કરૈ તેહ સંત રે...અનુભવ૦ ૭

સ્તબ્ધ હોયે પર્વત પરે, ઉર્ધ્વમુખી અભિમાની રે,
ગુરુજનને પણ અવગણે, આપે નવિ બહુમાન રે,
નવિ પામે ગુરુ માન રે, ધર્માદિક વર ધ્યાન રે,
ન લહે તેહ અજ્ઞાન રે, દુર્લભ બોધિ નિદાન રે,
તે લહે દુઃખ અસમાન રે, અનુભવરંગી રે આતમા...અનુભવ૦ ૮

એમ જાણીને રે આતમા, છંડીજે અભિમાન રે,
માર્દવ ગુણ જેમ ઉપજે, વાધે (જગ જસ=જસ બહુ) માન રે,
થાઓ સંયમ સાવધાન રે, નહિ તસ કોઈ ઉપમાન રે,
**જ્ઞાનવિમલ** ધરો ધ્યાન રે, અનુભવ રંગી રે આતમા...અનુભવ૦ ૯

દુહા

મૃદુતા ગુણ તો દૃઢ હોવે, જો મન ઋજુતા હોય
કોટ રે અગ્નિ રહ્યે છતે, તરુ નવિ પલ્લવ હોય...૧
આર્જવ વિણ નવિ શુદ્ધ છે, અશુદ્ધ ન ધારે ધર્મ,
મોક્ષ ન પામે ધર્મ વિણ, ધર્મ વિના નવિ શર્મ...૨

ઢાળ

ત્રીજે મુનિવર ધર્મ કહીયે અતિભલો રે, આર્જવ નામે જેહ,
તે ઋજુતા ગુણ માયા નાશ થકી હોવે રે, કપટ તે દુરિતનું ગેહ...૩
મુનિવર ચેતજો રે લેઈ સંયમ સંસાર.
કપટ છે દુર્ગતિનું દાયક શ્રી જિનવર કહે રે, સંયમ થાય અસાર...મુનિવર૦ ૪
વિષયતણી આશંસા ઈહ પરભવ તણી રે, માનપૂજા જસવાદ,
તપવ્રત શ્રુત રૂપાદિક ગુણના તે કહ્યા રે, સ્તેન પ્રબલ ઉન્માદ...મુનિવર૦ ૫
તે કિલ્બિષ અવતાર લઈને સંપજે રે, એલમૂક નરભાવ,
નર – તિરિગતિ તસ બહુલી દુર્લભ બોધીયા રે, માયા મોસ પ્રભાવ...મુનિવર૦ ૬

માયીનર અપરાધ કરે નવિ સહજથી રે, તોહિ તસ વિશ્વાસ,
ન કરે સર્પતણી પરે કોઈ તેહનો રે, આપદેષે હત આસ...મુનિવર૦ ૭
શુદ્ધ ચરણધર મહાબલ તપ માયા થકી રે, જેમ જુઓ બાંધ્યો સ્ત્રીવેદ,
તો શું કહેવું વિષયાદિક આશંસનું રે, નિયડિતણા બહુ ભેદ...મુનિવર૦ ૮
વંશજાલપરે માયાના ગૂઢ મૂળ છે રે, મોહાદિક અરિવૃંદ,
એહમાં પેસી આતમગુણમણીને હરે રે, નવિ જાણો તે મંદ...મુનિવર૦ ૯
પરવંચૂ એમ જાણી જે છલ કેળવે રે, તે વંચાયે આપ,
શુભ નર સુરગતિ તેહને જાણો વેગળી રે, પામે અધિક સંતાપ...મુનિવર૦ ૧૦
મીઠું મનોહર સાકર દૂધ અછે ઘણું રે, પણ વિષનો જેમ ભેળ,
તેણીપરે સંયમ માયામિશ્રિત જાણીયે રે, ન લહે સમકિત મેળ...મુનિવર૦ ૧૧
દૂર થકી પરિહરિયે માયા સાપિણી રે, પાપિણી ગૂંથે જાળ,
જ્ઞાનવિમલ ગુણ અમૃત લહરી છટા થકી રે, દોહગ દુઃખ વિસરા...મુનિવર૦ ૧૨

દુહા

નિર્લોભી ઋજુતા ધરે, લોભે નહિ મન શુદ્ધિ,
દાવાનલપરે તેહને, સર્વ ગ્રહણની બુદ્ધિ...મુનિવર૦ ૧
રાજપંથ સવિ વ્યસનનો સર્વનાશ આધાર,
પંડિત લોભને પરિહરે, આદર દીયે ગમાર...મુનિવર૦ ૨

ઢાળ

ચોથો મુનિવર ધર્મ એ જાણીયે, મુત્તી નામે અનૂપજી,
લોભતણા જયથી એ સંપજે, નિર્લોભી મુનિ ભૂપજી...મુનિવર૦ ૩
મમતા મ આણો રે મુનિ દિલ આપણે, મમતા દુર્ગતિ ગામોજી,
મમતા સંગે સમતા નવિ મળે, છાયા તપ એક ઠામોજી...મમતા૦ ૪
લોભજલધિ જલ લહેરે ઉલટે, લોપે શુભગુણ દેશોજી,
સેતુ કરીજે જિહાં સંતોષનો, નવિ પસરે લવલેશોજી...મમતા૦ ૫
દ્રવ્યોપકરણ દેહ મહિમપણું, અશનપાન પરિવારજી,
ઈત્યાદિકની રે જે ઈહા ધરે, કેવલ લિંગ પ્રચારજી...મમતા૦ ૬
લાભાલાભે સુખ દુઃખ વેદના, જે ન કરે તિલમાત્રજી
ઉપશમ ઉદય તણો અનુભવ ગણે, જાણે સંયમ યાત્રજી...મમતા૦ ૭

લોભ પ્રબલથી રે વિરતિ(થિરતા)નવિ રહે, હોય બહુ સંકલ્પજી,
સઝ્ઝાયાદિક ગુણ તસ નવિ વધે, દુર્ધ્યાનાદિક તલ્પજી...મમતા૦ ૮
લોભે ન હણ્યા રે રમણીયે નવિ છળ્યા, ન મળ્યા વિષય કષાયજી,
તે વિરલા જગમાંહિ જાણીયે, ધનધન તેહની માયજી...મમતા૦ ૯
લોભતણું સ્થાનક નવિ જીતીયું, જઈ(જે) ઉપશાંત કષાયજી,
ચિહું ગતિ ગમન કરાવે તિહાં થકી, પુનરપિ આતમરાયજી...મમતા૦ ૧૦
તસ કિંકર પરે અમર નિકર સવે, નહિ ઉણતિ તસ કાંઈજી,
જસ આતમ સંતોષે અલંકર્યો, તસ ત્રિભુવન ઠકુરાઈજી...મમતા૦ ૧૧
અનુભવ રસમય ચારિત્ર ફળ ભલું, તે નિર્લોભ પસાયજી,
જ્ઞાનવિમલ પ્રભુતા લહે અતિઘણી, ઉદય અધિક તસ થાયજી...મમતા૦ ૧૨

દુહા

નિર્લોભે ઇચ્છાતણો, રોધ હોય અવિકાર,
કર્મ ખપાવણ તપ કહ્યો, તેહના બાર પ્રકાર...૧
જેહ કષાયને શોષવે, ત્રિસમય ટાળે પાપ,
તે તપ કહીયે નિર્મલો, બીજો તનુ સંતાપ...૨

ઢાળ ૫

શક્તિ સ્વભાવે તપ કહ્યો રે, પંચમ મુનિવર ધર્મ,
પંચમગતિને પામવા રે, અંગ અછે શુભ મર્મ,
સોભાગી મુનિવર ! તપકીજે અનિદાન એ તો સમતા
સાધન (ધ્યાન-સ્થાન)...સોભાગી.
ષડવિધ બાહિર તે કહ્યો રે, અભ્યંતર ષટ ભેદ,
અનાશંસ અગિલાણતા રે, નવિ પામે મન ખેદ...સોભાગી ૨
અણસણ ને ઉણોદરી રે, વૃત્તિ સંક્ષેપ રસ ત્યાગ,
કાયકિલેશ સંલીનતા રે, બહિરતપ ષટવિધ ભાગ...સોભાગી ૩
અશન ત્યાગ અનશન કહ્યો રે, તેહ દુભેદે જાણ,
ઈત્વર યાવત્ કથિક છે રે, તનુ બહુ સમય પ્રમાણ...સોભાગી ૪
ઉણોદરી ત્રણ ભેદની રે, ઉપકરણ અશન પાન,
ક્રોધાદિકના ત્યાગથી રે, ભાવ ઉણોદરી માન...સોભાગી ૫

દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી રે, વૃત્તિસંક્ષેપ એ ચાર,
વિગયાદિક રસત્યાગથી રે, ભાખ્યા અનેક પ્રકાર...સોભાગી ૬
વીરાસનાદિક ઠાયવું રે, લોચાદિક તનુ કલેશ
સંલીનતા ચઉ ભેદની રે, ઇંદ્રિય યોગ નિવેશ...સોભાગી ૭
એકાંત સ્થલ સેવવું રે, તેમ કષાય સંલીન,
અભ્યંતર તપ ષટ વિધે રે, સેવે મુનિ ગુણલીન...સોભાગી ૮
દશવિધ પ્રાયશ્ચિત ગ્રહે રે, વિનય તે સાત પ્રકાર,
દશવિધ વૈયાવચ્ચ કરે રે, સઝાય પંચપ્રકાર...સોભાગી ૯
ચાર ધ્યાનમાં દોય ધરે રે, ધર્મ શુકલ સુવિચાર,
આર્ત રૌદ્ર બિહું પરિહરે રે, એ મુનિવર આચાર...સોભાગી ૧૦
દ્રવ્ય ભાવસ્યું આદરે રે, કાઉસગ્ગ દોય પ્રકાર,
તનુ ઉપધિ ગ(ગુ)ણ અશનાદિકે રે, દ્રવ્ય તે ચાર પ્રકાર..સોભાગી ૧૧
કર્મ કષાય સંસારનો રે, ભાવકાઉસગ્ગ તિહું ભેદ,
ઈણવિધ બિહું તપ આદરે રે, ધરે સમતા, નહિ ખેદ...સોભાગી ૧૨
સમકિત ગોરસ શું મિલે રે, જ્ઞાનવિમલ ઘૃત રૂપ,
જડતા જલ દૂરે કરી રે, પ્રગટે આતમરૂપ...સોભાગી ૧૩

દુહા

કર્મપંક સવિ શોષવે, જો હોય સંયમ આદિ,
યોગસ્થિર સંયમ કહ્યો, અથિર યોગ ઉન્માદ..૧

રૂંધે આશ્રવ દ્વારને, ઈહિ(હ) પરભવ અનિદાન,
તે સંયમ શિવ અંગ છે, મુનિને પરમ નિધાન...૨

ઢાલ ૬

સાધુજી સંયમ ખપ કરો, અવિચલ સુખ જેમ પામો રે,
આગમ અધિકારી થઈ, મિથ્યામત્તિ સવિ વામો રે...સાધુજી૦ ૧

છઠ્ઠો મુનિવર ધર્મ છે, સમય સમય શુભ ભાવ રે,
સંયમ નામે તે જાણીયે, ભવજલ તારણ નાવ રે...સાધુજી૦ ૨

થાવર પણ તિગ વિગલિયા, તેમ પંચેદ્રિય જાણો રે,
યતનાયે સંયમ હોયે, એ નવવિધ ચિત્ત આણો રે...સાધુજી૦ ૩
પુસ્તક પ્રમુખ અજીવનો, સંયમ અણસણે લેવે રે,
નિરખીને જે વિચરવું, પ્રેક્ષા(ખ્ય) સંયમ તે (હેવ-ટેવ) રે...સાધુજી૦ ૪
સીદાતા સુસાધુને, અવલંબનનું દેવું રે,
સંગ અસાધુનો વર્જવો, ઉપેક્ષા સંયમ એહવો રે...સાધુજી૦ ૫
વિધિપદ પ્રમુખ પ્રમાર્જના, પરિઠવણાદિ વિવેક રે,
મન – વચ – તનુ અશુભે કદી, નવિ જોડિયે મુનિ લોક રે...સાધુજી૦ ૬
હિંસા મોસ અદત્ત જે, મૈથુન પરિગ્રહ ત્યાગ રે,
સર્વથી કરણ કરાવણે, અનુમોદન નવિ લાગ રે...સાધુજી૦ ૭
પંચ આશ્રવ અળગા કરે, પંચઇંદ્રિય વશ આણે રે,
સ્પર્શન રસનને ઘ્રાણ જે નયન શ્રવણ એમ જાણે રે...સાધુજી૦ ૮
શુભ મલ્યે રાગ ધરે નહિ, અશુભે (દ્વેષ-રોષ)ન આણે રે,
પુદ્ગલ ભાવે સમ રહે, તે સંયમ ફલ માણે રે...સાધુજી૦ ૯.
ક્રોધાદિક ચઉ જય કરે, હાસ્યાદિક તસ માંહિ રે,
એ અનુબંધ ભવદુઃખ દિયે, એમ જાણે મનમાંહિ રે...સાધુજી૦ ૧૦
તસ અનુદય હેતુ મેળવે, ઉદય અફલતા સાધે રે,
સફલપણે તસ ખામણા, એમ સંસાર ન વાધે રે...સાધુજી૦ ૧૧
જે કરે તેર કષાયનો, અગ્નિ ઉપજતો જાણે રે,
તે તે હેતુ ન મેળવે, તેહિ જ સમતા જાણે રે...સાધુજી૦ ૧૨
તેણે ત્રિભુવન સવિ જીતીયો, જેણે જીત્યા રાગ-દોષ રે,
ન થયો તેહ તેણે વસે, તે ગુણરયણનો કોષ રે...સાધુજી૦ ૧૩
મન - વચ - કાયા દંડ જે, અશુભના અનુબંધ જોડે રે,
તે ત્રણ દંડ ન આદરે, તો ભવબંધન તોડે રે...સાધુજી૦ ૧૪
બંધવ ધન તનુ સુખ તણો, વળી ભયવિગ્રહ છંડે રે,
વળી અહંકૃતિ મમકારના, ત્યાગથી સંયમ મંડે રે...સાધુજી૦ ૧૫
ઈણી પરે સંયમ ભેદ જે, સત્તર તે અંગે આણે રે,
**જ્ઞાનવિમલ** ચઢતી કળા, વધતી સમકિત ઠાણે રે...સાધુજી૦ ૧૬

દૂહાઃ

દ્રવ્ય સંયમી બહુવિધ થયો, સિદ્ધિ થઈ નવિ કાંય,
સાકર દૂધ થકી વધે, સન્નિપાત સમુદાય...૧
સત્ય હોય જો તેહમાં, ત્રિકરણ શુદ્ધિ બનાય,
સત્યવંત નિર્માયથી, ભાવ સંયમ ઠહરાય...૨

ઢાળ ૭

મુનિવર ધર્મ એ સાતમો, ચિત્ત આણો ગુણવંત,
સત્ય સહસકર ઉગતે, દંભ તિમિરતણો અંત રે... મુનિજન સાંભળો ૧
આદરો એ ગુણ સંતો રે, તરે સહુથી આગળો,
ભાંજે એહથી અત્યંતો રે, ભવ ભય આમળો... મુનિજન સાંભળો ૨
સત્ય ચતુર્વિધ જિન કહે, નહિ પરદર્શનમાંહિ,
અવિસંવાદ તે યોગ જે, નયગમ ભંગ પ્રવાહી રે... મુનિજન સાંભળો ૩
મૂલોત્તર વ્રત ભેદ જે, મૈત્ર્યાદિક ગુણ જેહ,
જિણવિધ જેમ અંગીકર્યું, નિર્વહેવું તેમ તેહ રે... મુનિજન સાંભળો ૪
અકુટિલતા ભાવે કરી, મનવચ તનુ નિરમાય,
એ ચઉવિહ સત્યે કરી, આતમ ગુણ સ્થિર થાય રે... મુનિજન સાંભળો ૫
જેમ ભાખે તિમ આચરે, શુદ્ધપણે નિર્લોભ,
ગુણરાગી નિયતાદિકે, નિજરૂપે થિર થોભ રે... મુનિજન સાંભળો ૬
સત્યે સત્ત્વપણું વધે, સત્વે સહજ સ્વભાવ,
પ્રકટે નિકટ ન આવહિ, દુર્ધ્યાનાદિ વિભાવ રે... મુનિજન સાંભળો ૭
સત્ય સુકૃતનો સુરતરુ, ધર્મ તો ધુરિ કંદ,
તપ તુલના પણ નવિ કરે, દૂરે ભવ ભય ફંદ રે... મુનિજન સાંભળો ૮
સત્યે સમકિત ગુણ વધે, અસત્યે ભવદુઃખ થાય,
સત્ય વદંતા પ્રભુ તણી, આણા નવિ લોપાય રે... મુનિજન સાંભળો ૯
એક અસત્ય થકી જુઓ, રૂલે ચઉગતિ સંસાર,
વસુ પર્વત પ્રમુખા બહુ, તેહના છે અધિકાર રે... મુનિજન સાંભળો ૧૦
સત્યપણું ભવિ ! આદરો, સકલ ધર્મનું સાર,
**જ્ઞાનવિમલ** ગુણ આશ્રયી, સમજો શાસ્ત્ર વિચાર, રે... મુનિજન સાંભળો ૧૧

દૂહા

ભાવ શૌચથી સત્યતા, મનશુદ્ધિ તે હોય,
દ્રવ્ય શૌચ સ્નાનાદિકે, પાપ પંક નવિ ધોય...૧
જો જળથી કલિમલ ટળે, તો જલચર સવિ જીવ,
સદ્ગતિ પામે સર્વથા, અવિરતિ તાસ અતીવ...૨

ઢાળ ૮

શૌચ કહીજે આઠમોજી, મુનિવર કેરો ધર્મ,
અંતરમલ નાશે લહેજી, પરમ મુક્તિનું શર્મ, સલુણા ! સંયમ ફળ રસ ચાખ
વિષયાદિક વિષ ફુલડેજી, તિહાં રસીયું મન અલિ રાખ... સંયમ ફળ રસ ચાખ ૧

તીર્થંકર ગુરુ સ્વામીનોજી, જીવ અદત્ત ચઉ ભેદ,
પાવન મન સવિ વિરતિથીજી, ભાવ શૌચ ભવ છેદ... સંયમ ફળ રસ ચાખ ૨

કહણી-રહણી સારિખીજી, જિન વચન અનુસાર,
લેશ નહિ જ્યાં દંભનોજી, અહનિશ નિરતિચાર... સંયમ ફળ રસ ચાખ ૩

ભાવે બારહ ભાવનાજી, અનિત્યપણાદિક જેહ,
પંચ મહાવ્રતની વળીજી, પણવીસ ભાવે તેહ... સંયમ ફળ રસ ચાખ ૪

જ્ઞાન અભય વળી જાણીયેજી, ધર્માલંબન દાન,
મન-વચ-તનુ તપ ત્રિહું વિધેજી, વિનય ભણન મન ઠામ... સંયમ ફળ રસ ચાખ ૫

રાજસ તામસ સાત્વિકેજી, તપ વળી ત્રિવિધ પ્રકાર,
તેહમાં સાત્વિક આદરેજી, શ્રદ્ધા ગુણ આધાર... સંયમ ફળ રસ ચાખ ૬

ભક્તપાન ઉપકરણનેજી, ગ્રહણ કરે નિર્દોષ,
અનાશંસ નિર્માયથીજી, ભાવ શૌચ મલ શો(જો)ય... સંયમ ફળ રસ ચાખ ૭

માહણ શ્રમણ દયા પરાજી, ભિક્ષુ નિર્ગ્રંથ વખાણ,
એ ચઉનામે સુયગડેજી, સોલમે અધ્યયને જાણ... સંયમ ફળ રસ ચાખ ૮

**જ્ઞાનવિમલ** પ્રભુતા ઘણીજી, તસ સુખનો નહિ પાર.
ભાવશૌચ પીયુષમાંજી, જે ઝીલે નિરધાર... સંયમ ફળ રસ ચાખ ૯

## દૂહા

મન પાવન તો નીપજે, જો હોય નિઃસ્પૃહ ભાવ,
તૃષ્ણા મોહથી વેગળા, તેહિજ સહજ સ્વભાવ...૨

અરિહંતાદિક પદ જીકો, નિર્મલ આતમ ભાવ,
તેહ અકિંચનતા કહી, નિરૂપાધિક અવિભાવ...૩

## ઢાળ ૯

નવમો મુનિવર ધર્મ સમાચરો, અમલ અકિંચન નામ. સુગુણનર !
આશંસા ઈહભવ પરભવતણી, નવિ કીજે ગુણ ધામ. સુગુણનર !
ચતુર સનેહી અનુભવ આતમા.

ઉપધિ પ્રમુખ જે સંયમ હેતુને, ધારે ધર્મને કામ સુગુણનર !
લજ્જાદિક કારણ પણ દાખીયો, અશનાદિક જેમ જાણ... સુગુણનર ! ૨

મૂર્છા પરિગ્રહ જિનવરે ભાખીયો, ગૃદ્ધ સ્વભાવે રે જેહ,
ધર્માલંબન હે તે નવિ કહ્યો, સંયમ ગુણ ધરે જેહ... સુગુણનર ! ૩

ગામનગર કુલ ગણ બહુ (સંગતિ-સંઘની) વસતિ વિભૂષણ દેહ,
મમકારાદિક યોગે નવિ ધરે, ઉદય સ્વભાવમાં તેહ... સુગુણનર ! ૪

નિંદા સ્તુતિ રૂસે તુસે નહિ, નવિ વર્તે પર ભાવ,
સુખ દુઃખે આપ સ્વરૂપ ન પાલટે, કર્મ પ્રકૃતિ ચિત્ત લાવ... સુગુણનર ! ૫

મોહમદન મદ રાગથી વેગળા, ત્રિકરણ શુદ્ધ આચાર,
એહવા સુવિહિત જે સુખ અનુભવે, જીવન મુક્તિ પ્રકા(ચા)ર... સુગુણનર ! ૬

પર આશા નંદાસન જે અછે, સંપૂરણ સુખ ખાણ,
કંચન કંકર (કથિર) સ્ત્રીગણ, તૃણ સમો ભવ શિવ સમ વડમાન... સુગુણનર ! ૭

આકિંચન્ય કહ્યો ગુણ, ભાવથી મમકારાદિ અલેપ,
જાત્ય તુરંગ જિમ ભવ્ય, વિભૂષણે ન ધરે ચિત્ત આક્ષેપ... સુગુણનર ! ૮

સહજ વિનાશી પુદ્ગલ ધર્મ છે, કિમ હોયે થિરભાવ,
જ્ઞાનવિમલ અનુભવ ગુણ આપણો, અક્ષય અનંત સભાવ સુગુણનર ! ૯

દૂહા

તેહ અકિંચન ગુણ થકી, હોવે નિર્મલ શીલ,
કિંકર સુરનર તેહના, અવિચલ પાળે લીલ....૧
સંકટ નિકટ આવે નહિ, જેહને શીલ સહાય,
દુઃખ દુર્ગતિ દૌર્ભાગ્ય સવિ, પાતક દૂર પલાય...૨

ઢાળ ૧૦

બ્રહ્મચર્ય દશમો કહ્યોજી, મુનિવર કેરો ધર્મ,
સકલ સુકૃતનું સાર છે જી, ઈહ પરભવ લહે શર્મ,
બલિહારી તેહની, શીલ સુગંધા સાધુ ...૧
માત-પિતા ધન તેહનાજી, ધન ધન તસ અવતાર,
વિષયવિષે નવિ ધારિયાજી, અનુભવ અમૃત ભંડાર... બલિહારી૦ ૨
ઔદારિક વૈક્રિય તણાજી, નવ નવ ભેદ અઢાર,
કૃત કારિતને અનુમતેજી, મન વચ કાય વિચાર... બલિહારી૦ ૩
સંજ્ઞાદિક યોગે કરીજી, જે હોય સહસ અઢાર,
શીલરથ કહીજે તેહનેજી, સઝાયાદિ વિચાર... બલિહારી૦ ૪
સમિતિ ગુપ્તિને ભાવતાંજી, ચરણ-કરણ પરિણામ,
આવશ્યક પડિલેહણાજી, અહનિશ કરે (લહે) સાવધાન... બલિહારી૦ ૫
સમાચારી દશવિધેજી, ઇચ્છાદિક ચક્રવાલ,
પદવિભાગ નિશીથાદિકેજી, ઓઘ પ્રમુખ પરનાલ... બલિહારી૦ ૬
સદાચાર એમ દાખીયેજી, શીલ સરૂપે નામ,
એણીપરે ત્રિવિધે જે ધરેજી, તે ગુણ રયણ નિધાન... બલિહારી૦ ૭
તે ત્રિભુવન ચૂડામણીજી, વિશ્વતણા આધાર,
દ્રવ્ય – ભાવ ગુણ રયણનાજી, નિધિ સમજે અણગાર... બલિહારી૦ ૮
જીણ જીણ ભાસે (ભાવ) વિરાગતાજી, પામે દઢતા રૂપ,
ત્રિવિધ ત્રિવિધે તે આદરેજી, અતુલબલી મુનિભૂપ... બલિહારી૦ ૯
જેણે સંયમ આરાધીયોજી, કરતલે શિવસુખ તાસ,
**જ્ઞાનવિમલ** ચઢતી કળાજી, પ્રગટે પરમપ્રકાશ... બલિહારી૦ ૧૦

દૂહા

ધૃતિ હાથો મન કીલિકા, ક્ષમા માંકડી જાણ,
કર્મ ધાન્યને પીસવા, ભાવ ઘરટ્ટ સુભ આણ... ૧
એ દશવિધ મુનિધર્મનો, ભાખ્યો એહ સઝ્ઝાય,
એહને અંગે આણતાં, ભવભય ભાવઠ જાય... ૨
પરમાનંદ વિલાસમાં, અહનિશિ કરે ઝકોલ,
શિવસુંદરી અંકે રમે, કરી કટાક્ષ કલોલ... ૩

એહવા મુનિગુણ રયણના દરિયા, ઉપશમ રસ જલ ભરીયાજી,
નયગમ તટિની ગણ પરિવરિયા, જિનમારગ અનુસરિયાજી...
તે તરીયા ભાઈ તે તરીયા ૧
અતિ નિર્માયપણે કરે કિરિયા, ધન ધન તેહના પરિયાજી,
છંડે અશુભવિયોગે કિરિયા, ચરણ ભવન ઠાકુરિયાજી... એહવા ૨
અહનિશિ સમતા વનિતા વરીયા, પરિસહથી નવિ ડરીયાજી,
હિતશીખે ભવિજન ઉદ્ધરીયા, ક્રોધાદિક સવિ ઠરીયાજી... એહવા ૩
શીલ સન્નાહે જે પાખરીયા, કર્મ કર્યા ખાખરીયાજી,
જેહથી અવગુણ ગણ થરહરીયા, નિકટે તેહ ન રહીયાજી... એહવા ૪
વીર વચન ભાખે સાકરીયા, નહિ આશા ચાકરીયાજી,
**જ્ઞાનવિમલ** પ્રભુ જેણે શિર ધરીયા, તસ જસ જગે વિસ્તરીયાજી... એહવા ૫

કળશ :

એમ ધર્મ મુનિવર તણો, દશ વિધ કહ્યો શ્રુત અનુસાર એ,
ભવિ એહ આરાધો સુખ સાધો, જિમ લહો ભવપાર એ... ૧
શ્રી **જ્ઞાનવિમલસૂરીંદ** પભણે, રહી સુરત ચૌમાસ એ,
કવિ સુખ સાગર કહણથી એ, કર્યો એમ અભ્યાસ એ... ૨
આદર કરીને એહ અંગે, ગુણ આણવા ખપ કરે,
ભવપરંપર પ્રબલ સાગર, સહજ ભાવે તે તરે... ૩
એમ ગુણ વિશાલા કુસુમમાલા, જેહ જન કંઠે ઠવે,
તે સયલ મંગલ કુશલકમલા, સુજશ લીલા અનુભવે... ૪

## રાઇ પ્રતિક્રમણની વિધિની સઝાય

વસ્તુ – પ્રથમ જાગિ જાગિ થઈ સાવધાન,
સામાયિક લેઈ એક મને રાત્રિ પાપ સંવર નિમિત્તે,
કુસુમિણ દુસુમિણ ઓહડાવણી, કહે પાઠ રાઈ પાયચ્છિત્તે,
શુદ્ધિ નિમિત્તે કાઉસગ્ગ, કરે લોગસ્સ ચાર,
અબ્રહ્મે સાગર લહે, નહિતર ચંદેસુ વિચાર. ૧
રાગાદિક કુસુમિણ લહ્યો, કુસુમિણ દ્વેષે જાણ,
જો ઉંઘે તો ફિર કરે, એ કાઉસગ્ગ પ્રમાણ. ૨
ચૈત્યવંદન પુરું કરે, ખમાસમણાં ચાર દેઈ,
ભગવન વાંદવ, પછે કહે નવકાર,
કહે સતિયાં તણો, વળી કહે નવકાર,
એક આદેશે એક, હોય બિહું બે નવકાર. ૩
અંતર થાયે તો કહે ઈરિય ખમાસમણ દેઈ,
રાઈથ પડિકમણું ઠાઓ, સવ્વસ્સવિ રાઇ ભણેઈ,
નમુત્થુણં કહી ઉઠીયે, કરે જો મે ભણીયે,
ચારિત્ત શુદ્ધિ કાઉસગ્ગ, લોગસ્સ એક ગુણીયે. ૪
લોગસ્સ સવ્વ કહીય, તત્થદર્શન શુદ્ધિ હેતે,
લોગસ્સ એકે પુકખર, વંદણ વત્તિ સંકેતે,
જ્ઞાન શુદ્ધિ તથા રાત્રિના, અતિચાર વિશુદ્ધિ,
દુગ લોગસ્સ તથા નાણ, ગાહ કહે નિર્મલ બુદ્ધિ. ૫
સિદ્ધાણં કહી ધરણી, પુંજી હેઠો તવ બેસે,
સામા ચઉ કાઉ ત્રિણ, એ આવશ્યક હીસે,
મુહપત્તિ વાંદણ બેહુ, દેઈ આવશ્યક ચોથું,
ઉગ્ગહમાંહિ રહી રાઈ આલોઈ ચોથું. ૬
સવ્વસ્સવિ રાઈ કહી, બેસી સૂત્ર ભાખે,
ધાનુક મુદ્રાયે કરી, અરિ અલગા નાખે,
ઊભો થઈને મૈત્રી ભાવ ધરી સમતા આણે,
વંદન દેઈ ગુરુપદે નિજ ભક્તિ પ્રમાણે. ૭

રાઈ ખામણ સાચવે, ત્રિણ્યને ગુરુ સંયુત્ત,
વંદન દેઈ ચરણ પુંજે આયરિય ભણે,
કરેમિ જોમે કહી તસ્સ ઉત્તરી કહીયે,
ઈહાં કાઉસગ્ગ કરતાં થકાં, તમ ચિંતન લહીયે. ૮
ઋષભ શાસને વર પંચ કહીયે, તિહાં લગે એક માસે લહીયે. ૯
ઈમ ચોત્તીસ ભત્તા લગે બત્તીસને તીસ,
અડવીસ છવ્વીસ ચઉવીસ બાવીસને વીસ,
અઢારસ સોલ ચૌદ બાર દસ અઠ્ઠમ છઠ્ઠ,
કીધાં હોયે તે કરી શકું, પણ આજ ન ઇચ્છ. ૧૦
ઇમ કરતાં જે ભાવ હોય, તે દિલમાં ધારે,
નોકારસી પોરસી પ્રમુખ, ધરી કાઉસગ્ગ પારે,
લોગસ્સ કહી બેસી કરી, મુહપત્તિ પડિલેહી,
વંદન દેઈ હાથ જોડી, સકલતીર્થ કહેઈ. ૧૧
તારા એક બે દીસતાં, હાથ વેળા સુઝે,
પચ્ચખાણ ગુરુ મુખે કરે, આગારાદિક બુઝે,
છ આવશ્યક એ થયા, બેસીને પભણે,
ઇચ્છામો અણુસઠ્ઠિ જિઠ્ઠ,(ન) હોઈ તે સ્વયં નિસુણે. ૧૨
વિશાલ ચૈત્યવંદન કહી, શક્રસ્તવ ભાખે,
ઊભા થઈને ચાર થોઈ, દેવવંદન દાખે,
બેસી નમુત્થુણં કહી ખમાસમણાં દેઈ,
કૃત પૌષધ જે શ્રાદ્ધ તથા મુનિવર જે હોઈ. ૧૩
આદેશ બે બિહું વેલના કહી ભગવન વાંદે,
અઢ્ઢાઈજ્જેસુ શ્રાવક કહી, સવિ પાપ નિકંદે,
પડિલેહણ કરે મુહપત્તિ થે પામો થાપન,
પૂંજે કાજો કરે, સઝાય શ્રાવક શ્રાવિકાજન. ૧૪
સામાયિક પારે, પછે મુનિવરને વંદી,
ઇણિ પેરે રાઈ પડિકમણ કરે પાપ નિકંદી,

ઉભય ટંક ઘર પૂંજતાં દીસે જિમ સુંદર,
તેણી પેરે પડિકમણાં થકી, નિર્મલ તનુ મંદિર. ૧૫
જિન મુદ્રાયે કાઉસગ્ગ ધાનુકની મુદ્રા,
વંદિત્તુ કહે જિન નમન, કરે યોગની મુદ્રા ,
મુત્તા સુત્તી મુદ્રા, પ્રણિધાન કરીજે,
યથા જાત મુદ્રા કરી, વંદન વંદીજે. ૧૬
મયુરાવનત મુદ્રાઈ, પડિકમણું ઠાઓ,
સમતા મુદ્રા સર્વ ઠામે, વિધિસ્યું આરાહો,
ઈમ ષટ મુદ્રાઈ કરી અંતર ષટ વર્ગ,
જિતીને જિમ પામે સુખ સંપત્તિ સર્ગ. ૧૭
ચંદેસુ નિમ્મલયર, તાંઈ સવિ કાઉસગ્ગ કીજે,
દુકખકખયને કાઉસગ્ગે, પૂરો ભણીજે,
આદેશ સઘળે માલવા, ઇચ્છું પુણ ભણીયે,
સૂત્રારાધન હેતે, સર્વ ઉપધાનજ વહીયે. ૧૮
ઇચ્છા કારેણ જાણો સઘળે આદેશે,
ખમાસમણ યતના ધરો, ટાળે કાય કલેશ,
વ્રત ઉચર્યા વિણ, અતિચાર કહો કિંહાથી લાગા,
કેઈક ઈમ કહી નવ કરે, આસ્થાથી ભાગા. ૧૯
પણ પડિકમણું નવિ હોઈ, સામાયિક પાખે,
અંતર્મુહૂર્તે વિરતિમાં તેહની એ સાખે,
અથવા ચાર પ્રકારથી પડિકમણું આવે
પ્રતિષેધ્યંતે આચરી ૧ કહો અંગે ન લાવે. ૨૦
વળી વિપરીત પ્રરૂપણા કરી ૩ શ્રદ્ધા નાંણે ૪
એ ચારે આચર્યે થકે, પડિકમણું આણે,
સાંજ થકી પરભાતની, વિપરીત કિરિયા,
તિહાં એ હેતુ જ જાણવું, રાતે નવિ સાંભરીયા. ૨૧
દિવસે તો અતિચાર સર્વ, સાંભરતાં જાણી,
આલોઈએ તે અનુક્રમે, એ આગમ વાણી,

દિવસ પક્ખ સંવત્સરે, વઈકકંતો ભણીયે,
રાઈ - ચોમાસી પડિક્કમે, વઈકકંતા સુણીયે. ૨૨
કાળ વેળા ઉલ્લંઘને, પડિકમણું કરંત,
પુરિમડ્ઢનું પ્રાયશ્ચિત, જાણીએ આગમ તંત,
ઉત્સર્ગે એહવું કહ્યું, પણ વળી અપવાદ,
મધ્ય દિવસ ને મધ્યરાત્રિ, તાંએ એ વિધિવાદ. ૨૩
અવિધિ કર્યાથી મત કરો, એહવું પણ મ કહો.
વિધિ સુખ, અવિધિ સંસાર, એહવું કરી સદ્દહો,
કીધાથી લઘુ પ્રાયશ્ચિત્ત, અણકીધે ભારી,
વિધિ ખપ કરતાં અવિધિમાર્ગ, છંડો નરનારી. ૨૪
નામ હેતુ ગુણ ફ્લ પ્રકાશ, અનુષ્ઠાન ને મુદ્રા,
વિક્ષિપ્તાદિક ચિત્ત ભેદ, કિરિયા પ્રતિ મુદ્રા,
એ સવિ આવશ્યક તણાં, જો વિસ્તર વાંછો,
તો હરિભદ્ર સૂરિ તણાં, કીધાં ગ્રંથ વાંચો. ૨૫
સંક્ષેપે એ દાખીયો, વિધિ જાણણ કાજે,
ગચ્છપતિના શૃંગાર હાર, વિશુદ્ધ વિજયપ્રભસૂરિ રાજે,
શ્રી **વિનયવિમલ** કવિરાજ, શિષ્ય **ધીરવિમલ** કવીશ,
પભણે તેહનો શિષ્ય લહે, **જ્ઞાનવિમલ** જગીશ. ૨૬

## રાત્રી ભોજનની સઝાય

ઢાળ-૧

શ્રી ગુરુપદ પ્રણમી, આણી પ્રેમ અપાર;
છઠ્ઠું વ્રત જાણો, નિશિ ભોજન પરિહાર;
આરાધી પામો, સુરસુખ શિવસુખ સાર;
ઈહ ભવે વલી પરભવે, જેમ લહીયે જયકાર. ૧

ત્રુટક

જય જયકાર હોઈ જગમાંહે, નિશિ ભોજન પરિહરતાં,
પાતિક પોઢાં એહના ભાખ્યાં, રયણી ભોજન કરતાં;

બહુવિધ જીવ વિરાધન હેતે, એહ અભક્ષ્ય ભણિજે,
પ્રત્યક્ષ દોષ કહ્યા આગમમાં, ભવિ તે હૃદય ધરીજે. ૨

મતિને હણે કીડી, વમન કરાવે માખી;
લૂતાથી કોઢી, જલોદરી જુ ભાખી,
ગળું વીંધે કાંટો, વાળે હોયે સ્વર ભંગ;
સડે દેહ ગિરોલે, વિંછીએ તાલુ અંગ. ૩

ત્રુટક

અંગ ઉપાંગે હોય વળી હીણો, જો આવે વિષ જાતિ;
દૃષ્ટ દોષ ઈહ લોકે જાણો, પરભવે નરકે પાત;
દોય ઘડી પરભાતે સાંજે, ટાળી કરો આહાર;
નોકારસી તણું ફલ પામો, સંભાલો ચોવિહાર. ૪

દેવપૂજા આહૂતી, દાન સરાધ સનાન;
નવિ સૂઝે રાતે, તો કિમ ખાઓ ધાંન;
આચમન કરતાં, પવિત્ર હોય નવિ તેહ;
નિશિ ભોજન કરતાં, લહે અવતાર તે એહ. ૫

ત્રુટક

એહ અવતાર જ ઘુક મંજારી, કાક ગ્રધ્ર અહિ વિછી;
વડવાગુલ સિંચાણ ગિરોલી, ઈત્યાદિક ગતિ નીચી;
હંસ મોર પિક શુક ને સારસ, ઉત્તમ પંખી જેહ;
રાત્રે ચણ ન કરે તો માનવ, કિમ ખાઓ અન્ન તેહ. ૬

ઈમ જાણી છંડો, નિશિ ભોજન ભવિ પ્રાણી,
એ આગમ માંહી, વેદ પુરાણની વાણી;
દિનકર આથમતે, પાણી રૂધિર સમાન;
અન્ન માંસ બરાબર, એ માર્કંડ પુરાણ. ૭

ત્રુટક

જાણ હોય તે ઇમ વલી જાણે, અસ્ત થાય જબ સૂર;
હૃદય નાભિ કમલ સંકુચાણે, કિમ હોયે સુખપૂર;

યજુર્વેદ માંહે ઇમ ભાખ્યું, માસે પખ્ખ ઉપવાસ,
સ્કંદપુરાણે દિવસ જિમ્યાનું, સાત તીર્થ ફલખાસ. ૮

ઢાળ ૨

બીજી અશરણ ભાવના - દેશી

પર શાસનમાંહી કહ્યું, રયણી ભોજન પાપ રે;
દોષ ઘણાં છે રે તેહમાં, ઈમ ભાખે હરિ આપ રે;
વેદ પુરાણની છાપ રે, પાંડવ પૂછે જવાબ રે, એતો
પાપનો વ્યાપાર રે, રયણી ભોજન પરિહારો. ૧
ભવ છન્નું લગે પારધી, જે તું પાપ કરેય રે;
તે એક સરોવર શોષતાં તે એકસો ભવ જોય રે;
એક દવ દીધે તે હોઈ રે, એહ સમ પાપ ન કોઈ રે. રયણી. ૨
એકસો આઠ ભવ દવ તણા, એક કુવાણિજ્ય કીધ રે;
એકસો ચુમાલીશ તે ભવે, કુડું આળ એક દીધ રે. રયણી. ૩
આલ એકાવન સો ભવે, એક પરનારીનું પાપ રે;
એકસો નવાણું ભવે તે હવે, એક નિશિ ભોજન પાપ રે;
તેહથી અધિક સંતાપ રે. રયણી. ૪
તે માટે નવિ કીજીયે, જિમ લહિયે સુખ સાર રે;
રયણી ભોજન સેવતો, નર ભવે પશુ અવતાર રે;
ચાર નરક તણાં દ્વાર રે, પ્રથમ તે એ નિરધાર રે. રયણી. ૫
તે ઉપરે ત્રણ મિત્રનો, ભાખ્યો એક દષ્ટાંત રે;
પડિકમણા સૂત્ર વૃત્તિમાં, તે સુણજો સવિ સંત રે;
જિમ ભાંજે તુમ ભ્રાંત રે, શિવ સુંદરી કેરાં કંત રે,
જિમ થાઓ ભવિ ગુણવંત રે. રયણી. ૬

ઢાળ ૩

સિદ્ધારથના રે નંદન વિનવું - દેશી

એક કુલ ગામે મિત્ર ત્રણ વસે, માંહો માંહી રે નેહ;
શ્રાવક ભદ્રકને મિથ્યામતિ, આપો આપ ગુણ ગેહ;
ભવિ નિશિ ભોજન વિરમણ વ્રત ધરો. ૧

જૈન આચરજ એક દિન આવીયા, વાંદીને સુણે વાણી;
શ્રાવક કુલથી ભાવ થકી ગ્રહે, અભક્ષ સકલ પચ્ચખાણ. ભાવિ૦ ૨

ભદ્રક નિશિ ભોજન વિરમણ કરે, સહજે આણી નેહ;
મિથ્યામતિ તે નવિ પ્રતિબુઝીયો, કુડ કદાગ્રહ તેહ. ભવિ૦ ૩

શ્રાવક ભદ્રક સંગતિથી થયો, સકલ કુટુંબ વ્રત વંત;
એક દિન રાજને યોગ તણે વશે, જમી ન શક્યા ગુણવંત. ભવિ૦ ૪

સંધ્યા સમે તે ઘરે આવીયા, બિહું ને કહે પરિવાર;
ભદ્રક નિશ્ચળ ભાવે નવિ જમ્યો, શ્રાવક જમ્યો તેણી વાર. ભવિ૦ ૫

યૂકાપાતે જલોદર તસ થયું, વ્રત ભંગે હુઓ પાત;
વ્યાધિ પીડયો મરીને તે થયો, ક્રૂર માંજારની જાત. ભવિ૦ ૬

શ્વાને ખાધો પ્રથમ નરકે ગયો, લહેતો નારક દુઃખ;
ભદ્રક નિયમ તણા પરભાવથી, સૌધર્મે સુર સુખ. ભવિ૦ ૭

મિથ્યાત્વી પણ નિશિભોજન થકી, વિષ મિશ્રિત થયું અન્ન;
અંગ સડી મરી મંજારો થયો, પ્રથમ નરકે ઉત્પન્ન ભવિ૦ ૮

શ્રાવક જીવ ચવીને અનુક્રમે, થયો નિર્ધન દ્વિજ પુત્ર;
શ્રીપુંજ નામે તસ લઘુ બાંધવો, મિથ્યાત્વી થયો તત્ર. ભવિ૦ ૯

શ્રીધર નામે બેઉ મોટા થયા, પાલે કુલ આચાર;
ભદ્રક સુર તવ જોઈ જ્ઞાનસ્યું, પ્રતિબોધ્યા તેણિવાર. ભવિ૦ ૧૦

જાતિ સ્મરણ પામ્યા બિહું જણા, નિયમ ધરે દઢરીત;
રયણી ભોજન ન કરે સર્વથા, કુટુંબ ધરે જ અપ્રીત. ભવિ૦ ૧૧

ઢાળ ૪

પ્રભુ તુજ શાસન અતિ ભલું – દેશી

ભોજન નાપે તેહને, પિતા માતા કરે રીસો રે;
ત્રણ્ય ઉપવાસ થયા તિસ્યે, જોયો નિયમ જગીશો રે. એક. ૧

એક મનાં વ્રત આદરો, જિમ હોય સૂર રખવાલા રે;
દુશ્મન દુષ્ટ દૂરે ટલે, હોયે મંગલમાળા રે. એક. ૨

ભદ્રક સુર સાનધ્ય કરે, કરવા પ્રગટ પ્રભાવ રે;
અકસ્માત નૃપ પેટમાં, શૂલ વ્યથા ઉપજાવે રે. એક. ૩
વિફ્લ થયા સવિ જ્યોતિષિ, મંત્રી પ્રમુખને ચિંતા રે;
હાહાકાર પુરમાં થયો, મંત્રવાદી નાગ દમંતા રે. એક. ૪
સૂરવાણી તેહવે સમે થઈ, ગગને ઘન ગાજી રે;
નિશિ ભોજન વ્રતનો ધણી, શ્રીપુંજ દ્વિજ દિન ભોજી રે. એક ૫.
તસ કર ફરસ થકી હોઈ, ભૂપતિ નીરૂજ અંગો રે;
પડહ વજાવી નગરમાં, તેડાવ્યો ધરી રંગો રે. એક. ૬
ભૂપતિ નિરોગી થયો, પંચસયાં ગામ દીધા રે;
તે મહિમાથી બહુ જણે, નિશિ ભોજન વ્રત લીધાં રે. એક. ૭
શ્રીપુંજ શ્રીધર અનુક્રમે, સૌધર્મે થયા દેવા રે;
રાજાદિક પ્રતિ બુઝીયા, ધર્મ કરે સય મેવા રે. એક. ૮
નર ભવ તે ત્રણે પામીયા, પાલી સંયમ સુધા રે;
શિવસુંદરીને તે વર્યા, થયા જગત પ્રસિદ્ધા રે. એક. ૯
ઈમ જાણી ભવિ પ્રાણીયા, નિશિ ભોજન વ્રત કીજે રે;
**શ્રી જ્ઞાનવિમલ ગુરુ નામથી, સુજસ સોભાગ લહીજે રે. એક. ૧૦.**

## વિગઈ નિવ્વિગઇ વિચારની સઝાય

શ્રુત અમરી સમરી શારદા સરસ વચન વર આપે મુદા,
વિગયતણાં નિવીયાતાં વિગતિ, પ્રવચન અનુસારે કહું તંત. ૧
આવશ્યક નિર્યુકતે કહ્યાં જે ગીતારથ પરંપરે લહ્યા,
ભેદ અનેક જે સમય પ્રમાણ સમઝીને કરીઈ પચ્ચખાણ. ૨
દૂધ – દહીં – ઘૃત – ગોળ ને તેલ, કઢાહ વિગય ષટનો ઈમ મેલ,
નિવીયાતાં તેહનાં મિલી ત્રીસ, પંચ પંચ એકેક લહીસ. ૩
ગો મહિષી અજ એલગ ઊંટડી, એ પણિ દૂધ વિગય પર(ડ) વડી,
વિના ઊંટડી ઘૃત દહીંચ્ચાર, દ્રવ્યપિંડ બિહું ગુડ ચિત્તધાર. ૪
સરિસવ અલસી તિલકાંબરી, તેલ ચાર એ વિગય ચિત્તધરી,
તેલ ઘૃત તળીયું પકવાન, બિહું ભેદે ઈમ એકવીસ જાણિ. ૫

હવિ એહનાં નિવિયાતાં કહું, પંચ દુધતણાં સદહું,
દ્રાખ સહિત પય સાડી કહી ૧ બહુતંદુલની ખીરજ લહી ૨. ૬
અલ્પ તંદુલની પેયા જાણિ ૩ લોટ મિશ્રિત અવલેહી ૪ પ્રમાણ
અંબિલ રસયોગે બલહટી, ફૈંદરિ દુદ્ધટ્ટી (દૂધ-દહીં) ઘૃત નટી ૫. ૭
સીઘોરો કરબો બહુ કૂર ૧ બદ્ધ દહીં શિખરણી ખાંડ પૂર ૨
સલવણ દધિકરમ વિત(થીત) જે ઘોલ ૩ વસ્ત્રે ગલિયું મથિત દધિ ઘોલ ૪. ૮
ઘોલ ઉકાલી ઘાલેવડા ૫ તેહને કહીઇ છે ઘોલવડાં
હવે ઘીનાં નિવીયાતાં જાણી, ત્રિણિ ઘાણેં તલીઉં પકવાન. ૯
નિબ્ભંજાણ તે ઘૃત ઓગળ્યું, એ પહિલું નીવીયાતું ધર્યું ૧
વિસ્યંદન તે ઘૃત નીતરી ૨ ખંડાદિકે જે મિશ્રિત કરી. ૧૦
ઘૃતસ્યું પચિઉં ઔષધ હોઈ, તેહ ઉપરલી તરી વલી જોઈ ૩
આમલ ખદિરાદિક ઘૃત જેહ ૪ ઘૃતનીચોયે કીટું તેહ. ૧૧
ખંડાદિક મિશ્રિત તિલવટી ૧ નીવીયાતી તે કાલ પ્રગટ
જો કેવલ તો બીજે દિને, નીવીયાતી કહીઇં તેહને. ૧૨
નિબ્ભંજાણ ત્રણ ઘાણ ઉતાર, તે નીવીયાતું તેલ વિચાર ૨
તિલ પકવ ઔષધ ઉપર તરી ૩ તેલ મલી જે હેઠલિ ધરી ૪. ૧૩
લાખેલ ચાંપેલ નેં ફુલેલ, પ્રમુખ નીવીયાતાં તેલનો મેલ ૫
ગુલ ધાણી ૧ ખાંડ ૨ સાકર આદિ ૩ કાકવ અર્ધ કઢ્યો રસ સ્વાદ ૪. ૧૪
ગોલ તણો જે કીજે પાક, ગુલ(ડ) નીવીયાતાનાં એ વાક ૫
પકવાન તણાં નીવીયાતાં પંચ, તવો પૂરી જે ઘૃતનો સંચ. ૧૫
તે ત્રણ ઘાણ પછૈ જે તલે, તે પકવાન નીવીયાતે મિલે ૧
તે ઘૃતનું ભાજન ચીગટ્યું, તેલ તણેં કીજે ગુલ લહિ ગટુ ૨. ૧૬
ગુલ ધાણીયાં પ્રમુખ જે કહ્યાં, તે પણ નિવીયાતામાં લહ્યા ૩
પોતું દેઈ પૂડા કરે, જે ચીગટયા તવામાં ધરે. ૧૭
જે ત્રણવાર તળ્યું પકવાન, તે પણ નીવીયાતામાં જાણિ ૫
પાણી ગુલ બેઉનાં કરી, ઉરણ આટો તેહમાં ધરી. ૧૮

ઇણીપરિ જે કીંજેં લાપસી, તે ત્રિધારી નીવીતીમાં વસી
આટો ગુલ સાથૈ સીઝવૈ, ઘી ઉકાળી પહિલાં ઠવેં. ૧૯

બિહું વિગઇં પાપડી તે દિને, નીવીયાતી તે બીજે દિને
પાપડ સાલેવા ને વડી, વિગય વિગરીજે તાવડ ચઢી. ૨૦

કડાહ વિગય(ન) કહો તેહને, ઇમ દલિયા કૂલરિ લહો મને
તિલ પાપડી માવાદિક જાણિ, ઇમ નીવિયાતા અનેક પ્રમાણ. ૨૧

બિહું વારે સેક્યું ને તળ્યું, તે ચૂરમું નીવિયાતે મિલ્યું
એ ઉત્કૃષ્ટ દ્રવ્ય સવિ લહયાં, ગુરુ મુખે શાસ્ત્ર થકી એ કહ્યાં. ૨૨

વિગય નિવ્વિગય તણો વિચાર, સમઝી લેવે જે વ્યવહાર
**ધીરવિમલ** પંડિત સુપસાય, કવિ **નયવિમલ** કહે સઝાય. ૨૩

## વીસ સ્થાનક તપની સઝાય

ગાથા ત્રિક : ૧

અરિહંત સિદ્ધ પવયણ ગુરુ-દેવ બહુસ્સુએ તવસ્સીસુ,
વચ્છલ્લયાય એસિં, અભિકખનાણોવઓગો ય ૧
દંસણવિણયે આવસ્સએ ય, સીલચ્ચએ નિરઈયારો,
ખણલવ તવચ્ચિયાએ, વેયાવચ્ચે સમાહીય ૨
અપુવ્વ નાણ ગહણે સુય ભત્તી પવયણે પભાવણયા,
એએસિં કારણેહિ, તિત્થયરત્તં લહઈ જીવો. ૩

દૂહા - ૨

અરિહંત પ્રથમ પદે લોગસ્સ ચોવીસ બાર. ૧
બીજે પદે સિદ્ધા, અડવન્ન પનર વિચાર. ૨
પવયણ પદે નવસગ, સુરિ પદે છત્તીસ. ૩-૪
થિવિરે દશ, વાચકે દ્વાદશ વળી પણવીસ.(૫-૬) ૧

ત્રુટક : ૩

તિમ ઈગવીસ અને સગવીસ, સાધુ પદે આરાધો. ૭
નાણપદે પણ, દંસણે સતસઠિ, વિનયપદે દસ સાધો,

ચારિત્ત પદે ષટ્ સત્તર કહીજે, બંભપદે નવ જાણો. (૧૧-૧૨)
કિરિયા તેર અને પણવીસા, બારસ તપે મનિ આણો. (૧૩-૧૪) ૨
ગોયમપદે સગ દસ, લોગસ્સ દશ જિન નામ (૧૫-૧૬)
ચારિત્ત પદે ઈગદશ, નાણે પણ અભિરામ, (૧૭-૧૮)
ઇય વળી પણ લોગસ્સ, સુત પદે કાઉસગ્ગો કીજે, (૧૯)
પણ લોગસ્સ વીસ, તીર્થ પદે પ્રણમીજે. (૨૦) ૩

ત્રુટક : ૪

તિમ કીજે દોય સહસ ગુણનસ્યુ (વીસ) સ્થાનક આરાધીજે,
વીસ વાર ઈમ વિધિસ્યું કરતાં, તીર્થંકર પદ લીજે,
નામ ફેર દીસે બહુ ગ્રંથે, પણ પરમારથ એક,
ઉભય ટંક આવશ્યક જયણા, કીજે ધરીય વિવેક. ૧
કાઉસ્સગનો વિધિ જે દાખ્યો, તપ આરાધન હેતે,
શાસ્ત્રમાંહિ નવિ દીસે તો, તોહી પરંપરા વિગતે,
ચોથે અથવા છઠ્ઠે થાનક, કરતાં લહીયે પાર,
**ધીરવિમલ** કવિ સેવક **નય** કહે, તપ શિવ સુખ દાતાર. ૨

## વૈરાગ્યની સઝાય

અંતરમાં ઊતારી લેજો, રે, કોણ છે કોનું ?

અંતરમાં ઊતારી લેજો રે કોણ છે કોનું ? મનમાં વિચારી લેજો રે કોણ છે કોનું ?
માતા કહે બેટો મારો અખંડ પ્રેમનો તારો, તારો તો ખરી પડનારો રે..કોનું. ૨
વીરો કહે બેની મારી રૂડી છે ગુલાબની વેણી, વેણી તો કાંટા ભરેલી રે..કોનું ૩
બેની કહે વીરો મારો અજોડ અમૂલ્ય હીરો, હીરો તો વિષનો ભરેલો રે..કોનું ૪
પતિ કહે મને મળીયો અખંડ પ્રેમનો દરીયો, દરીયો તો ખારો ભરીયો રે. કોનું ૫
માનો જેને સગાવ્હાલા લોઢા જેવા મને મળીયા, અંતકાળે થશે ભાલા રે. કોનું ૬
હજુ તારા હાથમાં બાજી કરી લે પ્રભુને રાજી, થાને તું તો તારો કાજી રે..કોનું ૭
નવકારની લ્યો હાથમાં માળા મૂકીદ્યોને ચેનચાળા સાચા સગા સાધર્મિ વ્હાલા રે, ૮
મહાવીરનું છે શાસન પ્યારું સંસારનું વ્હાલ ખારું **જ્ઞાનવિમલ** કહે સાચું રે. ૯

## વૈરાગ્યની સઝાય

તારું ધન રે જોબન ધૂળ થાશે, કંચન જેવી કાયા રોળાશે રાખમાં,
પેટ પીડાને કાયા કળતર, જીવતાં કેમ જોવાશે. કંચન જેવી ૧
કળ ઊપડશેને મુંઝારો થાશે, પછી કડવા ઔષધ કોણ પાશે,
વૈદ્ય તેડાવીને વૈદુ કરાવશે, તારી તે નાડીઓ ઝલાવશે. કંચન જેવી ૨
તુટી એની બુટી નહિ છે, તારા નાકની ડાંડી મરડશે,
દશ દરવાજા તારા બંધ થઈ જશે, ને અતિ આતુરતા થાશે. કંચન જેવી ૩
આંખ ફરકશે રે અકળામણ આવશે, જીભલડી તારી ઝલાશે,
જેના વિના એક દા'ડો (ઘડી)ન ચાલતું, તે તારી પ્રિયા રંડાશે. કંચન જેવી ૪
ભવો ભવના છેટા પડશે તમારે, તેના નામની ચૂડીઓ ભંગાશે,
સગા કુટુંબી મળી સળગાવી દેશે, પછી બહારના કાગળો લખાશે. કંચન જેવી ૫
દશ દા'ડા પછી સૂતક કાઢશે, માથું ને મુંછ મુંડાવશે,
સારી પેઠે એનું સૂતક કાઢ્યા પછી, બારમાની સુખડી ખાશે. કંચન જેવી ૬
દયાધર્મને ભક્તિ વિના તારું, રાજ્ય ને ધન ભેળાશે,
**જ્ઞાનવિમલ** કહે પ્રભુ ભજન વિણ, મોટા મોટા લુંટાશે. કંચન જેવી ૭

## વૈરાગ્યની સઝાય

કાતરીયા રે કાઢી નાખો, અરિહંત પદ મુખથી ભાંખો,
જે કોઈ કહે તેનું સાંખો રે. કાતરીયા ૧
તમે જૂઠડી નવી બોલો વાણી, સુખીયા થાશો સહુ પ્રાણી,
પંચ બોલે તે પ્રમાણી રે. ૨
તમે ખમીયા થઈને સહુ ખમજો, પ્રભુ તણા રંગમાં રમજો,
જપટી લઈ જાશે જમડો રે. ૩
તમે ખારિલા થઈને નવિ ખાંટો, કોઈ સાથે નવિ રાખો આંટો,
નડશે કપટતણો કાંટો રે ૪
એ ક્રોધ કષાયને દૂર કરીએ, ક્ષમા ખડ્ગ કરમાં ધરીએ,
શિવસુંદરી જટપટ વરીએ. કાતરીયા ૫

તમે માયા લોભને વિસારો, મિત્રતા સંતોષ દિલ ધારો,
વશીકરણ મહામંત્ર સારો રે. કાતરીયા ૬
તમે સમતા સરોવરીયે ઝીલો, કર્મ ખીલો કરજો ઢીલો,
શિવસુંદરી સહેજે મીલો રે. કાતરીયા ૭
પાંચ ચોર પચવીશ નારી, તમે મુખથી મૂકો વિસારી,
તો શિવગતિ થાશે તુમારી રે. કાતરીયા ૮
જ્ઞાનવિમલ ગુણના દરિયા, તપ સંયમ ગુણના ભરીયા,
શિવસુખ મારગ અનુસરીયા રે. કાતરીયા ૯

## વ્યવહાર ધર્મની સઝાય

શ્રી જિનવર દેવ ભવિહેતે, મુક્તિ તણો પંથ દાખે,
જ્ઞાન-દર્શન-ચારિત્ર્ય-તપ ચઉવિધ, એહથી શિવસુખ ચાખે રે,
આતમ ! અનુભવ ચિત્તમાં ધારો, જિમભવ ભમણ નિવારો રે. આતમ૦ ૧
જ્ઞાન થકી સવિ ભાવ જણાયે, દર્શને તાસ પ્રતીતિ,
ચારિત્ર આવતે આશ્રવ રૂંધે, પૂર્વ શોષ તપ નીતિ રે. આતમ૦ ૨
દર્શન - જ્ઞાન બેહુ સહચારી, ચારિત્ર તસ ફળ કહીયે
નિરાશંસ તપ કર્મ ખપાવે, તો આતમ ગુણ લહીયે રે. આતમ૦ ૩
તે ચારિત્ર નિશ્ચયથી નિજ ગુણ, સમિતિ - ગુપ્તિ વ્યવહારે
જ્ઞાન - ક્રિયા સમ્મત ફલ કહીયે, ચારિત્રનો નિર્ધાર રે. આતમ૦ ૪
તે વ્યવહાર કહ્યો પંચ ભેદે, પંચમ અંગ મઝાર
પ્રથમ આગમ ૧ શ્રુતને ૨ વળી આણા ૩ ધારણા ૪ જીત ૫ વિચાર રે. આતમ૦ ૫
કેવલી ૧ મહાપજ્જવ ૨ ને ઓહિ ૩ ચૌદપૂર્વ ૪ દશપૂર્વ ૫
નવપૂર્વી લગે ૬ ષટવિધ આગમવ્યવહારી હોઈ સર્વ રે. આતમ૦ ૬
શેષપૂર્વ આચાર પ્રકલ્પહ, છેદાદિક સવિ જાણો
સાત વ્યવહાર કહીજે બીજે, અતિશય વિણુ જે નાણ રે. આતમ૦ ૭
દેશાંતર સ્થિત બેહુ ગીતારથ, જ્ઞાન - ચરણ ગુણે વિલગા,
કોઈ કારણથી મીલન ન હોવે, તિણે હેતે કરી અલગા રે. આતમ૦ ૮

પ્રશ્ન સકલ પૂછવા કાજે, ગુણી મુનિ પાસે મૂકે,
તેહ ગ્રહીને ઉત્તર ભાસે, પણ આશય નવિ ઢુકે રે. આતમ૦ ૯
તેહની આણા તહત્તિ કરીને, જેહ નિઃશંક પ્રમાણી
જિમ તૃષિત સર નદીય ન પામે, પણ તસ જલે તૃષા હાણી રે. આતમ૦ ૧૦
તે આણા વ્યવહાર કહીજે, ત્રીજો પણ બેહુ સરિખો,
ગૂઢ આલોચનાપદ જે ભાખ્યા, તે પ્રાયશ્ચિત્તે પરિખો રે. આતમ૦ ૧૧
જીત વ્યવહાર સુણો હવે પંચમ, દ્રવ્ય – ક્ષેત્ર – કાલ – ભાવ,
પુરુષ સહાસને પડિસેવા, ગાઢ – અષાઢ હેતુ દાવ રે. આતમ૦ ૧૨
ઇત્યાદિક બહુ જાણે ગીતારથ, તેણે જે શુભ આચરીયો,
આગમમાં પણ જે ન નિષેધ્યું, અવિધિ અશુદ્ધ નવિ ધરીયો રે. આતમ૦ ૧૩
પૂર્વચાર વ્યવહાર ન બાંધે, સાધે ચારિત્ર યોગ,
પાપ ભીરુ પંચાંગી સમ્મત, સંપ્રદાયી ગુરુ લોગ રે. આતમ૦ ૧૪
ગચ્છગત અનુયોગી ગુરુ સેવી, અનિયત વાસી આઉત્ત,
એ પણ ગુણ સંયમનો ધારી, તેહજ જીત પવિત્ત રે. આતમ૦ ૧૫
પાસત્થો ઓસન્ન કુશીલો, સંસત્તો અહા છંદો,
પંચ દોષને દૂરે ન કરે, અને મુનિપણું દાખે મંદ રે. આતમ૦ ૧૬
ગુણહીણો ને ગુણાધિક સરિખો, થાયે જે અન્નાણી,
દર્શન અસારતો ચરણ કિહાંથી, ધર્મદાસ ગણિ વાણી રે. આતમ૦ ૧૭
ગુણપક્ષીને ગુણનો રાગી, શક્તિ વિધિ ઉજમાલ,
શ્રદ્ધા જ્ઞાન કથે ને કરણી, તે મુનિ વંદુ ત્રિકાલ રે. આતમ૦ ૧૮
વિષમકાળમાંહે પણ એ ગુણ, પરખી જે મુનિ વંદે,
પ્રવચનને અનુસારિણી કિરિયા, કરતો ભવભય છેદે રે. આતમ૦ ૧૯
એહ શુદ્ધ વ્યવહાર તણે બળી, શાસન જિનનું દીપે,
સંપ્રતિ દુપ્પસહ સૂરિ લગે એ, કુમતિ કદાગ્રહ જીપે રે. આતમ૦ ૨૦
ઇણે વ્યવહારે જે વ્યવહરસ્યે, સંયમનો ખપ કરશ્યે,
**જ્ઞાનવિમલ** ગુરુને અનુસરસ્યે, ભવસિંધુ તે તરશ્યે રે. આતમ૦ ૨૧

# શ્રાવકના એકવીસ ગુણોની સઝાય

પ્રણમી શ્રુતદેવી શારદા, સરસ વચન વર આપે મુદા,
શ્રાવક ગુણ બોલું એકવીસ, ચિત્તમાં અવધારો નિશદિશ. ૧

પહિલો ગણ અક્ષુદ્રજ કહ્યો, સરસ સ્વભાવી વયણે લહ્યો,
રૂપવંત બીજો ગુણ ભલો, સૌમ્ય પ્રકૃતિ ત્રીજો નિર્મલો. ૨

લોકપ્રિય ચોથો ગુણ શંકા, મિથ્યા વચન ન બોલે કદા,
ક્રુરદષ્ટિ ન કરે કોઈસ્યું, એ પંચમ ગુણ બોલે ઈસ્યું. ૩

પાપ થકી ભય પામે ઘણું, છઠ્ઠો ગુણ વિણ જે નિરમલું,
મનિ ન ધરે ધીઠ્ઠાઈ પણું, એ સત્તમ ગુણ ઋજુતાપણું. ૪

ગુણ અવગુણ જાણે ધરી નેહ, દાક્ષિણ્ય ગુણ અઠ્ઠમ કહ્યો એહ
લજ્જાળુ નવમો ગુણ ભણું, કાર્ય અકાર્ય વિચારે ઘણું. ૫

સર્વ કામે યતના પરિણામ, દયાવંત દશમો અભિરામ,
એદાદશમો કહ્યો મધ્યસ્થ, સાધુ-અસાધુ દેખીને સ્વસ્થ. ૬

ગુણવંત દેખી આણે પ્રીતિ, એ બારમો ગુણ પરતીતિ,
સૌમ્યદૃષ્ટિ ગુણ કહ્યો તેરમો, પરહિતકારી ગુણ ચૌદમો. ૭

કીધો ગુણ જાણે વળી જેહ, પનરસમો ગુણ બોલ્યો એહ,
વૃદ્ધ આચાર ભલો ચિત્ત ધરે, સોલસમો ગુણ અંગે કરે. ૮

પક્ષપાત કરે ધર્મનો ગુણ, સત્તરમો એ શુભમનો સુણ,
સત્કથ અઢારસમો ગુણ જાણ, વાદ વિવાદ કરે નહિ તાણ. ૯

તત્ત્વા તત્ત્વ વિચારે જેહ, દીર્ઘદષ્ટિ ઓગણીસ ગુણ એહ,
વિશેષજ્ઞ ગુણ કહ્યો વીસમો, વિનયવંત સહુને મન રમ્યો. ૧૦

લબ્ધ લક્ષ ડહાપણનો ગેહ, એકવીસ ગુણ ઈમ બોલ્યા જેહ,
એહવો શ્રાવક જે સાવધાન, ધર્મરયણનો તેહુ નિધાન. ૧૧

નવે તત્ત્વ જાણે નિર્મલા, વાવે વિત્ત સુપાત્રે ભલા,
કરણી ધર્મતણી જે કરે, શ્રાવક નામ ખરું તે ધરે. ૧૨

સુવિહિત ગીતારથથી સાંભળો, ધરી વિવેક પાપથી ટળે,
કરે પુણ્યને ભવ સંવરે, શ્રાવક નામ ખરું તે ધરે. ૧૩

પૂર્વ બદ્ધ અશુભ પાચવે, ત્રિણ્યે વર્ગ વળી સાચવે,
અર્જે પુણ્યને વર્જે પાપ, શ્રાવક ગુણની એહવી છાપ. ૧૪

એહવા ગુણ જે અંગે ધરે, તે નિશ્ચય ભવસાયર તરે,
ધીરવિમલ પંડિતનો શીસ, કવિ નયવિમલ કહે નિશદિશ. ૧૫

## સત્સંગની સઝાય

સત્સંગનો રસ ચાખ, પ્રાણી તું તો સત્સંગનો રસ ચાખ.
પ્રથમ લાગે તીખો ને કડવો, અંતે આંબા કેરી સાખ. પ્રા. ૧
મેડીને મંદિર માલ ખજાના, પડ્યા રહેશે ઘરબાર. પ્રા. ૨
આ રે કાયાનો ગર્વ ન કરશો, અંતે થવાની છે રાખ. પ્રા. ૩
જુગતિ જોઈને રાચ મા જરીયે, ખોટો બધો છે આ ખેલ. પ્રા. ૪
ચાર ગતિમાં જીવ તું ભમીયો, પંચમી ગતિ સંભાળ. પ્રા. ૫
તન ધન જોબન તે નથી તારા, અંતે માટીમાં મીલનાર. પ્રા. ૬
મારું મારું કરી દાન ન દીધું, સાથે આવે ના તલભાર. પ્રા. ૭
રાય પ્રદેશી રાજ્યમાં ખુંત્યો, ગુરુ સંગત જુવો સાર. પ્રા. ૮
ગુરુ ઉપદેશથી રાય પ્રદેશી, પામશે મોક્ષ દુવાર. પ્રા. ૯
શ્રેણિક રાજા સમકિત પામ્યા, ગુરુ અનાથી મુનિરાય પ્રા. ૧૦.
દાસનો દાસ તું તો જીવ અભાગીયો, જ્ઞાનવિમલ ધરો ધ્યાન. પ્રા. ૧૧

## સબલ દોષ ૨૧ (ચારિત્ર મલિનતા)ની સઝાય

કહું હવે સબલની વારતા જે એકવીસ ભણીયા રે
ચોથે અંગે આવશ્યકે ગુરુમુખથી મેં સુણીયા રે..ચારિત્રસૂધું ચિત્ત ધરો. ૧

સબલ તે ચારિત્ર મલિનતા, અનિયતિક્રમ અતિચારે રે
કુટુંબને આરાધક કહ્યાં, વિરાધક અનાચારે રે. ચારિત્ર૦ ૨

ઉદર ગુણની મલિનતા, તિહાં લગે ચરણનું સબલ રે
તવગુણે ઘાતિજીકે ચરણ તે, જિમ હીમઈ કમલ રે. ચારિત્ર૦ ૩

કર મુખ અંગ કુશીલતા, હસ્ત કર્મનો કારી રે
દિવ્ય ઔદારિક ભેદથી, મૈથુન સેવન ચારી રે. ચારિત્ર૦ ૪

દિવસે ગ્રહ્યું દિવસે જીમ્યું, ઈત્યાદિક ચઉભંગી રે
સન્નિધિ પ્રમુખના ભોગથી, રયણી ભોજન સંગી રે. ચારિત્ર૦ ૫

અથવા દિનરયણીયે કર્યું, ઈત્યાદિક ચઉભંગી રે.
પ્રથમ વિના જે આહારે, તે પણ સબલનો લિંગી રે. ચારિત્ર૦ ૬

ઇણિપેરે આધા કર્મનો ૪ રાજ્યપિંડ કૃત પિંડ ૬ રે
પામિચ્ચ પાલટી આપવું ૭ આ છેધ ઉલાલી લીયે ચંડ રે ચારિત્ર૦ ૭

સન્મુખ આણ્યું અવ્યાકૃત ૯ એહવા પિંડને ઈચ્છે રે
વારંવાર પચ્ચખી જિમે ૧૦ ગણથી ગણી તરી ગચ્છે રે ૧૧. ચારિત્ર૦ ૮

પાસ ષટ્કમાંહિ તે કરે, ત્રણ દગ લેપ એક માસે રે
જલ થલ પદ જલ જિહાં હુઈ (વે) તે દગ લેપ વિભાસે રે. ચારિત્ર૦ ૯

જંઘા અર્ધી જલે સંઘટો, નાભિ લગે જલ લેપ રે
તેહથી અધિક લેપોપરિ, તેહથી હોયે વ્રત લોપ રે ૧૨. ચારિત્ર૦ ૧૦

માત્ર સ્થાનક સેવતો, માસમાંહિ ત્રિણ્ય મિત્ત રે ૧૩
આ કુટ્ટી કરી સેવતો, હિંસાલીક અદત્ત રે ૧૬. ચારિત્ર૦ ૧૧

સચિત્ત સબીજ જે ભૂમિકા, તિહાં સ્થાનાદિક કરતો રે ૧૭
કંદમૂલ બીજ ભુંજતો ૧૮ દશ દગ લેપ વરસ્યે કરતો રે ૧૯. ચારિત્ર૦ ૧૨

ત્રાયા સ્થાનક વરસમાં, સેવે જે દસ બાર રે ૨૦
સચિત્ત દગે ભોજનાદિકે, દેતે લીયે આહાર રે ૨૧. ચારિત્ર૦ ૧૩

એ એકવીસ કહ્યા નામથી, ચરણ મલિનતા ઠામે રે
એહ સબલ ટાળે જીકે, જે મુનિ શુદ્ધ પરિણામે રે. ચારિત્ર૦ ૧૪

એહમાં બહિવિધિ નીપજે, આશયભેદે સબળા રે
જ્ઞાનવિમલ ગુરુથી લહો, ચરણ કલા વિધુ વિમળા રે. ચારિત્ર૦ ૧૫

# સમક્તિની સઝ્ઝાય

(૧)

જબ લગે સમકિત રત્નકું, પાયા નહિ પ્રાણી
તબ લગે નિજ ગુણ નવિ વધે, તરુવિણ જિમ પાણી... જબલગે. ૧
તપ સંયમ કિરિયા કરો, ચિત્ત રાખો ઠામ
દર્શનવિણ નિષ્ફલ હોયે, જિમ વ્યોમે ચિત્રામ... જબલગે. ૨
સમકિત વિરહિત જીવને, શિવસુખ હોયે કેમ ?
વિણ હેતુ કાર્ય ન નીપજે, મૃદ વિણ ઘટ જેમ... જબલગે. ૩
પરંપરા કારણ મોક્ષકો, એ છે સમકિત મૂલ
શ્રેણિક પ્રમુખ તણી પરે, હોય સિદ્ધિ અનુકૂલ... જબગલે. ૪
ચાર અનંતાનુબંધીયા, ત્રિક દર્શન મોહ
જ્ઞાન કહે જે ક્ષય કરે, વંદુ તે જિતકોહ... જબલગે. ૫

(૨)

સુણ સુણ રે પ્રાણી ! કર સમકિતસ્યું નેહ,
જિનવર ઈમ બોલે, શિવસુખ કારણ એહ,
સમકિત રસ હુ ભાખે ન લહે મર્મ,
સમકિત વિણ ઓળખે લાગે નહિ, સવિ ધર્મ ૧

જેહના ઘટ માંહિ પોઢ્યા પંચ મિથ્યાત્વ,
તે કિણ પરિજાણઈ શુદ્ધ સમકિતની વાત,
જે તત્ત્વ અતત્ત્વહ જાણે નવિ જે મૂઢ,
મદ – મચ્છર ભરિયા કૂડ – કદાગ્રહ ગૂઢ. ૨

પરિયાગત ચાલ્યો આવે – શુદ્ધ-અશુદ્ધ,
તે ધર્મ જ સાચો નહિ પરમારથ બુદ્ધિ,
અભિગ્રાહિક નામઈ પ્રથમ મિથ્યાત કહીજે,
તે દૂરિ કરીનઈ સમકિત સંગ લહીજૈ, ૩

વલી શિવ જિનવરના ધર્મભલા સહુ કોઈ,
તે બીજું મિથ્યા અનભિગ્રાહિક હોઈ,

સામાયિક પોષહ પડિક્રમણાં પચ્ચખાણ,
ફ્લ તેહનાં નિસુણી સંશય કરઈ અનાણ ૪

ઈમ સંશય આણી કરે કહાપણની વાત,
તે સંશયનામિ ત્રીજું જાણ મિથ્યાત,
ખોટું જાણીનઇ થાપે નિજ અભિમાન,
તે ચોથું મિથ્યા અભિનિવેશિક નામિ. ૫

અજ્ઞાનપણઈ જે ધર્માધર્મ નવિ જાણઈ,
અવિરતિવા પોષઈ એકેંદ્રિયાદિકખાણ,
અનાભોગિક નામઈ કહીયૈ પંચ ભેદઈ,
પંચ મિથ્યા નવિ પામેં નિર્વેદ. ૬

વલી ત્રીજે અંગઈ દશમે ઠાણે જેહ,
બોલ્યા દશ મિથ્યા મોટા નિસુણો તેહ,
શમ સંયમ ધર્મ જે તેહને કહે અધર્મ,
યાગાદિ ધર્મ નઈ જાણઈ સાચો ધર્મ. ૭

આચારના પાલન સાધુને જાણે અસાધુ,
જે લિંગી કુદષ્ટિ અસંયતને કહે સાધુ,
જિન મારગ સાચો તે જાણે ઉન્માર્ગ,
વિપરીત મારગનઈ જાણઈ સાચો માર્ગ. ૮

પુઢવાદિક જીવને જાણે (અ) જીવ,
જે કર્મરહિત જિન તેહને કહે અદેવ,
રાગાદિકેરાતા હરિહરને કહે દેવ. ૯

દશ ભેદે બોલ્યા એ મિથ્યાત પડૂર,
તે ઘટ માંહોમાંહિ હોતઈ દૂર સમકિત સૂર,
વલી લૌકિક દેવગત ગુરુગત હોઈ,
તિમ લૌકિક પરવગત લોકોત્તરત્રિક હોઈ. ૧૦

હરિહર બંભાદિક માને લૌકિક દેવ,
દ્વિજ તાપસ પ્રમુખા લૌકિક ગુરુને સેવઈ,

વલી લૌકિક પરવગત માંહિ હોળી બળેવ,
એ લૌકિકત્રિકની ટાલી જઈ મનિટેવ ૧૧

ઈહલોકે સંસારાદિક હેતઈ જિનમાને,
લોકોત્તર દેવગત કહીઈ તસ અભિધાન,
શુદ્ધ મુનિને આપે માન યશ હેત,
લોકોત્તર ગુરુગત તેહનો એ સંકેત. ૧૨

પૂજા પડિકમણાં તપ પ્રમુખ કરઈ જેહ,
ઇંદ્રિય સુખહેતેં લોકોત્તરપર્વ તેહ,
એહનો બહુ દાસે પ્રાત(દીસે પ્રીત) જનમ વ્યાપઈ,
તે મિથ્યા ટાલી કીજી સમકિત થાપઈ. ૧૩

છ ભેદ વલીએ મિથ્યા મતના જેહ,
દૂરિપરિહરયો સમકિત તેહ,
જિનમત ઉત્થાપઈ થાપઈ નિજમતિધર્મ,
તે મિથ્યાદષ્ટિ કહીઇ ભારે કર્મ. ૧૪

પદ અક્ષરકાનો જિનમતિથી વિપરીત,
જે બોલે મતિસ્યું તે તો મદિરા પીત,
જિનભક્તિ ઉત્થાપઈ દયા દેખાડી,
મૂલ તે મિથ્યાદષ્ટિ વચનના પ્રતિકૂલ. ૧૫

ધર્મોપગરણવલી યોગ અને ઉપધાન,
જિનપ્રતિમા મુનિવર યોગજનિત જે કામ,
ઈત્યાદિક બોલ જે શાસ્ત્ર થકી કહેવાય,
તેહનઈ કિમ નમીઈ જે હોય હીયડઈ સાન. ૧૬

સિદ્ધાંતઈ બોલ્યા ત્રિણસમકિત અહિઠાણ,
શુદ્ધમુનિ શુદ્ધશ્રાવક સંવેગપક્ષી જાણ,
બીજા સવિ મિથ્યાદષ્ટિ લિંગકુલિંગ,
જે સમકિત ચાહે તે ન કરે તસ સંગ. ૧૭

જિન આગમે બોલ્યા કાલ, સ્વભાવને કર્મ
ઉદ્યમ તિમ ભાવી પાંચઈ એહ સમર્થ,
એ પાંચઈ, માને તે નર સમકિતવંત,
એકાંતે માને તે મિથ્યાત ઝખંત. ૧૮

ઉદ્યમ ઉત્થાપઈ નિશ્ચયવાદ,
ઉદયાદિક કારણ કહી સેવે પરમાદ,
તેહનેપણિ જિનમતિ નહીં નહીં મત સ્યાદ્વાદ્
છતી શક્તિ વિયોગો પમાડે નયનો વાદ. ૧૯

સિદ્ધાંત વિરૂપી જે કરે થાપ ઉત્થાપઈ
તે દાસી બાલક જઈ કેહને કહેવાએ,
મૃતજનની ધાવ્યે બાલક ન લહૈ ખીર તિમ
તેહને ધર્મઈ નવિ પામે ભવતીર. ૨૦

જિમ મોદક બાધઈ ધૂલિતણી લઘુબાલ,
જિમ બીજો મોદક ઘૃતખંડાદિ રસાલ,
જિમ થોહરિ અક્કહ ગોમહિષીનું ખીર,
તિમ નામઈ ધર્મહપણિ પરિણામે ફેર. ૨૧

નિર્યુક્તિને ચૂર્ણિ ટીકા ભાષ્યનઈ સૂત્ર,
પંચાંગી માનઈ સદ્ગુરુ ચરણ પવિત્ર,
ગીતારથ ભાખ્યો સમકિત મૂલ જે ધર્મ,
તેહનઇ આદરતાં છૂટીજે સવિકર્મ. ૨૨

જિમ બીજ વિહૂણો વાધઈ વૃક્ષ ન કોઈ,
જિમ મીંડાં લેખૈ આંક વિના નવિ હોઈ,
જિમ જનક વિહૂણો કહે પુત્ર નવિ કોઈ,
જિમ દિનકર પાખે દિવસ લહે નવિ જોઈ. ૨૩

તિમ સમકિત પાખે શિવસુખ લહૈ ન કોઈ,
ગીતારથ ભાખ્યો અર્થ અનોપમ સોઈ,

(ધી)કવિ **વિનયવિમલ**નો ધણી(વી)ર વિમલ કવિરાય
તસ સેવક **નય** કહે સમકિત મોક્ષ ઉપાય. ૨૪

## સમતા સુંદરીની સઝાય

સમતા સુંદરી રે આણો ચતુર સુજાણ, પ્રીતડી મેં કરી રે જિણપરે કોકને ભાણ,
મમતા વાનરી રે નવિ પેસે ઘટમાંહિ, તૃષ્ણા પામરી રે ન રહે તસ મનમાંહિ,

જિનવર ગણધર ને વળી મુનિવર, તેહને તું ઘણી (ણું) વાહલી (રે),
તેહને સંગે તું પણ દીસે (દિપે), સવિ ગુણમાંહિ પહેલી... સમતા૦ ૨

સહુસ્યું એક રસે થઈ મિલતી, સતીયાં માંહી વડેરી (રે)
ત્રિભુવનમાંહિ તારી ઉપમા, નાવે કોઈ અનેરી... સમતા૦ ૩

તેહી જ જગમાં પ્રગટ પ્રભાવી, તેહ નજરે તેં જોયા (રે)
તુમ્હ વિણ બાળા ભોળી તરૂણી, તેણે યુંહી ભવ ખોયા... સમતા૦ ૪

સજ્જન જનના સકલ મનોરથ, તુમચી સહાય્યે સીધા (રે),
નિગુણા પણ વળી એક પલકમેં, જગત્યપૂજ્ય તેં કીધા... સમતા૦ ૫

**જ્ઞાનવિમલ** પ્રભુની પટરાણી, સઘળે આગમે જાણી (રે)
સહજ સમાધિ વશે ગુણે આણી, જ્ઞાનચરિત્ર ગુણ ખાણી... સમતા૦ ૬

## સાત વ્યસન નિવારક સઝાય

વાર તું વારતું વ્યસન સપ્તકમિંદ, જીવ ! તું જોય મનમાં વિચારી
દ્યૂત માંસ સુરા વાર વનિતા વળી, ચોરી મૃગયા પરકીય નારી... વાર૦ ૧

રૂપવંતી બહુ ગુણયુતા કુલવતી, સુતવતી નિજપતિપ્રેમે લીધી,
એહવા(એક જ) દ્યૂતના વ્યસનથી, નિજવશા પરવશા તો, નલરાયે કીધી. વાર૦ ૨

માંસના વ્યસનથી વનમાંહિ હરિણલી, બાણે વેધી પરાક્રમ વખાણે,
શ્રેણીક નરપતિ શ્રમણપતિ ભક્તિયુત, નરકે ગયો તે સહુ લોક જાણે... વાર૦ ૩

દ્વારિકા દ્વારિકા સ્વર્ગ નગરી તણી, વાસિતા યાદવાપતિ મુરારી,
વિસ્તૃતા બાર યોજન ધને પૂરિતા ચૂરિતા, તેહ દ્વૈપાયનારી
એ સુરાપાનનો જુઓ વિકાર... વાર૦ ૪

નયર વસંત વસંત બંધવ સમો, વસતિ ધમ્મિલ જસ દ્રવિણ કોડી,
સકલ નિજ ગેહ સુખ છોડી વેશ્યા તણી, સંગતે પામીયો દુઃખ ક્રોડી... વાર૦ ૫

ચોરીકા વ્યસનથી દુઃખ દુર્ગતિ તણાં, ભાજના તેજના ભવનમાંહિ,
ચોર મંડુક હરિચિત્રક પ્રમુખને, રાજ્ય દંડાદિ દુઃખ નરક પ્રાહિ... વાર૦ ૬

દુઃખનું ઘર થયો જેહ મૃગયા થકી, રાઘવો વનમાંહિ મેલી સીતા,
હરણને મારવા નિજવશા હારવા, લંપટી રાવણે લીધી સીતા નિજનયરી નીતા, ૭

વાસુ દેવાર્ધ સમ ઋદ્ધિ સેના યુતો, જાસ મહીમાંહિ મહિમા વિરાજે,
પ્રબલ લંકાધિનાથો પરસ્ત્રી થકી, નારકી તત્ર અદ્યાપિ ગાજે. વાર૦ ૮

એમ અનેકો થયા એક જ વ્યસનથી, દુઃખી થયા તે કહેવાય કે'તું,
જેહને સાત વ્યસન હોય મોકળા, તે લહે દુઃખ વળી મેરૂ જે'તું... વાર૦ ૯

એમ જાણી કરી વ્યસનને વારીયે, ધારીયે ધર્મવર ધરિય નેહા,
સંયમે ધીર ગુરુ ચરણ આરાધીયે નય કહે જિમ લહો સુખ સમૂહા... વાર૦ ૧૦

## સામાયિકના ૩૨ દોષની સઝાય

સંયમ ધર સુગુરુ પાય નમી, જેહને જીવદયા ચિત્ત રમી,
દોષ બત્રીસ ટાળીને કરો, સામાયિક જિમ ભવજલ તરો... ૧
ધુરિ મનના દશદોષ નિવારી, પ્રથમ અવિધિ અવિવેક પ્રચારી ૧
અર્થ વિચાર ન જાણે કાંઈ ૨ ભય લૌકિક આણે મનમાંહિ ૩... ૨
જસ વંછે ૪ કરે લક્ષ્મી આસ ૫ ફળી સંશય નાણે વિશ્વાસ ૬
રાખે રોષ ૭ વિનય નવિ કરે ૮ કરે નિયાણું ૯ ઉદ્વેગજ ધરે ૧૦... ૩
સુણો વચનના હવે દશ દોષ, તે વારિ કરો સમકિત પોષ
બાળ હુલાવે ૧ જિમતિમ લવે ૨ વિકથાવાદ(ત)૩ કલહ જગવે ૪... ૪
કુવચન બોલે ૫ દ્યે રે કાર ૬ નિંદે ધર્મ ૭ હસે બહુવાર ૮
સાવદ્ય કામની આજ્ઞા દિયે ૯ આશાતનાદિકથી નવિ બીયે ૧૦... ૫
બાર દોષ કાયાના સુણો, સાવદ્ય કામ કરે ઘરતણો ૧
અથિરાસણ ૨ ચલ નયણેં જોય ૩ દિયે ઓઠિંગણ ભીંતે પાટે સોય ૪... ૬

ખણે ખાજ ૫ મોડે કરડકા ૬ કરે ઉંઘતણાં સરડકા ૭
વાળે પલોંઠી ૮ મલ પરિહરે ૯ વીસામણી ઉપરે મન ધરે ૧૦... ૭
અંગોપાંગ ઉઘાડાં કરે ૧૧ અથવા તનુ વસ્ત્રે સંવરે ૧૨
બાહ્ય દોષ ટાળે બત્રીસ, અંતર ન ધરે રાગ ને રીસ... ૮
યોગ તણા સંગ્રહ બત્રીસ, અંગે ધરી લહે શિવ સુજગીશ
સમતાયે સામાયિક કહ્યું, કેસરી ચોરે કેવલ લહ્યું... ૯
સામાયિકથી લાભ અગાધ, દર્શન – જ્ઞાન – ચારિત્ર નિરાબાધ
બાહ્ય અભ્યંતર દુશ્મન દૂર, **જ્ઞાનવિમલ** ગુણ વાધે નૂર... ૧૦

## સિદ્ધ સ્વરૂપની સઝાય

ગૌતમ સ્વામી પૃચ્છા કરે, વિનય કરી શીશ નમાય હો. પ્રભુજી
અવિચલ સ્થાનક મેં સુણ્યું, કૃપા કરી મોય બતાય, પ્રભુજી ૧
શિવપુર નગર સોહામણું. પ્રભુજી
અષ્ટકર્મ અળગા કરી, સાર્યાં આતમ તામ, પ્રભુજી ૨
છૂટ્યા સંસારના દુઃખ થકી, તેને રહેવાનું કિહાં ઠામ...શિવપુર
હર કહે ઉર્ધ્વલોકમાં, સિદ્ધશિલા તણું ઠામ, હો ગૌતમ
સ્વર્ગ છવ્વીસની ઉપરે, તેહનાં છે બારે નામ. પ્રભુજી શિવપુર ૩
લાખ પિસ્તાલીસ યોજના, લાંબી પહોળી જાણ, પ્રભુજી
આઠ યોજન જાડી વચ્ચે, છેડે માખી પાંખ જ્યું જાણ પ્રભુજી શિવપુર ૪
ઉજવલ હાર મોતી તણો, ગોદુગ્ધ શંખ વખાણ, પ્રભુજી
હે થકી ઉજળી અતિઘણી, ઉલટ છત્ર સંઠાણ..પ્રભુજી શિવપુર ૫
અર્જુન સ્વર્ણ સમ દીપતી, ગઠારી મઠારી જાણ, પ્રભુજી
સ્ફટિક રત્ન થકી નિર્મળી, સુંવાળી અત્યંત વખાણ...પ્રભુજી શિવપુર ૬
સિદ્ધશીલા ઓળંગી ગયા, અધર રહ્યા સિદ્ધરાજ, પ્રભુજી
અલોકશું જાઈ અડ્યા, સાર્યાં આતમકાજ..પ્રભુજી શિવપુર ૭
જન્મ નહિ મરણ નહિ નહિ જરા નહિ રોગ, પ્રભુજી
વેરી નહિ મિત્ર નહિ નહિ સંજોગ વિજોગ...પ્રભુજી શિવપુર ૮

ભૂખ નહિ તૃષા નહિ નહિ હર્ષ નહિ શોક, પ્રભુજી
કર્મ નહિ કાયા નહિ નહિ વિષયારસ યોગ...પ્રભુજી શિવપુર ૯
શબ્દ રૂપ રસ ગંધ નહિ નહિ ફરસ નહિ વેદ, પ્રભુજી
બોલે નહિ ચાલે નહિ મૌનપણું નહિ ખેદ...પ્રભુજી શિવપુર ૧૦
ગામનગર તિમાં કોઈ નહિ નહિ વસ્તી ન ઉજાડ, પ્રભુજી
કાળ – સુકાળ વર્તે નહિ રાતદિવસ તિથિવાર...પ્રભુજી શિવપુર ૧૧
રાજા નહિ પ્રજા નહિ નહિ ઠાકુર નહિ દાસ, પ્રભુજી
મુક્તિમાં ગુરુ ચેલો નહિ, નહિ લઘુવડાઈ તાસ.. પ્રભુજી શિવપુર ૧૨
અનંત સુખમાં ઝીલી રહ્યા, અરૂપી જ્યોતપ્રકાશ, પ્રભુજી
સહુ કોઈને સુખ સારિખા, સઘળાને અવિચલ વાસ...પ્રભુજી શિવપુર ૧૩
અનંતા સિદ્ધ મુગતે ગયા, વળી અનંતા જાય, પ્રભુજી
અવર જગ્યા રૂંધે નહિ, જ્યોતમાં જ્યોત સમાય...પ્રભુજી શિવપુર ૧૪
કેવલજ્ઞાન સહિત છે કેવલદર્શન ખાસ હો ગૌતમ
ક્ષાયિક સમકિત દીપતું, કદીય ન હોવે ઉદાસ..હો ગૌતમ
સિદ્ધસ્વરૂપ જે ઓળખે, આણી મન વૈરાગ હો ગૌતમ
શિવસુંદરી વેગે વરે, નય કહે સુખ અથાગ..હો, ગૌતમ

## સૌધર્મ સ્વામીની જંબૂસ્વામીને હિતશિક્ષાની સજ્ઝાય

નિજ વાહનથી ઊતરી આવે સદ્ગુરુ પાસ,
વંદન વિધિસ્યું સાચવી, બેઠા મન ઉલ્લાસ... ૧
દ્રવ્ય ભાવ બિહું ભેદસ્યું, વંદે જિનવર દેવ,
ભૂષણ ભૂષિત દેહસ્યું, પરિકર સબ સસનેહ... ૨
સાસુ સસરા ને વહુ, અડત્રણ એમ ચોવીસ,
ઋષભદત્ત ને ધારિણી, પ્રભવાસ્યું સગ વીસ... ૩
ત્રણે ગુણ અણગારનાં, દેહ ધારક સાક્ષાત,
પંચ સયા પ્રભવા તણો, સવિ પરિકર વિખ્યાત... ૪
કોણીક પ્રભવા આદિ કેઈ, વ્યવહારી સમુદાય,
જિન વંદીને ભાવસ્યું, પ્રણમે સોહમ પાય... ૫

તવ સોહમ ગણધર કહે, ખૂણ ઈશાન નિવેશ,
તે અનુમતિ માગી ગ્રહો, શ્રી જિનવરનો વેશ... ૬
તવ અશોક તરુ તળે, જઈ આભરણ ઊતાર,
વેષગ્રહે મન હર્ષશું, પ્રભવો જંબુકુમાર... ૭
કહે કોણિક નૃપ પ્રભુ પ્રત્યે, શિષ્ય દાન દીધું આજ,
દીક્ષા ભવ નિસ્તારિણી, દીઓ એહ ગુરુરાજ... ૮
તવ દઢ મન કરવા ભણી, પૂછે સોહમ સ્વામ,
સંયમકામે પાળવું, વીસ વિસવા સાવધાન... ૯

ઢાળ

તવ સોહમ ગણધર કહે, સહુને હિત કામે,
ઋષભદત્ત આદે કરી, નિસુણો શિર નામે (ભી),
એ દુષ્કર છે પાળવું, વચ્છ દુષ્કર કરવું,
વિણપ્રવહણ નિજ બાહુસું, જલનિધિનું તરવું... ૧
પંચ મહાવ્રત પાળવા, નિત ત્રિકરણ શુદ્ધે,
દશ વિધ ધર્મ આરાધવો, મન ઋજુતા બુદ્ધે,
ગચ્છ પરંપરા વર્તવું, અહોનિશ ગુરુ સેવા,
ગુરુ આણા શિર ધારવી, જિમ મીઠા મેવા... ૨
વિનય વિવેક કરી ઘણો, ગુરુસ્યું મન મેલે,
તત્ત્વહિતાહિત વાતસ્યું, નિજ મનડું ભેલે,
વચને સંતોષે સહુ જિમ જલની ધારા ગુરુ
મનડું સજી કરી લહે આગમ પારા... ૩
સમુદાણી વૃત્તિકરી જે એષણ શુદ્ધે,
રસ લીયે દેહ ધારવા નહિ લંપટ બુદ્ધે,
અણમીલતે ઉણો નહિ મીલે ન ગર્વ ધારે,
શીખ સહે સમતારસે ઇંગિત આકારે,
સર્વ સહે પૃથ્વી પરે એ લક્ષણ ધરવું,
પ્રવચનમાતા આઠ જે તસ ચિંતન કરવું.

ગૃહી પ્રસંગ કરવો નહિ સાવદ્ય ન કહેવું,
આપ ડહાપણ ગોપવી ગુરુવચને રહેવું, ૪
યાવજ્જીવ ગુરુ સેવનાં કરતાં તપ સાધે, દશ
વિધ વૈયાવચ્ચ કરે તો જગ જસ વાધે,
પરીષહ સઘળા જીપવા કરુણા દિલ આણે,
નિશ્ચય ને વ્યવહારસ્યું સમયાદિક જાણે,
વિષય કષાય નિવારવા દૂરે કરો પ્રમાદ,
હસિતવદન હેજાળુઓ હોયે વચન સવાદ,
ધર્મ લહે ભવિ દેખીને તે મુદ્રા ધારે,
ઈમ આપો યું તારતો પરને પણ તારે. ૫
કપટે ધર્મ ન આચરે ન ધરે બંગ માયા,
શત્રુમિત્ર સરખા ગણે સમ રંક ને રાયા,
અનિયત વાસ વસે સદા જે અપ્રતિબદ્ધ,
આધાકર્માદિના લીયે થાપણ પ્રતિબંધ,
વચ્છ ચારિત્ર તેહનું સહી જે નિજ અજુઆળે,
સિંહપરે જે આદરી સિંહની પરે પાળે,
સ્યું સંયમ લીધા માટે સંસાર તરીજે,
મલિનપણું ભારે હોયે જેમ કંબલ ભીંજે. ૬
પરનાં છિદ્ર જુએ ઘણાં ગુરવાદિક કેરાં,
શીખ દીયંતા રીસવે અવગુણ અધિકેરા,
રીસે ધડહડતો રહે વહે આપ મુરાદ,
એકાકી નિજ ચિત્તસ્યું સેવે પ્રમાદ,
કથન ન માને કેહનું જીમ વાંકા ઘોડા,
મુદ્રા પણ તેહવી ધરે જિમ બંભણ ત્રોડા,
આગમ અર્થ લહી કરી હોયે ગુરુથી વાંકા,
મસકજ લોહાની પરે દુઃખદાયક માંકા. ૭
તેહ ભણી પ્રભવા સુણો છો ધર્મના અર્થી,
ભક્તિવંત ભદ્રકમને લાજે જે પરથી,

ગ્રહી દીક્ષા તેહની ખરી જે સમતા આણે,
ઈહભવ પરભવ કેરડાં તે સવિસુખમાણે,
જો મનડું સૂધું હોયે તો લેજો દીક્ષા,
સોવન કસવટની પરે સહેવી છે શિક્ષા,
નિત્યનિત્ય અછે ઝુઝવું સંયમને કામે,
વીસવી સવા આવ્યું હોયે જો નિજ મન ઠામે. ૮
હિત શિક્ષા એમ સાંભળી શ્રી સોહમ કેરી,
સંઘ સકલ સોભાગીયો રહ્યો ગુરુને ઘેરી.
વાજા જય તણા તિહા ગુહીરા અતિ ગાજે,
**નયવિમલ** કહે જૈનની ઠકુરાઈ છાજે,
તવ જંબુ પ્રભવો કહે શિર ચડાવી શીખ,
પરિવારે પણ આદરી આપો અમને દીખ. ૯

# કથાત્મક સઝાય

# અઢાર નાતરાની સઝાય

એકવીશની એ દેશી

મથુરા નગરી રે, કુબેરસેના ગણિકા વસે,
મનહરણી રે, તરુણી ગુણથી ઉલ્લસે;
તિણે જાયો રે, યુગલ ઇક સુત ને સુતા;
નામ દીધો રે, ઉથલો-કુબેરદત્ત-કુબેરદત્તા. ૧

ઉથલો

મુદ્રાલંકૃત વસ્ત્ર વિંટી, યુગલ પેટીમાં ઠવ્યો;
એક રાત્રિ માંહી નદી પ્રવાહે, જમુના જળમાં વહ્યો;
સોરિયપુર પ્રભાત શેઠે, સંગ્રહી વ્હેંચી કરી;
એક પુત્રને પુત્રીય બીજો. રાખતાં હરખે ધરી. ૨
બિહું શેઠે રે, ઓચ્છવ કીયો અતિ ઘણો,
કર્મ યોગે રે, મળીયો વિવાહ બિહું તણો;
સારી પાસા રે, રમતાં બિહુ મુદ્રા મિલી,
નિજ બંધવ રે, જાણીને થઈ આકળી. ૩

ઉથલો

આકુળી થઈ તવ ભગિનિ, વિષય વિરક્ત તે થઈ;
સાધ્વી પાસે ગ્રહી સંજમ, અવધિનાણી સા થઈ;
વ્યવસાય કાજે કુબેરદત્ત, હવે અનુક્રમે મથુરા ગયો;
વળી કર્મયોગે વિષય ભોગે, વિલસતાં અંગજ થયો. ૪

ચાલ

નિજ બંધવ રે, પ્રતિબોધનને સાહુણી;
વેશ્યા ઘર રે, આવીને સા સાહુણી;
ધર્મશાળા રે, પારણાને પાસે રહી;
હુલરાવે રે, બાળકને સા ઇમ કહી. ૫

ઉથલો

ઈમ કહી પુત્ર-ભત્રીજ-બંધવ, દેવર-કાકો-પોતરો;
ઇમ નાતરા ષટ તુજ સાથે, રુદન કરતી ઉચ્ચરો;

પતિ–પિતા–બંધવ–જેઠ, સુમરો–પિતરિયો ઇણી પરે કહી;
કુબેરદત્ત સુ સાધવી ષટ, નાતરા ઈણી પરે લહી. ૬
ચાલ–ભોજાઈ રે, શોક–માતા–સાસુ–વહુ;
બડી માતા રે, ઇણી પરે ષટ સગપણ લહું;
તવ ભાષે રે, સાધ્વીને વેશ્યા ઈશ્યું;
અસમંજસ રે, શ્યું ભાષે છે એ કિશ્યું.

ઉથલો

કિશ્યું ભાષે લાજ ન રાખે, સાધ્વી વેશ્યાને કહે;
મંજુષમાંહિ ઠવિય મેલ્યા, તેહ વિતક સબ કહે;
ઇમ સુણીય ગણિકા લીયે સંજમ, પાર પામી ભવ તણો;
સાધ્વી ઈમ ઉપદેશ દીધો, કરી ઉપકાર અતિ ઘણો. ૮

ચાલ

ચાલ–સુણી પ્રભાવ રે; ઇણી પરે સંસારમે;
સબંધે રે એ સગપણ સંસારમેં;
એકેકે રે; સગપણ દશ–આઠ ઈમ કહ્યા;
ચિહું જણના રે, ગિણતા ઇમ બહુંતર થયા. ઉથલો ૯

ઉથલો

થયા બિહુંતર ઇમ પંડુત્તર, કહે જંબુકુમાર એ;
સંસાર વિષય વિકાસ ગિરૂઆ, દુઃખના ભંડાર એ;
તેહ ભણે સંજમ ગ્રહે પ્રભવો સુખ તિણ પરે હુલ્લસે;
કવિરાજ ધીર વિમળ સેવક, **નયવિમળ** ઉપદિશે. ૧૦

## અવંતી સુકુમાલજીની સઝાય

લાછલદે માત મલ્હાર - દેશી

મનોહર માલવ દેશ, તિહાં બહુ નગરનિવેશ;
આજ હો આછી રે, ઉજેણી નગરી શોભતી જી. ૧
તિહાં વસે ધન શેઠ, લક્ષ્મી કરે તસ્સ વેઠ;
આજ હો ભદ્રા રે, તસ ઘરણી મનડું મોહતીજી. ૨

પૂરવભવે ઝખ એક, રાખ્યો ધરીય વિવેક;
આજ હો પામ્યો રે, તેહ પુન્યે સોહમકલ્પમાંજી. ૩
નલિનીગુલ્મ વિમાન, ભોગવી સુખ અભિરામ;
આજ હો તે ચવિને રે, ઉપન્ના ભદ્રા–કુક્ષીમાંજી ૪
અવંતીસુકુમાલ, નામે અતિ સુકુમાલ;
આજ હો દીપે રે જીપે, નિજ રૂપે રતિ–પતિ. ૫
રંભાને અનુસાર, પરણ્યો બત્રીશ નારી
આજ હો ભોગી રે, ભામિની શું ભોગ જ ભોગવેજી. ૬
નિત નવલા શણગાર, સોવન જડીત સફાર;
આજ હો પહેરે રે, સુંવાળા ચીવર સુંદરુંજી. ૭
નિત્ય નવલાં તંબોલ, ચંદન કેશર ઘોલ;
આજ હો ચર્ચેરે, નિજ અંગો, અંગે ફુટડા જી. ૮
એક પખાલે અંગ, એક કરે નાટક ચંગ;
આજ હો સહજે રે, સુંવાલી સેજ સમારતીજી. ૯
એક બોલે મુખ વાત, મીઠી જાણે દ્રાખ;
આજ હો લાવણ્ય લટકા, રૂડા બોલડાજી. ૧૦
એક કરે નયન કટાક્ષ, એક કરે નખરાં લાખ;
આજ હો પ્રેમે રે પુણ્યવાનને, પીયુ પીયુ ઉચરેજી. ૧૧
એક પીરસે પકવાન, એક સમારે પાન;
આજ હો પીરસે રે, સારા સારા સાલણાંજી. ૧૨
એક વળી ગુંથે ફુલ, પંચ વરણ બહુ મૂલ;
આજ હો જામો રે, કેસરીએ કસ એક બાંધતીજી, ૧૩
એક કરે જીજીકાર, કરતી કામ વિકાર;
આજ હો રૂડી રે રઢીયાળી, વિણા વગાડતીજી. ૧૪
ઈત્યાદિક બહુ ભોગ, વિલસે સ્ત્રી–સંયોગ;
આજ હો જાણે રે, દેવ દુંદુભિ પૃથ્વીમંડલેજી. ૧૫
તેણ સમયે સમતાપુર, શ્રી આર્યમહાગીરી સૂર;
આજ હો આવ્યા રે, ઉજેણીપુરને પરિસરેજી. ૧૬

વસ્તી અનુગ્રહ હેત, ચેલા ચતુર સંકેત;
આજ હો મહેલે રે, ભદ્રા ઘરે થાનક યાચવાજી. ૧૭
વારુ વાહન શાલ, મોટી વલી પટશાલ;
આજ હો આપે રે, ઉતરવા કાજે સાધુનેજી. ૧૮
શિષ્ય કથન સુણી એમ, સપરિવાર ધરી પ્રેમ;
આજ હો પુણ્યે રે, પટશાલે આવી ઉતર્યાજી. ૧૯
સકળમુનિ સમુદાય, કરે પોરસિ સઝ્ઝાય;
આજ હો સુણીયા રે, શ્રવણે સુખ નિલીનીગુલ્મનાજી. ૨૦
તેહસુણી વૃત્તાંત, જાતિસ્મરણવંત;
આજ હો ચિંતે રે, ચિત્તમાંહી એ કેમ પામીએજી. ૨૧
પૂછે ગુરુ નેહ, કેમ લહિએ સુખ એહ;
આજ હો ભાખે રે, ગુરુ તવ વચન સુધારસેજી. ૨૨
ચરણથી નિશ્ચય મોક્ષ, જો પાળે નિર્દોષ;
આજ હો એહવા રે, સરાગે વિમાન પણુંજી. ૨૩
કહે ગુરુને દીયો દિખ, ગુરુ કહે માત સમિપ;
આજહો માતા રે, અનુમતિ વિણ સંયમ કામનાજી. ૨૪
તિહાં માતા કરે આલાપ, સ્ત્રીના વિરહ વિલાપ;
આજ હો કહેતા રે, તે સઘળા પાર ન પામીએ જી. ૨૫
આપે પહેર્યો વેશ, ગ્રહી આગ્રહ શું વિશેષ ?
આજ હો ધારે રે, તિહાં પંચ મહાવ્રત ગુરુ કનેજી. ૨૬
જેમ કર્મ ખપી જાય, બતાવો તેહ ઉપાય;
આજ હો આવે રે, ઉપયોગી ગુરુ પરિસહ તિહાંજી. ૨૭
કંટક રે વન માંહી, પહોંચ્યો મન ઉચ્છાંહી;
આજ હો કરે રે, કાઉસ્સગ તિહાં કર્મ તોડવાજી. ૨૮
માછી ભવની નાર, કરી ભવ ભ્રમણ અપાર;
આજ હો થઈ રે, સ્યાલણી વ્યાલણીની પરેજી. ૨૯
નવ પ્રસુતિ વિકરાળ, આવી વનમાં ચાલ;
આજ હો નિરખી રે, મુનિને રીસે હડહડેજી. ૩૦

નિશ્ચલ મન મુનિ નામ, કર્મ દહનને કામ;
આજ હો ભૂખે રે, ભડભડતી મુનિચરણે અડેજી. ૩૧
ચારે પહોર નિશી જોર, સહ્યો પરિસહ ઘોર;
આજ હો કરડી રે, શિયાલણે શરીર વલુરીયુંજી. ૩૨
ધરતો ધરમનું ધ્યાન, નલિનીગુલ્મ વિમાન;
આજ હો પહોંચ્યો રે, પુન્ય પ્રભાવથી જી. ૩૩
સુરભિ કુસુમ જલવૃષ્ટિ, સુર કરે સમકિતદષ્ટિ;
આજ હો મહિમા રે, તે ઠામે સઘળો સાચવેજી. ૩૪
ભદ્રાને સર્વ નાર, પ્રભાતે તિણ વાર;
આજ હો આવી રે, ગુરુ વાંદી પૂછે વાતડીજી. ૩૫
ગુરુ કહે એક રાતમાં જ, સાધ્યા મનનાં કાજ;
આજ હો નિસુણી રે, સર્વે સંયમ આદરેજી. ૩૬
ગર્ભવતી એક પુત્ર, તેણે રાખ્યું ઘરસૂત્ર;
આજ હો સ્થાપે રે, કાઉસ્સગ મુનિ ઠામ સુંદરીજી. ૩૭
તે મહાકાલ પ્રસાદ, આજ લગી જશવાદ;
આજ હો પાર્શ્વજીનેશ્વર, કેરો રૂડો તિહાંજી. ૩૮
ધનધન એ મુનિરાજ, સાર્યાં આતમ કાજ;
આજ હો લેશે રે, શિવરમણી ભવને આંતરે જી. ૩૯
ધીરવિમલકવિ શિષ્ય, લલીત નામે શિષ્ય;
આજ હો તેણે રે, **નયવિમલ** ગાવે ગુણ ઘણાજી. ૪૦

## કૌશલ્યાજીની સઝાય

ભામિનીને ભરતાર મનાવે-દેશી

દશરથ નૃપ કૌશલ્યાને કહે, તું ભામિની કિમ હુરવાણી.
કે આ જોને રે તું ભા૦ પ્રાણથકી અધિકારી છો વહાંલી.
કે શાને કે શા માટે, નારે વાહલા નહિ બોલું તુમ્હ સાથે.
રામ માતા ગુણખાણી કે રામ કેના જો કે નાહિ જો. રે,
તુમ શું અબોલડા લીધા. ૧ આંકણી.

ગલાપાસો રમણીના ગલાથી, છોડવે આપણે હાથે. કે આ.
સાહામું જોઈ દુઃખ કહે મુઝને એમ કહે ગ્રહિ બાથેં. કે આ. કે ના જો. ૨
અઠોત્તર વિધ સ્નાત્ર કરાવ્યાં મંત્ર ન્હવણના પાણી કે. આ.
અમ્હવિણ તે સઘલે મોકલાવ્યાં, ત્યારે પ્રીતિ તુમારી જાણી. કે. આ. કે. ના. ૩
પતિ સુતવંતી જે કુલવંતિ, તે સવિ સરખે દાવેં. કે. આ.
શોક્ય વેધ હોય શુણિ સમાના, તે કિમ ખમીયા જાવે. કે આ કે. ના. ૪
કહે દશરથ નૃપ સ્નાત્ર તણું જલ મોકલીયું છે પહેલાં કે. આ.
કર કંકણને શો આરીસો શ્યા બોલો છો ઘહેલાં કે. આ કે ના. ૫
પ્રેમ કલહ કરતાં એક આવી, જલ લઈ દાસી જ હતી. કે આ.
તુરત આગમન નવિ થયું જરાથી, એમ અવસ્થા કરતી. કે આ. કે ના. ૬
ઈણ નિમિત્તે ભવસંવેગ આવ્યો, દેહ અથિરતા જાણી કે. આ.
દંપતી દોય મલ્યાં રસ રંગે લિયે સંયમ નૃપ ને રાણી. કે. આ. ૭
કે હોવે જિહાં રે વાહલા, હવે બોલું તુમ્હ સાથ રે. આંકણી.
ઈમ સંબંધ છે. પદ્મ ચરિત્રે રામને રાજની વેલી. કે. આ.
**જ્ઞાનવિમલ** ગુરુથી તે લહ્યો કર્યો ભક્તિને મેલી કે. આ. કે હોવે. ૮

## ગજસુકુમાલની સઝાય

રૈવત ગિરી વનમાંહિ નેમી જિનેસર આવી સમોસર્યાજી,
નયરી દ્વારામતી નાથ હરિબલ આવે યાદવ પરિવર્યાજી. ૧
દેશના દિયે જિનરાજ તે સુણીને ભવ ભયથી ઉભગોજી.
ગિરુઓ ગજસુકુમાલ કહે હવે સંયમને કરું સગોજી. ૨
ભણે દેવકી સુણ વચ્છ ! લહુઓ છે તું વ્રત દુર્ધર અછેજી,
રાજ્ય કરી થઈ ભુક્ત ભોગી સંયમને લેજ્યો પછેજી. ૩
તિહાં જે પ્રેમના વયણ સયણ મિલીને જે જે ભાખીયાજી,
ઉત્તર પડુત્તર જેહની આગમે છે ઇહાં સાખીયાજી. ૪
ઉચ્છવસ્યું લેઇ દિકખ શીખ સુણીને વ્રત ધારી થયાજી,
કહે કિમ કર્મ પલાય અવિચલ સુખ લઈ તે કહો કરી મયાજી. ૫

પ્રભુ કહે પ્રતિમા ધ્યાને એકલમલ રહ્યા કર્મને જીતવાજી,
ભૂમિ મસાણને ઠામે સોમિલ સસરો વયણ કહે નવાજી. ૬
શું માંડ્યું પાખંડ ઇમ કહી સિરે બાંધી માટી પાળસ્યું જી,
ભરીયા તિહાં અંગાર કર્મ શરીર દહે તત્કાલસ્યું જી. ૭
થઈ કેવલી થયા સિદ્ધ સુર મીલી ઓચ્છવ તિહાં કરેજી,
નિસુણી દેવકી માય હિયડલા માંહે દુ:ખતે અતિધરેજી. ૮
નિસુણી નેમની વાણી જાણી ઇમ સંસાર વિડંબનાજી,
છંડી વયર વિરોધ સંયમ લીયે તે સમયે બહુજનાજી. ૯
ધન ધન એ મુનિરાજ કાજ (સમાર્યા) સુધાર્યા બાલપણા થકીજી,
**જ્ઞાનવિમલ** સુખ લહંત જસ મનિ ધર્મ ક્ષમાની છબી જગીજી. ૧૦

## ચંદનબાલાની સઝાય

રાગ-નારે પ્રભુ નહિ માનું –

મારું મન મોહ્યું જી ઇમ બોલે ચંદનબાલ, મારું૦
મુજ ફલીયો સુરતરુ સાલ;
હું રે ઉમરડે બેઠી હુંતી, અટ્ઠમ તપને અંતે,
હાથ ડસકલાં ચરણે બેઠી, માહરા મનની ખંતે, મા૦ ૧

શેઠ ધનાવહે આણી દીધા, અડદ બાકુળા ત્યારે;
એહવામાં શ્રી વીર પધાર્યા, કરવા મુજ નિસ્તારે. મા૦ ૨

ત્રિભુવનનાયક નિરખી નયણે, હરખી ચિત્ત મઝાર;
હરખ આંસુ જલ હું વરસંતી, પડિલાભ્યા જયકાર. મા૦ ૩

પંચ દિવ્ય તવ દેવ કરે શુચિ, વરસી કંચનધાર;
માનું અડદ અન્ન દેવા મિષે, વીર કર્યા તિણવાર. મા૦ ૪

**જ્ઞાનવિમલ** પ્રભુજી હાથે, લીધો સંજમભાર;
વસુમતી તવ કેવલ લહીને, પામી ભવજલ પાર. મા૦ ૫

## ચંદનબાલાની સઝાય

કૌશાંબી પતિ શતાનિક નૃપ, મૃગાવતી તસ રાણી,
મંત્રી સુગુપ્ત પ્રિયા તસ નંદા, મૃગાવતી સહી આણી,
પ્રેમે પૂજ્ય પધારો વીર બોલે ચંદન બાલા. ૧
શેઠ ઘનાવહ મૂળાનો પતિ, નિવસે તે પુરમાંહી,
એક દિન વીર અભિગ્રહ ધારે, પોષ બહુલ પડવાએ, પ્રેમ પૂજ્ય૦ ૨
મુંડિત મસ્તક કર પગે નિગડીત, રોતી અટ્ટમ અંતે,
રાજ સુતા દાસી થઈ આપે, અડદ સુપડાને અંતે. પૂજ્ય૦ ૩
એમ ગોચરીએ નિત્ય ફરે, પણ અભિગ્રહ પૂર્ણ ન થાવે
મૃગાવતી શતાનિક નંદા મનમાં બહુ દુઃખ પાવે. પૂજ્ય૦ ૪
દધિવાહન નૃપ નયરી ચંપા, રાય શતાનીકે ભાંગી
ધારિણી પુત્રી જેહ વસુમતી, રાજ સુતા બંદી લાધી. પૂજ્ય૦ ૫
શેઠ ધનાવહે તે ઘર આણી, મૂળા શેઠાણીએ દેખી
ઇર્ષ્યાથી ઘરમાહે પૂરી, ત્રણ દિવસ લગે ભૂખી. પૂજ્ય૦ ૬
દેખી વીર હરખજલ નયણે, અડદ બાકુળા આપે
પંચ દિવ્ય સુર પ્રગટે નામે, ચંદન બાળા થાપે. પૂજ્ય૦ ૭
વીર હાથે લઈ સંયમ અનુક્રમે, શિવ લહે ચંદન બાળા,
**જ્ઞાનવિમલ** ગુણ લહી ખમાવત, પામે મંગલ માળા. પૂજ્ય૦ ૮

## ચંદ્રગુપ્તના ૧૬ સ્વપ્નોની સઝાય

દુહા

ગુરુપદ પ્રણમી કરી સોલ સુપમ સુવિચાર,
દુઃષમ સમય તણાં કહુ શાસ્ત્રતણે અનુસાર. ૧

ઢાલ

પાટલીપુર નયરે ચંદ્રગુપ્ત રાજન,
ચાણાયક નામે બુદ્ધિ નિધાન પ્રધાન,
એક દિન (પોષહમાં) સુખ સેજે સુતો રયણી મઝાર,
તવ દેખે નરપતિ સોલ સુપન સુખકાર. ૨

त्रुटक

સુખકારક વારક દુઃખ કેરાં નિરખે નૃપ વડ વખતે,
વાજિંત્ર તૂરે ઉગત સૂરે આવી બેઠો તખતે,
ચાણાયક નાયક મતિ કેરો આવી પ્રણમે પાય,
સોલ સુપન રયણાંતરે લાધ્યાં તે બોલે નરરાય, ૩

ઢાલ

ધુરિ સુહણે દેખે સુરતરુ ભાંગી ડાળ,
બીજે આથમીયો સૂરજબિંબ અકાલ,
ત્રીજે ચંદ્રચાલણી ચોથે નાચ્યાં ભૂત,
પાંચમે બાર ફણાનો (લો) દીઠો અહિ અદ્‌ભુત. ૪

ત્રુટક

અતિ અદ્‌ભુત વિમાન વળ્યું તિમ છટ્ઠે સુહણે દેખે,
કમલ ઉકરડે સાતમે આઠમે આગીયો અંધારે પેખે,
સુકો સરોવર નવમે દક્ષિણ પાસે ભરીયો નીર,
દશમે સુહણે સોવનથાળે કૂતર(રો) ખાયે ખીર. ૫

ઢાલ

ગજ ઉપર ચઢીયા વાનર દેખે ઈગ્યાર,
મર્યાદા લોપે સાગર સુપન એ બાર,
મોટે રથે જુતા(ત્યા–તીયા) વાછડા તેરમે દેખે,
ઝાંખા તિમ રયણાં ચઉદમે સુપને પેખે. ૬

ત્રુટક

તિમ દેખે પન્નરમે વૃષભે ચઢીયા રાજકુમાર,
કાળા ગજ બેહું માંહોમાંહે વઢતા સોલ એ સાર,
એહવા સોલ સુપન જે લાધ્યાં સંભારે નૃપ જામ,
એહવે આવી દીયે વધાઈ વનપાલક અભિરામ. ૭

ઢાલ

સ્વામી તુમ્હ વનમાં શ્રુતસાગર ગુણખાણી,
ભદ્રબાહુ મુનીસર ચૌદ પૂરવ ધર જાણી,

આવ્યા નિસુણીને વંદન કાજે જાય,
ચાણાયક સાથે નરપતિ પ્રણમે પાય. ૮

ત્રુટક

પાય નમીને નૃપતિ પૂછે સોલ સુપન સુવિચાર,
કૃપા કરી ભગવંત મુજ દાખો એહ કરો ઉપકાર,
તવ ગિરુઆ ગણધર શ્રુતસાગર બોલ્યા નરપતિ આગે,
દુસમ આરે એહ સુપનનો હોશે બહુલો લાગ. ૯

ઢાલ

સુરતરુ કેરી શાખા ભાંગી તેહનું એ ફલ સારજી,
આજ પછી કોઈ રાજા ભાવે નહિ લીયે સંયમ ભારજી,
આથમ્યો સૂરજ બિંબ અકાલે તે આથમ્યું કેવલનાણજી,
જાતિસમરણ નિર્મલ ઓહિ નહિ મણપજ્જવ નાણજી, ૧૦
ત્રીજે ચાલણી ચંદ્ર થયો જે જિનમત એણી પરે હોશેજી,
થાપ–ઉત્થાપ તે કરશે બહુલાં કપટી કુગુરુ વિગોશેજી,
ભૂત નાચ્યા જે ભૂતલે ચોથે તે કુગુરુ કુદેવ મનાશેજી,
દૃષ્ટિરાગે વ્યામોહ્યા શ્રાવક તેહના ભક્તો થાશેજી. ૧૧
બાર ફણો વિષધર જે દીઠો તેહનું એ ફલ જાણોજી,
બાર વરસ દુર્ભિક્ષ તે પડશે હોશે ધર્મની હાણોજી,
વળ્યું વિમાન જે આવતું પાછું તે ચારણ મુનિ નવિ હોશેજી,
સાતિચારી આચારી થોડા ધર્મ અધર્મે જાશેજી. ૧૨
કમલ ઉકરડાનું ફલ એહી નીચ ઉચ કરી ગણીએજી (ગણશેજી),
ક્ષત્રિય કુલ શૂરા તેહિ પણ વિશ્વાસીને હણીએજી (હણશેજી),
આગિયા સુહણાનું ફલ જાણો જિન ધર્મે દૃઢ થોડાજી,
મિથ્યાકરણી કરતાં દાસે, શ્રાવક વાંકા ઘોડાજી. ૧૩
સૂકું સરોવર દક્ષિણ પાસે, નીર ભરીયું સુવિલાસેજી,
આપ ઉગારણ કાજે મુનિવર, દક્ષિણ દિશિમાં જાશેજી,
જિહાં જિહાં જિન કલ્યાણક તિહાં તિહાં ધર્મનો વિચ્છેદ થાશેજી,
સંત અસંતની પેરે મનાશે, ધર્મી જન સીદાશેજી. ૧૪

સોવન થાળે ખીર ભખે જે કૂતરો દસમે સુહણેજી,
ઉત્તમની ઉપાર્જિત લક્ષ્મી મધ્યમ બહુ પરિમાણેજી,
ગજ ઉપર જે વાનર ચઢીયા તે હોશે મિથ્યાત્વી રાજાજી,
જિનધર્મે વલી સંય કરતા મિથ્યામતમાં તાજાજી. ૧૫
મર્યાદા લોપે જે સાગર તે ઠાકુર મૂકશે ન્યાયજી,
જૂઠા સાચા સાચા જુઠા કરશે લાંચ પસાયજી,
જેહ વડેરા ન્યાય ચલાવે તેહ કરે અન્યાયજી,
કુડ કપટ છલ છદ્મ ઘણેરા કરતા જૂઠ ઉપાયજી. ૧૬
મોટે રથે જે વાછરડા જુત્યા તેરમે સુપને નરેશજી,
વૃદ્ધપણે સંયમ નહી લેવે કોઈ લઘુપણે કોઈક લેશેજી,
ભૂખે પીડ્યા દુઃખે ભીડ્યા પણ વૈરાગ ન ધરશેજી,
ગુરવાદિક મૂકીને શિષ્યો આપમતિ થઈ ફરશેજી. ૧૭
ઝાંખા રતન તે ચૌદમેં દીઠાં તે મુનિવર ગુણ હીણાજી,
આગમ મત વ્યવહારને છંડી દ્રવ્યની વૃત્તિયે લીણાજી,
કહેણી રહેણી એક ન દીસે હોશે ચિત્ત અનાચારજી,
શુદ્ધ પરંપર વૃત્તિ ઉવેખે ન વહે વ્રતનો ભારજી. ૧૮
રાજકુમાર જે વૃષભે ચઢીયા તે માંહેમાંહે નવિ મલશેજી,
વિરૂઆ વેર સગાં સંગાથે પરશું નેહ તે ધરશેજી,
કાળા ગજબેહુ વઢતા દીઠા તે માગ્યા મેહ ન વરશેજી,
વણજ વ્યાપારે કપટ ઘણેરાં તોહી પેટ ન ભરશેજી. ૧૯
સોલસુપનનો અર્થ સુણીને ભદ્રબાહુ ગુરુ પાસેજી,
દુસમ સમય તણાં ફળ નિસુણી રાજા હૈયે વિમાસેજી,
પુત્ર રાજ્ય ઠવી વ્રત લેવે સારે આતમ કાજજી,
ભવિકજીવ બહુલા પ્રતિબોધ્યા ભદ્રબાહુ ગુરુરાજજી. ૨૦
ગુણરાગી ઉપશમરસ રંગી વિરતિ પ્રસંગી પ્રાણીજી,
સાચી સદ્દહણાશું ધારે (પાળે) મહાવ્રતપંચ, સમકિત એ સહિ નાણીજી,
નિંદા ન કરે વદને કેહની બોલે અમૃત વાણીજી,
અપરંપાર ભવજલધિ તરવા સમતા નાવ સમાણીજી. ૨૧

શ્રી જિનશાસન ભાસન સુંદર બોધિબીજ સુખકારજી,
જીવદયા મનમાંહે ધારો કરુણા રસ ભંડારજી,
એ સઝ્ઝાય ભણીને સમજો દુસમ સમય વિચારજી,
ધીરવિમલ કવિરાય પસાયે કવિ નયવિમલ જયકારજી. ૨૨

## ચૌદસો બાવન ગણધરોની સંખ્યાની સઝ્ઝાય

તુજ સાથ નહિ બોલું ઋષભજી, તેં મુજને વિસારીજી – દેશી

સુખકર સદ્‌ગુરુના પદ પ્રણમી જિનગણ નામ પ્રમાણજી;
પ્રહ ઊઠીને નિત્ય પ્રત્યે ભણતાં, થાવે કોટિ કલ્યાણજી. સુખકર–૧
શ્રી પુંડરિક આદિ ચોરાસી, ગણધર ઋષભના જાણો જી;
અજિત તણા નેવું ગણધર, સિંહસેનાદિ પિછાણો જી. સુખકર–૨
એકસો બે ગણપતિ શ્રી સંભવ, જિનના ચારુ પ્રમુખા જી;
એકસો સોળ અભિનંદન જિનના, વજ્રનાભ નામે સુમુખા જી. સુખકર–૩
વર્માદિક શત ગણધર પંચમ, સુમતિનાથના કહીએ જી;
પ્રદ્યોતન આદિ નેવું ગણધરજી, પદ્મપ્રભજીના લહીએ જી. સુખકર–૪
વિદર્ભ મુખ્ય ગણી પંચાણું, સુપાર્શ્વ જિનવર કેરા જી;
દિન આદિ દઈ ગણધર ત્રાણું, ચંદ્રપ્રભ જિન તેરા જી. સુખકર–૫
સુવિધિ જિનના છયાસી ગણધર, વરાહ આદિ સુખકારી જી;
નંદ પ્રમુખ એ છાસઠ ગણધર, શીતળના જયકારી જી. સુખકર–૬
છાસઠ ગણધર શ્રેયાંસ જિનના, કચ્છપ નરેસર નામ જી;
વાસુપૂજ્યના બાસઠ ગણધર, સુભૂમ આદિ અભિરામ જી. સુખકર–૭
વિમલનાથના છપન્ન ગણધર, મંધર મહીધર આદે જી;
અનંતનાથ પચાસ ગણેશા, યશ નૃપ આદિ આલ્હાદે જી. સુખકર–૮
અરિષ્ટ આદિ તેંતાળીશ ગણધર, ધર્મ નાથના વારુ જી;
નેવું ગણધર શાંતિ જિણંદના, ચક્રાયુદ્ધ ભવતારુ જી. સુખકર–૯
શ્રી કુંથુનાથના પાંત્રીસ ગણધર, સાંબ નૃપતિ વડેરા જી;
તેત્રીસ ગણધર અરનાં જાણો, કુંભ આદિ ગુણ ઘેરા જી. સુખકર–૧૦
અભિક્ષપક આદિ અઠ્યાવીશ ગણધર, મલ્લિનાથના સોહે જી;
મલ આદિ ગણધર અઢારહ, મુનિસુવ્રત મન મોહે જી. સુખકર–૧૧

નમિ જિનેશ્વરના સત્તર ગણધર, મુનિ શુભ નૃપતિ દઈ આદે જી;
વરદત્ત આદિ અગિયારહ જાણો, નેમિનાથ સુપ્રસાદે જી. સુખકર-૧૨
આર્યદિન આદે દશ ગણધર, પ્રાર્શ્વનાથના બેસ જી;
ઇંદ્રભૂતિ ગૌતમ દોય નામે, વીર અગિયાર ગણેશ જી. સુખકર-૧૩
ચૌદસે બાવન સર્વે જિનના, ગણધર માની લહીએ જી;
બોધી બીજને હેતે જેહના, નામ ધ્યાન ગુણ કહીએ જી. સુખકર-૧૪
ઇંદ્રભૂતિ અગ્નિભૂતિ વાયુ, વ્યક્ત સુધર્મા લહીએ જી;
મંડિત મૌર્યપુત્ર, અકંપિત, અચલ ભ્રાત ગુણ વહીએ જી. સુખકર-૧૫
મેતાર્ય પ્રભાસ એ નામે, અગ્યારહ ગણધાર જી;
અજર અમર નિઃકલંક પરમપદ, પામ્યા જે જિન સાર જી. સુખકર-૧૬
લાખ અઠ્યાવીસ અડતાલીશ વળી, સહસ્ર સાધુ સમુદાય જી;
હસ્તદીક્ષિત ચોવીશે જિનના, નમતાં પાપ પલાય જી. સુખકર-૧૭
લાખ ચુંમાલીશ સહસ્ર છેતાલીશ, ખટશત ને ચાર ભણીએ જી;
સાહુણિ શિવસુખ પ્રાહુણી પ્રણમું, ચોવીસ જિનની ગણીએ જી. સુખકર-૧૮
લાખ પંચાવન સહસ્ર અડતાળીશ, શ્રાવક સમકિતધારી જી;
એક કોડી પાંચ લાખ આડત્રીસ સહસ્ર શ્રાવિકા સવી પરિવારી જી. સુખકર-૧૯
**જ્ઞાનવિમલ** પ્રભુના મુખથી, ભવિપ્રાણી સંવધારી જી;
તેહને નિત્ય નિત્ય નમતાં વરીએ, શિવસુંદરી જયકારી જી. સુખકર-૨૦

## જયભુષણ મુનિની સઝાય

શીલ સોહામણું પાલીયે-દેશી

નમો નમો જયભૂષણ મુનિ દુષણ નહીં લગાર રે,
શોષણ ભવજલ સિંધુના, પોષણ પુન્ય પ્રચાર રે. નમો૦ ૧
કીર્તિભુષણ કુલ અંબરિ, ભાસણ ભાણ સમાન રે,
કોસંબી નયરી પતિ, માય સ્વયંપ્રભા નામ રે. નમો૦ ૨
પરણી નિજ ઘરી આવતાં, સખી સવિ પરિવાર રે,
જયધર કેવલી વંદીયા, નિસુણી દેશના સાર રે. નમો૦ ૩

પૂરવભવની માતડી, પરણી તે ગુણ ગેહ રે,
જયસુંદરીયે સ્વયંવરા, આણી અધિક સનેહ રે. નમો૦ ૪
તે નિસુણીને પામીયો, જાતિ સ્મરણ તેહ રે,
સંયમ લે સહસ પુરુષસ્યું, વનિતા સાથે અછેહ રે. નમો૦ ૫
એક અનંતપણે હોઈ, સંબંધે સંસારી રે,
ઈમ પરિભાવના ભાવતાં વિચરે પૂરવ ધાર રે. નમો૦ ૬
ઘાતિકર્મક્ષયે ઉપન્યું કેવલજ્ઞાન અનંત રે,
પર ઉપગાર કરે ઘણા સેવે સુરનર સંત રે. નમો૦ ૭
ઈમ વિરમે જે વિષયથી વિષસમ કટુંફલ જાણી રે,
**જ્ઞાનવિમલ** ચઢતી કલા થઈ તે ભવિ પ્રાણી રે. નમો૦ ૮

## દમદંત રાજર્ષિની સઝાય

સ્વસ્તિસદન સ્વસ્તિક વર મંદિર હસ્તિ શીર્ષપુર સોહે,
ટાળે આળ પ્રજાને પાળે શ્રી દમદંત નૃપ મોહે,
તિણ અવસર કૌરવ સંજુત્તા પાંડવ પણ મયમત્તા,
ગજપુર માંહિ રાજ કરતાં ખંડિત રિપુ બલવંતા. ૧
કોઈક વિષયાદિકને હેતે સમે વૈર ધરતાં,
શ્રી દમદંત નરેસર સાથે કૌરવ પાંડવ મિલતાં,
પ્રતિવર્ષે સમરાંગણે આવે પણ દમદંત ન ગંજે,
હરિપેરે એકાકી બળીયો પાંડવ કૌરવ ભંજે. ૨
અલ્પ સૈન્ય પણ દૈન્ય ન પામે નિજ ભુજ બલ દમદંત,
ઇમ બહુવારે દેખી નરપતિ અવર તે સર્વ હસંત,
પ્રતિહરી જરા સં(ધ)ઘની સેવા કાજે ગયા દમદંત,
રાજગૃહી નયરીએ પહોંતા જાણી સમય લહંત. ૩
બળે હાર્યા છલકલ બહુ જોવે ધૂર્તના લક્ષણ એહિ,
સત્વર કૌરવ પાંડવ આવ્યા જનપદ લૂસે તેહિ,
નિર્માક્ષિક મધુપરે જિમ શબરા તિમ નિજ ઇચ્છા પૂરી,
રાજધાની સ્વર્ણાદિક લુસી વળિયા પાછા વયરી. ૪

પુરી દૂત મિલી તેહ જણાવ્યું પાંડવ કૌરવ કરણી,
અતિ કોપન દમદંત નરેસર જિમ તપે અભિનવ તરણી,
તે અશ્રાંત પ્રયાણે પાંડવ નિજ દેશ સામે આવ્યા,
તેણે સમે પૂંઠે દમદંત આવે પણ પાંડવ ગજપુર આવ્યા. ૫
નાસી નિજ નગરીમાં પોહતા સૈન્ય આગળે જિમ ચઢિકા,
ગઢરોહો કરીને તે રહિયા બહીયા દુર્ધર કટકા,
દૂત મુખે દમદંત કહાવે અરે અનાથ દેશ લુસ્યો,
શશક શૃગાલ પરે જરંકો તિમ નાસી ગઢ પેસ્યો. ૬
જો કુલજાતિ ક્ષત્રિય હો સુદ્ધા તો વીરપણું દેખાડો,
નહીંતર જીવિત મૃત પરે કાતરસ્યું સુભટપણું મત વાડો,
દૂતવચન એહવાં નિસુણીને દંભ મુનિ પરે ન કહે,
પાછું કાંઇસ કૌરવ-પાંડવ દમદંત તેજને ન લહે. ૭
દૂતે આવીને જેહવું દીઠું તેહવું નૃપને ભાખે,
પાંડવ કૌરવને અમે જીત્યા તે પડહ બજાવે આખે,
પાંડવ લાજ લહ્યા ઇમ નિસુણી ઝુઝે સાહમા આવી,
ભૂજ કોટમાં ચાંપી પાંચે ઇણી પેરે આણ મનાવી. ૮
આપ આપણે નગરીએ આવ્યા નિજ ઘરે સુખ વિલસે,
પુન્ય બળે દમદંત નરેસર ઘણું સામ્રાજ્યે વિકસે,
ચિરકાલે તે નૃપ સુખ વિલસી લહે સંવેગ વૈરાગ્ય,
થિવિર પાસે ચારિત્ર ગ્રહીને પાળે વધતે રાગ. ૯
કર્મ ઘાટિ ઉચ્છાટન હેતે તપ તપે ઉપશમ ધારી,
વિક્થા છદ્મ વિવર્જિત નિર્મમ સમિતિ ગુપ્તિ આચારી,
ખંતો દંતો બહુ શ્રુતવંતો શુચિમાન શુચિ કારી,
દ્રવ્યભાવ ગુણ રાગી ત્યાગી વિષય કષાય નિવારી. ૧૦

ઢાળ

વિહાર કરંતા આવીયા ગજપુરી નયરી ઉદ્યાન. સજની.
કરુણાકર કાઉસગ્ગ કરે ધરતાં ધર્મનું ધ્યાન. સજની. ૧

શ્રી દમદંત મુનિ જયો યતનાવંત મહંત. સજની.
સંવેગી સમતા વર્યો સંયમ ગુણહ વસંત, શ્રી દમદંત મુનિ જયો. ૨
સપરિવાર પાંડવ તિહાં ક્રીડા હેતે જાય. સજની.
બળીયા અતિ આડંબરે દીઠો તિહાં મુનિરાય. સજની. ૩
યુધિષ્ઠિર અર્જુન ભીમજી નકુલ સહદેવ બંધુ. સજની.
પંચમ ગતિને સાધતો દીઠો કરુણાસિંધુ સજની. ૪
નિરખી હરખે ઓળખી રોમાંચિત થઈ કાય. સજની.
ઉતરીયા ગજરાજથી ધાય, નમે મુનિ પાય. સજની. ૫
દેઈ તીન પ્રદક્ષિણા મુનિ પદ રજ શિર લિંત. સજની.
સાનંદે ભક્તિ સ્તવે ધન ધન તું હિ ભદંત. સજની. ૬
જય જય સત્ત્વ મહોદધિ પૂર્ણ પરાક્રમ થાન. શ્રીદમદંત.
ભાવારિપુ તમે જીતીયા અમ્હ સમ બાહ્યકુણ માન. શ્રી દમદંત. ૭
બાહ્ય અભ્યંતર રિપુ ગણે અધૃતી ન પામે લગાર. શ્રી દમદંત.
તું ત્રિલોકચૂડામણી ધન તુમચો અવતાર. શ્રી દમદંત. ૮
લોક ત્રણ ગુણ તાહરા તું પ્યારો પૂજ્યમાં પૂજ્ય. શ્રી દમદંત.
ઇમ સ્તુતિ નતિ પાંડવ કરી ચાલ્યા મન ધરી ધૈર્ય. શ્રી દમદંત. ૯
એહવે પાછળ આવીયો ક્રુધી કૌરવનું સૈન્ય. શ્રી દમદંત.
દુર્યોધનને જણાવીયો નામે ઋષિ દમસેણ. શ્રી દમદંત. ૧૦
અરે પાખંડ દુરાતમા લેઈ અમચા દેશ. શ્રી દમદંત.
આજ અમારે કરે ચઢ્યો પહેરી કપટનો વેશ. શ્રી દમદંત. ૧૧
ઈમ કહી બીજા રોહણે દુષ્ટ દુર્યોધન રાય. શ્રી દમદંત.
સૈનિક સઘળે તે હણ્યો દુષ્ટ તણે સમુદાય. શ્રી દમદંત. ૧૨
ઇમ અપરાધ કરી ઘણો અપરાધી ઘણો રાય. શ્રી દમદંત.
પાંડવ સ્તુતિ ન ગારવ્યો કૌરવ હણ્યે ન વિચ્છાય. શ્રી દમદંત. ૧૩
ધર્મ ક્ષમા ખડગે કરી તે પત્થરનો રાશિ. શ્રી દમદંત.
સંયમ સંવર નવિ હર્યો થયા કૌરવને દુઃખરાશિ. શ્રી દમદંત. ૧૪
પરીસહ ઘોર અહિયાસીઓ અવિલંબે તિણે કાલ. શ્રી દમદંત.
ધ્યાન-ધૈર્ય નવિ ચૂકીયો કદલી દલ સુકુમાલ. શ્રી દમદંત. ૧૫

વંદન નિંદન સમ ગણ્યું સમતા આતમ ભાવ. શ્રી દમદંત.
ક્ષપક શ્રેણી આરોહીને પામ્યા સિદ્ધ સ્વભાવ. શ્રી દમદંત. ૧૬
શત્રુ મિત્ર તૃણ સ્ત્રી ગણે કર્કર રયણ સમાન. શ્રી દમદંત.
ભવ શિવ બેહુ જે સમ ગણે તે મુનિ રત્ન નિધાન. શ્રી દમદંત. ૧૭
**જ્ઞાનવિમલ**ના તેજમાં દીપે દેહ અમંદ. શ્રી દમદંત.
શ્રી દમદંત મુનિ પર તણે ધ્યાને પરમાનંદ. શ્રી દમદંત. ૧૮

## દમયંતીની સઝાય

કુંડિન(ડલ)પુર ભીમનંદિની દમયંતી ઇતિ નામ સજની,
નયરી અયોધ્યાનો ધણી નિષધાંગજ નલ નામ,
સજની શીલ સુરંગી જે સતી. ૧
પરણી નિજપુર આવતાં વને કાઉસગ રહ્યો સાધ સજની,
તિલક પ્રકાશે વંદીયો ગજમદથી ગુણ લીધ. શીલ૦ ૨
કુબેર સાથે જુગટે રમતાં હાર્યું સઘળું રાજ. સજની શીલ૦
પરદેશે દોય નીસર્યા સુતાં કીધો ત્યાગ. સજની શીલ૦ ૩
સંકટ સવિ દૂરે ગયાં બાર વરસની સીમ, સજની શીલ૦
ભાવે શાંતિ જિણંદની પૂજે પ્રતિમા નીમ. સજની શીલ૦ ૪
માસી મંદિર અનુક્રમે કુબડા રૂપી કંત. સજની શીલ૦
પુનરપિ સ્વયંવરને મિષે આવી મિલ્યો એકંત. સજની શીલ૦ ૫
પુનરપિ રાજ્ય મિલ્યે થકે લેવે સંયમ ભાર. સજની શીલ૦
દમયંતી(દંપતી)સૌધર્મે ગયા નલ થયો ધનદ સુરસાર. સજની શીલ૦ ૬
તિહાંથી ચ્યવી ભૈમી થઈ કનકવતી ગુણ ગેહ. સજની શીલ૦
વસુદેવે પરણી તિહાં ઉચ્છવ ધનદ કરે તેહ. સજની શીલ૦ ૭
દર્પણ ઘર અવલોકતાં લહી કેવલ થઈ સિદ્ધ. સજની શીલ૦
દમયંતી મોટી સતી નામ થકી નવ નિધ. સજની શીલ૦ ૮
નેમ ચરિત્ર દશ વૈકાલિકે વૃત્તિ માંહે વિસ્તાર. સજની શીલ૦
**જ્ઞાનવિમલ** ગુણ(શીયલથી જે લહી) સતીઓમાં શિરદાર. સજની શીલ૦ ૯

# દશ દૃષ્ટાંત દુર્લભ સઝાય

## ૧/૨ ચુલ્લક દૃષ્ટાંત

### દૂહા

એમ અવિવેક પણા થકી હાર્યો નર અવતાર,
પુનરપિ તેહ ન સોહિલો જિમ મરુમાં સહકાર. ૧

પૂર્વાચારજ દાખીયો ઉપનય એહ વિશેષ,
અનોપમ ઓપમ એહની જિમ સોવનની રેખ. ૨

### ઢાળ

જિમ સાધિત જનપદ ચક્રીસર જયવંત,
તિમ કરૂણા સાગર ભાવિ સુખકર ભગવંત,
જિમ દોહગ પીડ્યો દુઃખીયો બંભણ જીવ,
સંસારી પ્રાણી દુરિત મિથ્યાત્વ અતીવ. ૧

જિમ ચક્રી દર્શન દૌવારિક દેખાડે તિમ,
કર્મ વિવરવર મોહ મિથ્યાતને પાડે,
જીરણ ધ્વજ કરીને ચક્રીસર ઘર પેઢો સામગ્રી,
ધ્વજથી સુખકર જિનવર દીઠો. ૨

જિમ તૂઠો ચક્રી વંછિત વર તસ આપે તિમ,
નાણ – ચરણયુત દંસણ ગુણ તસ થાપે,
જિમ તેહની ધરણી અલચ્છિતણી સહનાણી,
તિમ કર્મ પ્રકૃતિ તતિ (થિતિ) તરૂણી તાસ વખાણી. ૩

જેમ તેહને વયણેં આગત નૃપ સુખ છોડી,
ભિક્ષા વર માગે ચક્રીને કરજોડી,
તેમ મુક્તિપુરીનું આવ્યું છંડે રાજ ભિક્ષાસમ,
વિષયિક સુખથી હારે કાજ. ૪

જિમ તે બંભણીને વારો ફરીને નાવે ષટખંડ,
ભરતમાં ફરી ભોજન નવિ પાવે,

તિમ જીવ સંસારી માનવનો અવતાર,
સમકિત વિણુ હાર્યો ન લહે પુનરપિ સાર. ૫

ઉપદેસ પદે ઈમ દાખ્યો ઉપનય સાર,
નિસુણીને સમજો નરભવ સવિ સુખકાર,
દૃષ્ટાંત પ્રથમ ઈમ દાખ્યો મેં લવલેશ કવિ,
ધીરવિમલનો **જ્ઞાનવિમલ** કહે શિષ્ય. ૬

## ૨/૩ પાસક દૃષ્ટાંત

### દૂહા

જિમ ચંદન તરુમાં અધિક ધાતુમાંહિ જિમ હેમ,
જિમ મણિમાંહે હીરલો ઉત્તમ નરભવ તેમ. ૧
તિરિ–નર–દેવ થકી અધિક નરભવ ઉત્તમ જાણ,
નરભવ તરુવર ફૂલડાં અમર ભોગ ગુણખાણ. ૨
ગુરુસાન્નિધ્યે બીજો કહું પાસકનો સંબંધ,
નરભવ શોભે દર્શને જિમ અરવિંદ સુગંધ. ૩

### ઢાળ

ઇહ ભરતે રે ગોલ્લ દેશે ચણકાપુરી,
ચણિ બંભણ રે ધરણી તસ ચણ કેસરી,
સુત જાયો રે દાઢાલો ચાણિક ભલો,
લઘુવયથી રે સકલ કલા ગણ ગુણ નિલો,
અતિભલો તાપસ વેશ પહેરી મયૂર પોષ ગામે ગયો,
ગર્ભિણી તિહાં નૃપતિ ધરણી ચંદ્રપાન દોહલો થયો,
મનતણી ઈચ્છા પૂર્ણ ન હોવે તિણેં થાયે દૂબળી,
પૂછીયું તાપસ તેહ અર્થે કહે મતિ તુજ નિર્મળી. ૧

જો એહનો રે ગર્ભ દીયો મુજને વળીતો,
એહની રે પૂરું હું મનની રલી,
તસ સયણેં રે તેહ વયણ અંગી કર્યું,
નિજ બુદ્ધે રે તૃણ કેરૂં મંદિર કર્યું,

કરી મંદિર થાળ મોટું દુધ સાકર શું ભર્યું,
પ્રતિબિંબ ચંદ્ર તણું ધરીને તેહની આગળ ધર્યું,
એમ ચંદ્ર પીધો કાજ સીધો અનુક્રમે સુત જનમીયો,
દોહલાનુસારે સુદિન વારે ચંદ્રગુપ્ત નામ જ દીયો. ૨

ચણીપુત્રે રે સકલકલા તે શીખવ્યો,
નિજપાસે રે નરપતિ કરીને તે ઠવ્યાસે,
કળબળથી રે નંદ હણી પાડલિપુરી,
બેસાર્યો રે ચંદ્રગુપ્ત નરપતિ કરી,
કરી ભૂપતિ આપમંત્રી થયો ચાણિક તેહનો,
બહુ બુદ્ધિસાગર સુગુણ આગર વિસ્તર્યો જસ તેહનો,
બહુ દ્રવ્ય હેતે સુર સંકેતે પાશકા દોય પામિયા,
દીનાર ભરિયો થાલ આણી જુઅ રમવા દામિયા. ૩

ચાણાયક રે વ્યવહારી મેલી સહુ રમે,
રમત રે કોશ ભરે ગરથે બહુ,
એમ છલથી રે નૃપતિ ભંડાર ભરાવીયો,
જૂઅરમતેં રે સારો નગર હરાવીયો,
હરાવિયો એમ લોક સઘળો કોઈ જીતી નવિ શકે,
તે અક્ષ સાનિધિ થઈ બહુ ઋદ્ધિ સકલ નૃપમાં હીજકે,
યદ્યપિ સાનિધિ દેવ કેરી તેહ પાશા જીત એ,
પણ નરભવ દોહિલો ફરી લહેવો નય કહે સુવિનીત એ. ૪

## ૨/૪ પાસક દષ્ટાંત

દૂહા

એ પાશક દષ્ટાંતનું કહ્યું સંક્ષેપે ચરિત્ર;
અંતર્ગત ઉપનય કહું એહનો અછે પવિત્ર ૧

ઢાળ

ચાણાયક સમ ચારિત્ર ભૂપતિ નિર્મલ મતિ ગુણખાણી,
કર્મનૃપતિ પાસે તે માગે એક સંસારી પ્રાણી,

રે ભવિકા ! એ ઉપનય ચિત્ત ધારો, તુમે માનવભવ મત હારો રે. ભવિકા૦
વળી સમકિત તત્ત્વ વિચારો. ભવિકા૦ ૧
તે પ્રાણીને યતને રાખે સકલકલા શીખાવે,
શાસ્ત્ર ભણાવી સમકિત કેરી સિત સમશેર બંધાવે. ભવિકા૦ ૨
નંદપરે નવ નરપતિ જાણો આઠ કરમ મિથ્યાત,
દૂર નિકંદી વિરતિપુરીનું રાજ લહે સુવિખ્યાત. ભવિકા૦ ૩
શ્રી જિનવર અનુકુલપણાથી શુભયોગે ઉપન્ના,
અનુપમ સમકિત ચારિત (ઉપશમ) દોઈ પાશા ગુણ નિપન્ના. ભવિકા૦ ૪
નાણભંડાર ભરેવા કારણ સોવનથાળ વિવેક,
માંડીને નિતુ રામત રમતે જીત્યો સઘળો લોક. ભવિકા૦ ૫
ઈણિપરે સુજસ લહ્યો તિણે સઘળે ઉત્તમ નરભવ પામી,
અકળ, અરૂપ અને અવિનાશી હોવે અંતરયામી. ભવિકા૦ ૬
ધીર વિમલ ગુરુરાજ પસાયે એ ઉપનય એમ દાખ્યો,
નય કહે એ પરિણતિમાં રમતાં સરસ સુધારસ ચાખ્યો. ભવિકા૦ ૭

## ૩/૫ ધાન્યરાશિ દષ્ટાંત

### દૂહા

ક્ષેત્ર જાતિ કુલકર્મ તિમ ભાષા દર્શન જ્ઞાન
ચારિત્રને વિજ્ઞાન તિમ એ નવ આર્ય પ્રધાન
માનવ ભવ વિણું એ નહીં તિણે કરી ઉત્તમ એહ
કહું ઉપનય ત્રીજો હવે ધાન્ય રાશિનો જેહ

### ઢાળ

જંબુ દ્વીપે ભરતમાં ધન ધનને પરભાવેજી,
શુદ્ધ સુકા(ગા)લ સુવાયથી અન્ન જાતિ બહુ થાવેજી. ૧
નરભવ સુરમણિ સારિખો પામીને મ મ હારોજી,
ફરી ફરી લેહવો દોહિલો જિમ પંગુ જલનિધિ પારોજી. નરભવસુર૦ ૨
રાશિ કરીજે ધાન્યનો ઉંચપણે ગિરિ ઝીંપેજી,
શશધર પણ તસ ઉપરેં રજતકુંભ પરેં દીપજી. નરભવસુર૦ ૩

પાલ્હો સરસવ તેહમાં અતિગાઢો ભેલીજેજી,
ગલિત – પલિત તનુ જાજરી ડોશી તિહાં તે ઝીંજે,
(જોડીજે)જી. નરભવસુર૦ ૪
તે સરસવ વહેંચી કરી ભરી ફિરી ન શકે પાલોજી,
નિજબલ જરતી અજાણતાં જિમ જિનમત મતવાલોજી. નરભવસુર૦ ૫
યદ્યપિ તેહ ભરી શકે દેવતણે અનુસારજી,
વિણ પુણ્યે પામે નહિ ફરી નરભવ અવતારજી. નરભવસુર૦ ૬
કર્મ શુભા શુભ વર્ણણા ધાન્ય જાતિ તે જાણોજી,
નાસ્તિકભાવ જરા મિલી અવિરતિ જરતી આણોજી. નરભવસુર૦ ૭
સરસવ સદ્ગુરુ વયણલાં કર્મરાશિમાં ભળીયાજી,
તે જુદા કરી નવિ શકે (વિષયકષાયેં – અવિરતિ જરતી)
નાસ્તિક ભાવે મલિયાંજી. નરભવસુર૦ ૮
ઈમ અવિરતિ વલી હારીયો નરભવનો અવતારજી
ત્રીજો ઉપનય નય કહે આગમને અનુસારજી. નરભવસુર૦ ૯

૪/૬ જૂવટ દૃષ્ટાંત

દૂહા :

સુગુરુ સુદેવ સુધર્મનું લહીયે સકલ સરૂપ,
તે માટે ઉત્તમ કહ્યો નરભવ સુકૃત સ્વરૂપ. ૧
નરગતિ વિણ નહિ મુગતિગતિ તિમ નહિ કેવલ જ્ઞાન,
તીર્થંકર પદવી નહિ નરભવ વિણ નહિ દાન. ૨
તેહ ભણી નરભવ તણો કહું ચોથો દૃષ્ટાંત,
જૂવટ કેરો સાંભળો આદર આણી સંત. ૩

ઢાળ

ધીરવિમલ પંડિત પદ પ્રણમી જાણી જિનવર વાણી
ઉપનય ચોથો નરભવ કેરો કહું સુણજો ગુણખાણી.
સોભાગી સજ્જન સાંભળોજી
રત્નાકરસમ રતનપુરીનો નૃપતિ શતાયુધ નામ,
કુલિશાયુધ પરે જાસ પરાક્રમ રાણી રંભા નામ. સોભાગી૦ ૨

લક્ષણ સદન મદન તસ અંગજ અંગજસમ જસ રૂપ,
મતિસાગર આગર સવિ ગુણનો મંત્રીશ્વર ગુણયૂપ. સોભાગી૦ ૩

નૃપ આસ્થાનસભાયે બેસી સુતને કરે યુવરાજ,
પીવર કુચયુગ કુંભા રંભા વિલસે જિમ સુરરાજ. સોભાગી૦ ૪

લાભે લોભ ઘણેરો વાધે એ કલિયુગની રીતિ,
સુત ચિંતે ભૂપતિ મારીને હું કરું રાજની નીતિ. સોભાગી૦ ૫

એહ મંત્ર મંત્રી કહે નૃપને એકાંતે ધરી પ્રેમ,
અણ જાણીતો થઈને ભૂપતિ અંગજ પ્રતિ કહે એમ. સોભાગી૦ ૬

સુણ સુત રાજ કાજ એ સઘળું સોંપુ તુજ ઘરસૂત્ર,
પણ એ નીતિ છે નિજ કુલ કેરી સુણ તું સુંદર પુત્ર. સોભાગી૦ ૭

કુલવટ એ જૂવટથી લહિયે પૃથ્વી કેરું રાજ,
અઠ્ઠોત્તરસો મણિમય થંભા એ આસ્થાન સમાજ. સોભાગી૦ ૮

થંભ થંભ આરા અતિ તીખા અઠ્ઠોત્તર શત માન,
મુજશું સારી – પાસે રમતાં ઝીંપ તું પુત્ર નિધાન. સોભાગી૦ ૯

અનુક્રમે પહિલો બીજો ત્રીજો ચોથો તિમ વળી પંચ
એણીપરે અઠ્ઠોત્તરસો ખૂણા ઝીંપવા જૂવટ સંચ. સોભાગી૦ ૧૦

એકવાર જો ખલના પામે રમતાં સારી પાસે
મૂલથકી તે રામત હારે મંડે પુનરપિ વાસે. સોભાગી૦ ૧૧

અઠ્ઠોત્તરમો થંભા ઇણિપરે જીતે જે નર તેહ
રાજ લહે તે નિજ કુલ કેરું નીતિ અછે ગુણ ગેહ. સોભાગી૦ ૧૨

જનક અને સુત એણિપરે બેઠા રમવાને સહુ સાખ,
પણ સુત નવિજીતે નૃપ આગળ દાય કરે જો લાખ. સોભાગી૦ ૧૩

દેવતણી સાંનિધિથી કોઈ જીતે તેહ કદાપિ,
વિણ સમકિત નરભવ જે હાર્યો કહે નય તિમ દુઃપ્રાપિ. સોભાગી૦ ૧૪

### ૪/૭ જુવટ દષ્ટાંત

દૂહા

અંતર્ગત ઉપનય કહું સુણી ગુરુનો ઉપદેશ,
વિસ્તર છે એહનો ઘણો પણ ઇહાં કહું લવલેશ.

ઢાળ

નૃપ તે સંસારીજીવ શુભ પરિણતિ પતિ ઉપશમ પુરનો રાજીયો એ. ૧
સુગુણ વિવેક પ્રધાન માન ઘણું લહે ભૂપતિની પાસે રહે એ. ૨
માઠા મન–વચ યોગ અંગજ જાણીયે જનક ઉપર તે દૂમણા એ. ૩
અઠ્ઠોત્તર સો ખાણિ જીવતણી કહી થંભ સમાન તે જાણીયે એ. ૪
જીવ જીવ પ્રત્યે જેહ કર્મ પ્રકૃતિ સવે તીખા આરાની પર એ. ૫
દર્શન–ચારિત્ર દોય પાસા પાધરા જ્ઞાન ફલક ઉપરિ ધર્યા એ. ૬
રમત રમતાં એમ જો ખલના લહે તો ફરી રામત મંડીયે એ. ૭
જો જીતે સવિદાવ તખત લહે તદા ક્ષીણ મોહ સિંહાસને એ. ૮
એણિપરે પ્રકૃતિવિચાર સાધે જે નરનાર તેહિ જ અવિચલ પદ લહે એ. ૯
દુષ્ટ સુતે જિમ રાજ નવિ તે પામીયે તિમ અશુભ યોગથી નરભવો એ. ૧૦
એમ ચોથો દષ્ટાંત માનવભવ તણો **નયવિમલ** પંડિત ભણે એ. ૧૧

### ૫/૮ રત્નરાશિ દષ્ટાંત – દૂહા

અણચિંત્યો નરભવ લહ્યો ધૂણાક્ષરને ન્યાય,
ગિરિ સરિ દુપ્પલ તણિ પરે કર્મ નૃપતિ સુપસાય. ૧
વિણ ધર્મે ભવ હારીયો જિમ જૂઆરી દાય !
આવે હર્ષે ધનગ્રહી ધન ખોઈને જાય. ૨
રયણરાશિનો પંચમો બોલું હું દષ્ટાંત,
બંધન તોડે કર્મનાં જિમ જલકૃમિ જલકાંત. ૩

ઢાળ

ભરત વિભૂષણ ઉજ્ઝિત દૂષણ નયર સુકોશલ નામ,
સુંદર મંદિર મંદરગિરિ સમ સોહે ધવલિત ધામ,
અતિ ધનવંત મહંત ગુણાકર રત્નાકર ઈતિ નામ,
નિવસે વિકસે સંપદ સુખશું જિમ માધવ આરામ. ૧

દેશ-વિદેશે નયરે નિવસઈ (૦૨ નિવેસે) વિવિધ રયણની જાતિ,
દાય ઉપાય કરી તે મેલી જિમ જલનિધિ જલજાતિ,
રાજ(ગજ) પરિદાની ગિરિપરે માની બેટા મોટા તાસ,
એક દિન કુલ ધજ કોટીધ્વજ ધ(પ)ર દેખે કેતુ વિલાસ. ૨
અંગજ ત્યારે એમ વિચારે નહીં સારે અમ તાત,
નિર્ધન સયણ તણી પરિરયણે નોહઈ ધન વિખ્યાત,
અંતર્વાણીની જિમ વાણી નવિ જાણીજે કેણ,
કેવલઘટ દીપકપરિ નિષ્ફળ બહુપરિ રયણ ધણેણ. ૩
ઈમ ચિંતવતાં તાત તેહનો ધનમેલણને કાજ,
લોભાભ્યંતર દૂર દેશાંતર ચઢીઓ ચતુર જહાજ.
ઉચ્છૃંખલ તસ પાછળ અંગજ વેચે રયણાં મૂલે,
ઓછે-અધિકે દશદિશિ વેર્યાં જિમ વાતૂલી તૂલે. ૪
રયણરાશિ લોપી આરોપી ધજપલ્લવ નિજ વાસ,
કોટીધ્વજ નિજ નામ ધરાવી પૂરી નિજમન આસ,
વાત સુણીને તાત પધાર્યા વાર્યા અંગજ તેહ,
ધજ(ધટ) પટ ધરધટ ઉપરિ દેખી ચટપટી લાગી દેહ. ૫
રે અજ્ઞાની ભાલા વ્યાલા પરનાલા અવિનીત,
ધનતરુકંદ કુદાલા હાલા વિણસાડ્યું ઘરસૂત,
ઇણિપરે હાંકી બાહિર કાઢ્યા અંગજ ગ્રહિ ગ્રહી બાંહિ,
રયણ રાશિ દિશિ દિશિથી આણો તો આવો ઘરમાંહિ. ૬
નિજવાંકે તે રંકતણી પરે પુહવિમંડલ ફિરતાં,
કુટિલ સભાવે રયણઅભાવે બહુ દુઃખને અનુસરતા
યદ્યપિ દેવપ્રભાવે રયણાં સયલ ગ્રહી ગ્રહી આવે
પણ નય કહે ધર્મ વિના નરભવ એ હાર્યો વલીય ન પાવે. ૭

## ૫/૯ રત્નરાશિ દષ્ટાંત

દુહા

હવે એનો ઉપનય કહું સુણજો સહુ ભવિલોક,
માનવભવ મોટો અછે જિમ સોવનધન રે.

ઢાળ

સુવિહિત હિતકર જંતુને મારગને અનુસારી રે.
તે ગુરુ વ્યવહારી સમો આગમરયણ ભંડારી રે.
સોભાગી જન સાંભળો ૧
પંચપ્રકારે જાણીયે અંગજ પરિતસ શિષ્યા રે
ધજ પરિજન પૂજા લહી પામે પરિગલ ભિખ્યા(ક્ષા) રે. સોભાગી ૨
આગમરયણાં વેંચિયાં પેટ ભરાઈ મૂલે રે,
ઉંચેપદ ચઢ્યા લોકમાં કોટિ ધ્વજ નામે ભૂલે રે. સોભાગી ૩
તાતેં તેહ કુશિષ્ય તે દુર્વિનાભના છાક્યા રે,
પરંપર ઘરથી કાઢિયા હાથે ગ્રહીને હાંક્યા રે. સોભાગી ૪
રંકપરે નિજ વાંકથી રુલે ચઉગતિ સંસારે રે,
તે પાછા ન આવી શકે પરંપરા ઘર બારે રે.
(આગમરયણ ગ્રહી સારે રે) ૫
એમ હાર્યો નરભવ વલી દુષ્કરપણે તે લહિયે રે
ધીરવિમલ કવિરાજને નય સીસે એમ કહિયે રે. સોભાગી ૬

## ૫/૧૦ રત્નરાશિ દ્દષ્ટાંત

દૂહા

શ્રી આવશ્યક ચૂર્ણિને અનુસારે કહ્યો એહ
પણ ઉપદેશ પદેં કહ્યો અન્ય સરૂપે એહ

ઢાળ

તામલિત્તિ નગરે વસે સાગરદત્ત ઈતિ શેઠ રે,
રયણરાશિ કરી એકઠો લચ્છી કરે જસ વેઠ રે.
માનવ ભવ મીઠો લહી ૧
માનવ ભવ મીઠો લહી મૂરખ મહિયાં મહારો રે,
મોટો મહિમા એહનો મુગતિતણો સંચકારો રો. માનવ૦ ૨
પ્રવહણ પૂરી એકદા રયણદ્વીપે તે જાય રે,
પ્રવહણ રયણે ભરી ફરી આવે જલનિધિમાંય રે. માનવ૦ ૩

પ્રવહણ ભાંગ્યું તેહનું રયણ ગયાં વિરલાઈ રે,
ફલગ લહી ઘર આવીયો હિયડે દુઃખ ન સમાઈ રે. માનવ૦ ૪
રયણરાશિ તેણે શેઠિએ તે જેમ દોહિલો લહિયે રે,
તેણી પરેં નરભવ હારિયો દોહિલો વળી વળી કહિયે રે. માનવ૦ ૫
જીવસંસારિ શેઠિયો સુગુરુ સુધર્મને નેક રે,
સમકિત ગુણવર રયણડે પૂર્યું પોત વિવેક રે. માનવ૦ ૬
સંયમ મારગ રૂયડો રયણદ્વીપ સમાનો રે
અનુક્રમે અનુસરીને થયો આગમરયણ નિધાનો રે. માનવ૦ ૭
વિકથા ઉત્સૂત્રવાયથી હાર્યો રયણની રાશિ રે,
આસ્તા(સ્થા) પ્રવહણ ભાંજીયું થયો ચઉગતિ વાસી રે. માનવ૦ ૮
પંચમ રયણ તણો કહ્યો નરભવનો દૃષ્ટાંત રે
ધીરવિમલ ગુરુ સાનિધે કવિ નય કહે ગુણવંત રે. માનવ૦ ૯

### ૬/૧૧ સ્વપ્ન દૃષ્ટાંત

દૂહા

સમકિત વિણ ભવમાં ફર્યો કાલ અનંતાનંત,
પંચપ્રમાદ બલે કરી આઠે કર્મ મહંત. ૧
નરભવ સુણવું શ્રુતતણું સદ્દહણા તિમ ચંગ,
ગલ કરવું ધર્મે વળી એ ચારે પરમંગ. ૨
ચંદ્રપાન સુહણાં તણો એ છઠ્ઠો સંબંધ
કહું શ્રી ગુરુ સાન્નિધ્યથી મૂલદેવ પ્રબંધ. ૩

ઢાળ

પાડલીપુર નયરી વયરી સવિ વશ કીધ,
શંખોજ્જ્વલ ગુણધર નરપતિ શંખ પ્રસિદ્ધ. ૧
જયસિરિ તસ રાણી રૂપે જિત ઇંદ્રાણી,
તસ સુત અતિ સુંદર મૂલદેવ ગુણખાણી. ૨
ગુણખાણી જૂવટ વિન્નાણી અસત્ય તણી સહનાણી,
જિહાં જેવું તિહાં તેવું દીસે જિમ જલધરનું પાણી,
જૂવટ દહવટ કરવા હેતે તાતેં દૂર કરી તો,
બહુ ધનવંતી સ્વર્ગ હસંતી નયરી અવંતી પોહોંતો. ૧

ગુટિકાને કપટે તે થયો વામનરૂપી,
ગણિકામાં માણિક દેવદત્તા ગુણકૂપી
અતિઝીણા વીણા વાહે તિમ વલી ગાય,
ગણિકા તસ ગુણથી તિમ અનુરાગિણી થાય
થઈ અનુરાગી ભાવઠ ભાંગી વણિકમાં સૌભાગી,
અચલ નામ ગાથાપતિ ધનપતિ આવ્યો તિહાં વડભાગી,
દાનમાન સત્કારી સારી ગણિકાઘરિ તે વિલસે,
પણ વામન દેખી ગણિકાનું અંતર હિયડું હીસે. ૨
અક્કા કહે ગણિકા સુણ તું નિશ્ચિલ,
ચિત્ત ભજ અચલધનીને તજ વામન નિર્વિત્ત,
તવ બોલી ગણિકા વામન કામન રૂપ,
એ અચલ અચલપરે નિર્ગુણ પત્થર રૂપ,
પત્થર રૂપી અતિ અવિવેકી એ માહરે મન ના'વે,
શેલડીનો દૃષ્ટાંત દેખાડી અક્કાને સમઝાવે,
અક્કા ઢક્કાની પરે લાગી મૂલદેવને નામ,
અનુચિત થાનક જાણી ચાલ્યો ઉદ્દેશી કોઈ ગામ. ૩
બેનાતટવાટે મલીયો બંભણ એક,
તેહ સાથે ચાલ્યો વિણસંબલ સુવિવેક,
ઉદર ભરિ બંભણ ભોજન કરવા કામ,
સરપાળેં બેઠો કાઢી સાથુઅ સાજ,
સાથુ સાંજે નિર્લજ તે બંભણ કુંવરને નવિ સંભળાવે,
નિર્ઘૃણ શર્મ નિજનામ યથારથ લોકે કીધું પાવે,
એણી પરે ત્રણ દિવસનો ભૂખ્યો અટવીથી ઉતરિયો,
મૂલદેવ ભોજનને હેતે વસતીમાં સંચરિયો. ૪
વાટે એક ગામે કોઈ કુલપતિને ધામે,
ભોજનને કામે બેઠો કરી વિશ્રામ,
મનમાંહે ચિત્તે સંત હોયે જો કોઈ જઈ,
તેહને યાચું ઉદરપૂર્તિ જિમ હોઈ,

ઉદરપૂર્તિ કરવાને કાજે એક ઘરે ફરતાં દીઠા,
અડદ બાકુળાં ભિક્ષુકની પરે મોદકથી પણ મીઠાં,
ક્ષુધિત થકો પણ નિશ્ચલ ચિત્તે બાકુલ લેઈ વળીયો,
નિર્મલનીર સરોવર તીરે બેઠો પુણ્યે બળીયો. ૫

## ૬/૧૨ સ્વપ્ન દૃષ્ટાંત

મૂલદેવ મન ચિંતવે એ કુલ્માષ મેં પાયા રે,
લાખ પસાય તણી પરે મોદકથી સુખદાયા રે. મૂલદેવમન૦ ૧
કિહાં મુજ રાજ્ય પિતાતણું કિહાં ઉજ્જેણી વિલાસો રે,
કિહાં એ ભીખ કુલગામની એ સવિ કર્મ વિલાસો રે. મૂલદેવમન૦ ૨
એક દિવસ પણ તે હતો દેતો બહુને અત્થો રે,
એક દિવસ પણ એહ છે ઉદરભરણ અસમત્થો રે. મૂલદેવમન૦ ૩
અઠ્ઠમ અંતે પામીયા રંકપરે કિમ ખાઉં રે,
ભિક્ષુકને આપી ભખું જેહવું તેહવું પાઉં રે. મૂલદેવમન૦ ૪
એહવું ભાગ્ય કિહાં થકી સાધુ સુપાત્ર લહીજેં રે,
આ અવસર નહિ તેહવો તોપણ દેઈ જમીજેં રે. મૂલદેવમન૦ ૫
એમ ચિંતવતાં પુણ્યથી માસોપવાસી મુણિંદો રે,
પુણ્યવંત (પુંજ) આયો તિહાં મલપતો જાણે ગયંદો રે. મૂલદેવમન૦ ૬
અજ ઠામેં ગજ મુજ મિલ્યો પત્થર ઠામેં રયણાં રે,
જલ ઠામેં અમૃત મિલ્યું એમ ઉચ્ચરતો વયણાં રે. મૂલદેવમન૦ ૭
રાજ્યરોરસુત રિંજિયો (વાંઝીયો) જડ શ્રુત અંધ જિમ નિરખે રે,
મુંગો વચન લહી યથા તેણી પરે મનમાં હરખે રે. મૂલદેવમન૦ ૮
તુમ સરખી ભિક્ષા નથી પણ મુજ ભાવ અપારો રે,
ગ્રહણ કરો અનુગ્રહ કરી મુજ ગરીબ નિસ્તારો રે. મૂલદેવમન૦ ૯
દુરિત સમુદ્રને તારવા પાત્ર પોત તેણે ધરીયો રે,
અનાકુલ મને બાકુળા દેતાં ચિત્તડું ઠરીયું રે. મૂલદેવમન૦ ૧૦
સુરવાણી આકાશથી થઈ તસ પુણ્યની સાખી રે,
જે યાચે તે તાહરે દિઉં તુઝને હિત દાખી રે. મૂલદેવમન૦ ૧૧

રાજ્ય દિયો મુજને તુમ્હેં દેવદત્તા સુખ ભોગ રે,
હાથી સહસ તણું ભલું સુમતિ તણો સંયોગ રે. મૂલદેવમન૦ ૧૨
આજ થકી દિન સાતમેં થાઈશ તું ભૂપાલ રે,
એમ નિસુણી હર્ષે ભર્યો આયો પંથી સાલે રે. મૂલદેવમન૦ ૧૩
નિજ મુખમાંહે પેસતો ચંદ્રમંડલ તિહાં દીઠું રે,
રાત્રી ઘડી દોય પાછલી અમૃતથી પણ મીઠું રે. મૂલદેવમન૦ ૧૪
કોઈક તિહાં સૂતો કાપડી દીઠું સ્વપ્ન તેણે વિહસી રે,
અર્થ કરે તે માહોમાંહે ગુડયુત મંડક લહસી રે. મૂલદેવમન૦ ૧૫
શ્રીફલ કુસુમ ગ્રહી કરે સ્વપ્ન જાણ ઘર આવે રે,
એ સુપને તું આજથી સાતમે દિન રાજ્ય પાવે રે. મૂલદેવમન૦ ૧૬
દેવવાણી સુહણે મિલી ચંપક તરુતલે સૂતો રે,
ઈણસમે તિણપુરનો ધણી અપુત્રીઓ ગતિ પહોંતો રે. મૂલદેવમન૦ ૧૭
પંચ દિવ્ય શણગારીયા પુરબાહિર તે આવે રે,
કલશ ઢાળ્યો શિર ઉપરે રાજતેજ તિહાં પાવે રે. મૂલદેવમન૦ ૧૮
દેવદત્તા આવી મલી ગજ – રથ – તુરગ અપારો રે,
વાસવપરે વસુધાપતિ પાલે રાજ ઉદારો રે. મૂલદેવમન૦ ૧૯
રાજ્ય સુણી મૂલદેવનું ચિંતે મનમાં બડુવો રે,
એકે સુપન વિચારણા ફેર કિસ્યો એ પડિયો રે. મૂલદેવમન૦ ૨૦
સુપનું લહેવા કાપડી મોઢું માંડી સૂવે રે,
સુપનઠાંમે વાગુલતણી વીઠ પડે મુખ ધોવે રે. મૂલદેવમન૦ ૨૧
કાપડી ફરીને નવિ લહે સુહણું જડ જિમ વાણી રે,
તેણીપરે નરભવ હારીયો ન લહે પુનરપિ પ્રાણી રે. મૂલદેવમન૦ ૨૨
એ લવલેશ થકી કહ્યો મૂલદેવ અવદાતો રે,
ધીરવિમલ કવિરાજનો શિષ્ય કહે એ વાતો રે. મૂલદેવમન૦ ૨૩

## ૬/૧૩ સ્વપ્ન દૃષ્ટાંત

હવે એહનો ઉપનય કહું સુણી ગુરુમુખથી આજ,
તે ચિત્તમાં અવધારતાં સીઝે સઘળાં કાજ,

ઢાળ

મૂલદેવ સમ જાણીયે જીવસંસારી સાર,
નવ નવ વેશે નટ ફિરે (ભઠ પરે) ભમતો ઈણ સંસાર.
ભવિકજન ! સુણલે રે, સમજિ સમજિ ઘટમાંહિ,
ભવિકજન ! સુણલે રે ધરીયે સમચિત્ત(સમકિત)ચાહિ. ૧
કાઢ્યો કર્મનૃપે તિહાં તિરિનયરીથી જાણિ,
વ્યસન મિથ્યાત્વ નિવારણા કરવા ગુણની ખાણિ. ભવિકજન !૦ ૨
નરગતિ ઉજ્જેણી સમી મલિયો જઈ તે માંહિ,
શુભરૂચિ વારવધૂ મલી પૂરણ પ્રેમ ઉચ્છાહિં. ભવિકજન !૦ ૩
અરૂચિ અક્કાયે કાઢીયો તે પ્રાણીને જોર,
ચંદ્રપાન સમ પામીયો શુદ્ધસમકિતચિત્ત ઠોર. ભવિકજન !૦ ૪
પંચદિવ્યસમ ચારિત્ર તેહથી સીધાં કાજ,
પામે અનુપમ જીવડો મુગતિપુરીનું રાજ. ભવિકજન !૦ ૫
કપટી પ્રાણી કાપડી સુહણાં સમ સમકિત,
પેટભરાઈ કારણેં ખોહે તે અપવિત્ત. ભવિકજન !૦ ૬
એમ નરભવ સમકિત તિણે(વિના) હાર્યો ફરિ ન લહંત,
ચંદ્રપાન સુહણા સમો ન લહે તેહ અત્યંત. ભવિકજન !૦ ૭
છઠ્ઠા સુપનતણો કહ્યો એ ઉપનય લવલેશ,
ધીરવિમલ કવિનય કહે એમ કહ્યો ઉપદેશ. ભવિકજન !૦ ૮
મૂલદેવ નરપતિ તણો મોટો છે સંબંધ,
સ્વપ્ન કાર્ય ભણી આણીઓ નરભવ સમકિત ખંધ. ભવિકજન !૦ ૯

## ૭/૧૪ ચક્રરાધાવેધ દૃષ્ટાંત

દૂહા

જિનચક્રી હરિપ્રતિહરિ ચારણ મુનિ બલદેવ,
વિદ્યાધર વળી પૂર્વધર તિમ ગણધર જિનસેવ. ૧
ઋદ્ધિવંત એ નર કહ્યા સૂત્રમાંહિ ગુણગેહ,
નરભવ વિણ એ નવિ હુવે તિણે કરી ઉત્તમ એહ. ૨

રાધાવેધ તણો કહું સુણતાં અધિક આનંદ,
ચક્રનામ એ સાતમો એ દષ્ટાંત અમંદ. ૩

ઢાળ

ઇંદ્રપુરીથી અધિક વિરાજે ઇંદ્રપુરાભિધ નયરી,
ઘર ઘર ઈસર ગુરુજન બુધજન ઘરઘર સોહે ગોરી.
રૂડે રંગે રે, નરભવ સુરતરુ સારિખો,
પરખો હૃદય મોઝાર. રૂડે રંગે રે૦
ઇંદ્ર તણે અનુહાર. રૂડે રંગે રે૦
સમકિત જસ શણગાર. રૂડે રંગે રે૦ ૧
ઇંદ્રદત્ત ભૂપાલ બિરાજે ઇંદ્રતણી પરે ફાવે,
શ્યામ ખડ્ગવલ્લી પણ તેહની નિર્મલ જસ પ્રગટાવે. રૂડે રંગે રે૦ ૨
ભિન્ન ભિન્ન જનનીના જાયા તેહને સુત બાવીસા,
કલાચાર્ય પાસે ભણવાને મૂક્યા તે સુજગીસા રૂડે રંગે રે૦ ૩
એક દિન સચિવ સુબુદ્ધિ ઘર ઉપર સુમતિ સુતા ખેલંતી,
તે નિરખી નરપતિ મન હરખ્યો રે કન્યા ગુણવંતી. રૂડે રંગે રે૦ ૪
નરપતિ મોહ્યો તેહને રૂપે તે કન્યાને પરણી,
રાગવંત નરપતિ તે વિલસે જિમ પૂરવ દિસિ તરણી. રૂડે રંગે રે૦ ૫
શીપગ્રહે જિમ મુક્તાફલને તિમ સા ગર્ભ ધરંતી,
જિમ આલસુ વિદ્યા વીસારે તિમ સા નૃપ ગુણવંતી. રૂડે રંગે રે૦ ૬
સંધ્યા વાદલપરે નિજપતિનો રાગ લહી પરધાને,
નિજપુત્રી નિજ ગેહે તેડી દેઈ નિજ બહુમાને. રૂડે રંગે રે૦ ૭
શુભ દિવસે સુંદર સુત જાયો સુરેંદ્રદત્ત અભિધાન,
મુદ્રાલંકૃત પ્રેમ ધરીને રાખે જેમ નિધાન. રૂડે રંગે રે૦ ૮
અગ્નિક પર્વત બહલી સાગર દાસેરા નૃપનંદ,
સુરેંદ્રદત્ત સાથે તે ભણવા બેઠા અતિ આણંદ. રૂડે રંગે રે૦ ૯
માંહોમાંહે ભણે તે પંચે પણ દીસે બહુ મંદ (ભેદ),
એક નીક જલ પાયા તો પણ કરીર કલ્પતરુ કંદ. રૂડે રંગે રે૦ ૧૦

જિમ કાયર રણ અંગણ નાસે તિમ વિદ્યાથી ભાગા,
તે દાસેરા સુત બાવીસા વિષયપ્રસંગે લાગા. રૂડે રંગે રે૦ ૧૧
અકખર પાખર યોગ્ય નહિ એ સ્વચ્છંદી પરમાદી,
કલાચાર્ય પણ એમ ઉવેખે જિમ દુષ્ટ તુરંગને સાદી. રૂડે રંગે રે૦ ૧૨
સુમતિપુત્ર એકતાન થઈને સકલ કલાને શીખે,
રાધાવેધાદિક જે દુર્ધર તે પણ ન ગણે લેખે. રૂડે રંગે રે૦ ૧૩

૭/૧૫ ચક્રરાધાવેધ દૃષ્ટાંત

ઈણ અવસર મથુરાપુરી તસ જિતશત્રુ ભૂપ,
નિવૃત્તિ નામે રૂઅડી કન્યારત્ન અનૂપ. ૧
પ્રકટિત યૌવન દેખીને પૂછે ભૂપ તસ તાત,
વત્સે ! વર કુણ તુજ મને તે કહીયે અવદાત. ૨
સાંધે રાધાવેધ જે તે માહરે ભરતાર,
ઈમ નિસુણી મંડાવિયો સ્વયંવર મંડપ સાર. ૩
આવ્યા દેશાધિપ ઘણાં પણ ન ધરે સા રાગ,
જિમ ભમરી ધત્તુરને કુસુમિત બંધે રાગ. ૪

ઢાળ

ઇંદ્ર દત્ત નરેસર આવે સઘળા સુત સાથે લાવે,
વળી સાથે સચિવ પ્રસિદ્ધો પેસારો સબલો કીધો. ૧
સ્વયંવર મંડપ માંહે આવે કન્યા દેખી સુખ પાવે,
ધન ધન મુજ પુત્ર સોભાગી જેહને એ કન્યા રાગી. ૨
તિહાં રોપ્યો થંભ ઉત્તંગ જાણે મેરુ મહીધર શૃંગ,
આઠ ચક્ર તે ઉપર વિવરલાં ચાર અવળા ને ચાર સવળાં. ૩
વાયુવેગની પરે ભમંત વિજ્ઞાની એમ રચંત,
તસ ઉપર પૂતળી એક તસ રાધા નામ વિવેક. ૪
નીચું એક તેલનું કુંડું તેલે ભરીયું અતિ ઊંડું,
પ્રતિબિંબે પૂતળી જેહ ડાબી આંખે વિંધે તેહ. ૫
નીચે મુખે વિંધે કીકી તસ વિદ્યા કહિયે નીકી,
એમ રાધા વેધ કરેઈ તે કન્યાને પરણેઈ. ૬

એમ નિસુણી રાજા ચિંતે ઐ ઐ એ કાર્ય મહંતે,
શ્રીમાલી પ્રથમ બોલાયો જેહને ઘણે હર્ષે લડાયો. ૭
સુણ પુત્ર અછે લાભ દોઈ ઈહાં કન્યા ઈહાં યશ હોઈ,
તું પહેલો થા હવે વહેલો આયો લાભ છાંડે તે ઘેલો. ૮
આયો પણ પાછું તાકે બાણ નાખ્યો ફીટે વાકે,
રાધાથી બાણ જ ટલિયો બુંબ પાડી પાછો વળીયો. ૯
બીજો આયો સુજગીશ નવિ પહોંતી તાસ જગીસ,
એમ આયો ત્રીજો ચોથો શરનાખે ભરીય અ બોથોં ધ્યો. ૧૦
એમ આયા સુત બાવીસ નિજભુજપ્રતે કરતા રીસ,
તિહાં કેઈ તાલોટા વાય હાંસું મુખમાંહે ન સમાય. ૧૧
કોલાહલ ઝાઝો થાય બીજા પણ નવિ સંભળાય,
મંડપ બાહિર શર જાય જાણે પાશથી હરિણ ઉજાય. ૧૨
દાંતે હોઠ ચાંપે જોર કેઇ પાડે મુખ બહુ શોર,
કોઈકના હાથ જ ધ્રૂજે કોઈકનાં શર નવિ પૂજે. ૧૩
જે નૃપતિ હુંતા સામાન્ય તેહને મુખ વાધ્યો વાન,
જે બળીયાને વળી મોટા તસ વદને ઢળ્યા જલ લોટા. ૧૪
પરમેસર અમને તૂઠો ઇંદ્રદત્ત નૃપતિ થયો ભૂંઠો,
જો અધિકી કાટત રેખ તો ફુલત એહ વિશેષ. ૧૫
પાસે મંડપ અજુવાળ્યો જસવાદ કુણે નવિ વાળ્યો,
કોઈક આગેથી થાકા કોઈક થયા હાકા બાકા. ૧૬
બાહિરે દીસે સિંહ સરીખા તે જંબૂક સરીખા પરિખ્યા,
કન્યા પણ મન વિલખાણી જુઓ કર્મ તણી અહ નાણી. ૧૭
આવ્યા તવ ચાર દાસેરા કહે અવસર છે હવે મેરા,
એકને તો ધ્રૂજણી છૂટી બીજાની પણ ચીજ ત્રુટી. ૧૮
એકને ભૂંઈ લાગે ભારી ચોથે જોઈ નાસણ બારી,
ઇંદ્ર દત્ત નૃપતિ વિલખાણો કિહાં આવી એથ ભરાણો. ૧૯
એ સુતથી યશની હાણ હસતાં સહુ રાજા રાણ,
નીચે મુખેં ધરતી તાકે લાજેં પેસવા વાંકે. ૨૦

સુત ન હોત જો એક જ નામ ઈણ ઠામ ન જાવત મામ
જિમ થંભા કદલી કેરા ભલા બાહિર ભીતર કોરા. ૨૧
જિમ હાર્યો જૂઆરી શોચે તિમ રાજા મન આલોચે
એહવે નયસુબુદ્ધિપ્રધાન આવી નૃપ કરે સાવધાન. ૨૨

૭/૧૬ ચક્રરાધાવેધ દૃષ્ટાંત

સચિવ કહે સુણ નૃપતિ તું મ મ કર મન વિખવાદ,
પુણ્ય બલે છે તાહરો ઈહ નિશ્ચેં જય વાદ. ૧
મુજ દોહિત્રો ગુણ નિલો તાહરો પુત્ર રતન્ન,
તે રાધાવેધ સાધશે કરશે વદન પ્રસન્ન. ૨
સિંહ શ્વાન પટંતરો જાણીજે નિરદંભ,
ઓ ભેદે મૃત હાડકાં ઓ ભેદે ગજકુંભ. ૩
એમ નિસુણી વિસ્મય પડ્યો નૃપતિ કહે પરધાન,
મુજને સાંભરતો નથી જિમ અજ્ઞાની જ્ઞાન. ૪
લિખિત પત્ર દેખાડીયું પ્રગટ્યો અધિક ઉચ્છાહ,
ચિર વિલોકિત સ્વપ્નપરે પુત્રીનો વિવાહ. ૫

ઢાળ

નૃપતિ આણા લહી તેડીયો તિહાં વહી સુબુદ્ધિપરધાન નૃપ માન પામી,
સાર શૃંગાર વર હાર પહિરાવીયો આવ્યો નૃપતિપદ શીશ નામી. ૧
જ્યો કુમર સિરતાજ મહારાજ સુત જગ જ્યો જે થયો સકલ વિજ્ઞાન વેદી,
સચિવ કહે નૃપતિ સુણ એહ સુત તુમ્હ તણો અમ્હ તણો શીખવ્યો બાણ ભેદી. ૨
હૃદય આલિંગીયો મસ્તકે ચુંબીયો થાપીયો કુમરને નિજ ઉચ્છંગે,
એહ નિર્વૃતિ વરો વંશ ઉજ્વલ કરો જય વરો એણ ઠામે પ્રસંગે. ૩
તાત વાણી લહી ધનુષ શર સંગ્રહી તિહાં વહી આવીયો થંભ પાસે,
વંદીયા નિજકલાચાર્ય આનંદીયા સજ્જના બહુજના મન વિમાસે. ૪
બંધુ બાવીસ ધરી રીસ મનમાં હસે અમ થકી અધિકશું એહ દીસે,
ચાર દાસેર દાસેરપરે બુરબરે હાથતાલી દિયે દાંત પીસે. ૫
વિકટ દોઈ સુભટ બિહું પાસ ઉભા કિયા હૃદય મચ્છર ધરી ખડ્ગ હાથે,
બાણ શર મૂકતા જો વિચે ચૂકતા ઝાલજો એહને જોર બાથે. ૬

ધનુષની પણછ પૂજી અધૂજે મને બાણ તીખો તસ અગનિ જોડ્યો,
તૈલ પ્રતિબિંબ અવિલંબ રાધા પ્રત્યે બાલ તત્કાલ તિહાં બાણ છોડ્યો,
(સકલ નરપતિ તણો માન મોડ્યો). ૭
વક્ર અઠ ચક્ર ઉલ્લંઘ્ય લઘુ લાઘવી કલ થકી બાણગતિ સરલ કીધી,
જાણીયે સાપરાધા યથા રાધિકા પૂતળી વામદગ તુરત વિંધી. ૮
સયણ આવી મિલ્યા દુષ્ટ દૂરે ટલ્યા કુસુમની વૃષ્ટિ શું સુર વધાવે,
નિર્વૃતિ બાલિકા કંઠ વરમાલિકા થાપતી ભમર રવિ ગીત ગાવે. ૯
ભૂપ મન હરખીયો સુત રયણ પરખીયો સુબુદ્ધિને ઋદ્ધિ બક્ષીસ દાની,
સુજસ જયવાદમેં પામીયો નૃપતિમાં આજ એ સહાય તેં સબલ કીની. ૧૦
એમ અનભ્યાસવશ સાધવો દોહિલો વેધ રાધાતણો મેરુ તોલે,
હીન પુણ્યે તથા નરભવો દોહિલો ધીર ગુરુ સીસ નય સુકવિ બોલે. ૧૧

## ૭/૧૭ ચક્રરાધાવેધ દૃષ્ટાંત

રાધા વેધ તણો કહું અંતર્ગત સુવિચાર,
આવશ્યકની ચૂર્ણિમાં ઉપનયનો અધિકાર.

### ઢાળ

કર્મ નૃપતિને અવિરતિ પ્રમુખા બહુલી ઘરણી દીસેજી,
ભિન્ન ભિન્ન જનનીના જાયા પરીષહ સુત બાવીસેજી,
દાસી સુત વલી ચાર વિચારો વિરૂઆ વિષય કષાયાજી,
રાગ-દ્વેષ દોઈ વિકટ મહાભટ અંગરક્ષક પદ પાયાજી. ૧
નરભવ સુરતરુ સરિખો પામી મહિયાં મૂઢ મહારોજી,
ક્રોધ - માન - માયાને લોભહ ચાર કષાય વિચારોજી,
આર્ત - રૌદ્ર દોય ધ્યાન ખડ્ગકર ધરીને તેહજ રહિયાંજી,
નોકષાય તાલાદિક દેવે વ્યયકરણ જ મહિયાંજી. ૨
ભવ મંડપમાં વિવિધ પ્રકારે જંતુ જાત તસ પક્ષજી,
કર્મ નૃપતિ અનુભાવિ કોઈક નય સાધનનો દક્ષજી,
એક દિન સુબુદ્ધિ સચિવની તનયા વિરતિકની નૃપ દેખેજી,
તે પરણીને વિલસે ભૂપતિ જનમ સફલ મન લેખેજી. ૩

ઠાર ત્રેહપરે નેહ નૃપતિનો દેખી જનકને ગેહજી,
આવી ગર્ભવતી તે તનયા સુત પ્રસવ્યો ગુણ ગેહજી,
સંયમનામા સુતને જનકે સકલ કલા શીખવીયોજી,
અનુક્રમે જિનવર નૃપતિ મોટો સ્વયંવર મંડાવ્યોજી. ૪
નિર્વૃત્તિ નામ સુતા પરણાવવા મોટો થંભ આરોપેજી,
શુભ સામગ્રી દ્રોણી પાસે વિધિમર્યાદ ન લોપેજી,
અવળાં – સવળાં ચક્ર ફરે તે ઘાતિ – અઘાતી કર્મોજી,
મોહનીય સ્થિતિ રાધા જાણો વેધે તેહનો મર્મોજી. ૫
તે વિદ્યાસાધનને કાજે પરીષહ અને કષાયાજી,
આયા પણ તિહાં માન ગમાયા કન્યા લાભ ન પાયાજી,
નરભવ સમકિત સંયુત પામી સર્વ વિરતિ અનુસરીયે જી,
રાધાવેધ કહીજે તેહને ભવજલનિધિ એમ તરીયેજી. ૬
એમ નિર્વીર મહીતલ દેખી સંયમસુત સાવધાનજી,
સચિવ પુત્ર વિદ્યાનો આગર પામી નૃપનું માનજી,
જ્ઞાન કબાણ પણછ શુભ કિરિયા જોડી દરિસણ બાણજી,
આતમવીર્ય તિહાં પ્રગટાવે રાધાવેધ સુજાણજી. ૭
ઘાતિ કર્મથિતિ વેધ કરીને નિર્વૃતિકન્યા પરણેજી,
જય જય શબ્દ થયો જિન શાસન જિનવર ભૂપતિ વરણેજી,
ઇણિપરે રાધાવેધ તણી પરે દોહિલો નર અવતારોજી,
વિષય કષાયવશે મ–મ હારો અંતર વેરી વારોજી. ૮
નરભવ સમકિત સંયુક્ત પામી સર્વવિરતિ અનુ સરિયેંજી,
રાધાવેધ કહીજે તેહને ભવજલનિધિ એમ તરીયેજી,
ચક્ર તણો દૃષ્ટાંત કહ્યો એ શાસ્ત્ર તણે અનુસારજી,
ધીરવિમલ ગુરુરાજ પસાયે નયવિમલ સુખકારજી. ૯

## ૮/૧૮ કૂર્મ ચંદ્ર દર્શન દૃષ્ટાંત

માનવ ભવ વિણ નવિ હુવે સમવસરણ મંડાણ,
ક્ષપક શ્રેણી પરમાવધિ તિમમણપજ્જવ નાણ. ૧

તે માટે ઉત્તમ કહ્યો ચિહુગતિમાંહે એહ,
પંચમ ગતિને પામવા મૂલમંત્ર વળી જેહ. ૨

ઢાલ

હવે બોલું હું આઠમો રે કચ્છપનો દૃષ્ટાંત રે, ચતુરનર !
વીર જિણંદ કહે ઈસ્યું રે ગૌતમને હિતવંતરે.
ભવિજન ભાવ ધરી સુણો હો લાલ. ૧
નીર ભર્યો દ્રહ રૂઅડો રે અનેક જોયણને માન રે. ભવિજન૦
કહિયેં નીર ખૂટે નહિ રે જિમ નાણીનું નાણ રે. ભવિજન૦ ૨
મીન પાઠીન ઘણાં તિહાં રે જલચર જીવ અનેક રે ભવિજન૦
જાતિ ઘણી જિમ નયરમાં રે નિવસે તિમ અતિ છેક રે. ભવિજન૦ ૩
પાખરની પરે આચર્યો રે તસ ઉપર સેવાલ રે. ભવિજન૦
પવને પણ નવિ ભેદીયે રે જિમ કમલે કરવાલ રે. ભવિજન૦ ૪
તિહાં નિવસે એક કાછ(ચ)બોરે જૂનો થિર જસ આય રે ભવિજન૦
પુત્રાદિક પરિવારશું રે સુખમાંહે દિન જાય રે. ભવિજન૦ ૫
વાયુવશે તિહાં એકદા રે વિખરીયો સેવાલ રે ભવિજન૦
દેખે ગ્રહગણ પરવર્યું રે શશધરબિંબ વિશાલ રે. ભવિજન૦ ૬
હરખ્યો હિયડે ચિંતવે રે વસ્તુ અનોપમ એહ રે ભવિજન૦
દેખાડું પરિવારને રે એમ ચિંતી ગયો તેહ રે. ભવિજન૦ ૭
તેડી કુટુંબ આવે જિસે રે તે કાછબ તતકાલ રે. ભવિજન૦
પવન ઝકોળ્યો તેટલે રે ઉપર વાળ્યો સેવાલ રે. ભવિજન૦ ૮
ભમી ભમી દ્રહ સઘળો તિહાં રે મનમાંહે થયો ખિન્ન રે. ચતુરનર
પણ નવિ દીઠો ચંદ્રમાં રે જિમ દુર્ગતિ સુરરત્ન રે. ભવિજન૦ ૯
વળી એહમાં કદિયેક કાછબો રે શશી દર્શન તે લહંત રે. ભવિજન૦
મિથ્યાબલે તેમ હારીયો રે નરભવ ફરી ન લહંત રે. ભવિજન૦ ૧૦
જન્મ જરા જલ પૂરિયો રે દ્રહસમ એ સંસાર રે. ભવિજન૦
તિહાં સંસારી જીવડો રે જલચરને અવતાર રે. ભવિજન૦ ૧૧
જ્ઞાન પવને નવિ ભેદિયો રે મિથ્યામત સેવાલ રે. ભવિજન૦
તિહાં કાછિબસમ જાણીયે રે માનવભવ સુકુમાલ રે. ભવિજન૦ ૧૨

મોહ મિથ્યાત્વક્ષયે કરી રે દીઠો જિનવર દેવ રે. ભવિજન૦
અથવા સમકિત રૂઅડું રે કર્મવિવર સવિશેષ રે. ભવિજન૦ ૧૩
તત્ત્વ વસ્તુ પામી કરી રે લાભ લહ્યો નવિ તેણ રે. ભવિજન૦
મોહ કુટુંબ તણે વશે રે તે કરે ભવહ ભ્રમેણ રે. ભવિજન૦ ૧૪
જિમ ચિંતામણી સિંધુમાં રે પડીયો ના'વે હાથ રે. ભવિજન૦
તેમ મિથ્યાત્વીને કહ્યો રે દોહિલો શ્રી જગનાથ રે. ભવિજન૦ ૧૫
શ્રી વિનયવિમલ કવિરાયનો રે ધીરવિમલ કવિ ઈશ રે. ભવિજન૦
એમ દૃષ્ટાંત કહે ભલો રે નય વિમલ સુશિષ્ય રે. ભવિજન૦ ૧૬

## ૯/૧૯ યુગ – ધોંસરી દૃષ્ટાંત

દૂહા

માનવ ભવમાં પામીયે આહારક તનુ ખાસ,
દાન સુપાત્રે તિમવલી ખાયક સમકિત વાસ,
નરભવ ઉત્તમ તે ભણી સવિગતિમાંહિ સાર,
કહું યુગ ધૂંસર મેલનો હવે નવમો અધિકાર.

ઢાળ

મિત્ર પરે આલિંગી રહિયો જંબુદીપને જેહોજી,
લાખ દોઈ જોયણ વિસ્તારે લવણ જલધિજલ ગેહોજી. (પુણ્યકરો રે૦) ૧
પુણ્ય કરો રે પુણ્ય કરો નર માનવ ભવ મત હારોજી,
સરલ સ્વભાવે સમકિત પામો સફલ કરો અવતારોજી. (પુણ્યકરો રે૦) ૨
પંચ દશાધિક યોજન લક્ષા પરિધિતણું તસ માનજી,
ષટશત અધિક સહસ એક યોજન તસ જલ શિખ પરિમાણજી. (પુણ્યકરો રે૦) ૩
ચાર પાતાલ કલશ છે તેહમાં સહસ જોયણ અવગાહેજી,
જાનુ કમલૌધ વધારણ કાજે જાણે કરસણિયા જલમાંહેજી. (પુણ્યકરો રે૦) ૪
મીન અદીન પાઠીન ઘણા તિહાં વદન પસારી રંગેજી,
ક્રીડે જલનિધિ ખોળે ખેલે જિમ સુત જનક ઉછંગેજી. (પુણ્યકરો રે૦) ૫
જૈહની નીર શિખમાંહે લીના અરૂણાદિક હોય શીતજી,
જાણે લોકને આતપે પીડ્યા લાજ થકી ભયભીતજી. (પુણ્યકરો રે૦) ૬

દો તિહાં અમર વિનોદિ તેહમાં પૂરવ પશ્ચિમ કૂલેજી,
યુગ સમેલી જુજુઈ નાખે પવન કરી પ્રતિકૂલેજી. (પુણ્યકરો રે૦) ૭
ધૂસર પશ્ચિમદિશિ પ્રતિ દોડે પૂરવ દિશિને સમેલજી,
જલધિમાંહિ પ્રતિ કૂલ પવનથી ન લહે તેહ જ મેલજી. (પુણ્યકરો રે૦) ૮
નવિ રૂંધી અચલાદિક અંતરે નસડી નીર પ્રવાહેજી,
ઝંસર વિવરમાંહે તે કદાચિત પેસે સમેલી ઉછાહેંજી. (પુણ્યકરો રે૦) ૯
તેમ પ્રમાદ બળેથી હાર્યો માનવનો અવતારજી,
યુગ સમેલિ દૃષ્ટાંત તણી પરે ફરી ન લહે સુખકારજી. (પુણ્યકરો રે૦) ૧૦
જલધિપરે સંસાર કહીજે શુભ સામગ્રી સમેલજી,
નર અનુપૂર્વી સરલી જૂંસર વાયુ પ્રમાદ ઝકોલજી. (પુણ્યકરો રે૦) ૧૧
કર્મ વિવર સમ અમર વિનોદી જોયે, તેહ, વિનોદજી,
એમ અનંત પુદ્ગલ પરિવર્તન કરતાં પામે ખેદજી. (પુણ્યકરો રે૦) ૧૨
એમ ઉપદેશ પદેથી દાખ્યો આઠમો ઉપનય એહજી,
ધીરવિમલ ગુરુરાજ પસાયેં ભાંખે નય ગુણ ગેહજી. (પુણ્યકરો રે૦) ૧૩

## ૧૦/૨૦ પરમાણુ દૃષ્ટાંત

### દૂહા

સર્વ વિરતિ માનવ લહે પામે અવર ન કોઈ,
તે માટે ઉત્તમ કહ્યો નરભવ આગમ જોઈ,
પરમાણુકનો હવે કહું એ દશમો દૃષ્ટાંત,
ભવિજન ભાવ ધરી સુણે જે ગિરુઆ ગુણવંત.

### ઢાળ

શક્તિ પોતાની દેખવા કોઈક અમર વિશેષ,
કૌતુક શું એક થંભનો કરે ચૂરણ સૂક્ષ્મ રેખ. રે ચેતન ચેતીયે.
ધરીયે ધર્મનું ધ્યાનો રે આળસ પરિહરી,
લહીયે જિમ જસ માનો રે. ૧
મેરૂ શિખર ઉપર જઈ સૂક્ષ્મ ચૂરણ જેહ,
નલિકા યંત્ર પ્રયોગથી દશદિશિ વિખરે તેહ. ૨

વાયુવશે પરમાણુઆ દ્વીપંતર તે જાય,
તે પરમાણુ ફરી મલી કહો કિમ થંભ તે થાય. ૩
યદ્યપિ દેવની સાન્નિધ્યે તે થાંભો વલી થાય,
પણ નરભવ હાર્યો વલી વિણુ પુણ્યે ન લહાય. ૪
શુદ્ધ ધર્મ થાંભો કહ્યો કર્મ વિવર તે દેવ,
સંશય ગિરિ શિખર ઉપરે કરે વિનોદ સ્વયમેવ રે. ૫
શંકા નલિકાશું કરી તે થાંભો શતખંડ,
સૂક્ષ્મ ચૂરણ દશદિશે વાયુ પ્રમાદ પ્રચંડ રે. ૬
એણીપરે નરભવ દોહિલો દશદષ્ટાંતે સાર,
તે પાપીને નિગમે વિણ સમકિત નિરધાર રે. ૭
કલ્પતરુ ઉખેડીને વાવે તે એરંડ,
છોડી સંગતિ સિંહની સેવે તે ફેરંડ રે. ૮
ગજ વેચી ખર આદરે ઉપલ ગ્રહે મણિ છોડી,
અધિર કથીરને સંગ્રહે છોડી કંચન કોડી રે. ૯
એ સંક્ષેપ થકી કહ્યા અનુપમ દશ દષ્ટાંત,
ધીરવિમલ ગુરુ સાનિધે કવિનય અતિ ગુણવંત રે. ૧૦

## ૧૦/૨૧ પરમાણુ દષ્ટાંત

### દૂહા

જે માનવ ભવ પામીને સેવે વિષય પ્રમાદ,
છંડે ધર્મ સુહં કરુ અવિરતિ તે ઉન્માદ. ૧
અમૃત ફલને છોડીને જાણે તે ખલ ખાય,
સાહેબ ઉપરાંઠો કરી ભીતે રાંક મનાય. ૨

### ઢાળ

આવશ્યક ચૂર્ણે કહ્યો, અન્ય પ્રકારે એ લહ્યો,
સદ્દહ્યો શ્રી સદ્ગુરુના વયણથી રે. ૧
થંભ અનેકે સોહતી, શાલા મનડું મોહતી,
જેહતી દ્રવ્યઅસંખ્યે નીપની એ. ૨

કોઈક સમયવશે કરી, ઝલણઝીલ કવલિત કરી,
વિસ્તરી અણુક શ્રેણી પવને કરીએ. ૩
ઈંદ ચંદ નરપતિ મલી, તે પરમાણુક સવિ મલી,
વલી વલી તે શાલા ન કરી શકે એ. ૪
દેવ પ્રભાવે કોઈ નર, યદ્યપિ તેહ શાલા કરે
(યદ્યપિ પણ નવિ અનુસરે),
નરભવ હાર્યો વલિ વલીએ. ૫
શુદ્ધ ધર્મશાલા કહી, સદ્‌ગુણ થંભે ગહગહી,
તે દહી વિષયકષાય અગનિ જલે એ. ૬
વિષયકષાય નિવારીયેં, જિમ આતમને તારીયે,
નવિ હારીયે દુર્લભનરભવ પામીયો એ. ૭
નરભવ એમ વખાણીયેં, દશ દૃષ્ટાંતેં જાણીયે,
આણીયે સદ્‌હણા સાચી સદા એ. ૮
પહિલાં સિદ્ધ ઋષે કરી, નરભવ ઉપનય સિત્તરી,
તે ખરી ગાથા પ્રાકૃત બંધ છે એ. ૯
તસ અનુસારે એ કહ્યા, ઉપનય સઘળા તિહાં લહ્યા,
ઈમ કહ્યા ભવિજનને ભણવા ભણીએ. ૧૦
ઉત્તરાધ્યયને દાખીયા, અન્ય ગ્રંથ પણ સાખીયા,
ભાખીયા નયવિમલે ઉલટ ધરીએ. ૧૧

## ૧૦/૨૨ કળશ

ઈણિપરે ભાવ કરી ભણો એ ભવિજન સઝાય
અંતર્ગત ઉપનય લહે જિમ સમાધિ સુખ થાય. ૧
શ્રી ઉપદેશપદે અછે એહનો બહુ અધિકાર
તિમ આવશ્યક ચૂર્ણિમાં ઉપનયનો વિસ્તાર. ૨
વચન કલા તેહવી નહિં પણ ઉપનય એહમાંહિ,
સજ્જન સઘળા એહને આદરશે ઉચ્છાંહિ. ૩
એકવીસે ઢાળેં કરી એહનો બાંધ્યો બંધ,
ત્રણસેં પંચાસી એહની ગાથામાં કૃત બંધ. ૪

કળશ

ભવિજન ધરિયે રે એ ઉપનય ચિત્ત ધરિયે,
સુગતિ સંયોગ કરી નિજ હાથે સહેજે શિવસુખ વરીએ. ભવિજન૦ ૧
દુસ્તર અપરંપર ભવજલ નિધિ મૂરતપણે જિમ તરીએ,
એ દષ્ટાંત સદા જે સમરે તસ જસ જગ વિસ્તરીયે. ભવિજન૦ ૨
એ સઝાય અનોપમ ગુણમણિ ભવિજન કંઠે કરીએ,
સરલ સ્વભાવ ધરી મન સમતા શુદ્ધ સમકિત અનુસરીયે. ભવિજન૦ ૩
સમકિતથી જિનમારગ પામી ભવ અટવી નવિ ફરીયે,
દુઃખ દોહગ જિમ દૂર કરીજે શિવસુખ સંપદ વરીયે. ભવિજન૦ ૪
તપગચ્છ અંબર તરણિ સમોવડ શ્રી વિજયપ્રભસૂરિ કહીએ,
જેહની આણ કુસુમની માલા શેષ પરે શિર ધરીયે. ભવિજન૦ ૫
જસ અભિધાન મૃગાધિપતિ સુણી પ્રતિવાદી ગજ ડરીયે,
અહનિશ કીર્તિકની ગચ્છપતિની ત્રિભુવનમંડપેં ફરીયે. ભવિજન૦ ૬
વિદ્યાગુરુ વલિ અમૃતવિમલ કવિ મેરૂ વિમલ મન ધરીયે,
જસ હિત શીખ સુણીને લોકા ભવિજન હિયડે ઠરીયે. ભવિજન૦ ૭
વિનયવિમલ કવિરાજ શિરોમણિ સુવિહિત મુનિ ધુરિ ધરીયે,
ધીરવિમલ પંડિત તસ સેવક જસ યશ ત્રિભુવન ભરીયે. ભવિજન૦ ૮
શ્રી **નયવિમલ** વિબુધ તસ સેવક તિણે એ ઉપનય કરીયે,
એ ઉપનય ભણતાં ને સુણતાં મંગલ કમલા વરીયે. ભવિજન૦ ૯

## દેવકુંજર ઋષિની સઝાય

સહજ સુંદર મુનિ પુરંદર, વંદીએ ધરી ભાવ રે;
ભવ મહોદધિ તરણ પ્રવહણ, સાધુ વંદન નાવ રે. સ૦ ૧
રૂપ મનહર વર ગુણાકર, દેવકુંજર ભૂપ રે;
કનક વાનો રૂષિવર એ, રાજહંસ સરૂપ રે. સ૦ ૨
અન્ય દિન ઉદ્યાનમાંહી, ગયા ક્રીડન કાજ રે;
અરૂણ ઉદયે તેજ હેજે, વિકસિતાંબુજ રાજ રે. સ૦ ૩

સંત વિલસે એમ વસંતે, કરી નવનવા રંગ રે;
એમ કરંતા સાંજ સમયે, પ્રગટીઓ બહુ રંગ રે; સ૦ ૪
કમળ કાનન મ્લાન દેખી, થયા તરુ વિછાય રે;
ચકવાકી વિરહ આતુર, વિસ્તર્યું ભૂ છાય રે. સ૦ ૫
તેહ દેખી નૃપતિ ચિંતે, અહો રંગ શું એહરે;
સંધ્યા વાદળ પરિ વિસ્તર્યું, અથિર તનુ ધન ગેહ રે. સ૦ ૬
ઈમ અનિત્ય ભાવ રૂપે, લહ્યો ભાવ ઉદાસ રે;
લહ્યું કેવળનાણ ઉજવળ, સાધુવેશ પ્રકાશ રે. સ૦ ૭
સહસ દશ નિજ પુત્ર સાથે, પરિવર્યાં વિચરંત રે;
ભવિક જન ઉદ્ધાર કરતાં, **જ્ઞાનવિમલ** મહંત રે. સ૦ ૮

## નંદાસતીની સઝાય

બેનાતટ નયરે વસે, વ્યવહારી વડ મામ રે,
શેઠ ધનાવહ નંદિની, નંદા ગુણ મણિ ધામ રે. ૧
સમકિત શીલ ભૂષણધરો, જિમ લહો અવિચલ લીલ રે,
સહજ મળે શિવસુંદરી, કરીય કટાક્ષ કલ્લોલ રે. સમકિત૦ ૨
પ્રસેનજીત નરપતિ તણો, નંદન શ્રેણીક નામ રે,
કુમરપણે તિહાં આવીયો, તે પરણી ભલે મામ રે. સમકિત૦ ૩
પંચ વિષય સુખ ભોગવે, શ્રેણીકશું તે નાર રે,
અંગજ તાસ સોહામણો, નામે અભયકુમાર રે. સમકિત૦ ૪
અનુક્રમે શ્રેણીક નૃપ થયા, રાજગૃહી પુરી કેરા રે,
અભયકુમાર આવી મલ્યા, તે સંબંધ ઘણેરા રે. સમકિત૦ ૫
ચઉવિહ બુદ્ધિ તણા ધણી, રાજ્ય ધુરંધર જાણી રે,
પણ તેણે રાજ્ય ન સંગ્રહ્યું, નિસુણી વીરની વાણી રે. સમકિત૦ ૬
બુદ્ધિ બળે આજ્ઞા ગ્રહી, ચેલણાને અવદાત રે,
કહે શ્રેણીક જા ઈહાં થકી, એહની છે ઘણી વાત રે. સમકિત૦ ૭

નંદા માતા સાથસું, લીધો સંયમ ભાર રે,
વિજય વિમાને ઉપન્યા, કરશે એક અવતાર રે. સમકિત૦ ૮

શ્રેણીક કોણિકને થયા, વેરતણા અનુબંધ રે,
તે સવિ અભય સંયમ પછી, જાણો કર્મ સંબંધ રે. સમકિત૦ ૯

**જ્ઞાનવિમલ** પ્રભુ વીરજી, આણ ધરે જે સીસ રે,
તે નિત નિત લીલા લહે, જાગતી જાસ જગીસ રે. સમકિત૦ ૧૦

## નાગદત્ત શેઠની સઝાય

ચારિત્ર માહાત્મ્ય

પદ્મ પ્રભ જિન જઈ અલગા રહ્યા – દેશી

નગરી ઉજ્જયની રે નાગદત્ત શેઠ વસે, યશોમતિ નામે નારી રે,
પુત્ર છે નાનો તેહને વાલહો, નાણું વિવિધ પ્રકારો રે,
મમકર મમતા રે સમતા આદરો. ૧

તેહ શેઠને મહેલ ચણાવતાં, બાર વરસ વહી જાય રે,
ચિતારા પછી તેણે તેડાવીયા, ભલામણ દીયે ચિત્ત લાય રે. મમ ૨

વાદળીયા રંગના પૂરજો વળી, કોઈ દિન તે નવિ જાય રે,
તિહાં કને ચઉનાણી મુનિ નીકળ્યા, હસવું કરે તેણે ઠામ રે. મમ ૩

શેઠ જોઈને મનમાં ચિંતવે, મુનિ આચાર ન ગણાય રે.
હું ભલામણ દઉં મુજ મ્હેલની, તેમાં મુનિનું શું જાય રે ? મમ ૪

નવરો થાઉં તો જાઉં મુનિ પૂછવા, એમ ચિંતી જમવા આવે રે,
પુત્ર જે ન્હાનો તેહને હુલરાવતો, કરે માત્રું બાળ સ્વભાવે રે. મમ ૫

છાંટા પડીયા રે તેહ માત્રાતણા, તેહની થાળી મોઝારો રે,
તે નવિ ગણકારી ખાવા મંડીયો, ઘૃતપરે તેણી વારો રે. મમ ૬

મુનિ પણ ફરતા ફરતા ગોચરી, આવ્યા તેહને ગેહો રે,
વળી પણ મુનિને હસવું આવીયું, તે જોઈ ચિંતવે તેહો રે. મમ ૭

સંશય પડિયો નાગદત્ત શેઠને, જમી દુકાને આવે રે,
બોકડો લેઇ કસાઈ નીકળ્યો, તે દુકાને ચડી જાવે રે. મમ ૮

કહે કસાઈ તું આપને મુજને, નહિ કાં દે તસ નાણું રે,
નાગદત્ત ચિંતે એ નાણાતણું દીસે નહિ ઠેકાણું રે. મમ ૯
એમ ચિંતી વસ્ત્ર આડું કરે, બોકડો ઊતરી જાવે રે,
ઊતરે ત્યાં તેને આંસુ પડે, ત્યાં તો અણગાર આવે રે. મમ ૧૦
આંસુ દેખી મુનિ મ્હોં મલકીયું, ચિંતે શેઠ તે આમ રે,
એ મુનિ ત્રણ વેળા હસવું કરે, શું કામ એણે ઠામ રે. મમ ૧૧
એમ તિહાં શેઠ મનમાં ચિંતવી, ખાઈ પછી મુખવાસ રે,
ઊઠી તિહાંથી પૌષધશાળામાં, જઈ બેઠો મુનિ પાસ રે. મમ ૧૨
મુનિને પૂછે તુમે હાસ્ય કર્યું, ત્રણ્ય વાર શે કાજ રે ?
તેહનું કારણ આવ્યો પૂછવા, કહો મહેર કરી મહારાજ રે. મમ ૧૩
પેલી ચિતારાને ભલામણ કરું, ત્યાં કરી તુમે હાંસી રે,
ઘરનું કામ રે કોણ કરતા નથી ? દેખી થયો નિરાશી રે. મમ ૧૪
તેહનું કારણ મુજને કીજીએ, જેમ મન રાજી થાય રે,
મુનિ કહે તુજ પૂછ્યાનો કામ નહિ, સુણ દેવાનુ પ્રિય ભાઈ રે. મમ ૧૫
તો પણ શેઠે હઠ લીધો આકરો, મુનિ બોલ્યા તેણી વાર રે,
સાત દિવસનું છે તુજ આયખું, સાંજે કરીશ તું કાળ રે. મમ ૧૬
મહેલની ભલામણ જગજગની દીયો, તારું ભાતું ન થાવે રે,
તેહ થકી મને હસવું આવીયું, એ કારણ પરભાવે રે. મમ ૧૭
શેઠે પૂછ્યું વળી મુનિવર ભણી, શે રોગે મુજ કાળ રે,
મુનિ કહે શૂળ થશે કપાળમાં, આકરો રોગ પ્રકાર રે. મમ ૧૮
જીવ આવ્યો તિમ જાશે એકલો, પર ભવ નહિ સથવારો રે,
પુત્ર માતા પરિગ્રહ અસાર છે, કલત્રાદિક પરિવારો રે. મમ ૧૯
વનમાં એક વડ વૃક્ષ મોટો હતો, બહોળી શાખા જેહની રે,
પંખી આશરો ત્યાં લેતાં ઘણાં, શીતળ છાયા તેહની રે. મમ ૨૦
દવ લાગ્યો માંડ્યા ઊડવા, રહે એકીલો તરુ સાર રે,
તેમ જીવ પરભવ જાતાં એકલો, પાપ છે દુઃખ દેનાર રે. મમ ૨૧
જેમ કોઈ શહેરે રાજકુંવર હતો, એકણ ગયો પરદેશે રે,
ભાતું ન લીધું રે મુંઝાણો ઘણો, તિમ પરભવ દુઃખ સહેશે રે. મમ ૨૨

જેમ કોઈ મેમાન જ ઘરે આવીયું, તેને જાતાં શી વારો રે ?
તિમ ઊઠી ઓચિંતુ ચાલવું, જુએ ન નક્ષત્ર તિથિ વારો રે. મમ ૨૩
ઘરનાં કામ તો સર્વ અધવચ રહ્યાં, કોઈ ન લે દુઃખ વહેંચાય રે.
તું ભલામણ દેતો હતો મહેલની, પણ પરભવ શું થાય રે ? મમ ૨૪
વાલેશ્વર વિના એક જ ઘડી, નવિ સોહાતું લગારો રે,
તે વિના જનમારો વહી ગયો, નહિ કાગળ સમાચારો રે. મમ ૨૫
તેણે કારણ શેઠજી ડરો પાપથી, અંતર કરીને વિચારો રે,
સુધી ધર્મકરણી સમાચારો, તો તરશો એ સંસારો રે. મમ ૨૬
વળી પણ શેઠે પ્રશ્ન જ પૂછીયો, હું, મુજ પુત્ર રમાડું રે,
ત્યાંય પણ તુમે હસવું કર્યું, મુજ મન તેથી ભમાડ્યું રે. મમ ૨૭
મુનિ કહે તે તુજ સ્ત્રીનો જાર છે, તે તારે હાથે માર્યો રે,
તે વેર લેવા તુજ કુળ આવીયો, હવે સાંભળ તેનો વિચારો રે. મમ ૨૮
ઝેર દેઈ તુજ નારીને મારશે, વરતશે ભૂંડે આચારે રે,
નાણું ખોશે વ્યસની અતિ ઘણો, મૂરખ બહુ અવિચારે રે. મમ ૨૯
મોટો થાશે ને મ્હેલ જ વેચશે, નહિ રહેવા દે કાંય રે,
પેશાબ તું પીતો હતો તેહનો, તેણે મુજ હસવું થાય રે. મમ ૩૦
વળી શેઠે ત્રીજો પ્રશ્ન પૂછીયો, જે બોકડાનો દષ્ટાંત રે,
ત્યાં શે કારણ તુમે હસવું કર્યું ? તે ભાખો ભગવંત રે. મમ ૩૧
મુનિ કહે કૂડ–કપટ પ્રભાવથી, વળી કૂડા તોલા ને માપ રે,
તે પાપેથી રે તિર્યંચ ઊપજે, જૂઠ માયાને પ્રતાપ રે. મમ ૩૨
એક દિન શેઠ બેઠોતો દુકાનમાં, ત્યાં આવ્યો ચંડાલ રે,
રૂત લેવાને નાણો આપીયો, કેળવે કપટ અપાર રે. મમ ૩૩
કપટ કેળવી રૂત ઓછો કીધો, ખાઈ ગયો દોય સારો રે,
ઘેર જઈ તેણે રૂત જ તોલીયો, થયો કદાગ્રહ અપારો રે. મમ ૩૪
કલેશ થયો પણ પાછો નવિ દીયો, દેણું રહી ગયું તામ રે,
મરીને તુજ બાપ જ થયો બોકડો, મારવા લઈ જાય ઠામ રે. મમ ૩૫
તે લઈ જાતાં દુકાને જ આવીયો, તુજ બાપ જ તેણી વારો રે,
જાતિસ્મરણ દેખી ઉપજ્યું, પેઠો દુકાન મોઝારો રે. મમ ૩૬

લોભના વશથી રે તું ન લઈ શક્યો, મેષ ઊતરતાં તિવારો રે,
આંસુ ચોધારાં રે તેને પડ્યા, આવ્યો ક્રોધ અપારો રે. મમ ૩૭
તવ તે શેઠ જ પાધરો ઊઠીયો, જ્યાં ચાંડાલ ત્યાં આય રે,
કહે મુજને તું દેને બોકડો, તે કહે રહ્યો આ રંધાય રે. મમ ૩૮
દેવા માંડ્યો ત્યારે નવિ લીધો, તેને મેં મારી નાંખ્યો રે,
ભાંગે પગલે તે પાછો વળ્યો, પૂછે મુનિને તે દાખો રે. મમ ૩૯
મુજ તાત પ્રભુ કઇ ગતિ સંચર્યો, તવ મુનિવર કહે તામ રે,
રૂદ્રધ્યાન આવ્યો તુજ ઉપરે, તેણે પેલી નરકે ઠામ રે. મમ ૪૦
નરકે ગયો તે દુઃખ બહુ અનુભવે, કપટતણે પ્રભાવે રે;
એમ સુણી રે નાગદત્ત ધ્રુજીયો, મનમાં તે પસ્તાવે રે. મમ ૪૧
તવ તે મુનિવરને કહે શેઠીયો, સાત દિવસ મુજ આય રે;
હવે હું ધર્મ જ શી રીતે કરું ? મુનિ કહે મત પસ્તાય રે. મમ ૪૨
એક દિવસનું ચારિત્ર સુખ દીયે, લહે સુર–સંપદ સાર રે;
જેવાં ભાવ તેવા ફળ નીપજે, નહિ કર ચિંતા લગાર રે. મમ ૪૩
એમ સુણીને નાગદત્ત શેઠજી, લેવે ચારિત્ર સાર રે,
એહ પરિગ્રહ સઘળો અસાર છે, મૂકતાં ન કરી વાર રે. મમ ૪૪
ચાર દિવસ તેણે ચારિત્ર પાલીયું, ત્રણ દિન કર્યો સંથારો રે,
સાતમે દિવસે કપાલમાં શૂલ થયું, કરે આરાધન સારો રે. મમ ૪૫
શરણાં લેતાં કરી પૂરું આયખું, રહી શુભ ધ્યાન મઝારો રે.
સુધર્મા દેવલોકે ઉપજ્યો, સુખ વિલસે શ્રીકારો રે. મમ ૪૬
એમ જાણીને ધર્મ જ આદરો, તો સુખ પામો અપારો રે,
જ્ઞાનવિમલસૂરિ ગુરુ એમ કહે, ધર્મે જય જયકારો રે. મમ ૪૭

## પદ્મનાભરાજાની સઝાય

પદ્માવતી સમ પદ્મપુરીનો પદ્મનાભનૃપ રાજઈ,
પુષ્કરમણ ઉદ્યાને પોંહતો પ્રમદાપરિકર સાજઈ,
રૂડે રૂપે રે પય પ્રણમે મુનિવરતણાં,
રૂડે રૂપે રે મુનિવર મહિમાવંત રે, રૂડે રૂપે રે સુધા સંયમવંત રે. ૧

ચંપક તરુ તળે ધ્યાન ધરંતો ચંપકવરણી કાયા,
અભિનવ તેજ તરણી અનુકરતો ધન ધન એ મુનિરાયા. રૂડે રૂપે રે. ૨
હરખે નિરખી વંદી પૂછઈ કિમ પામ્યો વઈરાગ,
યૌવનવય મલપંતે વંશે પામ્યા ભવનો તાગ. રૂડે રૂપે રે. ૩
મુનિ કહે સુણ નરપતિ ધરી નેહ એ સંસાર સરૂપ,
એકજીવ સંબંધ અને કઈ ધારઈ બહુ વિધરૂપ. રૂડે રૂપે રે. ૪
મુજ માતા મુજ જનમસમયમાં મરણ લહી ઈણિ નયરી,
ઈભ્યગૃહે પુત્રી ઉત્પન્ની રૂપવતી ગુણ ગુહીર. રૂડે રૂપે રે. ૫
કર્મયોગે વિવાહ સમયમાં બેઠી ચવરી માંહિ,
નયણે નયણ મેલાવઈ પામ્યું જાતિસ્મરણ તાંહિ. રૂડે રૂપે રે. ૬
ભવ સરૂપ ઇણિપરિ દેખીનઇં ચારિત્રને આરાધ્યું,
અવધિજ્ઞાન પામ્યું મેં હવણાં ધ્યાને આતમ સાધ્યું. રૂડે રૂપે રે. ૭
સુણિ રાજન તાહરી પટરાણી કમલા રાગ ધરંતી,
તે પણ તુઝ પૂરવ ભવ માતા ભવ લીલા ઈમ ધરતી. રૂડે રૂપે રે. ૮
ઈમ સુણતાં પૂરવ ભવ નિરખી લિઈ સંયમ નરનાથ,
બહુ પરિવાર પરમ સંવેગઈ રાણી પણિ તસ સાથ. રૂડે રૂપે રે. ૯
સીમંધર જિન સેવા કરતાં લહસ્યે કેવલજ્ઞાન,
**જ્ઞાનવિમલ** લીલાઇ વાધઈ પરમાનંદ નિધાન. રૂડે રૂપે રે. ૧૦

## પર્યુષણના વ્યાખ્યાનની સઝાય

પુણ્યની પોષણા પર્વ પર્યૂષણા આવીયા ઇણિપરે જાણીયે એ,
હિયડે હર્ષધરી છઠ્ઠ અઠ્ઠમ કરી ઉચ્છવે કલ્પઘર આણીયે એ. ૧
ગુરુ કરે વાંચના સુણે સહુભવિજના કર્મનિકાચના પાચના એ
પ્રથમજિનશાસને ઋજુ-જડ પ્રાણીયા વીરના વક્ર-જડ બહુ જનાએ. ૨

ત્રુટક

શુભમના સરલ ને દક્ષ પ્રાણી મધ્યજિનના જાણીએ,
તેહભણી બહુપરે નિયત - અનિયત કલ્પ ચઉ ષટ આણીએ,

કલ્પ દશવિધ કહ્યો મુનિનો ધર્મ પૂરવ માનથી,
ભદ્રબાહુસ્વામી ભાષિત સૂત્ર સુણો બહુ ભાવથી. ૩
કલ્પધર્મ માહાત્મ્ય તૃતીય રસાયનપરે બહુગુણ હોય એહને સુણતાં એ,
નાગકેતુ પરે નાણલહી ઊજળું પામીયે શિવપદ શાશ્વતાં એ. ૪
ઈણીપરે પીઠિકા કહી કલ્પ માંડીયે પંચકલ્યાણક વીરનાં એ,
દશમ દેવલોકથી આવીય ઉપના ત્રણ નાણ જંબુ ભરતમાં એ. ૫

ત્રુટક

તુરત માહણ કુંડ ગામે ઋષભદત્ત દ્વિજનાર એ,
દેવાનંદા મધ્યરયણી પેખે સુપન દશને ચાર એ,
ઉત્તરા ફાલ્ગુની ચંદ્રયોગે શુકલ છટ્ઠ શુદિ માહની,
સુપંન વીતક કંત આગળ કહે આવી આસને. ૬
કહે તિહાં ઋષભદત્ત આપણે ઘર હોશે સુત સવિ શાસ્ત્રનો પારગામી,
માનોપેત શરીર સુલક્ષણો સુજસ સૌભાગ્ય ગુણસયલ ધામી. ૭
વેદના ભેદ સવિ જુજુઆ દાખવે ગણિત પ્રમુખ જશ નહિ ખામી,
તે સુણી તહત્તિ કરી ગઈય નિજસ્થાનકે દેવાનંદા એ સીસ નામી. ૮
ઈણિ સમે અવધિજ્ઞાને કરી જોયતા સોહમ ઈંદ્ર જિન દેખીયા એ,
કાર્તિક શેઠનો જીવ એ જાણીયે પૂર્વભવ તેહનો ભાખીયે એ. ૯

ત્રુટક

ભાખિયું પ્રભુને રહી સન્મુખ સિંહાસનથી ઊતરી,
શક્રસ્તવ કહે ભાવ આણી સાત આઠ પગ ઓસરી,
ધર્મસારથી પદે સુણીયે કથા મેઘકુમારની,
**જ્ઞાનવિમલ** પ્રભુ ગુણની વ્યાખ્યા પ્રથમ એ અધિકારની. ૧૦

ઢાળ ૨

શક્રસ્તવ કહે પૂરણ રોમાંચિત થઈ ભાવિ અતીત જનમન ધરી એ,
પંચકલ્યાણક એમ શક્રસ્તવ થુણે સદા શક્રસ્તવ નામ તેહ ભણીએ. ૧
હવે ચિંતે મન ઈંદ્ર એ શું નીપનું એહ અચ્છેરું જાણીયે એ,
કોઈક કાલને અંતે નીપજે એહવા અચરિજકારી લોકને એ. ૨

તોયે માહરી ભક્તિ ઉત્તમ ઠામમાં ગર્ભ પાલટી મૂકવો એ,
તે ક્યો હરિણગમેષી સુરપાયક ધણી વાત અચ્છેરાં દશ કહ્યાં એ. ૩
જિનપદ ૧ લહે ઉપસર્ગ મલ્લી તીર્થ થયું ૨ ગર્ભ પાલટો જાણીયે ૩
નિષ્ફલ જિનઉપદેશ ૪ હરિ ઘાતકીયે ગયા ૫ યુગલ નરક ગતિ
પામીયા એ ૬ ૪
ચમરો સોહમ્મે જાય, ૭ ઉત્કૃષ્ટ તનુ ધણી આઠ અધિક શત સીઝીયા એ ૮
રવિસસિ મૂળ વિમાન વંદન આવીયા ૯ અસંયતિ યતિ પરે પૂજના એ ૧૦ ૫
નીચ કુલે નવિ હોય જિનચક્રી હરિયુગ નીચ્ચ કુલે નવિ ઉપજે એ,
કર્મ પ્રભાવે આવી ઉપના પણ જન્મ નવિ સંભવે એ. ૬
ભવસત્તાવીસમાંહે મરિચી ત્રીજે ભવે ગોત્રમદે એ બાંધીયો એ,
તિણહેતે થયું એહ પણ એ મૂકવા ક્ષત્રિયકુલ નરપતિ જિહાં એ. ૭
ક્ષત્રિય કુંડ ગ્રામે ભૂપ સિદ્ધારથ ત્રિશલારાણી તેહની એ,
ઠાયો એ તસ કુખે તસ બેટી તણો ગર્ભ અછે તે તિહાં ઠવો એ. ૮
શીઘ્ર કરો આદેશ મારા વાલહી તહત્તિ કરીને ચાલીયો એ,
વૈક્રિય નિર્મલરૂપ કરી નિજ શક્તિથી નિરાબાધશું તે લહી એ. ૯
થાપ્યો ત્રિશલા કૂખે બ્યાસી દિન પછે માનું શુભલગ્ન જોવા રહ્યા એ,
ત્રણ જ્ઞાને ભગવંત આવી તિહાં વસ્યા આસોજ વદિ તેરસ દિને એ. ૧૦
સુંદર ઘર સુખ સેજેં સૂતી સુંદરી સુપન ચૌદ લહે મજ્ઝિમ નિશિ એ,
ગજ ૧ વૃષભ ૨ સિંહ ૩ શ્રી ૩ દામ ૫ શશિ ૬ રવિ ૭ ધ્વજ ૮ ઘટ ૯
સરોવર ૧૦ દધિ ૧૧ વિમાન ૧૨ રયણ ૧૩ શિખા એ ૧૪. એ. ૧૧
સિંહ પ્રથમ મુખમાંહે પેખે પેસતો અવર સમે ઈમ જાણીયે એ,
નિરખી હરખી તામ કંત કહે સુણો શૂરવીર સુત હોયશે એ. ૧૨
દેવાનંદા તામ દેખે એહવું મુજ સુહણાં ત્રિશલા હરે એ,
ઋષભદત્ત કહે એમ–ન રહે રંક ઘરે રત્નનિધાન પરે એહવો એ. ૧૩
વાસ ઘરે સુખ સેજ અને વળી સુપનડાં સૂત્રમાંહે વર્ણવ્યા એ,
ઉજવલગજ ચઉદંત રે ઐરાવણ સમો આવીને ઊભો રહ્યો એ. ૧૪
લષ્ટપુષ્ટ જસુ દેહ રે તીખા શૃંગ છે ભમરોપમ સમ લોયણાં એ,
સિંહ ઉજ્વલ તીખી દાઢ અને શુભલક્ષણો ઉન્નત સૌમ્ય સોહામણો એ. ૧૫

લક્ષ્મી કમલે વસંતી હિમવંત પર્વતે પદ્મદ્રહ છે અભિનવો એ,
એક કોડી વીસ લાખ પટ વલયે મળી ચોથે લક્ષ્મી દેવતા એ. ૧૬
ચાર સુપનનો અર્થ ભાખી રાખીયે સૂત્રવખાણ બીજું થયું એ,
વડાકલ્પ દિન એમ ઉચ્છવશું કરો **જ્ઞાનવિમલ** ગુરુ મુખ સુણી એ. ૧૭

ઢાળ ૩

હવે દશ સુપન તણી વર્ણના સૂત્રપાઠ સુણીયે એક મના,
રાજા મજ્જન કૌતુક કરે અંગે વસ્ત્ર વિભૂષણ ધરે. ૧
કલ્પવૃક્ષ જિમ ફુલ્યો ફળ્યો વાદળથી જિમ રવિ નીકળ્યો,
તિમ બેઠો આવી આસ્થાન તેડે કૌટુંબિક પુરૂષ પ્રધાન. ૨
કહે બાહિર જે આસ્થાન શાલ લીંપી શુદ્ધ કરો ધૂપાલ,
સિંહાસન તિહાં માંડો સાર તિહાં બેસીજે લઈ પરિવાર. ૩
રાણી સિંહાસન અંતરે પરિયચી વિચમાં અંતર ધરે,
પૂર્વ દિશિ ભદ્રાસન આઠ મંડાવ્યો સવિ મેલ્યો ઠાઠ. ૪
તેણે તેમ કીધું ધસમસી તેણે સુણી થયો રાજા ખુશી,
કહે હવે સુપનપાઠક ઘેર જઈ તેડી આવો તે ગહગહી. ૫
જે અષ્ટાંગ નિમિત્તના જાણ ડાહ્યા વૃદ્ધ આચાર પ્રમાણ,
તેહવાને તે તેડવા ગયા નૃપે તેડ્યા રલિયાયત થયા. ૬
નાહી પૂજી ઘરના દેવ કીધાં તિલક તેણે સયમેવ,
ઉત્તરાસંગ જનોઈ ધરે નૃપને મળવા સવિસંચરે. ૭
આવ્યા ગઢને સિંહદુવાર મળીયા એકઠા કરે વિચાર,
જેમ અણમિલતાં પાંચસેં સુભટ ન લહ્યા માન થયા ગહગટ્ટ. ૮
તે માટે સવિ સંપે થઈ વૃદ્ધ એકની આજ્ઞા લઈ,
કીજે કામ તો લહીજે માન જિહાં સંપ તિહાં શ્રેય નિધાન. ૯
ચિરંજીવ જય જય ભૂપાલ આશીર્વાદ બોલે ગુણમાલ,
આસન બેસણ રાજા દીયે ફુલફલાદિક કરમાં લીયે. ૧૦
સુપન અર્થ ભાખ્યું વૃત્તાંત લબ્ધ અર્થ ભાખ્યો ઇમ તંત,
માંહોમાંહે વિચારી કહે નિગમશાસ્ત્રમાં જેહવું લહે. ૧૧

બહોંતેર સુપનાં શાસ્ત્રે કહ્યાં તેમાં બેંતાલીસ મધ્યમ કહ્યા,
ત્રીસ તેહમાં ઉત્તમ અછે ચૌદ વિશેષે વિસ્તર રૂચે. ૧૨
જિનચક્રી માતા એ લહે હરિમાતાસગ ચઉ બલની કહે,
મંડલીક એક લહે એમાંહે શુભસૂચક એ સુપન અથાહે. ૧૩
દીઠો સાંભળ્યો ને અનુભવ્યો આધિવ્યાધિ ચિંતાશું ગમ્યો,
મલમૂત્રાદિક પ્રકૃતિ વિચાર દીઠાં સુપન લહે ન લગાર. ૧૪
ધર્મ કર્મથી સુરસાન્નિધ્યે અતિ પાપોદ્રેગે અનવિધે,
એહથી સુહણાં દીઠાં હોય પ્રાયે સુપન ફળે સહુ કોય. ૧૫
જે સ્થિર ચિત્ત જિતેંદ્રિય શાંત ધર્મરૂચિને શ્રદ્ધાવંત,
ઈત્યાદિક ગુણનો જે ધણી ફળે શુભાશુભ સુપનતણી. ૧૬
કુલદીપકને વંશ આધાર કીર્તિલાભ બલ ભાંડાગાર,
હોશે સુત રાજાનો રાય કે ચક્રી કે જિનવર થાય. ૧૭
ઈસ્યાં વચન સુણી હરખ્યો રાય આપે ધન બહુ કરી સુપસાય,
ચૌદ સુપનાર્થે એમ સુહાય ચૌદ રાજ ઉપર શિવઠાય. ૧૮
ચઉદંતો ગજ ચઉવિધ ધર્મ કહે સુર ગજપતિ સેવિત કર્મ,
ભરત બોધિ બીજ વાવશે ધોરી વૃષભ ધર્મ ધુરા થશે. ૧૯
કુદૃષ્ટિ શ્વાપદે ભવિવન ભાંજતું રાખશે સિંહબલે એ છતું,
વરસીદાન દેઈ જિનપદલચ્છી ભોગવશે લક્ષ્મી ફલ અચ્છી. ૨૦
શીશ ધરસે સવિ એહની આણ કુસુમદામ ફલ એહ મંડાણ
ભવિ કુવલય બોધનને શશી ભામંડલ ભૂષિત રવિ શશિ. ૨૧
ધર્મપ્રાસાદ શિખરે બેસસે પૂર્ણકલશફળ એમ પામશે,
ધર્મ ધ્વજ શોભા હોયશે ધ્વજફલ ચઉદિસિ ધ્વજ સોહસે. ૨૨
સુર નિર્મિત પદકજ ઠાવશે સરોવર ફલ ઈણીપરે ભાવશે,
રત્નાકર દર્શન ફલમાન કેવલજ્ઞાન રતન અહિઠાણ. ૨૩
ચઉસુર વૈમાનિક પર્યંત સેવિત દેવવિમાન ફલકંત,
રત્નાદિક ગઢ તત્ર વાસસે રત્નરાશિ ફલ એ થાયસે. ૨૪
શુદ્ધ સ્વભાવે કંચન શુદ્ધિકાર નિર્ધૂમ અગ્નિનો એહ વિચાર,
એહવા ફલ પ્રગટ ભાખીયાં સુપનશાસ્ત્રે કીધા સાખિયાં. ૨૫

નિસુણી રાજા રંજ્યો ઘણું પ્રીતે દાન તે કે' તો ભણું,
નિજ ઘર પહોંચા સુપન પાઠવી ભૂપે વાત સ્ત્રીને દાખવી. ૨૬
સુપન પાઠક આવ્યા એટલે ત્રીજું વખાણ થયું તેટલે,
પણ સુપન અર્થ આગળથી કહ્યો **જ્ઞાનવિમલ** ગુરુથી જે કહ્યો. ૨૭

ઢાળ ૪

હવે ઇંદ્ર આદેશે ધનદતણા જે દેવ તિર્યગ્જૃંભક નામે નૃપઘરે ભરે નિત્યમેવ,
ધનકણની કોડી હોડીકરે તેણીવાર એ જિનનું દેશું નામ વર્ધમાન કુમાર. ૧
એમ મનોરથ વધતે ગર્ભ વધે ભગવંત તવ એક દિન ચિંતે માતાજી ગુણવંત,
નવિહાલે ફરકે માનું સાધે કોઈ ધ્યાન મોહજીપન હેતે શૈલેશી કરે કોઈ તાન. ૨
તવ માતાને મન પસર્યો શોકસમુદ્ર નવિ ખાવે પીવે ચિંતાતુર ગતનિદ્ર,
કે વનદવ દીધાં કે ભાંજ્યા બહુ માલ કે સરોવર શોષ્યાં કે ઋષિ દીધાં આળ. ૩
જ્ઞાનદેવ સાધારણ ગુરુ કલ્પિત જે દ્રવ્ય
તે અભક્ષ્ય ભખાવ્યા કીધી કરણી અભવ્ય,
વળી અવિધિ આશાતના કીધી ને કરાવી
વળી અશુદ્ધ પ્રવૃત્તિ શકતે તે ન ચરાવી. ૪
કેશાતના કામણકપટ કરીને વંચ્યા માયા બકવૃત્તિ પાપકર્મ બહુ સંચ્યાં. ૫
કે શીલ વિલૂપ્યા કે વળી ગર્ભ હરાવ્યા ઈત્યાદિક બહુલાં પાપકર્મ ફલ આવ્યા,
ઈહાં દોષ ન કોઈનો શોચ કરે શું થાય
જેમ જલધિમાં મૂક્યાં છિદ્રે ઘડો ન ભરાય. ૬
મધુમાસે ન ફુલે જો કેરડા તરુ એક તિહાં
જલદ વસંતનો વાંક કિસ્યો કહો છેક,
તરુ ફળીયો ફલ નવિ વામન પામે ધૂક દેખે
નવિ ઉગ્યો તેજવંત રવિ સુત્ત. ૭
નિર્ભાગ્ય શિરોમણી મેરુ ચઢાવી પહાડ
લોચન દઈ લીધાં ધિગ ધિગ કર્મ એ જાલ,
ભોજન શુભ પિરસી કાઢી લીયે જિમ થાલ
તિમ હું દુઃખણીને સજ્ય સુખે સવિ આલ. ૮

કિહાં ગઈ કુલદેવી આજ કરી ન સંભાળ એ જીવિત ધનસુખ શું કીજે સુકુમાલ,
પૂછે તિમ સહીયર તિમ તિમ દુઃખ બહુ સાલે
મૂર્છા લહી જાણી શીતલ જલસું વાલે. ૯
ઉપરત સતિ નાટક દેખી નૃપનું ગેહ તવ જ્ઞાન પ્રયુંજે ત્રિભુવન કરુણા ગેહ,
સુખ કાજે કીધું દુઃખ કાજે થયું તેહ ભાવિ કાલે લક્ષણગુણ તે દોષ અછેહ. ૧૦
ઈમ જાણી ફરક્યા એક દિસે પ્રભુ
જામ તવ હર્ષિત ત્રિશલા ફૂલ્યું મુખકજ તામ,
હું ત્રિભુવન ધન્યા ભાગ્યદશા વળી આજ
જિનપદ સેવાથી સીધાં સઘળાં કાજ. ૧૧
મનોરથ કલ્પદ્રુમ ફળીયો સદલ સચ્છાય
જિનઘર જિનપૂજા ધવલમંગલ ગવરાય,
કુંકુમના થાપા બાંધી તોરણમાલ નાટક પ્રારંભે ઉછાળે વર શાલ. ૧૨
મોતીયેં ચોક પૂરે ચૂરે સવિદારિદ્ર સવિ અર્થે(ર્થી) જનને દેઈ દાન અમંદ
શણગારે તસ જન રાજભુવન દેવલોક સરીખું તે વેળા મંગલ થોકા થોક. ૧૩
તિહાં સાતમે માસે અભિગ્રહ લીયે ગર્ભમાંહે
હું શ્રમણ ન થાઉં માતપિતા હોય જ્યાંહિ,
હવે ત્રિશલાદેવી સ્નાન તિલક પ્રસિદ્ધ સહુ અલંકાર પહેરી ગર્ભપાલના કીધ. ૧૪
શુભ દોહલા પૂરે સિદ્ધારથ નૃપ તાસ પરિજન
જિમ કહે તિમ વિચરે નિજ આવાસ,
નિજ મહિલા ગર્ભે વસીયા પ્રભુ નવ માસ
સાડા સાત દિન ઉપરે પૂરી પૂરણ આસ. ૧૫
તેણે કાળે સમયે ચૈત્ર તેરસ અજુઆલી દિશિ નિર્મલ પવન અનુકુલે રજ ટાળી,
સવિ શકુન પ્રદક્ષિણા મેદની સવિ નિષ્પન્ન
જનપદ સવિ સુખીયો મુદિત લોક સુપ્રસન્ન.

ઢાળ ૫

જિન જન્મ્યાજી સુખીયા નારકી થાવરા તેજે ત્રિભુવનેજી પ્રગટે સમીર સુહંકરા
દિશિ કુમરીજી છપ્પનનાં આસન ચળે અવધિયે જાણેજી સપરિવાર આવી મળે

त्रोटक

મિલે ચઉદિશી ઉર્ધ્વ અધોદિશિ આઠ આઠ તિમ વિદિશીની,
રૂચક નિવાસિની ચઉ ચઉ ઈમ છપ્પન સુહાસિની,
જિનમાત લઈ ઘર કરી સ્તુતિ મજ્જન તે કરે,
વરવસ્ત્ર ભૂષણ કરીય શોભા આવીયા તિમ સંચરે. ૧

સવિ સુરપતિજી જન્મહોત્સવ જિનતણો મેરુ આવેજી મલી સમુદય અતિ ઘણો,
લઈ જાવેજી કરી અભિષેક પાતક ગમે ધૂપ આરતિજી ગીતગાન હર્ષે રમે.

ત્રોટક

રમે નાટિકા ભક્તિ પૂજા કરી આનંદ અતિ ઘણો,
આઠ મંગલ ભણી એક શત આઠ કાવ્ય રચના ભણે,
બત્રીસ કોડી સુવર્ણવરસી ભૂપપર જિનમેલીયા,
અઠ્ઠાઈ મહોત્સવ નંદીશ્વર કરી સકલસુર ઠામે ગયા. ૨

હવે રાજાજી પ્રભાતે ઓચ્છવ કરે દશ દિનનાજી નગર સર્વ ઓચ્છવ કરે,
નામ થાપેજી વર્ધમાન ગુણથી ભલું સગ કર તનુજી કંચનવાને નિર્મલું.

ત્રોટક

અતિભલું બળ શ્રી જિનનું હરિ કહે તે ન સહિ શક્યો,
અન્નાણી સુર એક આવી રમત રમવાને ધક્યો,
અહિ આમલી વૃક્ષ વીંટી રહ્યો નાખે કર ગ્રહી,
વલી ડિંભરૂપે વૃદ્ધિ પામ્યો તાડિયો પ્રભુ કર ગ્રહી. ૩

પાય લાગીજી નામ મહાવીર દેઈ ગયો લેખક સાલેજી ઉણા આઠ વરસે થયો,
પ્રભુ પરણ્યાજી નરવર્મ નૃપ યશોદા સુતા ભોગવતાજી વિષય સુખે થઈ એક સુતા,
અનુક્રમેજી માતપિતા સ્વર્ગે ગયા વર્ષ અટ્ઠાવીસજી ઘરવાસે પૂરણ થયા,

ત્રોટક

અભિગ્રહ પૂરણ જાણ્યો નંદીવર્ધન વિનવ્યા,
અનુમતિ ન આપે તેહથી વળી વર્ષ દોય ઘરે રહ્યા,
તિહાં બ્રહ્મચારી અચિત આહારી બંધુ ઉપર કરુણા, કરી,
લોકાંતિત સુરવયણ નિસુણી દીયે દાન સંવચ્છરી. ૪

એક કોડીજી અઠ લખ ઉપર નિત દીયે વાવરજોજી ઈમ ભાખે સવિ ભવિ લીયે,
હરિ ચઉસઠજી આવ્યા સંયમ ઉચ્છવે ચંદ્રપ્રભાજી પાલખી જિન આગળ ઠવે.

ત્રોટક

સ્તવે બહુપરે સકલ સુરવર નંદિવર્ધન નૃપ નરા,
ધ્વજા કલશ મંગલ આગળ વહે હય – ગય – રથવરા,
ક્ષત્રિય કુંડ ગ્રામ મધ્યે દિકખ(ક્ષ) લેવા સંચરે,
નરનારી નીરખે નયણ હરખે મુખે જય – જય ઉચ્ચરે. ૫

માગસિર વદિજી દશમ દિને પહોર પાછલે જ્ઞાતખંડવનેજી અશોક તરુ તળે એકલે,
છઠ ભક્તેજી ચઉવિહાર બીજે દિને વસ્ત્ર દેવદૂષ્યજી ખંધે ઠવે હરિ શુભ મને.

ત્રોટક

શુભ મને લોચે કેશ સઘળાં પંચમુષ્ટિ મુખ ભણે,
કરેમિ સામાઈયં તવ નાણ પજ્જવ મુણે,
હવે વીર નંદીવર્ધન નૃપ પ્રમુખ વળે સુરવરા,
અવશેષ મુહૂર્ત દિવસ હુંતે કુમાર ગ્રામે સંચર્યા. ૬

તિણે રાતેજી ગોપે પરીષહ માંડીયા તવ ઈંદ્રેજી અવધિજ્ઞાને જોઈયા,
કહે પ્રભુનેજી બાર વર્ષ રક્ષા કરું પ્રભુ ભાખેજી આપબળે કેવલ વરું.

ત્રોટક

ધરું સહાય ન કોઈની ઈમ સુણી હરિ સ્વર્ગે ગયા,
સિદ્ધારથ વ્યંતર પાસે થાપે પ્રભુ સંયમ ધર થયા,
બહુલ બ્રાહ્મણ ઘરે પારણું પરમાન્ને પંચ દિવ્ય શું,
પંચમ વખાણ ઈણી પરે જાણીયે **જ્ઞાનવિમલ** કહે ઈસ્યું. ૭

ઢાળ ૬

પિતામિત્ર તાપસ મિલ્યોજી બાંહ્ય પસારી આય,
કહે ચોમાસું પધારજોજી માને પ્રભુ ઈમ થાય,
ચઉનાણી વીરજી ભૂતલ કરે રે વિહાર. ૧
દિવ્ય ચૂર્ણવાસે કરીજી ભમરા પણ વિલગંત,
કામીજન અનુકુલથીજી આલિંગન દેયંત. ચઉનાણી૦ ૨

મિત્ર દ્વિજ આવી મલ્યોજી ચીવર દીધો અર્ધ,
આવ્યા તાસ વિઉડલેજી ચોમાસે નિરાબાધ. ચઉનાણી૦ ૩
અપ્રીતિ લહી અભિગ્રહ ધરીજી એક પખ કરી વિચરંત,
શુલપાણી સુર બોધીયોજી ઉપસર્ગ સહી અત્યંત. ચઉનાણી૦ ૪
મુહુર્ત માત્ર નિદ્રા લહેજી સુહણાં દશ દેખંત,
ઉત્પલ નામ નિમિત્તિયોજી અર્થ કહે એમ તંત. ચઉનાણી૦ ૫
૧ તાલ પિશાચ હણ્યો જે પહેલો તે હણશો તુમે મોહ,
૨ સિતપંખી ફલ ધ્યાયશોજી શુકલ ધ્યાન અખોહ. ચઉનાણી૦ ૬
૩ વિચિત્ર પંખી પેખીયોજી તે કહેશો દુવાલસ અંગ,
૪ ગોવર્ગ સેવિત ફળ થાપશોજી અનોપમ ચઉવિહ સંઘ. ચઉનાણી૦ ૭
૫ ચઉવિહ સુર સેવિત હશોજી પદ્મ સરોવર દીઠ,
૬ મેરુ આરોહણથી હોયશેજી સુર સિંહાસન ઈટ્ઠ. ચઉનાણી૦ ૮
૭ જે સૂરજમંડલ દેખીયુંજી તે હોશે કેવલ નાણ,
૮ માનુષોત્તર વીંટીયોજી તે જગકીર્તિ મંડાણ. ચઉનાણી૦ ૯
૯ જલધિતરણ ફુલ એ હોયશેજી તે તરશો સંસાર,
૧૦ દામયુગલફલ નવિ લહુંજી તે કહો કરી ઉપગાર ચઉનાણી૦ ૧૦
કહે પ્રભુ તે ફલ તેહનોજી ધર્મદુવિધ કહું સંત,
પ્રથમ ચોમાસું તિહાં કરીજી વિચરે સમતાવંત. ચઉનાણી૦ ૧૧
ઊતરતાં ગંગાનદીજી સુરકૃત સહે ઉપસર્ગ,
સંબલ - કંબલે વારીયોજી પૂર્વ ભવે ગોવર્ગ. ચઉનાણી૦ ૧૨
ચંડકોશીયો સુર કીયોજી પૂર્વે ભિક્ષુ ચારિત્ર,
સીંચે નયન સુધારસેજી હવે મળ્યો મંખલીપુત્ર. ચઉનાણી૦ ૧૩
નદી તીરે પ્રતિબિંબિયાજી જિનપદ લક્ષણદીઠ,
સામુદ્રિક જોઈને કહેજી ઈંદ્ર થયો મન ઈઠ. ચઉનાણી૦ ૧૪
સંગમસુર અધમે કર્યોજી બહુઉપસર્ગ સહંત,
દેશ અનારજ સંચર્યાજી જાણી કરમ મહંત. ચઉનાણી૦ ૧૫
વ્યંતરી કૃત સહે શીતથીજી લોકાવધિ લહે નાણ,
પૂર્વકૃત કર્મે નડ્યાજી જેહના નહિ પ્રમાણ. ચઉનાણી૦ ૧૬

ચમરો શરણે રાખીયોજી સુસમારપુરે ધરી ધ્યાન,
અનુક્રમે ચંદન બાલિકાજી પ્રતિલાભે ભગવાન. ચઉનાણી૦ ૧૭
કાને ખીલા ઘાલીયાજી ગોપ કરે ઘોર કર્મ,
વૈદ્યે તે વળી ઉદ્ધર્યાજી સહી વેદન અતિ મર્મ. ચઉનાણી૦ ૧૮
વર્ષ બાર સાડા લગેજી કર્મ કર્યાં સવિ જેર,
ચઉવિહાર તપ જાણવુંજી નિતુ કાઉસગ્ગ જિમમેર. ચઉનાણી૦ ૧૯
હવે તપ સંકલના કહુંજી જે કીધાં જિનરાય,
બેઠા તો કદીયે નહીંજી ગોદુહિકાસણ ઠાય. ચઉનાણી૦ ૨૦

ઢાળ ૭

નવ ચઉમાસી છ દોમાસી અઢીમાસી દોઢમાસી,
દુગદુગદુગ ત્રણ માસી કીધો એક છ માસી. ૧
માસખમણ બાર જાણો બહોંતેર પખ દિલ આણો,
પણ દિન ન્યૂન છ માસ દ્વિસય ગુણતીસ છઠ્ઠ તાસ. ૨
ભદ્ર – મહાભદ્ર પડિમા તેમ સર્વતોભદ્ર (પ્રતિમા) મહિમા,
દુગ ચઉદસ દિન વાન બાર અઠ્ઠમ ગુણખાણ. ૩
દિક્ષા દિનેથી લહીયે પારણા દિન થકી કહીયે,
ત્રણસે ઓગણપચાસ ચઉવિહાર ઉલ્લાસ. ૪
બાર વરસ ષટ માસ ઉપર પખ એક ખાસ (માસ),
એમ છદ્મસ્થ પર્યાય પ્રભુ ભૂંભક ગામે જાય. ૫
ઋજુવાલિકા નદી તીરે જીર્ણ ચૈત્ય અદૂરે,
સામા કોડંબીને બેટે શાલિમવૃક્ષતણે હેઠે. ૬
છઠ્ઠભક્તને અંતે ગોદુહિકાઈ બેસંતે,
માધવવૈશાખે રંગે શુદિ દશમી ઈંદુ સંગે. ૭
ઉત્તરા ફાલ્ગુની યોગે પાછલે પહોર પ્રસંગે,
સૂર્યપશ્ચિમ જાવે વિજયમુહુર્ત તિહાં આવે. ૮
હવે પ્રભુ જ્ઞાન પાવે સકલ સુરાસુર આવે,
દીધો તિહાં ઉપદેશ કોઈ ન લહ્યો ધર્મલેશ. ૯

તિહાંથી અપાપાયે આવ્યા સમવસરણ કરી છાયા,
તિહાં પ્રભુ દેશના દીધી કર્ણ કટોરે પીધી. ૧૦

ઢાળ ૮

તિહાં અપાપામાં વસે માહણ સોમિલ નામ તો,
યજ્ઞ મંડાવ્યો છે તિહાં તેડ્યા માહણ રે યજ્ઞના જાણકે,
ધન ધન વીર વાણી ધન પ્રાણી રે જેણે હૃદયે આણીકે. ધન૦
મગધ દેશ ગોવર ગામથી આવીયા ધરી અહંકાર તો,
ઈંદ્રભૂતિ આદેદઈ અધિકારી રે માહણ અગીયાર તો. ૨
ઈંદ્રભૂતિ અગ્નિભૂતિ વાયુભૂતિ સગા ભાઈ તો,
વ્યક્ત સોહમ મંડિત મોરય અકંપિતા ચલ ભ્રાતા રે મેતાર્ય પ્રભાસ તો. ૩
ચઉસહસ ચારસે અછે તેહનો સવિ પરિવાર તો,
એકેકો સંદેહ છે મનમાંહે રે જિમ ગિરિ ભાર તો. ૪
જીવકર્મ તજ્જીવ શરીર ભૂત તેહવો બંધ મોકખ તો,
દેવનારક પુણ્ય પરલોકનો મોક્ષ ન માને રે એ સંશય દેખ તો. ૫
સુણી વીર સર્વજ્ઞને આવીયા ધરી અભિમાન તો,
નિઃસંશય કરી તેહને દેઈ દીક્ષા રે કર્યો જન્મ પ્રમાણ તો. ૬
ગણધર અગીયાર થાપીયા તીર્થ આપે સાર,
સોહમને આદે કરી હસ્ત દીક્ષિત રે મુનિ ચૌદ હજાર તો. ૭
આર્ય ચંદના આદે દેઈ સાધવી છત્રીસ હજાર,
એક લાખ ઓગણ સાઠ વ્રત ધરૂ શંખપ્રમુખા રે શ્રાવકને લહેસિ તો. ૮
સુલસા રેવતી આદે દેઈ શ્રાવિકા ત્રણ લાખ સાર,
અઢારસહસ વળી ઉપરે ઓહી નાણી રે વળી તેરસે સાર તો. ૯
ચૌદ પૂર્વી ત્રણસેં સાતસેં કેવલ નાણી,
વૈક્રિય મણપજ્જવી સગપંચસે રે વાદી ચઉસય માન તો. ૧૦
ઈત્યાદિક પરિવારશું કરે ભવિકને ઉપકાર,
મધ્ય અપાપાપુરિ જિહાં તિહાં આવ્યા રે શ્રીવીર વર્ધમાન તો. ૧૧
પ્રથમ ચોમાસું અસ્થિગ્રામે વિશાલાયે બાર,
ચૌદ રાજગૃહી જાણીયે પૃષ્ઠચંપારે નિશ્રાયે ત્રણ સાર તો. ૧૨

ષટમિથિલા દોય ભદ્રિકા આલંભિકાયે એક,
એક અનાર્યજ ભૂમિકા સાવત્થી રે નિશ્રાયે વળી એક તો. ૧૩
બેંતાલીસ ચોમાસા ઈમ કરી કરૂણા અગાર,
હસ્તિપાલ રાજા ભણી દાનશાલા રે અંતિમ ચોમાસું સાર તો. ૧૪
અમાવાસ્યા કાર્તિક તણી નક્ષત્રે સ્વાતી સંયોગ,
સોલ પહોર દેશના દેયતાં કરી પોષહ રે સાંભળે સવિ લોક તો. ૧૫
સર્વાર્થ મુહુર્તની પાછલી ઘડી બે રયણી જામ,
યોગ નિરોધ કરી તિહાં છઠ્ઠ ભત્તે રે એકાકી સ્વામ તો. ૧૬
શિવ પહોંતા શ્રીવીરજી તે સુણી ગૌતમ સ્વામી,
આપસ્વભાવે ભાવતાં પ્રભાતે રે લહે કેવલ જ્ઞાન તો. ૧૭
તિણે સમે કુંથુ અણુદ્ધરી ઉપના જાણી વિશેષ,
ભસ્મગ્રહ પણ સંક્રમ્યો જન્મરાશે રે આયતિ ફળ પેખી કે. ૧૮
ત્રીસ વરસ ઘરમાં વસ્યા બેંતાલીસ વ્રતમાંહિ,
સવિ બહોંતેર વર્ષનું આઉખું જાણો રે જિનનું ઉચ્છાંહિ. ૧૯
પર્વદિવાળી તે થયો જિહાં લહ્યા જિન શિવસુખ,
સૂત્રમાંહે અધિકાર છે તે સુણતાં રે જાયે ભવ દુઃખ તો. ૨૦
શ્રી વીરના નિર્વાણથી નવશેં ને એંસી વર્ષે,
એ સૂત્ર પુસ્તકે સંગ્રહ્યો દેવર્ધિ રે ખમાસમણમુનિદેખ તો. ૨૧
ધ્રુવસેન નૃપ ઉપરોધથી આનંદપુરમાં એહ,
સભાસમક્ષે વાંચીયો નવસેં ને ત્રાણું રે વરસે સસનેહ તો. ૨૨
દોય સહસ વરસાં લગે હોશે ભસ્મગ્રહ પ્રભાવ,
ઉદિતોદિત પૂજા નહિં પ્રવચને રે એહવો કહ્યો ભાવ તો. ૨૩
ભસ્મગ્રહ પીડા ટાળીયે પછી હોશે અધિક મંડાણ,
એકવીસ સહસ વરસાં લગે વીર શાસનનું કહ્યું પ્રમાણ તો. ૨૪
નવગણધર શ્રી વીરના જિનછતે પામ્યા સિદ્ધ,
રાજગૃહ માસ સંલેખના કરી પહોંતાં રે પરિવાર પ્રસિદ્ધ તો. ૨૫
વર્ષ બારે શિવ લહ્યા વીરથી ગૌતમ સ્વામ,
એ અતિશય મોટો કહ્યો જે દિકખે રે તે લહે શિવ ઠામ તો. ૨૬

સાંપ્રત વરતે મુનિવરા સોહમ સ્વામી પરિવાર,
વીસે વરસે સિઝીયા શ્રીવીરથી રે પંચમ ગણધાર તો. ૨૭
પંચકલ્યાણક એ કહ્યાં શ્રીવીરનાં વિસ્તાર,
જ્ઞાનવિમલ ગુરુથી લહ્યો વ્યાખ્યાને રે છટ્ઠે અધિકાર તો. ૨૮

ઢાળ ૯

હવે સુણો પંચકલ્યાણક શ્રી જિનપાસના મારા લાલ કે શ્રી જિનપાસના.
જિમ હોયે સમકિત શુદ્ધ સદા શુભવાસના મારા લાલ કે સદા૦
કાશીદેશ વિભૂષણનગરી વાણારસી મારા લાલ કે નયરી૦
અશ્વસેન નૃપ વામારતિ રંભા જિસી મારા લાલ કે રતિ૦ ૧
પ્રાણતકલ્પથી ચવીયા ચૈત્ર વદિ ચોથનીમાં મારા લાલ કે ચૈત્ર૦
વિશાખા વિધુ યોગે સમયમજ્જરયણિમાં મારા લાલ કે સમય૦
વામા કુખે ઉત્પન્ન ચૌદ સુપન લહે મારા લાલ કે ચૌદ૦
વીરતણી પરે સર્વ સંકેત આગે કહે મારા લાલ કે સંકેત૦ ૨
અનુક્રમે પોષ બહુલ દશમી દિને જાઈયા મારા લાલ કે દશમી૦
માહવિશાખા મજ્ઝરયણી તિનાણ સહાઈયા મારા લાલ કે તિનાણ૦
દિશિકુમરી મહઈંદ્ર નૃપતિ આદે કરે મારા લાલ કે નૃપતિ૦
સજ્જન કુટુંબને સાખે પાસ નામને ધરે મારા લાલ કે પાસ૦ ૩
કૃષ્ણસર્પ નિજ શય્યા પાસે દીઠા ભણી મારા લાલ કે પાસે૦
નીલવર્ણ નવહાથ કાયા સોહામણી મારા લાલ કે કાયા૦
નયર કુશસ્થલ સ્વામી પ્રસન્નજિત કુંવરી મારા લાલ કે પ્રસન્ન૦
પ્રભાવતીને પરણ્યા અનુક્રમે વય ધરી મારા લાલ કે અનુક્રમે૦ ૪
એક દિન જોખે ગોખે પુર જોયવા મારા લાલ કે ગોખે૦
એક દિશે લોક ખલક મલ્યો બલિને ઢોઈવા મારા લાલ કે બલિને૦
પૂછે પાર્શ્વકુમાર કિશ્યું એ જન મલે મારા લાલ કે કિશ્યું૦
કમઠ તાપસની વાત કહી તે સાંભળે મારા લાલ કે કહી૦ ૫
કૌતુક નથી પણ સહેજભાવે તિહાં ગયા મારા લાલ કે ભાવે૦
બળતો પન્નગ દેખી કહે તુજ નહિ દયા મારા લાલ કે કહે૦

શુભ કુઠાર મંગાવી કાષ્ઠ વિદારીયો મારા લાલ કે કાષ્ઠ૦
જલતો પન્નગ દેખી સહુયે ધિક્કારિયો મારા લાલ કે સહુયે૦ ૬
સેવકમુખે નવકાર સુણાવી ઉદ્ધર્યો મારા લાલ કે સુણાવી૦
મરી થયો ધરણેંદ્ર પ્રભુ જસ વિસ્તર્યો મારા લાલ કે પ્રભુ૦
અપમાન્યો તિહાં કમઠ હઠે બહુ તપ કરી મારા લાલ કે હઠે૦
મેઘમાળી થયો દેવ અજ્ઞાનપણે મરી મારા લાલ કે અજ્ઞાન૦ ૭
ત્રીસ વરસ ગૃહવાસે દેઈ દાન સંવચ્છરી મારા લાલ કે દેઈદાન૦
પોષ બહુલ અગીયારસ દિનવ્રત આદરી મારા લાલ કે દિન૦
ત્રણ સય પુરુષ સંઘાતે વિશાખા અઠ્ઠમ તપે મારા લાલ કે વિશાખા૦
આમ્ર(પાલી) ? ઉદ્યાન અશોકતણે દ્રુમે મારા લાલ કે અશોક. ૮
ધન્ય વિપ્ર ઘરે પારણું પરમાન્ને કરી મારા લાલ કે પરમાન્ને૦
એક દિન વડ તલે રયણી કાઉસગ્ગ ધર્યો મારા લાલ કે રયણી૦
તિહાં મેઘમાલી દેવ અધમ સુર આવીયો મારા લાલ કે અધમ૦
દેખી કરે ઉપસર્ગ જલદ વરસાવીયો મારા લાલ કે જલદ. ૯
જલ મલિ ધૂળની વૃષ્ટિ કરી નભ છાહિયો મારા લાલ કે કરી નભ૦
તિણિ રાતે તેહિજ દુષ્ટ કમઠશઠ વાહિયો મારા લાલ કે કમઠ૦
મુશલપરે જલધાર ઝબૂકે વિજળી મારા લાલ કે ઝબૂકે૦
વહે તિહાં નદી અસરાલ કે રાતિ નભે મળી મારા લાલ કે રાતિ. ૧૦
આસનકંપે તામ ધરણસુર આવીયો મારા લાલ કે ધરણ૦
કરી નિજ ફણનો છત્ર ધનોધર ખાવીયો મારા લાલ કે ધનો૦
પણ નાસા લગે નીર ચઢ્યો તવ જોઈયો મારા લાલ કે ચઢ્યો૦
હાંક્યો કમઠ ઉલ્લંઠ કે તેં એ શું કીયો મારા લાલ કે કેતેં. ૧૧
સ્વામી આશાતના કીધ હવે જાઈશ કિહાં મારા લાલ કે હવે૦
ચરણ શરણે પેસી ખમાવે તે તિહાં મારા લાલ કે ખમાવે૦
કરી નાટક ધરણેંદ્ર સ્વકીય પદે ગયા મારા લાલ કે સ્વકીય
પ્રભુ કરે વિહાર ત્યાસી દિવસ થયા મારા લાલ કે ત્યાસી. ૧૨
ચૈત્ર બહુલ દિન ચોથ વિશાખા વિધુ મંડલે મારા લાલ કે વિશાખા૦
છઠ ભકતે ધવ હેઠ કે કેવલ ઝલહલે મારા લાલ કે કેવલ૦

ગણી ગણ આઠ ઉદાર મુણી આરજ દિનમુખા મારા લાલ કે આરજ૦
સોલ સહસ તિમ સાહુણી પુષ્ફચૂલા મુખા મારા લાલ કે પુષ્ફ. ૧૩
અડત્રીસ સહસ સુણો હવે શ્રાવક શ્રાવિકા મારા લાલ કે શ્રાવક૦
એક લાખ ચોસઠ સહસ્સ સુવ્રત મુખ ભાવિકા મારા લાલ કે સુવ્રત૦
ત્રણ લાખ સહસ્સ સત્તાવીસ નિંદા આદિ છે મારા લાલ કે નિંદા૦
કેવલી સહસ જ એક અવધિમુનિ ચૌદસેં મારા લાલ કે અવધિ. ૧૪
છ સય ઋજુ મણપજ્જ વિપુલમતિ આઠસેં મારા લાલ કે વિપુલ૦
ચૌદ પૂર્વી સય હઠ વાદી મુનિ છે છસેં મારા લાલ કે વાદી૦
દસ સય સિધ્યા સાધ કે વીસ સય સાધવી મારા લાલ કે વીસ૦
બારસયાં મુણિ અણુત્તર ગતિ એણી પરે મવી મારા લાલ કે ગતિ. ૧૫
સિત્તેરવર્ષ વ્રતમાંહે રસી સમેતગિરિ મારા લાલ કે રહી૦
આયુ વર્ષ શત એક અંતે યોગ સંવરી મારા લાલ કે અંતે૦
માસ ભક્ત તેત્રીસ મુનિશું પરિવર્યા મારા લાલ કે મુનિશું૦
કાઉસ્સગ્ગે મધ્યરયણી સમય પ્રભુ શિવવર્યા. સમય૦ ૧૬
શ્રાવણ સુદિ દિન આઠમ વિશાખા રિખતલે મારા લાલ કે વિશાખા. ૧૬
વીર નિર્વાણથી વર્ષ અઢીસેં પાછળે મારા લાલ કે અઢીસે૦
એમ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર તે ભાખીયું મારા લાલ કે ચરિત્ર૦
પુરૂષાદાણી એહ બિરુદ એમ દાખીયે મારા લાલ કે બિરૂદ૦
જ્ઞાનવિમલ ગુરુ વયણે સ્થિર ચિત્ત રાખીયે. સ્થિર૦ ૧૭

ઢાળ ૧૦

નેમિતણા હવે દાખીયે રે પોઢા પંચ કલ્યાણ સોભાગી સાંભળો૦
અપરાજિત અનુત્તર થકી રે ચવિયા શ્રી જિનભાણ૦ ૧
બત્રીસ સાગર ભોગવી રે શૌરીપુર અભિરામ સાંભળો૦
સમુદ્ર વિજય નૃપની પ્રિયા રે માતા શિવાદેવી નામ. સાંભળો૦ ૨
કાર્તિક વદિ બારસ દિને રે ચિત્રા રિખ વિધુ યોગ સાંભળો૦
સુપન પેખણ ગર્ભ પોષણા રે પાછલી પરે સવિ ભોગ. સાંભળો૦ ૩
શ્રાવણ સુદિ પંચમી દિને રે જન્મ્યા શ્રી જિનરાજ સાંભળો૦
જન્મ મહોત્સવ સુર કરે રે પૂર્વ પેરે નૃપ રાય. સાંભળો૦ ૪

અરિષ્ટ નેમિ નામ થાપીયો રે યદુકુલનો શણગાર સાંભળો૦
એક દિન આયુધ ઘર થયારે શસ્ત્ર ગ્રહ્યા તેણીવાર. સાંભળો૦ ૫
શંખ પૂર્યો જબ શામળે રે તવ થયો ત્રિભુવન કંપ સાંભળો૦
શંકિત હરિ મનડું થયું રે ન લહે કયાંહિ જંપ. સાંભળો૦ ૬
બલ પરખીને હારિયો રે જિમ જુવારી દાય સાંભળો૦
ક્રમે ગોપીઓ મલી કરી રે કીધા બહુલા ઉપાય. સાંભળો૦ ૭
રાજીમતીને પરણવા રે તોરણ આવ્યા જામ સાંભળો૦
પશુ પોકાર સુણી કરી રે પાછા વળીયા તામ. સાંભળો૦ ૮
કુમાર પણે વર્ષ ત્રણસે રે વસીયા દેઈ દાન સાંભળો૦
શ્રાવણ સુદિ છઠ્ઠ દિને રે સહસ પુરુષશું માન. સાંભળો૦ ૯
છઠ્ઠ ભક્ત ચિત્રા રિખે રે સહસાવને લીયે જોગ સાંભળો૦
છદ્મસ્થ ચઉપન્ન દિને રે લહે કેવલ સંયોગ. સાંભળો૦ ૧૦
આસોજ વદિ અમાવસી રે છઠ્ઠ કરી ચઉવિહાર સાંભળો૦
પચ્છિમ યામે ચિતા રિખે રે સહસાવને ગિરનાર. સાંભળો૦ ૧૧
ગણી અઢારહ થાપીયા રે મુનવિર સહસ અઢાર સાંભળો૦
સહસ ચાલીસ જ સાધવી રે ગુણમણિરયણ ભંડાર. સાંભળો૦ ૧૨
એક લખ ગુણસત્તરી સહસા રે શ્રાવક સમવ્રત ધાર સાંભળો
ત્રણ લખ સહસ છત્રીસ કહી રે શ્રાવિકાનો પરિવાર. સાંભળો૦ ૧૩
ચારસેં ચૌદ પૂરવધરા રે ઓહિનાણી દોઢ હજાર સાંભળો૦
વૈક્રિયલબ્ધિ કેવલી રે પન્નર સય વલી સાર. સાંભળો૦ ૧૪
સહસ વિપુલમતિ જાણીયે રે આઠશેં વાદી વિચાર સોભાગી૦
સોલસય સાધુ અણુત્તર ગયારે પન્નર સય સિદ્ધિસાર. સાંભળો૦ ૧૫
ત્રણ સહસ સિદ્ધિ આર્યિકા રે ઈમ જિનનો પરિવાર સાંભળો૦
રાજીમતી સંયમ ગ્રહી રે જિન હાથે લેઈ શિવસાર. સાંભળો૦ ૧૬
ત્રણસેં વરસ ઘરે રહ્યા રે સાતસે વ્રત પર્યાય, સાંભળો૦
સહસ વરસનું આઉખું રે રૈવતગિરિ જિનરાજ. સાંભળો૦ ૧૭
અષાડ સુદિ આઠમ દિને રે ચિત્રારિખ મધ્યરાત સાંભળો૦
પાંચસે છત્રીસ સાધુશું રે માસ ભકતે વિખ્યાત. સાંભળો૦ ૧૮

પર્યંકાસને શિવ ગયા રે પાસથી અંતરમાન. સાંભળો૦
ત્યાસી સહસને સાતસેં રે વર્ષ પચાસનું માન. સાંભળો૦ ૧૯
પંચ કલ્યાણક (ને) તેમનાં રે ભાખ્યાં કલ્પ પ્રમાણ સાંભળો૦
જ્ઞાનવિમલ ગુરુ મુખ થકી રે વિસ્તરે સુણજો જાણ. સાંભળો૦ ૨૦

ઢાળ ૧૧

સવિ જિનના અવદાત ભણતાં વાધે ગ્રંથ વિસ્તાર રે
તેહ ભણી સવિ જિનના કહીયે આંતરાનો અધિકાર રે –
સાંભળજો શ્રોતાજનવારુ. ૧
નેમ થકી પાંચ લાખ વરસે શ્રી નમિ જિનવર ભાણ રે,
ખટ લાખે સુવ્રત વળી મલ્લી ચોપન લાખ વર્ષ પ્રમાણ રે. શ્રોતાજનવારુ. ૨
કોટિ સહસ વર્ષે અર જિનવર કુંથુને આંતર જાણો રે,
પલ્યોપમનો ભાગ ચોથો કોડી સહસ વર્ષ ઊણો રે. શ્રોતાજનવારુ. ૩
અર્ધ પલ્યોપમે શાંતિ જિનેશ્વર ત્રણ સાગર ગયે ધર્મ રે,
પોણા પલ્યોપમે ઊણો કહીયે ચાર સાગરે અનંત રે. શ્રોતાજનવારુ. ૪
નવ સાગર શ્રી વિમલ જિનેશ્વર ત્રીસ સાગરે વાસુ પૂજ્ય રે,
ચોપન સાગરે શ્રી શ્રેયાંસહ જિનવર થયા જગ પૂજ્ય રે. શ્રોતાજનવારુ. ૫
એક કોડી સાગર ગયે શીતલ તેહમાં એટલું ન્યુન રે,
એકશત સાગર ને છાસઠ લાખહ સોલ સહસ વર્ષ ન્યૂન રે. શ્રોતાજનવારુ. ૬
સુવિધિનાથ નવ કોડી સાગર નેવું કોડી સાગરે ચંદ રે,
શ્રી સુપાસ નવસય કોડી સાગર અંતર એહ અમંદ રે. શ્રોતાજનવારુ. ૭
દશ લાખ કોડી અંતર શ્રી સંભવ ત્રીસ લાખ સાગર કોડી રે,
અજિત થયા તેહથી લખ પચાસ સાગરે ઋષભને કોડી રે. શ્રોતાજનવારુ. ૮
એ નિર્વાણથી પશ્ચાનુપૂર્વી અંતર કેરૂં માન રે,
જિનનાં ત્રેવીસ અંતર ઈમ ચોથા આરા પ્રમાણ રે. શ્રોતાજનવારુ. ૯
નવ હજાર કોડી સાગર જાણો પદ્મપ્રભજિન ચંદ રે,
નેવું હજાર કોડી સાગર સુમતિ નવ લખ કોડી અભિનંદ રે. શ્રોતાજનવારુ. ૧૦
સહસ બેંતાલીસ વર્ષ પંચોતેરે સાઢામાસ વળી આઠ રે,
એટલે ઊણો ચોથો આરો ત્રેવીસજિનને પાઠ રે. શ્રોતાજનવારુ. ૧૧

જ્ઞાનવિમલગુરુ મુખથી લહીયે સાતમું એહ વખાણ રે,
સવિ જિનવરનાં ચરિત્ર સુણતાં દિન દિન કોડ કલ્યાણ રે. શ્રોતાજનવારુ. ૧૨

ઢાળ ૧૨

જીહો પંચ કલ્યાણક ભાખીયે જીહો ઋષભતણાં સુખદાય,
જીહો ત્રીજા આરાને છેહડે જીહો સુષમદુષમ કહેવાય,
ચતુરનર ! સુણીયે સૂત્ર સુજાણ. ૧
જીહો ચુલસી લખ પૂરવ વલી જીહો વર્ષત્રણ ને અડમાસ,
જીહો એક પખ ઉપર થાકતે જીહો કુલઘર ઘર થયા વાસ. ચતુરનર૦ ૨
જીહો વદિ ચોથે આષાઢની જીહો જંબુ ભરત મઝાર,
જીહો સર્વારથથી આવીયા જીહો નાભિ નૃપતિ શણગાર. ચતુરનર૦ ૩
જીહો મરુદેવી કુખે ઉપના જીહો ઉત્તરાષાઢા ચંદ,
જીહો મજઝરયણી તિહું નાણશું જીહો દેખે ચૌદ સુપન. ચતુરનર૦ ૪
જીહો નાભિ અર્થ આપે કહે જીહો અથવા ભાખે ઇંદ્ર,
જીહો સુપન પાઠક નથી તે સમે જીહો ઉચિત કરે સવિ ઇંદ્ર. ચતુરનર૦ ૫
જીહો ચૈત્ર બહુલ આઠમ દિને જીહો ઉત્તરાષાઢાને યોગ,
જીહો જન્મ્યા જિન તવ આવીયા જીહો સકલ સુરાસુર લોગ. ચતુરનર૦ ૬
જીહો પ્રથમ વૃષભ દીઠા ભણી જીહો અથવા વૃષભનું અંક,
જીહો ઋષભ નામ તિહાં થાપીયું જીહો વંશ ઈક્ષ્વાક મયંક. ચતુરનર૦ ૭
જીહો વિવાહાદિક સવિ કરે જીહો ઈંદ્ર ઈંદ્રાણી આય,
જીહો નયર વિનીતા વાસીયો જીહો દેખી વિનય ગુણ ઠાય. ચતુરનર૦ ૮
જીહો રાજા પ્રથમ એ જાણીયે જીહો યુગલિક નર અભિષેક,
જીહો કરતાં જાણી આવીયા જીહો ઠરિ દાખે વિવેક. ચતુરનર૦ ૯
જીહો બ્રાહ્મી ભરત સુમંગલા જીહો પ્રસવે યુગલ સમેત,
જીહો સુંદરી બાહુબલ જણે જીહો સુનંદા શુભ ચેત. ચતુરનર૦ ૧૦
જીહો વળી સુમંગલાને થયા જીહો યુગલ ઓગણ પચાસ,
જીહો શત બેટા હોય બેટડી જીહો શત વિજ્ઞાન પ્રકાશ. ચતુરનર૦ ૧૧
જીહો બહોંતેર પુરૂષ તણી કળા જીહો નારી કળા ચોસઠ,
જીહો લીપી અઢાર સોહામણી જીહો કુલચઉથાપે ઉક્કિઠ. ચતુરનર૦ ૧૨

જીહો વીસ લાખ પૂરવ કુંવરમાં જીહો ત્રેસઠ પૂરવ રાજ,
જીહો દેશ દીયે સવિ પુત્રને જીહો ભરત વિનીતા રાજ. ચતુરનર૦ ૧૩
જીહો લોકાંતિક સુરવયણથી જીહો દેઈ વરસી દાન,
જીહો બેસી સુદંસણા પાલખી જીહો ચાર સહસ નરમાન. ચતુરનર૦ ૧૪
જીહો ચૈત્ર વદિ આઠમ દિને જીહો છઠ્ઠ તપ ઉત્તરાષાઢ,
જીહો ચઉમુઠ્ઠી લોચન કરે જીહો પરીષહ સહે આગાઢ. ચતુરનર૦ ૧૫
જીહો વરસે કીધું પારણું જીહો ઈક્ષુરસ દીયે શ્રેયાંસ,
જીહો વરસ સહસ છદ્મસ્થમાં જીહો વિહાર કરે નિરાશંસ. ચતુરનર૦ ૧૬
જીહો ફાગણ વદિ અગીયારસે જીહો પુરિમતાલ ઉદ્યાન,
જીહો અઠ્ઠમ ઉત્તરાષાઢશું જીહો પામે કેવલજ્ઞાન. ચતુરનર૦ ૧૭
જીહો સકલ સુરાસુર આવીયા જીહો ચક્રી ભરત નરીંદ,
જીહો મરુદેવી સિદ્ધિતણો જીહો ઉત્સવ કરે આણંદ. ચતુરનર૦ ૧૮
જીહો ઋષભસેન આદે કરી જીહો ચોરાસી ગણધાર,
જીહો સહસ ચોરાસી મુનિવરા જીહો સાધવી ત્રણ લખ સાર. ચતુરનર૦ ૧૯
જીહો ત્રણ લાખ શ્રાવક જેહને જીહો ઉપર પાંચ હજાર,
જીહો પણ લખ ચોપન સહસ છે જીહો શ્રાવિકાનો પરિવાર. ચતુરનર૦ ૨૦
જીહો ચાર સહસ ને સાતસે જીહો ચૌદ પૂરવધર જાણ,
જીહો નવ સહસ ઓહિ કેવલી જીહો વીસ સહસ પરિમાણ. ચતુરનર૦ ૨૧
જીહો વીસ સહસ છસય ઉપરે જીહો વૈક્રિય લબ્ધિ મુણીંદ,
જીહો બાર સહસ છસય વિપુલમતિ જીહો પચાસ અધિક અમંદ. ચતુરનર૦ ૨૨
જીહો તેટલા વાદી જાણીયે જીહો વીસ સહસ મુનિ સિદ્ધ,
જીહો ચાલીસ સહસ સાધુ સાધવી જીહો તેણે મનવાંછિત કીધ. ચતુરનર૦ ૨૩
જીહો સહસ બાવીસ નવસયમુનિ જીહો અણુત્તર પહોંતા તેહ,
જીહો એક લાખ પૂરવ ઈણી પરે જીહો વ્રત પર્યાયે એહ. ચતુરનર૦ ૨૪
જીહો લાખ ચોરાસી પૂર્વનું જીહો પાળી પૂરણ આય,
જીહો સહસ મુનિશું પરિવર્યા જીહો અષ્ટાપદ ગિરિ જાય. ચતુરનર૦ ૨૫
જીહો માઘબહુલ તેરસ દિને જીહો અભિજિત નક્ષત્રચંદ (યોગ),
જીહો ચૌદ ભક્ત પદ્માસને જીહો શિવ પહોંતા જિનચંદ. ચતુરનર૦ ૨૬

જીહો આસન ચળે સવિ ઇંદ્રના જીહો આવે લઈ પરિવાર,
જીહો કરે ઉત્સવ નિર્વાણનો જીહો જંબુપન્નત્તિ અધિકાર. ચતુરનર૦ ૨૭
જીહો પક્ષનેવ્યાસી થાકતે જીહો ત્રીજા આરામાંહિ,
જીહો ઋષભજી શિવસુંદરી વર્યા જીહો એ સ્થિતિનો પ્રવાહ. ચતુરનર૦ ૨૮
જીહો અધિકરણ એ ધર્મનો જીહો એહશું ધર્મ સનેહ,
જીહો પ્રથમ તીર્થંકર મુનિપતિ જીહો જ્ઞાનવિમલ ગુણગેહ. ચતુરનર૦ ૨૯

## ઢાળ ૧૩

નમો નમો ગણધર થવિરને વીરતણા અગ્યાર રે,
ઈંદ્રભૂતિ અગ્નિવાયુ ભૂતિ વ્યક્ત સોહમગણધાર રે. નમો નમો૦ ૧
મંડિત મૌર્યપૂત્રજી અંકપિત અચલભ્રાત રે,
મેતાર્ય પ્રભાસ જાણીયે એકાદશ ગણિ ખ્યાત રે. નમો નમો૦ ૨
વીર છતે નવ શિવ લહ્યા સપરિવાર માસભત્તે રે,
રાજગૃહે વળી ગૌતમો બાર વરસ વીરને અંતે રે. નમો નમો૦ ૩
સોહમગણી શ્રી વીરથી વીસ વર્ષે સિદ્ધિ લહીયા રે,
તેહના જંબુ કેવલી તિહાંથી શિવ કેવલ રહિયા રે. નમો નમો૦ ૪
પ્રભવ શય્યંભવ જાણીયે યશોભદ્ર સંભૂતિવિજયા રે,
ભદ્રબાહુ સ્થૂલિભદ્રજી એ શ્રુત કેવલી ષટ કહિયા રે. નમો નમો૦ ૫
આર્ય સુહસ્તિ મહાગિરિ સુસ્થિત સુપ્રતિ બુદ્ધા રે,
ઈંદ્રદિન્ન સિંહગિરિ જાણીયે દિન્ન ધન્નગિરિ સુપ્રસિદ્ધારે. નમો નમો૦ ૬
વયર સામી વજ્રસેનજી એ દશ પૂરવ ધારી રે,
ગુણ સુંદર સામાચાર્યજી શાંડિલાચાર્ય ગુણધારી રે. નમો નમો૦ ૭
શ્રી ધર્મ રેવતિ મિત્રજી ભદ્રગુપ્તને શ્રી ગુપ્ત રે,
વજ્રસૂરિ દશ પૂરવી યુગ પ્રધાન પવિત્ર રે. નમો નમો૦ ૮
તો શાલિપુત્ર આર્યરક્ષિત મનકને આર્ય સમિત નામ રે,
યાવત દેવર્દ્ધી ગણી થકી વરસવે ( ) ગુણધામ રે. નમો નમો૦ ૯
શાખા કુલ વળી એહનાં નંદિ આવશ્યકે કહીયે રે,
કલ્પસૂત્રે સ્થવિરાવલી તસ ગુણ સુણી ગહગહીયે રે. નમો નમો૦ ૧૦

આદિચરિત્ર સ્થવિરાવલી કહીયે આઠમે વખાણ રે,
પાર ન પામીયે એહના ગુણનો જ્ઞાનવિમલ ગુરુજાણ રે. નમો નમો૦ ૧૧

ઢાળ ૧૪

દૂહા

હવે સુવિહિત પટ્ટાવલી જિનશાસન શણગાર,
આચારજ અનુક્રમે થયા નામ થકી કહું સાર. ૧
એકેકાના ગુણ ઘણા કહેતાં ના'વે પાર,
પરંપરાયે આવીયા ધર્મતણા દાતાર. ૨

ઢાળ

વીરતણી પાટે હવે પહેલાં સોહમ ગુણગણ ખાણીજી,
બીજા જંબુ સ્વામી કહીયે છેલ્લા કેવલ નાણીજી,
ત્રીજા પ્રભવ ગણી વળી ચોથા શય્યંભવ ગણધારજી,
મનકપુત્ર હેતે જેણે કીધું દશ વૈકાલિક સારજી. ૧
યશોભદ્ર ગણી પંચ જાણો છઠ્ઠા સંભૂતિ વિજ્યાજી,
ભદ્રબાહુ એ ચૌદપૂર્વી કલ્પસૂત્ર જેણે રચીયાજી,
દશાનિર્યુક્તિ અને ઉવસગ્ગહર સ્તોત્ર કર્યા સંઘહેતેજી,
સ્થૂલિભદ્રગણિ સત્તમ પાટે જેહ થયા શુભ ચિત્તેજી. ૨
નાગર કુલ આગર સવિ ગુણણે કોશા જેણે પ્રતિબોધીજી,
શીલવંત શિરદાર ભુવનમેં વિજયપતાકા લીધીજી,
આર્ય મહાગિરિ આર્ય સુહસ્તિ તસ પાટે આઠમી કહીયેજી,
દ્રમક દિકખ સંપ્રતિ નૃપ કીધો જિન કલ્પ તુલના કહીયેજી. ૩
નવમા સુસ્થિત સુપ્રતિબદ્ધા દોય આચારજ જાણોજી,
કોડીવાર સૂરિમંત્ર જપ્યાથી કોટિક બિરુદ ધરાણોજી,
આઠ પાટ લગે બિરુદ નિર્ગ્રંથનું હવે દશમા ઇંદ્ર દિન્નાજી,
એકાદશમા દશ પૂર્વધર સૂરિશ્રી વળી દિન્નાજી. ૪
બારસમા શ્રી સિંહગિરીશ્વર તેરમા શ્રી વયર સ્વામીજી,
અંતિમ એ દશ પૂર્વધારી લબ્ધિ અનેક જેણે પામીજી,

નભોગામિની વૈક્રિયક્રિયા શાસન ભાસન કારીજી,
પ્રવચન રચના જેણે સમારી અતિશય ગુણના ભારીજી. ૫
વજ્રસેન તસ પાટે ચૌદમાં જેણે સોપારા નયરેજી,
કહી સુગાલ ચઉ સુત વ્યવહારી વિષભક્ષણ જી વારેજી,
દિક્ખ દેઈને ભવજલ તાર્યા ચાર આચારજ થાપ્યાજી,
એકેકાના એકવીસ એકવીસ તસ ચોરાસીગચ્છ થાપ્યાજી. ૬
ચંદસૂરિ પન્નરમે પાટે ચંદ્રગચ્છ બિરુદ એ બીજુંજી,
સામંતભદ્ર સોળમા વનવાસી બિરુદ થયું એ ત્રીજુંજી,
વૃદ્ધદેવ સૂરિ સત્તરમા અઢારમા પ્રદ્યોતન સૂરિજી,
માનદેવ ઓગણીસમા જાણો શાંતિ કરી જેણે ભૂરિજી. ૭
માનતુંગ સૂરિ વળી એકવીસમા જાણો અભિગ્રહ વ્રત જેણે દીધુંજી,
જયાનંદસૂરિ બાવીસમા દેવાનંદ ત્રેવીસાજી,
ચોવીસમા શ્રી વિક્રમ સૂરિ શ્રી નરસિંહ પચવીસાજી. ૮
સમુદ્રસૂરિ છવીસ સગવીસ વળી સૂરિ શ્રી માનદેવાજી,
વિબુધ પ્રભસૂરિ અડવીસા જયાનંદ ઉણત્રીસાજી,
રવિપ્રભસૂરિથયા વળી ત્રીસા યશોદેવ એકત્રીસાજી,
શ્રી પ્રદ્યોતનસૂરિ બત્રીસમા માનદેવ તેત્રીસમાજી,. ૯
વિમલચંદ સૂરિ ચઉતીસા ઉદ્યોતન પાંત્રીસાજી,
સર્વ દેવ સૂરિ છત્રીસમા દેવસૂરિ સડત્રીસાજી,
વળી સર્વ દેવ સૂરિ અડત્રીસમાં વડગચ્છ બિરૂદ ધરાવ્યુંજી,
ઓગણચાલીસમાં યશોભદ્રસૂરિ રૈવતતીર્થ શોભાવ્યું જી. ૧૦
નેમિચંદ મુનિચંદ મુનીશ્વર ચાલીસમી પાટે દો ભાયાજી,
અજિતદેવસૂરિ એકતાલીસમા જિનવર ચારિત્ર રચાયાજી,
વિજયસિંહ બેતાલીસ પાટે સોમપ્રભ મણિરયણાજી,
દોય આચારજ ત્રેંતાલીસમા રચિત સિંદૂર પ્રકરણાજી. ૧૧
જગચ્ચંદ્ર સૂરિ ચુમ્માલીસમી પાટે મહાતપા બિરુદ ઉપાયુંજી,
જાવજ્જીવ આંબિલતપ સાધી જિનમત સબલ સોહાયુંજી,

કર્મગ્રંથ ભાષ્યોદિક કીધાં દેવેન્દ્રસૂરિ પણયાલેજી,
ધર્મઘોષ સૂરિ છેંતાલીસમા કોરંટ તીર્થને વાલેજી. ૧૨
આરાધના પ્રકરણના કર્તા સોમપ્રભ સુડતાલીસાજી,
સોમતિલક અડતાલીસ ગુણવન્ના શ્રી દેવસુંદર સૂરીશાજી,
પાટે શ્રી સોમસુંદર સૂરિ તે પચાસ પ્રસિદ્ધાજી,
ઉપદેશ રત્નાકર અધ્યાત્મકલ્પ પ્રમુખ ગ્રંથ બહુ કીધાજી. ૧૩
કર્તા સંતિકરંના જાણો મુનિસુંદર એગવન્નાજી,
કીધા શ્રાદ્ધવિધ્યાદિક ગ્રંથા રત્ન શેખર બાવન્નાજી,
લક્ષ્મીસાગરસૂરિ ત્રેપનમા સુમતિસાધુ ચોપનમાંજી,
હેમવિમલ સૂરીશ્વર જાણો પ્રગટ થયા પણપન્નાજી. ૧૪
શ્રી આનંદવિમલ સૂરીશ્વર થયા છપન્નમી પાટેજી,
ક્રિયા ઉદ્ધાર કરીને કીધી ઉજવલ પ્રવચન માટેજી,
વિજયદાન સૂરિ સત્તાવનમેં પાટે જે ગુણ પૂરાજી,
અઢ્ઢાવનમી પાટે હીરવિજયસૂરિ સૂરિગુણે ન અધૂરાજી. ૧૫
સાહિ અકબરને પ્રતિબોધી શાસન સોહ ચઢાવીજી,
વિજયસેન ગુણસઠમી પાટે જહાંગીર સભા હરાવીજી,
સાઠમી પાટે પુણ્યે પ્રગટ્યા વિજયદેવ ગણધારજી,
આચારજ વિજયસિંહને દિખ્યા મેદિની સુર શણગારજી. ૧૬
સુર પ્રતિ બોધન કાજે પહોંત્યા જાણી નિજ (જિન ?)પટ થાપેજી,
વિજય પ્રભસૂરિ એકસઠમી પાટે વિજય રૂપ સૂરિ આપેજી,
સંવેગી શુદ્ધપંથ પ્રરૂપક વિમલ શાખા શણગારીજી,
જ્ઞાનવિમલસૂરિ બાસઠમી પાટે વિજયવંત સુખ કારીજી. ૧૭
પૂર્વાચાર્ય થયા ગુણવંતા જ્ઞાનક્રિયા ગુણ ભરીયાજી,
શ્રદ્ધા જ્ઞાન કથનને કરણી એ ચઉવિધના દરીયાજી,
તે સુવિહિત મુનિવંદન કરતાં નિર્મલ સમકિત આવેજી,
અહોનિશ આતમભાવ અનુપમ જ્ઞાન અનંતુ પાવેજી. ૧૮

ઢાળ ૧૫

હવે સંવચ્છરીને દિને રે લાલ કરે ઓચ્છવમંડાણ સવિ સામી રે,
પુસ્તક પૂજો પ્રેમશું રે લાલ નિસુણી સૂત્ર વખાણ સુખકારી રે,
સૂત્ર સુણો વિધિશું સદારે લાલ જિમ લહો નિર્મલ નાણ લાલ, સૂત્રસુણો૦ ૧
યોગવાહી ગુરૂ જે હુવે રે લાલ આચારી અર્થના જાણ. સૂત્રસુણો૦ ૨
અનભિનિવેશી અમત્સરી રે લાલ સુવિહિત મુનિ ગુણ ખાણ, સૂત્રસુણો૦
ગીત ગાન વાજીંત્રશું રે લાલ પૂરે મંગલ આઠ, સૂત્રસુણો૦
સાવધાન બહુ ભાવશું રે લાલ કલ્પસૂત્રનો પાઠ. સૂત્રસુણો૦ ૩
પૂજાને પ્રભાવના રે લાલ ચૈત્યપરિપાટી સાર, સૂત્રસુણો૦
પોષહ આરાધન કરે રે લાલ અઠ્ઠમધર નર નાર. સૂત્રસુણો૦ ૪
લાહો લીજે નિજ વિત્તનો રે લાલ કરી અતિ પરિગલ ચિત્ત, સૂત્રસુણો૦
સંપૂરણ સૂત્ર સાંભળે રે લાલ પર્વ એ સર્વ પવિત્ત. સૂત્રસુણો૦ ૫
આગમ અક્ષર સાંભળે રે લાલ જાયે પૂરવ પાપ, સૂત્રસુણો૦
વિધિયોગે જો સાંભળે રે લાલ નાશે તિમિર સંતાપ. સૂત્રસુણો૦ ૬
સંપૂરણ તિહાં સાંભળી રે લાલ ભાવે આપ સ્વભાવ, સૂત્રસુણો૦
કરે વધાઈ લુંછણા રે લાલ જબ હોવે ધર્મજમાવ. સૂત્રસુણો૦ ૭
જ્ઞાન વિમલ ગુરૂ ઉપદિશે રે લાલ સામાચારી મુનિ ધર્મ, સૂત્રસુણો૦
આલાવો ચોસઠે કરી રે લાલ અડવીસ ભેદે મર્મ. સૂત્રસુણો૦ ૮

ઢાળ ૧૬

ઈમ ઓચ્છવ આડંબરેજી સુણી સુણી સૂત્ર વખાણ જિણંદરાય જીત્યા રે.
જીત્યા જીત્યા કર્મના મર્મ જિણંદરાય૦ ભાગ્યા ભાગ્યા,
મિથ્યા(ભ)મર્મ જીત્યા રે,
વિષય કષાય સમાવીયા રે પસરી સમતા વેલિ જીત્યા રે,
જિન શાસન વર મંડપે રે સાધર્મિક કરે કેલિ જીત્યા રે,
ગાય ગાય ગોરી ગેલી, જિણંદરાય૦ કૂડકપટ સવિ મેલિ જીત્યા રે,
કાઢ્યા કાઢ્યા દુશ્મન ઠેલી જિણંદરાય૦ જાગી જાગી અનુભવ વેલી. જીત્યા રે. ૧
સતીય સોહાગણ સુંદરી રે ગાય ગાય મધુરા ગીત જીત્યા રે,
દર્શન જ્ઞાન ચારિત્રની રે બાંધી બાંધી સબલી નીત જીત્યા રે,

થઈ થઈ જગમાં જીત જિણંદરાય૦ પામી પામી પુરૂષ પ્રતીત જીત્યા રે,
મલ્યા મલ્યા મનના મિત્ત જિણંદરાય૦ ગઈ ગઈ ભવની ભીત. જીત્યા રે. ૨
અનુભવ લીયે જે ગુણ હોયે રે તે ભવની કોડા કોડી જીત્યા રે,
દુરિત ઉપદ્રવ ઉપશમે રે ન કરે અનુભવ જોડી જીત્યા રે,
નહિં જિન શાસન હોડી જિણંદરાય૦ હર્ષિત હોડા હોડી જીત્યા રે,
મલી મલી મોડામોડી જિણંદરાય૦ ચૂરે ચૂરે કર્મ વિછોડી. જીત્યા રે. ૩
એમ શ્રી પર્વ સોહામણું રે કરે જિન મતના જાણ જીત્યા રે,
જ્ઞાનવિમલગુરુ યોગથી રે પ્રગટે પુણ્ય પ્રમાણ જીત્યા રે,
આજભલું સુવિહાણ જિણંદરાય૦ પ્રગટ્યો સમકિત ભાણ જીત્યા રે,
નાઠાં નાઠાં દુરિત અન્નાણ જિણંદરાય૦ આગમમોજ મહીરાણ. જીત્યા રે. ૪
વાગ્યાં વાગ્યાં જય નિશાન જિણંદરાય૦ નમતાં રાણો રાણ જીત્યા રે,
ગાળ્યાં ગાળ્યાં કુમતિના માન જિણંદરાય૦ પેખ્યાં પેખ્યાં પુણ્યના ઠાણ જીત્યા રે,
ઉત્સવ અધિક મંડાણ જિણંદરાય૦ સજ્જનતા મેલાણ જીત્યારે,
બોલે બોલે જય જય વાણ જિણંદરાય૦ દિન દિન કોડી કલ્યાણ. જીત્યારે. ૫

## બાહુબલીની સઝાય

બાહુબલી મોટો મહિપતિ સખિ તક્ષશીલાનો જેહ,
સુનંદામાતા નંદનો સખિ અતિબલી(૨) બલગુણ ગેહ,
સખિ ! વંદીયે મુનિવર ભાવશું.
જેના શ્રી રિસહેસર તાત, જસ કીરતિ ત્રિભુવન વિખ્યાત. સખી ! ૧
આયુધ ધરી પેસે નહિ નિજચક્ર તે ચક્રી દેખી,
પૂછે અનમી કોણ છે સખિ ! દાખીયો(૨) બાહુબલીનું હેત. સખી ! ૨
ભરતે યુદ્ધ આરંભીયો સખિ ! બાર વરસ મંડાણ,
જય લક્ષ્મી સરીખી રહે સખિ ! અનમિય(૨) બાહુબલી રાણ. સખી ! ૩
હરિ આવીને ઇમ કહે સખિ ! દેઈ તાતની આણ,
માંહો માંહી બેઉ ભડો સખિ ! પણ યુદ્ધ(૨)કરીય મંડાણ. સખી ! ૪
હાર્યો ભરત સઘળે તિહાં સખિ ! ઈમ કહે રાણો રાણી,
રીસ ચઢી ચક્ર મૂકીઓ સખિ ! તવ ભાણે(૨) બાહુબલી રાણ. સખી ! ૫

કરું ચકચૂર એ ચક્રને સખિ ! કરે અપત્તિનું યુદ્ધ,
ગોત્રમાંહિ ચક્ર ન ફિરે કદા સખિ ! ગુરુ પણે(૨) એહ અબુદ્ધ. સખી ! ૬
મૂઠી ઉપાડે બાહુબલી સખિ ! રીસે ચક્રી હણનને કાજ,
તવ મનમાં એહવું વસ્યું સખિ ! ધિગ્ પડો(૨)એહ અનરથ
(કર)રાજ. સખી ! ૭
ભૂંડી એ ભવસુખ કારણી સખિ ! એહવા જિહાં અનરથ થાય,
મૂઠી દીઠી ઉપાડી સહુ સખિ ! લોચ એ (૨) કરું શિર ઠાય. સખી ! ૮
કુસુમ વૃષ્ટિ સુરવર કરે સખિ ! શાસનસુરી આપે વેશ,
પાય પડીચક્રી ભણે સખિ ! લ્યો એ પુર(૨)ગામ નિવેશ,
ખમો અપરાધ વિશેષ સખી ! ૯
અભિમાને ઊભો રહ્યો સખિ ! ધરી મનમાં એમ વિચાર,
લઘુ અડા અમ્હ ભાઈલા સખિ ! કિમ નમું(૨)એ અણગાર. સખી ! ૧૦
નિરશની ઈમ ઊભો રહ્યો સખિ ! એક સંવત્સર સીમ,
તવ ઋષભ જિણેસર મોકલે સખિ ! પૂરણ (૨)જાણી નીમ. સખી ! ૧૧
બ્હેની બ્રાહ્મી સુંદરી સખિ ! સતી સાધવી એમ ભણંત,
વીરા મોરા ગજ થકી ઊતરો સખિ ! ગજ ચઢયે (૨)
કેવલ ન હુંત. સખી ! ૧૨
શબ્દ સુણીને વિચારીઓ સખિ ! એ નવિ ભાખે આલ,
એ તાતજીએ મોકલ્યાં સખિ ! તાતજી (૨) જગત કૃપાલ. સખી ! ૧૩
અભિમાન ગજ મોટો અછે સખિ ! તિણે કર્યો એ જંજાલ,
ગુણવંતનો વિનય સાચવું સખિ ! ધન્ય(૨) લહુડા એ સુકુમાલ.
સખી ! ૧૪
ધસમસિ હુંસિ હર્ષશ્યું સખિ ! (પાંઉ) પાય ભરે વંદન કાજ,
ઝળહળતું કેવલ પામીઓ સખિ ! ભેટીયા(૨) જઈ જિનરાજ. સખી ! ૧૫
**જ્ઞાનવિમલ**થી સુખ લહ્યાં સખિ ! નિજતાત બંધવ સાથ,
વંદન અહનિશ તેહને સખિ ! તારીય (૨) ગ્રહી મુજ હાથ. સખી ! ૧૬

## બાહુબલીની સઝ્ઝાય

તક્ષશિલા નગરીનો નાયક, લાયક સંયમ ધારીજી,
પાયક પરિ પાયે નમે ચક્રી, વિનંતી કરે મનોહારી. ૧

બાંધવ બોલો, મનડાં ખોલો, ભરતજી પાથરે ખોળો,
ભાભીઓ બહુ દિએ ઓળંભા, એક વાર ઘરે આવોજી,
બાહુબલિ અતુલ બલી બંધવ, ફિર ન કરું હવે દાવો. ૨

અભિમાની અભિનવ અનમિ, જીમ ભત્રીજા નમી વિનમીજી,
ઈમ અપરાધ ખમાવી પોંહતા, ધરી ચક્રી પદ પ્રણમી. ૩

જનક ચાલે જે અંગજ ચાલે, તેહી જ અંગજ વારુજી,
એહ ઉખાણો ચિત્ત ધરીને, રહ્યા વરસ સીમ(લગે) અણાહારુ. ૪

શીત તાપ વાતાદિક પરીષહ, ન ગણે મન અભિમાનેજી,
લઘુબંધવને કહો કિમ નમીયે, રહે કાઉસગ્ગ ધરીધ્યાને. ૫

કેવલજ્ઞાન ને માન બેહુને, ઈમ ઝગડો બહુ લાગોજી,
જ્ઞાન બળે જિને અવસર જાણી, યદ્યપિ છે નીરાગો. ૬

બ્રાહ્મી સુંદરી સાધવી આવે, ગાવે મધુરાં ગીતજી,
ગજ ચઢયે કેવળ ન હોવે, વીરા ! ઊતરો ગજથી વિનીત. ૭

સુણી વચન મનમાંહિ ચિંતે, જુઠું એહ ન ભાખેજી,
ગજ અભિમાન કહયો એ વચનમાં, તે ચારિત્ર શોભા નવિ રાખે. ૮

ઘર મૂક્યું પણ એ નવિ મૂક્યું, એહ કરે ગુણ ધાતજી,
ઈમ તજી માનને ચરણ ઉપાડ્યા, લહે કેવલ સાક્ષાત. ૯

ભેટ્યા તાત પ્રદક્ષિણા દેઈ, વાંદી પર્ષદે બેઠાજી,
અવર જે સાધુ આવીને વંદે, જેઠ્ઠા તે કિમ હોય હેઠ્ઠા. ૧૦

સંયમ પાળી શિવસુખ લેવા, અષ્ટાપદ ગિરિ ચઢીયાજી,
એક(જ)ણ સમયે એક શત આઠે, સિદ્ધિ અનંત સુખ ગઢીયા. ૧૧

ધન ધન ઋષભ વંશ રયણાયર, તરીયા બહુભવ દરિયાજી,
જ્ઞાનવિમલ ગુણ સુયશ મહોદય, સંપદ સુખ અનુસરિયા. ૧૨

# મનુષ્યભવની દુર્લભતા વિષે દસ દૃષ્ટાંતની સઝ્ઝાયો

## ૧. ચુંલ્લક દૃષ્ટાંતો

### દૂહા

પ્રેમે પાસ જિણંદનાં પદકજ યુગ પણમેવિ,
સાનિધ્યકારી શારદા શ્રી સદગુરુ સમરેવિ. ૧

દશ દૃષ્ટાંતે દોહિલો માવવનો ભવ એહ,
પામી ધર્મ ન આદરે અહેલે ગમાવે તેહ. ૨

વાર અનંતી ફરસિયો એ સઘળો સંસાર,
છાલી વાટક ન્યાયપર વિણસમકિત આધાર. ૩

કંચનગિરિ ગિરિમાં વડો નદીઓમાં જિમ ગંગ,
જિમ ગજમાં ઐરાવણો જિમ તનુમાંહિ વરંગ. ૪

તરુમાંહે જિમ કલ્પતરુ તેજવંતમાં ભાણ,
પંખીમાં જિમ ગરુડ ખગ જિમ ચક્રી નરરાણ. ૫

જૈનધર્મ જિમ ધર્મમાં ઔષધમાં જિમ અન્ન,
દાતામાં જિમ જલધરુ જિમ પંડિતમાં મન્ન. ૬

ગ્રહગણમાં જિમ ચંદ્રમા મંત્રમાંહિ નવકાર,
સઘળા ભવમાંહે ભલો તિમ નરભવ અવતાર. ૭

બોધિલાભ નીમીસમો બોલ્યો નરભવ એહ,
તે હાર્યો નવિ પામિયેં જિમનિધિ દુર્ગતિ ગેહ. ૮

વિપ્રજિમણ ૧ તિમ પાસકા ૨ ધાન્ય રાશિ ૩ને જુઅ ૪
રયણ ૫ સુમિણ ૬ને ચક્ર ૭ હરિ ૮ ઝુંસર ૯
પરમાણુઅ ૧૦. ૯

વિપ્ર જિમણનો દાખિયો પહેલો જે દૃષ્ટાંત,
સુણજો તેહ કહું હવે આળસ મૂકી સંત. ૧૦

ઢાળ

કંપિલ પુરવર રાજીયો ઈકખાગ વંશ દીણંદોજી,
નામે બંભ નરેસરુ ચુલણી દેવી ઇંદોજી,
મુખચંદ ચઉદસ સુમિણ સૂચિત સહસ અઠલકખણ ધરુ,
સંભૂતિ મુનિનો જીવ તસ સુત બ્રહ્મદત્ત નામે વરુ,
અનુક્રમે મસ્તક શૂલ રોગે પિતા પરલોકે ગયો,
તસ રાજકાજે મિત્ર તેહનો દીર્ઘપૃષ્ઠ ભૂપતિ થયો. ૧

ચંચલ ચિત્ત ચુલણી થઈ દીર્ઘ નરાધિપ સંગેજી,
લોપી લાજ તે કુલ તણી સેવે વિષય પ્રસંગેજી,
પ્રસંગવર ઘણું તામ સચિવે અનાચાર તેહનો લહ્યો,
દૃષ્ટાંત દૂધ બિલાડ કેરો કુંવરની આગળ કહ્યો,
કોકિલા વાયસ હંસ લાવક (લી બગ) હાથણી ખર (પરિ) જિમ રમે,
દૃષ્ટાંત અસમંજસ દેખાડે કુંવર તે એકણ સમે. ૨

ભાવી ચક્રીકુમરને, દેખી મનમાંહે કંપેજી,
એક દિન તે ચુલણી પ્રતિ લંપટ એમ પયંપેજી,
ઈમ પયંપે સુણો ચુલણી મુજ છે ભય તુજ સુત તણા,
નિઃશંક સઘળાં વિષય સુખ શું પૂરીએ મનકામના,
છલભેદ દાવ ઉપાય કરતાં બ્રહ્મદત્ત સુત જો મરે,
ધિક્ કામને ગત મામ ચુલણી વયણ તે અંગી કરે. ૩

મોટો એક મંડાવિયો લાખ તણો આવાસોજી,
છલ વિવાહ તણો કરી નવપરિણિત સ્ત્રી પાસોજી,
વિશ્વાસ આણી માંહિ પોઢ્યો દીપયોગે તે ગલે,
સુરંગમાંહે સચિવ વર ધણુ કુમરને આવી મલે,
પાહની પ્રહારે ગંગતીરે અશ્વયોગે નીકળ્યા,
પચાસ જોયણ ગયા બેહુ દુષ્ટ દીહા ભય ટળ્યા. ૪

પુણ્યબળે તે ઊતર્યા અટવી આપદ રૂપજી,
કુમર વૈતાઢ્યગિરે ગયો તિહાં વિદ્યાધર ભૂપજી,

અતિરૂપ કુમરી જાણે અમરી નૃપતિ વિદ્યાધર તણી,
બહુ તિહાં પરણી તેજી તરણી ઋદ્ધિ જોડી અતિ ઘણી,
ષટખંડ સાધી શતે વરસે આવીયા કંપિલ પુરે,
નવનિધિ ચઉદસ રયણ મંડિત ચક્રી પદવી અનુસરે. ૫

પૂરવ પરિચિત બંભણો દોહગ ભંજણ હેતે જી,
ચક્રી દર્શન દેખવા અદ્ભુત કરત સંકેતેજી,
સંકેત જીરણ વસ્ત્રનો ધ્વજ કરી ચક્રી નિરખીયો,
ઉપકાર જાણી કહે વાણી માંગી વર સંતોષીયો,
તવ કહે બંભણ પડખ નરપતિ ઘરણીને પૂછું જઈ,
તસ વયણથી તુજ પાસ માગું વસ્તુ એકમનો થઈ. ૬

ઘરણી વયણે બંભણો માગે ભોજન તેહજી,
ઉપર સોવન દક્ષણા વરદીયો નરપતિ એહજી,
વર એહ આપી કુમતિ વ્યાપી વારકે ભોજન કરે,
કંપિલપુરમાં જિમણ કાજે ઘર ઘરે બંભણ ફીરે,
વર્ષ સહસ પ્રમાણ જીવિત ફરી ભોજન નવિ લહેણ
એણીપરે નરભવ હારીયો વલિ દોહિલો કવિ નય કહે. ૭

## મનોરમા સતીની સઝાય

મોહનગારી મનોરમા, શેઠ સુદર્શન નારી રે;
શીલપ્રભાવે શાસન શૂરી, થઈ જસ સાનિધ્યકારી રે. મોહન૦ ૧
દધિવાહન નૃપની પ્રિયા, અભયા દીયે કલંક રે;
કોપ્યો ચંપાપતિ કહે, શૂળી રોપણ વંક રે. મોહન૦ ૨
તે સુણીને મનોરમા, કરે કાઉસગ્ગ ધરી ધ્યાન રે;
દંપતિ શીલ જો નિર્મળું, તો વધો શાસન માન રે. મોહન૦ ૩
શૂળી સિંહાસન થઈ, શાસનદેવી હજૂર રે;
સંયમ ગ્રહી થયા કેવલી, દંપતી હોય સનૂર રે. મોહન૦ ૪
**જ્ઞાનવિમલ** ગુણ શીલથી, શાસન સોહ ચઢાવે રે;
સુર નર તસ કિંકરા, શિવસુંદરી તે પાવે રે. મોહન૦ ૫

# મયણ રેહાની સઝ્ઝાય

રાગ

સાંભળજો મુનિ સંયમ રાગે

નયર સુદર્શન મણીરથ રાજા, યુગબાહુ યુવરાજજી,
મયણરેહા યુગબાહુની ધરણી શીલતણા ગુણ તાજાજી. ૧
મણીરથ મોહયો તેહને રૂપે, બંધવ કીધો ઘાતજી,
મયણરેહાએ તે નીર્યામ્યો સુરસુખ વહયો વિખ્યાતજી. ૨
ચંદ્રજસા અંગજ ઘર છોડી, ગર્ભવંતીજી શીલવંતીજી એકલડી,
પરદેશે પ્રસવ્યો સુંદર સુત સરપંતેજી. ૩
જલહાથીએ ગગન ઉડાડી, વિદ્યાધર લીએ તેહનેજી,
કામ વયણ ભાખ્યા પણ ન છલી, જીમ મંદિર ગિરિ પવનેજી. ૪
આશ્વાસી નંદીશ્વર દ્વીપે, શાશ્વત તીર્થ ભેટેજી,
તિહાં જ્ઞાની મુનિ અને નિજપતિ સુર, દેખી દુઃખ સવી મેટેજી. ૫
પુરવભવ સુણીને સુતનો સવી સંબંધ જણાવ્યોજી,
મિથિલાપુરી પતિ પદ્મરથ રાજા, અશ્વે અપહર્યો આવ્યો જી. ૬
પુષ્પમાલાને તે સુત આપ્યો નમિ ઠવ્યું તસ નામજી,
તે મુનિ જનક છે વિદ્યાધરનો, તસ વચને ગત કામજી. ૭
મયણરેહા ઇમશીલ અખંડીત, થઈ સાહુણી આપેજી,
મણિરથને સર્પ ડસ્યો ગયો નરકે, ચંદ્રજસા નૃપ થાયેજી. ૮
રાજા પદ્મરથે પણ નમિને, રાજ દેઈ લીયે દિક્ષાજી,
કેવળ પામી મુગતે પહોંચ્યા, ગ્રહી સદગુરુની શિક્ષાજી. ૯.
એક દિન નમિરાયનો હાથી ચંદ્રજસા પુરી જાયેજી,
તેહ નિમિત્તે નમિ ચંદ્ર જસાને, યુદ્ધ સંબંધ તે થાયેજી. ૧૦
સાધ્વી યુદ્ધ નિવારણ કાજે, બંધવ ચરિત્ર જણાવેજી,
નમિને રાજ દેઈને ચંદ્ર જસા ગ્રહી સંયમ શિવજાવેજી. ૧૧
નમિરાય પણ દાહજ્જવર રોગે વલય શબ્દથી બુજ્યોજી,
ઈંદ્રે પરીખ્યો પણ નવી ચલીયો કર્મ નૃપતિશું જુજ્યોજી. ૧૨

ઉત્તરાધ્યયને પ્રત્યેક બુધના, વિસ્તારે સંબંધજી
મયણરેહા પણ શિવસુખ પામી, **જ્ઞાનવિમલ** અનુબંધેજી ૧૩

## મરુદેવીમાતાની સઝાય

એક દિન મરુદેવી આઈ, કહે ભરતને અવસર પાઇ રે; સુણો પ્રેમ ધરી. ૧
મારો રીખવ ગયો કેઈ દેશે, કેઈ વારે મુજને મળશે રે; સુણો પ્રેમ ધરી. ૨
તું તો ષટ્ખંડ પૃથ્વી માણે, મારા સુતનું દુઃખ નવિ જાણે રે; સુણો પ્રેમ ધરી. ૩
તું ચામર છત્ર ધરાવે, મારો રીખવ પંથે જાવે રે; સુણો પ્રેમ ધરી. ૪
તું તો સરસા ભોજન આસી, મારો રીખવ નિત્ય ઉપવાસી રે; સુણો પ્રેમ ધરી. ૫
તું તો મંદિર માંહિ સુખ વિલસે, મારો અંગજ ધરતી ફરસે રે; સુણો પ્રેમ ધરી. ૬
તું તો સ્વજન કુટુંબમાં મહાલે, મારો રીખવ એકલડો ચાલે રે; સુણો પ્રેમ ધરી. ૭
તું તો વિષય તણા સુખ શોચે, મારા સૂતની વાત ન પૂછે રે; સુણો પ્રેમ ધરી. ૮
એમ કહેતાં મરુદેવી વયણે, આંસુજળ લાવ્યાં નયણે રે; સુણો પ્રેમ ધરી. ૯
એમ સહસ વરસને અંતે, લહ્યું કેવલ ઋષભ ભગવંતે રે; સુણો પ્રેમ ધરી. ૧૦
હવે ભરત ભણે સુણો આઈ, સુત દેખી કરો વધાઈ રે; સુણો પ્રેમ ધરી. ૧૧
આઈ ગજ ખંધે બેસાર્યા, સુત મળવાને પાઉધાર્યા રે; સુણો પ્રેમ ધરી. ૧૨
કહે એ અપૂરવ વાજા, કિહાં વાગે છે એ તાજા રે; સુણો પ્રેમ ધરી. ૧૩
તવ ભરત કહે સુણો આઈ, એ તુમ સુતની ઠકુરાઈ રે; સુણો પ્રેમ ધરી. ૧૪
તુમ સુત રિદ્ધિ આગે સહુની, તૃણ તોલે સુરનર બેહુની રે; સુણો પ્રેમ ધરી. ૧૫
હરખે નયણે જલ આવે, તવ પડલ બેહુ ખરી જાવે રે; સુણો પ્રેમ ધરી. ૧૬
હું જાણતી દુઃખિયો કીધો, સુખીયો છે સહુથી અધિકો રે; સુણો પ્રેમ ધરી. ૧૭
ગયો મોહ અનિત્યતા આવે, તવ સિદ્ધ સ્વરૂપી થાવે રે; સુણો પ્રેમ ધરી. ૧૮
તવ **જ્ઞાનવિમલ** શિવનારી, તસ પ્રગટે અનુભવ સારી રે; સુણો પ્રેમ ધરી. ૧૯

## મહસેન મુનિની સઝાય

સહજ સોભાગી હો સાધુ શિરોમણિ શ્રી મહસેન નરિંદ મોહનીયા,
સંવેદી સમતા રસ પૂરીઓ ચંપાપુરતણો ઇંદ મોહનીયા. સહજ૦ ૧

મણિરથ વિદ્યાધર કુલ દિનમણિ મણિ માલા સુતસાર મોહનીયા,
શ્રી સીમંધર જિન પાસે લિયે પંચ મહાવ્રત ભાર મોહનીયા. સહજ૦ ૨
સુરતરુ એક મનોહર વાવીઓ આપે સિંચ્યો રે રંગ મોહનીયા,
શાખા ફ્લદલ પરિમલ પૂરીયો વાધ્યો અતિહિ ઉત્તંગ મોહનીયા. સહજ૦ ૩
નિસ દિન તેહ પાસે વિલસે ઘણું મંદિર કરી અદ્‌ભુત મોહનીયા,
નાટક નવ નવ છંદે દેખતાં જિમ નંદન પુરુહૂત. મોહનીયા. સહજ૦ ૪
તેહ કુવાયવશે તરુ શોષીઓ શટિત જીરણ થયો રૂપ મોહનીયા,
નિરખી નેહ થકી તવ ચિંતવે એ સંસાર સ્વરૂપ. મોહનીયા. સહજ૦ ૫
જોર જરામય ચિંતા વાયથી નિર્બલ હોઈ શરીર મોહનીયા,
ધર્મ પરાક્રમ તિહાં થાવે નહીં કિમ લહિયે ભવતીર. મોહનીયા. સહજ૦ ૬
ઈમ વૈરાગ્યે ચારિત આદર્યું પંચસયાં સુત સાથ મોહનીયા,
ચઉનાણી ચોખે ચિત્ત વિચરતાં પ્રણમે સુર – નર નાથ. મોહનીયા સહજ૦ ૭
ઉત્તમ નર થોડા ઉપદેશથી ઇમ પામે પ્રતિબોધ મોહનીયા,
જ્ઞાનવિમલ ગુણ આચરુ વંદિએ એહવા મુનિવર યોધ. મોહનીયા. સહજ૦ ૮

## રત્નમાલાના ૫ બાંધવની સઝાય

રત્નવતી નગરી ભલી, તિહાં રાજા નયસાર રે,
રયણમાલાના રૂઅડાં, પાંચ બાંધવ ગુણ ભંડાર રે.
પાંચ બાંધવ ગુણભંડાર, મહામુનિ વાંદતાં,
સુખ થાય રે (સુખ થાય), સવિ દુઃખ જાય મહામુનિ વાંદતાં. ૧

ભગિની ભગિનીપતિ ભણી, આવ્યા તે મિલવાને હેત રે,
એક દિન ગણધર વાંદવા પહોંચ્યા, તે સયણ સમેત રે.
પહોંત્યા૦ મહામુનિ૦ ૨

ભવ પાછલા દઢ નૃપતિનાં શ્રીદેવી અંગજ હોય રે,
ઉદ્યાને રમવા ગયા ચારણમુનિ મલ્યા દોય રે. ચારણ૦ મહામુનિ૦ ૩

ધર્મસુણી ઘેર આવતાં વિજળીવિઘ્ને લહ્યા અંત રે,
શુભ ધ્યાને મરી સાતે હુઆ સૌધર્મે સુરવર કંત રે. સૌધર્મે૦ મહામુનિ૦ ૪

તિહાંથી ચ્યવી તુમે(૩) નિપન્યા સંપ્રતિ સંબંધી સાત રે,
જાતિસમરણ પામીયા નિસુણી પૂરવ અવદાત રે. નિસુણી૦ સૌધર્મે૦ ૫

તન – ધન – જોબન જીવિત એ ચપલા પેરે ચલ ભાવ રે,
તિહાં સ્થિર જિનવર ધર્મ છે ભવજલધિ તારણ વડનાવ રે. ભવ૦ સૌધર્મે૦ ૬

તિહાં કને સંયમ આદર્યો સવિ હુઆ આણી મન નેહ રે,
શમ દમ સુધા સંયમી ગુણવંતા મુનિવર તેહ રે. ગુણવંતા૦ સૌધર્મે૦ ૭

માસખમણ અભિગ્રહ ધરી વાંદ્યા સીમંધર સ્વામી રે,
વિચરે જિનવર સાથસું શ્રુતધર થયા તે અભિરામ રે. શ્રુતધર૦ સૌધર્મે૦ ૮

કેવલ લહી શિવ પામશે કરી આઠ કર્મનો અંત રે,
અહનિશ તે આરાધીયે **જ્ઞાનવિમલ** મહોદયવંત રે. જ્ઞાન૦ સૌધર્મે૦ ૯

## રહનેમિની સઝાય

નાંજી નાંજી નાંજી છેડો નાંજી, દેવરીયા મુનિવર છેડો નાંજી, નાંજી
સંયમવ્રત ભાંગે, જો છેડો, યદુકુલ દૂષણ લાગે.
(યાદવકુલને દૂષણ લાગે, સંયમવ્રતના ભોગે) છેડો નાંજી૦ ૧

અગ્નિકુંડમાં નિજ (જો) તનુ હોમે, પણ વમ્યું વિષ નવિ લેવે,
જે અગંધન કુળના ભોગી, તે કેમ ફરી વિષ સેવે છેડો નાંજી૦ ૨

લોક હસે ને ગુણ સવિ નિકસે, વિકસે દુર્ગતિ બારી (૨),
એમ જાણીને કહો કુણ સેવે, પાપ પંક પરનારી (૨) છેડો નાંજી૦ ૩

વળી વિશેષે સંયતી સંગે, બોધિ બીજ બળી જાવે,
સાહિબ બંધવ નામ ધરાવો, તો કેમ લાજ ન આવે ? છેડો નાંજી૦ ૪

કોઈક મૂરખ દહી કરી ચંદન, છાર કોયલા લેવે,
વિષ હલાહલ પાન નિકંદન, કોણ જીવવાને સેવે ? છેડો નાંજી૦ ૫

(કોઈક મૂરખ દહે ગુણ (ગોરુ), ચંદન છાર કોયલા કાજે,
વિષ હલાહલ પાન થકી પણ, કોણ ચિરંજીવ કુણ રાજે ? છેડો નાંજી૦ (૫)

રાજુલ બાળા વચન રસાલા, જેમ અંકુશે સુંઢાળા,
એમ થિર કરી રહનેમિ, પ્રગટ્યા (ટે),જ્ઞાનવિમલ ગુણમાળા, છેડો નાંજી૦ ૬

## રહનેમિની સઝાય

છાંડ દેરે તું વિષયલહરીયા ઇમ બોલે રાજુલ વયણ સાકરીયા,
સુણ સુણ બે રહનેમિ દેવરીયા થારાકર્મ થાસ્યૈ સર્વ ખાખરીયા
(દેવરીયા) ! છાંડ૦ ૧

તું છે સંયત હું સંયતાણી તેં ઇચ્છા વિષય વિખરીયા,
ગતિ મતિ થિતિ મોરી નેમ જિણંદસું જેણે તાર્યા યાદવ પરિવરિયા
(દેવરીયા) છાંડ૦ ૨

હું ભોજાઈ તું પતિ ભાઈ ઈણવિધિ કિણહી ન કરીયા,
યદુ સાહિબ કે સંયમવયણે કિમ તેં કાન ન ધરીયા
(દેવરીયા) છાંડ૦ ૩

ઈણથી સંયમ હોસ્યૈ કુમતા ગુણ જાસ્યૈ વિખરીયા,
મદન તણૈ વસ તે જગ કોઈ નરનારી ન ઉગરીયા
(દેવરીયા) છાંડ૦ ૪

અજજ સુઈચ્છકિચક જો સેવિત કામથી નહિ રે ઉસરીયા,
તે ચઉગતિ ભવ પાર ન પામ્યા જો સૂયર ઉખરીયા
(દેવરીયા) છાંડ૦ ૫

રાજુલ શીખ સુણી રહનેમિ ચિતડે અતિ થરહરીયા,
**જ્ઞાનવિમલ** પ્રભુ ચરણ પસાયૈ શિવસુખને અનુસરીયા
(દેવરીયા) છાંડ૦ ૬

## રહનેમિને રાજીમતીની હિતશિક્ષાની સઝાય

રાજીમતી રંગે કહે રહનેમિ સુણ વાત,
નેમ વિના મેં ન ભજુંગી દૂજા નરકી જાત,
દેવર દૂર ખડા રે લોકા ભર્મ ધરેગા,
કુંવર સમુદ્ર વિજયકા પાપે પિંડ ભરેગા. ૧

જાણે લીહાલ કાજે ચંદન ઠાર કરેગા,
છોડી સંયમ પંચ વિષયસું રાગ ધરેગા,
પરસ્ત્રી સંગ કીએ શું નરકે જાઈ પડેગા. દેવર૦ ૨
કામી મન મારણ કું માંડો તરુણી રૂપે જાલ,
લોચન લટકો દેખી રીઝે જિમ માખી મહુઆલ. દેવર૦ ૩
નાક સળેખમ લીંટજ ઉપર, જિમ લપટાઈ માખી,
તેમ વિષયી નર વનિતા દેખી, ઈહાં છે પ્રવચન સાખી. દેવર૦ ૪
મુખ મટકો દેખી માનિનીકો, હૂંશ કરે મન મૂઢ,
કામી મૃગ મારણ કામદેવે, એ માંડો વિષ ગૂઢ. દેવર૦ ૫
કંચનવર્ણી કાયા દેખી, રીઝે રાંક ગમાર,
ઝેર હલાહલ ઝેરે લિંપ્યા, સવિ કામિની શણગાર. દેવર૦ ૬
ઉત્પલ દલ સમ કાજળ લિંપ્યા, આંખડીયા અણિયાલા,
કામી મૃગ મારણ વિષ ખરડા, કામદેવકા ભાલા. દેવર૦ ૭
થણહર કંચન કલશા દેખી, જાણે ધનના ખાતા,
કામી ઘીલક રાવણ કીધા, લોહ ગોળા પનોતા. દેવર૦ ૮
જો એ કરણી રાજા જાણે, તો ઘર સઘળો લુંટે,
ખર છાંડી શિર મુંડી મૂકે, સાખ લાખેણી તુટે. દેવર૦ ૯
પરનારીકા સંગત રાચે, તપ્તશિખાનકે નેત્ર,
જાવેલા જ જન્મ જન્મકી, પોચે તન – મન – ધન્ન. દેવર૦ ૧૦
જહરતની કટકી પરનારી, જાણે લસણકી કલિયા,
છાને શું જો સંગ કરે તો, પ્રગટ લઈ પુર ગલીયા. દેવર૦ ૧૧
દુશ્મન દેખી બગલ બજાવે, હસી હસી દેવે તાળી,
વાત તુમારી નિસુણો યાદવ, કુળને ચઢશે ગાળી. દેવર૦ ૧૨
ભોજાઈ શું વિદલ (વિવાદ) કરંતા, સહુ કહેતું એ ભુંડો,
દુર્ગતિના દુઃખ બહુલા લહતો, પરનારી નરકનો કુંડો. દેવર૦ ૧૩
મહાજન તુમ પીછે ચાલશે, દેખાડી આંગુલીયા,
પરીયારા પાણી ઉતરશે, પરનારી શું મલીયા. દેવર૦ ૧૪

સતીયાંસે તપહવી વાતાં, કરતાં નહીં છે વારુ
સાખ દેવાશે જિહાં તિહાં તુમચી, કરતાં કરણી કારુ. દેવર૦ ૧૫
વચન સુણીને ચિત્તમાં લાજ્યો, લાગ્યો રાજુલ પાય
તું મુજ ગુરુણી તું ઉદ્ધરણી, તું પીયર, તું માય. દેવર૦ ૧૬
તું મુજ બહેન અને સોહાગણ, સકલ સતી શિરદાર,
કઠિન વચન ખમજો અમ્હ કેરાં, ધિક્ ધિક્ વિષયવિકાર. દેવર૦ ૧૭
નેમીસર યાદવમાં મોટો, જન્મ થકી બ્રહ્મચાર,
તિમ શ્રી વિજયપ્રભુ સુરીંદા, તપગચ્છમાં શિરદાર. દેવર૦ ૧૮
ધન્ય ધન્ય રાજીમતી જગે જેણે, રહનેમી ઉદ્ધરીઓ,
જિમ ગજને અંકુશ વશ આણે, ધન ધન યાદવ પરીઓ. દેવર૦ ૧૯
ઋષિપંક્તિમાં શિરતાજ વખાણો, શ્રી **વિનયવિમલ** કવિરાય,
**ધીરવિમલ** પંડિતનો સેવક, **નયવિમલ** ગુણ ગાય. દેવર૦ ૨૦

## રાજકુંજર ઋષિની સઝાય

સહજસુંદર મુનિ પુરંદર, વંદીએ ધરી ભાવ રે,
ભવ મહોદધિ તરણ પ્રવહણ, સાધુ વંદન નાવ રે. સહજ૦ ૧

દેવકુંજર નૃપતિ નંદન, રાજકુંજર ભૂપ રે,
કનકમાલા ઋષિ સરવર, રાજહંસ સરૂપ રે. સહજ૦ ૨

અન્ય દિન ઉદ્યાનમાંહિ, ગયા ક્રીડન કાજ રે,
અરુણ ઉદયે તેજ હેજે, વિકસિતાંબુજ રાજ રે. સહજ૦ ૩

સંત વિલસે એમ વસંતે, કરી નવનવા રંગ રે,
એમ કરતાં સાંજ સમયે, પ્રગટીયો બહુ રંગ રે. સહજ૦ ૪

કમલકાનન મ્લા(ગ્લા)ન દેખી, થયાં તરુ વિચ્છાય રે,
ચકવાકી વિરહ આતુર, વિસ્તર્યું ભૂછાય રે. સહજ૦ ૫

તેહ દેખી નૃપતિ ચિંતે, અહો રંગ શું એહ રે,
સંધ્યા વાદળપરિ વિચ(સ્ત)ર્યું, અથિર તનુ ધન ગેહ રે. સહજ૦ ૬

ઈમ અનિત્યે ભવ સરૂપે, લહ્યો ભાવ ઉદાસ રે,
લહ્યું કેવલ નાણ ઉજ્વળ, સાધુવેશ પ્રકાશ રે. સહજ૦ ૭
સહસ દશ નિજ પુત્ર સાથે, પરિવર્યા વિચરંત રે,
ભવિક જન ઉદ્ધાર કરતાં, **જ્ઞાનવિમલ** મહંત રે. સહજ૦ ૮

## રાવણ દશમધરની સઝાય

કરે મંદોદરી રાણી નાટક, રાવણ તંત બજાવે;
માદલ વીણા તાલ તંબૂરો, પગરવ ઠમ ઠમ ઠાવે. કરે૦ ૧
ભક્તિભાવ નાટક એમ કરતાં, ત્રૂટી તાંત વિચાલે;
સાંધી આપ નસા નિજ કરથી, લઘુ કલા તત્કાલે. કરે૦ ૨
દ્રવ્યભાન ભક્તિ નવી ખંડી, તો અક્ષય પદ સાધ્યું;
સમકિત સુર તરુ ફલ પામીને તીર્થંકર – પદ બાંધ્યું. કરે૦ ૩
એણી પેરે જે ભવિજન જિન આગે, ભલી પરે ભાવના ભાવે;
**જ્ઞાનવિમલ** ગુણ તેહના, અહનિશ સુરનર નાયક ગાવે. કરે૦ ૪

## વણઝારાની સઝાય

નરભવ નગર સોહામણું વણઝારા રે, ન્યાયે વણજ કરેય, અહો મોરાનાયક રે
ભાર ભરે શુભવસ્તુનો વણઝારા રે, અતિહિ અમૂલક લેય. અહો મોરાનાયક૦ ૧
સાત પાંચ પોઠી ભરે વણઝારા રે, સંબલ લેજો સાથ, અહો મોરાનાયક,
વહોરત વારુ રાખજે વણઝારા રે, શેઠશું સૂધો વ્યવહાર. અહો મોરાનાયક૦ ૨
સહરો રહેજે સાથમાં વણઝારા રે, વશ કરજે ચારે, ચોર અહો મોરાનાયક,
પાંચ પાડોશી પાંડુઆ વણઝારા રે, આઠે મદકો દોર. અહો મોરાનાયક૦ ૩
વાટ વિષમભવ પાછલે વણઝારા રે, રાગદ્વેષ દોય ભીલ અહો મોરાનાયક,
ચોક્કસ ચોકી તે કરે વણઝારા રે, પામીશ અવિચલ લીલ. અહો મોરાનાયક૦ ૪
કાયા કામિની ઈમ કહે વણઝારા રે, સુણ તું આતમરામ અહો મોરા નાયક,
**જ્ઞાનવિમલ** નર ભવ થકી વણઝારા રે, પામીશ અવિચલ ઠામ. અહો મોરાનાયક૦ ૫

## વંકચુલની સઝાય

### કોઈલો પર્વત ધુંધલો રે લોલ-દેશી

જંબુદ્વીપમાં દીપતું રે લાલ, ક્ષેત્ર ભરત સુવિશાલ રે, વિવેકી૦
શ્રીપુરનગરનો રાજીઓ રે લાલ, વિમલશા ભૂપાલ રે, વિ૦
આદરજો કાંઈ આંખડી રે લાલ આંકણી૦ ૧
સુમંગલા પટરાણીએરે લાલ, જન્મ્યા યુગલ અમુલ રે. વિ૦
નામ ઠરાવ્યું દોય બાલનું રે લાલ, પુષ્પચૂલ વંકચૂલ રે, વિ૦ ૨
અનુક્રમે ઉદ્ધત થયો રે લાલ, લોક કહે વંકચૂલ રે, વિ૦
લોકવચનથી ભૂપતિ રે લાલ, કાઢ્યો સુત વંકચૂલ રે, વિ૦ ૩
પુષ્પચૂલા ધન બેનડી રે લાલ, પલ્લીમાં ગયો વંકચૂલ રે, વિ૦
પલ્લીપતિ કીયો ભીલડો રે લાલ, ધર્મ થકી પ્રતિકુલ રે, વિ૦ ૪
સાત વ્યસન સરસો રમે રે લાલ, ન ગમે ધર્મની વાત રે, વિ૦
વાટ પાડે ને ચોરી કરે રે લાલ, પાંચસો તેણી સંગાત રે, વિ૦ ૫
ગજપુરપતિ દીએ દીકરી રે લાલ, રાખવા નગરનું રાજ રે, વિ૦
સિંહ ગુફા તીણે પાલમાં રે લાલ, નિર્ભય રહે ભીલ્લરાજ રે. વિ૦ ૬
સુસ્થિત સદ્ગુરુથી તિણે રે લાલ, પામ્યા નિયમ તે ચાર રે, વિ૦
ફલ અજાણ્યું માંસ કાગનું રે લાલ, પટરાણી પરિહાર રે, વ૦ ૭
સાત ચરણ ઓસર્યા વિના રે લાલ, ન દેવો રીપુ શિર ઘાય રે, વિ૦
અનુક્રમે ચાર નિયમના રે લાલ, પારખા લહે ભિલ્લરાય રે, વિ૦ ૮
વંકચૂલે ચારે નિયમનાં રે લાલ, ફલ ભોગવ્યા પ્રત્યક્ષ રે, વિ૦
પરભવે શિવસુખ પામીયો રે લાલ, આગળ લેશે મોક્ષ રે, વિ૦ ૯
કષ્ટ પડે જે સાહસી રે લાલ, ન લોપે નિજ સીમ રે, વિ૦
**જ્ઞાનવિમલ** કહે તેહની રે લાલ, જેહ કરે ધર્મ નિમ રે, વિ૦ ૧૦

## શેઠ–વાણોતરની સઝાય

શેઠ કહે – સાંભળ રે વાણોતર ! વારુ તેવો રત કરજો રે,
દૂર આપણે દેશે વસવું, મુજવયણ ચિત્ત ધરજો રે. શેઠ કહે – સાંભળ૦ ૧

માયા-પૂંજી પાસે મ રાખીશ જેમ ચાલે વેપારો રે,
અધિકો મળે જો ઓછો મ દેજ્યો, જેમ રહે વિવહારો રે. શેઠ કહે સાંભળ૦ ૨
તું ડાહ્યો શું દેઉં શિખામણ, ઝાઝો તે લાભ ઉપાજો રે,
થોડો ભાર ભરીને ચાલ્યા, મારગ ચાલ્યા જાજો રે. શેઠ કહે સાંભળ૦ ૩
જાતા-જાતા નગર જ પોંહતા, શેઠ થઈને બેઠો રે,
શેઠ તણાં તો વચન વિસાર્યાં, લોભ હિયામાં પેઠો રે. શેઠ કહે સાંભળ૦ ૪
મારું તારું કરી ધન જ મેલે, મોટે મંદિર નીપાયો રે,
ધરમતણી તો વાત ન જાણે, તપ જપ કીધો ન કાંઈ રે. શેઠ કહે સાંભળ૦ ૫
વણજ કરે વાણોતર ઝાઝો, મેલ્યો તે ધન અલેખે રે,
અવર પુરુષ કો' નજર ન આવે, આપ સમો નવિ દેખે રે. શેઠ કહે સાંભળ૦ ૬
શાક પાક પંચ ભોજન કીધાં, પીધાં તે શીતલ પાણી રે,
પાન ચાવીને ઢોલીયે પોઢ્યો, પોતાની અવધ ન જાણી રે. શેઠ કહે સાંભળ૦ ૭
શેઠ તણા ત્યારે તેડા આવ્યા, વેગે વાણોતર ચાલો રે,
થાઓ ને ઊતાવળા કરો સજાઈ, વેગે વહીને ચાલો રે. શેઠ કહે સાંભળ૦ ૮
શેઠના તેડા પાછા નહિ વળસે, પડી વિમાસણ મોટી રે,
લોક કુટુંબ પાડોશી જાણે, નામાની વહી ખોટી રે. શેઠ કહે સાંભળ૦ ૯
લોક કુટુંબ વોળાવીને વળ્યા, ચાલ્યા દોઈ જણ સાથે રે,
સંકલ્પ અને વિકલ્પ કરતાં, મૂકી સઉ ઇહાં આથ રે. શેઠ કહે સાંભળ૦ ૧૦
અરથ - ગરથ સહૂ મારગ નાગા, બાકીની પર કાંઈ રે,
શેઠ-વાણોતર નામે બેઠા, દોત કાગળ ને સ્યાઈ રે. શેઠ કહે સાંભળ૦ ૧૧
નામો કરતાં જીભ જ અટકે, વઈ વાંચે પત જાઈ રે,
પાને-પાને પાપ જ લખીઆ, ધરમ ન સૂઝે કાંઈ રે. શેઠ કહે સાંભળ૦ ૧૨
ખોટ ધણીને ત્રાજવે તોલે, કૂડા તે માપજ ભરીઆ રે
નિશ્ચેં જાણ્યું હતું જે કૂડ છે, પાસ ગળે દઈ માર્યા રે. શેઠ કહે સાંભળ૦ ૧૩
કહે રે વાણોતર સુણો મોરા સ્વામી ! પ્રાછતિ નામું વારો રે
અને અધર્મમાં એહ જ આખર, અવર ન દેશે તોલે રે. શેઠ કહે સાંભળ૦ ૧૪
ધર્મી શેઠ તે સ્વર્ગે પધારીયા, પાપી વાણોતર બૂડા રે
કર જોડી નય સેવક બોલે, ધરમ કરે તે જીતે રે. શેઠ કહે સાંભળ૦ ૧૫

## સતા–સતીઓની સઝાયો

સુપ્રભાતે નિત્ય વંદીએ, ભરત બાહુબલી થંભા રે,
અભયકુમારને ઢંઢણો, સિરીયો ને કયવન્નો રે. સુપ્રભાતે૦ ૧
અર્ણિકા પુત્ર ને અઈમત્તો, નાગદત્ત થૂલીભદ્ર રે,
વયર સ્વામી નંદિષેણજી, ધન્નો ને શાલિભદ્ર રે. સુપ્રભાતે૦ ૨
હલ્લ વિહલ્લ સુદંસણો, મેતારજ નિર્ભીકો રે,
સિંહગિરિ કીર્તિ સુકોશલો, કરકંડુ પુંડરીકો રે. સુપ્રભાતે૦ ૩
ગજસુકુમાલ જંબુસ્વામી, કેશી અવંતી સુકુમાલો રે,
દશાર્ણભદ્ર જસભદ્રજી, ઈલાતી ચિલાતી પુત્ર સાલો રે. સુપ્રભાતે૦ ૪
બાહુ ઉદાઈ મનકમુનિ, આર્ય રક્ષિત આર્ય ગિરીશો રે,
આર્ય સુહસ્તી પ્રભવ વળી, શાંબ પ્રધુમ્ન મુનીશો રે. સુપ્રભાતે૦ ૫
મૂલદેવ કાલિકસૂરિ, વિષ્ણુકુમાર શ્રેયાંસો રે,
આર્દ્રક દઢ પ્રહાર વળી, કુરગડુ મેઘ મુનીશો રે. સુપ્રભાતે૦ ૬
શય્યંભવ પ્રસન્નચંદ્રજી, મહાસાલ વંકચૂલો રે,
એહ સતા નામ લીજીયે, જિમ હોય સુંદર કુલો રે. સુપ્રભાતે૦ ૭
સુલસા ચંદન બાલિકા, મણોરમા મયણરેહા રે,
કુંતી નર્મદા સુંદરી, બ્રાહ્મી સુંદરી ગુણ ગેહા રે. સુપ્રભાતે૦ ૮
દમયંતી સતી રેવતી, શિવા જયંતી નંદા રે,
દેવકી દ્રૌપદી ધારિણી, શ્રીદેવી સુભદ્રા ભદ્રા રે. સુપ્રભાતે૦ ૯
ઋષિદત્તા રાજીમતી, પદ્માવતી પ્રભાવતી કહીયે રે,
અંજના ને કલાવતી, પુષ્પચૂલા મન લહીયે રે. સુપ્રભાતે૦ ૧૦
ગૌરી ગાંધારી લક્ષ્મણા, જંબુવતી સત્યભામા રે,
પદ્મા સુસીમા ઋક્મિણી, એ આઠ હરિની રામા રે. સુપ્રભાતે૦ ૧૧
જયેષ્ઠા સુજ્યેષ્ઠા મૃગાવતી, ચેલણા પદ્મા પ્રભારાણી રે,
બ્હેની સાત સ્થૂલિભદ્રની, બુદ્ધિ મહાગુણ ખાણી રે. સુપ્રભાતે૦ ૧૨
જક્ષા જક્ષ દિન્ના વળી, ભૂયા ને ભૂયદિન્ના રે,
સેણા વેણા રેણા કહી, એ શકડાલની કન્ના રે. સુપ્રભાતે૦ ૧૩

ઈત્યાદિક જે મહાસતી, ત્રિભુવન માંહિ બિરાજે રે,
આજ લગી પણ જેહનો, જસપડહ જગ ગાજે રે. સુપ્રભાતે૦ ૧૪
શીલવંતી સુરસુંદરી, કૌશલ્યા ને સુમિત્રા રે,
દેવદત્તાદિક જાણીયે, સવિ જિન જનની પવિત્રા રે. સુપ્રભાતે૦ ૧૫
દુરિત ઉપદ્રવ ઉપશમે, હોવે મંગલમાળા રે,
**જ્ઞાનવિમલ** ગુણ સંપદા, પામીજે સુવિશાલા રે. સુપ્રભાતે૦ ૧૬

## સાધુસમુદાયની સઝાય

ચોપાઈ

પ્રણમું શાસનપતિ શ્રી વીર, લબ્ધિવંત ગૌતમ ગણધાર,
જિન શાસનમાં જે મહાસુર, નામ લિઉ તસ ઉગતે સૂર. ૧
નેમિનાથ જિન બાવીસમા, વિકટ કામ કટ્ટક જિણે દમ્યા,
છોડી નારી પશુ ઉગારીયા, જઈ રેવતગિરિ ચડિયા તરિયા. ૨
થુલભદ્રની મોટી માંમ રાખ્યું ચોરાશી ચોવીશી નામ,
કામગેહ કોસા બની ધર્મ થાપી કીધા ઉત્તમ કર્મ. ૩
કંચન કોડિ નવાણું છોડી નારી આઠ તણો નેહ ત્રોડી,
સોલ વરસે સંયમ લીધ, જંબુસ્વામી થયા સુપ્રસિદ્ધ. ૪
કપિલા અભયા બેઉ સુંદરી, કામ કદર્થના બહુ પરે કરી,
શુલી ફીટી સિંહાસન થયો, શેઠ સુદર્શન જગમાં જયો. ૫
દેખી નટવી લાગ્યો મોહ પૂર્વ કરણી તણો અંદોહ,
કલા શીખીને ચડીયો વાંસે દેખે તિહાં મુનિવર અવતંસે. ૬
નારી બહુ કીધી પ્રાર્થના, પણ સાધુ દેખી એકમના,
આવી અનિત્ય તિહાં ભાવના, પુત્ર ઇલાચી કેવલ મના. ૭
ધના શાલીભદ્રના અવદાત, રમણી ઋદ્ધિ સુખના સુઘાત,
કેતા કીજે તાસ વખાણ, પામ્યા સર્વારથ વિમાન. ૮
નંદીષેણ મોટા અણગાર, લબ્ધિવંતને પૂરવધાર,
સહસ ત્રેતાલીસ નવાણું એક સો પ્રતિબોધ્યા દેશનાના રસે. ૯

ક્ષમાવંત માંહિ જેલીહ, ગયસુકુમાલ મુનિમાંહિ સિંહ,
સસરે શિર બાંધી માટી પાલ, ભરીયા રીસ કરી ઇંગાલ. ૧૦
બાલી કર્મને અંતગડ થયા, કીર્તિધર સુકોસલી વલી લહ્યા,
વાઘણે કેરા સહી ઉપસર્ગ, બાલ્યા સઘલા કર્મના વર્ગ. ૧૧
ખંધકસૂરિના પાંચસે શિષ્ય, ઘાણી ઘાલ્યા પણ ન લહી મન રીસ,
થયા અંતગડ જે કેવલી મુક્તિ ગયા પુહતે રૂલી. ૧૨
હકકારીને કેવલ લીધ, બાહુબલી અભિમાન પ્રસિદ્ધ,
લઈ ચારિત્ર નૃપ દશારણ ભદ્ર, પાય લગાડ્યો જિણે ઇંદ્ર. ૧૩
પનરસયાં ત્રિણ ગૌતમ શિષ્ય તાપસરૂપી દીવ્ય,
કવલ ભરંતા કેવલ લહ્યા, દુખ માત્ર જેણે નવિ સહ્યા. ૧૪
ભરતભૂપની મતિ નિરમલી, આરિસા ઘરે જે કેવલી,
સુખે સુખે જે લહીયે મોખ્ખ, તે જિન શાસનનો રસ પોષ. ૧૫
રાયે હલ ઉપરિજે દાખિયો, આવ્યો ભાતે પ્રાક્રમ કીયો. ૧૬
પનરસેં જીવને કર્યો અંતરાય, બાંધી કર્મપુરી બહુભવ થાય,
અનુક્રમે કૃષ્ણ તણો સુત થાય, ઢંઢણ નામે ઢંઢણ માય. ૧૭
નેમિ હાથે જિણે સંયમ લીયો, પૂર્વ કર્મે અભિગ્રહ લીયો,
અન્નઉદક વિણ રહ્યા છ માસ, કેવલ પામ્યા પોહતી આસ. ૧૮
ઈમ જિનશાસનમાં થયા અનેક શમદમ સંયમ તપે વિવેક
તે મુનિવરના સેવો ચરણ, જિમ તુમ્હે છુટો જન્મ મરણ. ૧૯
નામ થકી હોય કોડી કલ્યાણ, ભણે પ્રહ ઉગમતે ભાણ.
**ધીરવિમલ** કવિરાજ પસાય, કવિ **નયવિમલ** ભણે સઝાય. ૨૦

## સીતાજીની સઝાય

જનક સુતા સીતા સતી રે, રામચંદ્રની ઘરનારી રે,
કૈકેયી વર અનુભાવથી રે, પહોંચ્યા વન મોઝારી રે,
શીલવંતી સીતા વંદીયે રે. ૧.
અતિરૂપથી રાવણે હરી રે, તિહાં રાખ્યું શીલ અખંડ રે,
રાવણ હણી લંકા ગ્રહી રે, લક્ષ્મણ રામ પ્રચંડ રે,
શીલવંતી સીતા વંદીયે રે. ૨.

અનુક્રમે અયોધ્યા આવીયારે, કર્મ વશ થયો દોષ રે,
ગર્ભવતી વને એકલી રે મૂકી પણ થયું સુખ રે,
શીલવંતી સીતા વંદીયે રે. ૩.
લવને કુશ સુત પરગડા રે, વિદ્યાવંત વિશાલ રે,
અનુક્રમે ધીજે ઉતર્યા રે, અગ્નિજાળ થયું પાણી રે,
શીલવંતી સીતા વંદીયે રે. ૪.
દીક્ષા ગ્રહી સુરપતિ થયાં રે, અચ્યુત કલ્પે તેહ રે,
તિહાંથી ચવી ભવ અંતરે રે, શિવ લેશે ગુહગેહરે,
શીલવંતી સીતા વંદીયે રે. ૫.
લવ ને કુશ હનુમાનજી રે, રામ લહ્યા શિવ વાસ રે,
રાવણ લક્ષમણ પામશે રે, જિન ગણધર પદ આસ રે,
શીલવંતી સીતા વંદીયે રે. ૬.
પદ્મચરિત્રે એહના રે, વિસ્તારે અધિકાર રે,
**જ્ઞાનવિમલ** ગુરુથી વહ્યો રે, સુખ સંપત્તિ જયકાર રે,
શીલવંતી સીતા વંદીયે રે. ૭.

## સીમંધર ગણધર સઝાય

ગણધર દશ પૂરવધર સુંદર – દેશી

ગણધર ગુણમણિ રોહણ ભૂધર, વંદો વિનય કરીને હો;
ચંપાવતી નયરી વિચરંતા, નિરખ્યા તે ધરી નેહો. ગણ૦ ૧
શ્રી સીમંધર ગણધર કેરા, ચંદ્રશેખર ગણધારો હો;
પનર સહસ નૃપ કુમર સંઘાતિ, લીધા સંયમભારો હો. ૨
ધનરથચક્રીવંશ-મલયગિરિ, ચંદન તરુ ઓપમાને હો;
વાને કનકકમલદલ ગોરી, પંચ સયા ધનુ માને હો. ૩
ભુવનેશેખર જયશેખર બંધવ, બેહુ બહુ ગુણના દરિયા હો;
શમ દમ સંયમવંતની, રાહાદિક ગુણ ભવજલ તરીયા હો. ૪
ચોરાશી ગણધરમાં જેઠા મોટા મોહનવેલી હો;
દેખી પૂરવ પુન્ય પસાયે, આજ સુકૃત થયા છે લીહો. ગણ૦ ૫

શ્રી જિનવર અનુદેશના દેતા, ભવિજનને પડિબોહે હો;
દાન વાણી ગુહિરી ચઉનાણી, ભવિપ્રાણીમન મોહે હો. ૬
સમણા સમણી સાવય સાવી, બેઠી પરખદા બાર હે;
નિરખંતા સવિ દુઃકૃત નાઠા, સફળ થયો અવતાર હો. ૭
ભવસમુદ્ર તરવા પ્રવહણ સમ, એ આલંબન પ્યારું હો;
**જ્ઞાનવિમલ** ગણધરનું દરિસણ, અહનિશ નામ સંભારું હો. ૮

## સીમંધરસ્વામીના બત્રીસ કેવલી શિષ્યની સઝાય

પોતનપુરી પૃથ્વીપતિ, નામ પુરંદર દીપે રે,
પટરાણી પદ્માવતી, રૂપે રંભા જીપે રે. પ્રેમધરીને પ્રણમીયે૦ ૧
પ્રૌઢા પ્રબલ પરાક્રમી, પાવન પરમ જગીશા રે,
પંચાનન પરી રાજતી, તનયા તસ બત્રીસા રે. પ્રેમધરીને પ્રણમીયે૦ ૨
મણિધર મણિરથ મણિપ્રભા, મનમોહન મણિચૂડા રે,
ઈત્યાદિક અનુપમ ગુણી, રાજસ તેજે રૂડા રે. પ્રેમધરીને પ્રણમીયે૦ ૩
મોટે મંદિર મલપતા, મદન મનોહર કાયા રે,
મહિલા માલતી મોહિયા, જિમ મધુ મધુકર રાયા રે. પ્રેમધરીને પ્રણમીયે૦ ૪
અહનિસિ એક દિન એકઠા, આવી ચડ્યા ઉદ્યાને રે,
અતિશયને ગુણે અલંકર્યા, અરિહંત ભુવન પ્રધાન પ્રેમધરીને પ્રણમીયે૦ ૫
હરિ સુત નિરખે રે હેજસ્યું, હરણી મોર ભુજંગા રે,
ઓતુ ઉચ્છંગે રેતુ ઉદીરા ? સુરભી ચિત્રક સંગા રે. પ્રેમધરીને પ્રણમીયે૦ ૬
ષટ્‌ઋતુ ફલપગર દીયે, સરસ સમીર સુગંધા રે,
જસ મહિમાથી રે ઉપશમ્યા, જાતિ વયર અનુબંધા રે. પ્રેમધરીને પ્રણમીયે૦ ૭
નિરખી હરખ્યા રે હિયડલે, ભાવ ભગતિ બહુ આણી રે,
વાંદી બેઠા રે વિધિ થકી, સુણવા જિનવર વાણી રે. પ્રેમધરીને પ્રણમીયે૦ ૮
દ્રવ્યવયર જિમ જાતિનાં, ઉપશમ ભાવે આવે રે,
ભાવ વયર તિમ કર્મનાં, જિનવર ધ્યાને જાવે રે. પ્રેમધરીને પ્રણમીયે૦ ૯
ઈમ નિર્મોહીપણું મને, ધરતાં આતમ ભાવે રે,
માનું બત્રીસ બરાબરે, યોગ સંગ્રહ સમ થાવે રે. પ્રેમધરીને પ્રણમીયે૦ ૧૦

કેવલ કમલાયે તે વર્યા, અચરિજ સહુ મન થાય રે,
દેવ સમર્પે સુરવરા, રંગે મુનિ ગુણ ગાય રે. પ્રેમધરીને પ્રણમીયે૦ ૧૧
**જ્ઞાનવિમલ** ગુણ પરિવર્યા, પાવન પરમ નિધાન રે,
લળી લળી તેહનાં પાય નમું, ધ્યાવું(ઉ) અહનિશિ ધ્યાન રે. પ્રેમધરીને પ્રણમીયે૦ ૧૨

## સુદર્શન શેઠની સઝાય

ઢાળ ૧

સંયમી ધીર સુગુરુ પયવંદી, અનુભવજ્ઞાન સદા આનંદી,
લલના લોચન બાણે ન વિંધ્યો, શેઠ સુદર્શન જેહ પ્રસિદ્ધો. ૧
તેહ તણી ભાખું સઝાય, શીલવ્રત જેહથી દઢ થાય,
મંગલકમલા જિમ ઘર આવે, ત્રિભુવન તિલક સમાન કહાવે. ૨
ઈતિ ઉપદ્રવે જેહ અકંપા, જંબુ ભરતમાંહે પુરી ચંપા,
દધિવાહન નૃપ અભયા રાણી, માનુ લાલિત્યાદિ ગુણે ઇંદ્રાણી. ૩
ઋષભદાસ નૃપ અભિમત શેઠ, લચ્છી કરે નિત જેઠની વેઠ,
ઘરણી નામે તસ અરિહાદાસી, બેહુની જૈનમતે મતિવાસી. ૪
સુભગ નામ અનુચર સુકુમાલ, તેહતણે ઘર મહિષીપાલ,
માઘમાસે એક દિન વન જાવે, સુવિહિત મુનિ દેખી સુખ પાવે. ૫
નિરાવરણ સહે શીત અપાર, મુખે કહે ધન્ય તેહનો અવતાર,
વંદી વિનય થકી આણંદ, એહવે તેજે તપ્યો દિણંદ. ૬
નમો અરિહંતાણં મુખે ભાખી, તિહાં મુનિ જિમ ગગને પંખી,
આકાશગામિની વિદ્યા એહ, સુભગે નિશ્ચય કીધો તેહ. ૭
સુવે જાગે ઊઠે બેસે, એહિજ પદ કહેતો હૃદયે હિસસે,
શેઠ કહે વિદ્યા કિમ પામી, મુનિસંબંધ કહ્યો શિર નામી. ૮
રે મહાભાગ ! સુભગ વળી એહથી, દૂરે કર્મ ટળે ભવભયથી,
એહ વિદ્યા ગુણપાર ન લહિયે, ધન પ્રાણી જિણે હિયડે વહીએ. ૯
એમ કહી આખો મંત્ર શીખવ્યો, સાધર્મિકનો સંબંધ ભાવ્યો,
એક દિન ઘન વૃષ્ટિ નદી પૂરે, ઘરે નવિ આવ્યો થયું અસૂરે. ૧૦

મહિષી સવિ પહેલાં ઘરે આવી, સુભગે મનમાં વિદ્યા ભાવિ,
નદી ઊછળી પર તટે જાવે, લોહ કીલકે હિયડે વિંધાવે. ૧૧
તોયે પણ તસ ધ્યાન ન ચૂકે, ચિત્ત સમાધિ તે નવ મૂકે,
શેઠ તણે ઉપકારે ભરીયો, અરિહા સ્ત્રી ગર્ભે અવતરિયો. ૧૨

ઢાળ ૨

અનુક્રમે ગર્ભ પ્રભાવ, શ્રી જિન બિમ્બ જુહારું,
સંઘભક્તિ કરું ખાસ, શાસન શોભા વધારું,
ઉત્તમ દોહલા તેહ, પૂરે જન્મ થયોરી,
નામ સુદર્શન દીધ, ઘરિ ઘરિ હર્ષ ભયોરી. ૧
સકલ કળા આવાસ, યૌવન વય પ્રસર્યોરી,
નામે મનોરમા નારી, પરણી હેજે વર્યોરી,
એહ જ નયર મોઝાર, કપિલ પુરોહિત છેરી,
રાજમાન્ય ધનવંત, કપિલા ઘરણી અછેરી. ૨
શેઠ સુદર્શન સાથ, કપિલ તે પ્રેમ વહે(હો)રી,
અહનિશ સેવે પાય, કપિલા તામ કહે(હો)રી,
ષટ્ કર્માદિ આચાર, મુકીએ દૂરિ ઘણોરી,
એહવું શું છે સ્વામિ, દાખો તેહ સુણે(ણો)રી. ૩
કપિલ કહે સુણ નાર, શેઠ સુદર્શન છેરી,
જસ ગુણ સંખ્યા ન પાર, કહેવા કોણ હવેરી,
રૂપે મદન રવિ તેજ, જલધિ ગંભીર પણેરી,
સૌમ્યે ઇંદુ સુરવૃક્ષ, અધિક તસ દાન ગુણેરી. ૪
કિંબહુના ગુણ રાશિ, વાસિત દેહ ય છેરી,
ઇમ નિસુણી તે નારી, તેહશું કામ રૂચેરી,
એક દિન રાય આદેશ, કપિલ તે ગામ ગયોરી,
કુટિલા કપિલા દેહ, મન્મથ પ્રગટ થયોરી. ૫
શેઠ તણે ઘરે જાઈ, કહે તુમ મિત્ર તણેરી,
દેહે છે અસમાધિ, દેખણ આવો ભણેરી,

આવ્યો તત્ક્ષણ તેહ, કહે તે મિત્ર કિહાંરી,
સૂતા છે ઘરમાંહિ, શય્યા સાજ જિહાંરી. ૬
દેઈ ઘરનાં બાર, વળગી નારી તીસેરી,
દેખાવે નિજ ભાવ, હાવ વિલાસ હસેરી,
જાણી કપટ પ્રપંચ, શીલ સન્નાહ ધર્યોરી,
હું છું ષંઢ પુરુષ, મુધા નરવેષ કર્યોરી. ૭
વિલખી થઈને તેહ, કાઢ્યો ગેહ થકીરી,
આજ પછી પર ગેહ, જાવા નિયમ નકીરી,
શેઠ સુદર્શન એમ, રહે નિત શીલ વહેરી,
અવની તલે ઉપમાન, એહવું કવણ લહેરી. ૮

ઢાળ ૩

એક દિન ઈન્દ્ર મહોત્સવે, રાજાદિક સવિ લોક. લલના,
ક્રીડા કારણ આવીયા, સજ્જ કરી સઘળા થોક. લલના;
શીલ ભલી પેરે પાળીએ. ૧
શેઠ સુદર્શનની પ્રિયા, નામે મનોરમા જેહ. લલના;
દેખે દેવકુમર સમા, ષટ સુત સુગુણ સનેહ. લલના શીલ૦ ૨
અભયા રાણીને કહે, કપિલા દેખી તામ. લલના૦
પ્રિયાપુત્ર એ કુણ તણા, તે દાખો મુજ નામ. લલના શીલ૦ ૩
અભયા કપિલાને કહે; લક્ષ્મી અધિક અવતાર. લલના૦
શેઠ સુદર્શનની પ્રિયા, પુત્ર તણે પરિવાર. લલના શીલ૦ ૪
કહે કપિલા એ કિહાં થકી, એહને પુત્ર અચંભ લલના૦
અભયા કહે અચરિજ કિશ્યું, શચી પતિ પતિ એ રંભ. લલના શીલ૦ ૫
કહે કપિલા તે કિલબ છે, જૂઠ ધરે નર વેશ. લલના૦
કિમ જાણ્યું રાણી કહે, કહે વૃતાન્ત અશેષ. લલના. લલના શીલ૦ ૬
મુગ્ધે વંચી ઈમ કહી, તુજને ઈણે નિરધાર. લલના૦
પરસ્ત્રી સાથે ષંઢ છે, નિજ તરુણી ભરતાર. લલના શીલ૦ ૭
(કહે કપિલા)(સુણ અભયા) ?જો નર હોવે તો ભજે કામ પ્રચંડ. લલના૦
લોહ પુરુષ સરિખો ગળે, પણ નિશ્ચે એ ષંઢ. લલના શીલ૦ ૮

કહે (કપિલા ?) અભયા મદ મત કરે, નિશ્ચે અવિકાર. લલના૦
સુણ કપિલા(કહે અભયા) મુજ ફંદમાં, કોણ ન પડે નિરધાર. લલના શીલ૦ ૯
કપિલા કહે હવે જાણશું, એ તુજ વચન વિલાસ. લલના૦
કોઈ પ્રપંચે એહને, પાડો મન્મથ પાસ. લલના શીલ૦ ૧૦
કીધી પ્રતિજ્ઞા આકરી, જલ જલનાદિ પ્રવેશ. લલના૦
અનુક્રમે ક્રીડા વન થકી, પહોંત્યા નિજ નિજ નિવેશ. લલના શીલ૦ ૧૧

ઢાળ ૪

હવે અભયા થઈ આકરી રે લાલ, ચૂકવવા તસ શીલ રાયજાદી,
ધાવ માતા તસ પંડિતા રે લાલ, કહે સવિ વાત સલીલ રાયજાદી,
ખલ સંગતિ નવિ કીજીયે રે લાલ. ૧
સુણ પુત્રી કહે પંડિતા રે લાલ, તુજ હઠ ખોટી અત્યંત રાયજાદી,
નિજ વ્રત એ ભંજે નહિ રે લાલ, જો હોવે પ્રાણાન્ત રાયજાદી. ખલ૦ ૨
કહે અભયા સુણ માવડી રે લાલ, મુજ ઉપરોધે એ કામ રાયજાદી,
કરવું છલ–બળથી ખરું રે લાલ, ન રહે માહરી મામ રાયજાદી. ખલ૦ ૩
માની વયણ ઈમ પંડિતા રે લાલ, મનમાં ચૂપ રાયજાદી,
કૌમુદી મહોત્સવ આવીયો રે લાલ, પડહ વજાવે ભૂપ રાયજાદી. ખલ૦ ૪
કાર્તિકી મહોત્સવ દેખવા રે લાલ, પૂર બાહિર સવિ લોક કહે રાજા,
જોવા કારણ આવજો રે લાલ, આપ આપણા મલી થોક કહે રાજા. ખલ૦ ૫
ઈમ નિસુણી શેઠ ચિંતવે રે લાલ, પર્વ દિવસનું કાજ કિમ થાશે,
રાય આદેશ માગી કરી રે લાલ, ઘરે રહ્યો ધર્મ કાજ દુઃખ જાશે. ખલ૦ ૬
સર્વ બિંબ પૂજા કરી રે લાલ, ચૈત્ય પ્રવાડી કીધ મનોહારી,
પોસહનિશિ પ્રતિમા રહ્યો રે લાલ, એકાંતે ચિત્ત વૃદ્ધિ સુખકારી રે. ખલ૦ ૭
અભયા શિર દુઃખણ મિષે રે લાલ, ન ગઈ રાજા સાથ રાયજાદી,
કપટે પંડિતા પંડિતા રે લાલ, મૂરતિ કામની હાથ રાયજાદી. ખલ૦ ૮
ઢાંકી પ્રતિમા વસ્ત્રશું રે લાલ, પેસાડે નૃપ ગેહ રાયજાદી,
પૂછ્યું તિહાં કણે પોળીયે રે લાલ, કહે અભયા પૂજન એહ રાયજાદી. ખલ૦ ૯
એક દોય ત્રણ ઈમ કામની રે લાલ, મૂરતિ આણી તામ રાયજાદી,
પ્રતિમાધર ઈમ શેઠને રે લાલ, કપટે આણ્યો ધામ રાયજાદી. ખલ૦ ૧૦

ઢાલ ૫

અભયા કામ વિકાર, કરી આલિંગતી હો લાલ-કરી૦
કોમલ કમલ મૃણાલ, ભુજાશ્યું વિંટતી હો લાલ-ભૂજા૦. ૧
નિજ થણ મંડલ પીડે, તસ કરશું ગૃહી હો લાલ-તસ૦
અંગો પાંગે સર્વ, કે ફરસે તે સહી હો લાલ-કે૦ ૨
અનુકૂલ ને પ્રતિકુલ, કર્યા પરિસહ બહુ હો લાલ-કર્યા૦
કોપ્યા પોહરી લોક, પોકાર્યા તે સહુ હો લાલ-પોકાર્યા૦ ૩
રાજા આવ્યો તામ, કહે અભયા જિહાં હો લાલ-કહે૦
મુજ એકલડી જાણી, કે એ આવ્યો ઈહાંહો લાલ-કે એ૦ ૪
ધર્મ પિશાચી એણે, કદર્થી હું ઘણું(ણી)હો લાલ-કદર્થી૦
એણે કીધો અન્યાય, મુખે કેટલું ભણું હો લાલ-મુખે૦ ૫
નિસુણી રાજા વાત કે, સંશય મન ધરે હો લાલ-સંશય૦
એહથી ઈમ નવિ થાય, પ્રગટ દીસે પરે હો લાલ-પ્રગટ૦ ૬
કહે રાજા અન્યાય, ઈણે મોટો કીધો હો લાલ-ઈણે૦
પુરમાં કરીય વિડંબન કે, શુલીએ દીયો હો લાલ-શુલીએ૦ ૭
ફિરતાં ઈમ પુરમાંહે, ઋષભદાસ મંદિરે હો લાલ-ઋષભ૦
નિસરીયો વિરૂપ, પ્રિયા દેખી દુઃખ ધરે હો લાલ-પ્રિયા૦ ૮
મેરુ ડગે પણ કંથ, ન ક્ષોભે શીલથી હો લાલ-ન૦
કોઈક અશુભ વિપાક, ઉદયના લીલથી હો લાલ-ઉદય૦ ૯
એહ ઉપસર્ગ ટળે તો, મુજને પારણું હો લાલ-મુજને૦
નહિતર અણસણ મુજ, દેઈ ઘર બારણું હો લાલ-દેઈ૦ ૧૦
કરી કાઉસગ્ગ રહી ધ્યાન, ધરી શાસન-સુરી હો લાલ-ધરી૦
શુળીએ દીધો શેઠ, આરક્ષકે કર ધરી હો લાલ-આરક્ષકે૦ ૧૧
કનક સિંહાસન તેહ, થયું દેખતે તીસે હો લાલ-થયું૦
તવ મૂકી કરવાલ, કુસુમ પરે ગળે હો લાલ-કુસુમ૦ ૧૨
તેહ ચરિત્ર પવિત્ર, કહે રાજા પ્રત્યે હો લાલ-કહે૦
ગજ ચઢી આવ્યો ભૂપ, ખમાવે માન તે હો લાલ-ખમાવે૦ ૧૩

નારી વયણથી કાજ, કર્યું અવિચારતે હો લાલ-કર્યું
એહ ખમજો અપરાધ, કરી મનોહારને હો લાલ-કરી૦ ૧૪

ઢાળ ૬

શેઠ સુદર્શન ગજ ઊપર ચઢયાજી, વીંઝે તિહાં ચામર છત્રપવિત્ર રે,
જિત નિશાન બજાવે નયરમાંજી, નાટક બત્રીસ બદ્ધ વિચિત્ર રે,
મોટો મહિમા છે મહિયલે શીયલનો રે. મોટો૦ ૧
દાન અવિરત દેતાં બહુ પરે રે, આવે નિજ મંદિર કેરે બાર રે,
શોભા જિન શાસનની થઈ ઊજળી રે, ધન ધન મનોરમા જસનાર રે,
કાઉસ્સગ્ગ પાર્યો તેણી વાર રે. મોટો૦ ૨
અભયા ગળે ફાંસો ખાઈને તે મૂઈ રે, નાસી પાડલીપુરી(૨) ધાવ તે જાય રે,
દેવદત્તા ગણિકાનાં ઘરમાં રહી રે, ચરિત્ર સુણીને અચરિજ થાય રે. મોટો૦ ૩
શેઠ સંવેગે સંયમ આદરે રે, શિક્ષાગ્રહી ગીતારથ થાય રે,
તપે દુર્બલતનુ એકાકી પ્રતિમા ધરે રે, વિચરંતા પાડલીપુર તે જાય રે. મોટો૦ ૪
શેઠ સુદર્શન રૂપ વખાણથી રે, ગણિકા થઈ ઉત્સુક મુનિને દેખી રે,
ભિક્ષા ભમતાં ઘરમાંહિ રાખીયો રે, કીધા કપિલા પરે ઉપસર્ગ અશેષ રે. મોટો૦ ૫
એમ કદર્થી સાંજે મૂકીયો રે, આવી વનમાંહે ધ્યાન ધરંત રે,
અભયા મરીને હુઈ વ્યંતરી રે, દીઠો તેણે તિહાં મુનિ મહંત રે. મોટો૦ ૬
ઉપસર્ગ તેણે અનેક વિધે કર્યા રે, ચડિયો તવ ક્ષપક શ્રેણી મુણીંદ રે,
ઘાતી કર્મક્ષયે કેવલ પામીયા રે, આવ્યા તિહાં સુરનર કેરા વૃંદ રે. મોટો૦ ૭
દેશના આપે જન પ્રતિબોધવા રે, કાપે સવિ પાતિક કેરા વૃંદ રે,
ગણિકા પંડિતાને અભયા વ્યંતરી રે, પામે તિહાં સમકિત રયણ અમંદ રે. મોટો૦ ૮
પહેલા કે'તાઈક ભવને અંતરે રે, હું તો સ્ત્રી સંબંધે અભયા જીવ રે,
શૂળી ગાલીથી કર્મ જે બાંધીયું રે, આવ્યું તેહનું ફળ ઊદયે અતીવ રે. મોટો૦ ૯
અનુક્રમે વિચરંતા ચંપાએ ગયા રે, પ્રતિબોધ્યા રાજાદિ બહુ પરિવાર રે,
ધન ધન મનોરમા તસ સુંદરી રે, સંયમગ્રહી પહોંચી મુક્તિ મોઝાર રે. મોટો૦ ૧૦
પરમપદ પામે સુદર્શન કેવલી રે, જયવંતો જેહનો જગમાં જસવાદ રે,
નિતનિત હોજો તેહને વંદના રે, પહોંચે સવિ વાંછિત મનની આશ રે. મોટો૦ ૧૧

સહજ સોભાગી સમક્તિ ઊજળું રે, ગુણીનાં ગુણગાતાં આનંદ થાય રે
**જ્ઞાનવિમલ ગુણ વાધે અતિઘણા રે, અધિક ઉદય હોવે સુજશ સવાય રે.** મોટો૦ ૧૨

## સુમતિ વિલાપની સજ્ઝાય

સુમતિ સદા સુકુલિણી વિનવે, સુણ ચેતન મહારાય–સુગુણ (ચતુર)નર,
કુમતિ કુનારી દૂરે પરિહરો, જિમ લહો સુખ સમુદાય સોભાગી–સુમતિ૦ ૧
આવો રે રંગે વિવેક ઘરે પ્રભુ, કરીએ કેલી વિ(અ)ભંગ પનોતા,
જ્ઞાન પલંગ બિછાયો અતિભલો, બેસીજે તસ સંગ રંગીલા. સુમતિ૦ ૨
નિષ્ઠારૂચિ બેહુ ચામર ધારિકા, વિંઝે પુણ્ય સુવાય સદાય,
ઉપશમ રસ ખુશબોઈ મહમહે, કેમનવિ આવે તે દાય છબીલા. સુમતિ૦ ૩
હૃદય ઝરૂખે બેસી હોંશસું, મુજરો લીજે રે સાર સલુણા,
કાયાપુર પાટણનો તું ધણી, કીજે નિજપુર સાર મહારાજા. સુમતિ૦ ૪
જે તેં ચોકી કરવા નગરની, થાપ્યા પાંચ સુભટ–મહાબલ,
તે તો કુમતિ કુનારીસું જઈ મલ્યા તિણે લોપી કુલવટ કરેછલ. સુમતિ૦ ૫
પંચ પ્રમાદની મદિરા છાકથી નકરે નગર સંભાળ મહારાજા,
મન મંત્રીસર જે તેં થાપીયો, ગૂંથે તેહ જંજાલ સોભાગી. સુમતિ૦ ૬
ચૌટે ચાર ફરે નિત્ય ચોરટા, મૂસે પુણ્યતણું ધન અહોરાય,
વાહાર બુંબ ખબર નહિ તેહની, ગજપરે મમકરો નિંદ મહામન. સુમતિ૦ ૭
કપટી કાળ અછે બહુ આગયા, હેરૂપરે ફરે નયર સમીપે તપીને,
જોરજરા જોબનધન અપહરે, સાહરીની પરે નિત્ય છૂપીને. સુમતિ૦ ૮
એણીપરે વયણ સુણી સુમતિતણાં, જાગ્યો ચેતન રાય રસીલો,
તેગ સંવેગગ્રહી નિજ હાથમાં, તેડ્યો શુદ્ધ સમવાય વસીલો. સુમતિ૦ ૯
મનમંત્રીસર કબજે કીયો ઘણું, તબવશ આવ્યારે પંચ મહાભડ,
ચારેચોર ચિંહુંદિશિ નાસીયા, ટાળ્યો મોહ પ્રપંચ મહાજડ. સુમતિ૦ ૧૦
સુમતિ સન્નારી સાથે પ્રીતડી, જોરજડી જિમ ખીર અને જલ,
રંગવિલાસ કરે નિતુ નવનવા, ભેળી હિયડાનું હીર હિલમીલ. સુમતિ૦ ૧૧
ઇણીપરે ચતુર સનેહી આતમા, ઝીલે શમ રસપૂર સદાઈ,
અનોપમ આતમ અનુભવ સુખલહે, દિનદિન અધિક સનૂર ભલાઈ. સુમતિ૦ ૧૨

પંડિત **વિનયવિમલ** કવિરાજીયો, સંવેગી શિરતાજ જયંકર,
**ધીરવિમલ પંડિત પદ પંકજે, સેવક નય કહે (ભણે) આજ સુહંકર. સુમતિ૦ ૧૩**

## સુલસા સતીની સઝાય

શીલ સુરંગી રે સુલમા મહાસતી, વર સમકિત ગુણધારીજી,
રાજગૃહી પૂરે નાગરથિકતણી, સુલસા નામે નારીજી. શીલ૦ ૧
નેહનિબિડ ગુણતેહ દંપતિતણો, સમકિત ગુણ થિર પેખીજી,
ઇંદ્ર પ્રશંસે રે તસસત કારણે, આવ્યો હરિણગમેષીજી. શીલ૦ ૨
ગ્લાનમુનિને કાજે યાચીયા, ઔષધ કુંપા ચારજી,
ભગ્ન દેખાડ્યા પણનવિ ભાવથી, ઉણિમ(પ) ધરીય લગારજી શીલ૦ ૩
પ્રગટ થઈ સૂર સુત હેતે દિયે, ગુટીકા તિહાં બત્રીસજી,
તસ સંયોગે રે બત્રીસ સુત થયા, સકલ કળા સુજગીશજી. શીલ૦ ૪
ચેલણા હરણે ચેટીક નૃપશરે, તે પહોંતા પરલોકજી,
સામાયિકમાં તેહ જ સાંભળી, પણ થિરમન નહિ શોકજી. શીલ૦ ૫
એકદન વીરજિન ચંપાપુરી થકી, ધર્માશીષ કહાવેજી,
અંબડ સાથે રે પરીક્ષા તે કરે, પણ સમકિત ભડગાવેજી. શીલ૦ ૬
દેશવિરતિનો રે ધર્મ સમાચરી, સુરલોકે ગઈ તેહજી,
નિર્મમ નામે રે ભાવિજિન હોસ્યે, પન્નરમો ગુણ ગેહજી. શીલ૦ ૭
ઇણિપરે દઢમન સમકિત ગુણધરે, **જ્ઞાનવિમલ** સુપસાયજી,
તે ધન ધન જગમાંહિ જાણીયે, નામે નવનિધિ થાયજી. શીલ૦ ૮

## સુવ્રત ઋષિ સઝાય

ઢાલ ૧ : રાગ દેશાખ

જીરે જીરે સ્વામી સમોસર્યા દેશી

દેશ સોરઠ રે ધા રાપુરી કેશવ હરિ નર ઇંદ્ર રિંએ.
યાદવ કુલ નભ દિનમણી, સૌમ્ય ગુણે જિમ ચંદ્રએ. ૧
દઢમનિ ધર્મ સમાચરો.

નેમિજિણંદ સમોસર્યા, મુનિવર સહસ અઢારુએ.
રૈવતગિરી સુણી આવીયા, વંદઈ હરિ સુખકારુએ. ૨ દ઼ઢ.
નિસુણી દેશના પૂછીઉં, એકાદશી ફલ સારુએ.
જ્ઞાન તિથી આરાધતાં, આપઈ શિવસુખ સારુએ. ૩ દઢ.
દાખઈ સુવ્રતમુનિ ક્યા, નિસુણઈ પરષદ વારુએ.
પુણ્ય વિશેષ થકી ફલઈ, વિધિથી શુભ આચારુએ. ૪ દઢ.
ધાતુકી દખિણ ભરતમાં, વિજયપુરી, સુવિશાલએ.
પશ્ચિમ દિસિ ઈષુકારને, નૃપ નામઈ વૃદ્ધીપાલુએ. ૫ દઢ.
ચંદ્રવતી તેહની પ્રિયા, નગરશેઠ સૂર નામિરે.
પુત્ર અનેક છઈ તેહનઈ, સકલ કલાગુણ ધામૂએ. ૬ દઢ.
જિનધર્મે બેઉ નેહીઉ, આવશ્યક વ્રત ધારુએ.
એક દિનિ ગુરુમુખિ જ્ઞાનનો, સુણ્યો મહિમા હિતકારુએ. ૭ દઢ.
તવ ગુરુ ધવલ એકાદશી, દીન આરાધન દાખ્યો રે.
જ્ઞાન બલેં તસ હિત ભણી, વિધિ સઘલો તિહાં ભાખ્યો રે. ૮ દઢ.

ઢાલ ૨ : રાગ કેદારો

પુણ્ય પસંસિઈં દેશી

મૌનપણઈ પોસહ કરઈ, અહોરત્તો ચોવિહાર.
પઠન ગુણન જિન નામનાં, કરતા ધર્મવિચાર રે. ૯
ભવિ વ્રત આદરો.
પારણે ઉત્તરધારણેં એક ભક્ત આહાર,
ઉભય ટંક આવશ્યક, કરઈં સચિતથરિહાર રે. ૧૦ ભવિ.
જ્ઞાન તણી પૂજા કરઈ, સાહમી વચ્છલ સાર.
જિન આગલ ઢોણું કરઈ, પૂજા વિવિધ પ્રકાર રે. ૧૧ ભવિ.
સંવિભાગ વ્રત સાચવી, પારણ એમ કરત,
બાર વરસ પૂરઈ થયઈ, ઉજમણું મન ખંતિરે. ૧૨ ભવિ.
જિનઘર જિનવર ભૂષણાં, પ્રત્યેકઈ ઇગ્યાર.
ધાન પકવાન્ન પ્રમુખ બહુ, લિખાવઈ અંગ ઈગ્યાર રે. ૧૩ ભવિ.

સંગભગતિ બહુવિધ કરઈ, જ્ઞાનોપગરણ સાર.
ઠવણી કરવલી ચાબખી, પાઠાં પ્રમુખ ઇગ્યાર રે.
વીંટાગણાં તીમ સાર રે. ૧૪ ભવિ.
ઇણિ પરિ બહુવિધ સાચવઈ, એક વરિસ તે સર્વ,
ઇગ્યાર ઇગ્યારસિ ઉજલી, કીધું પૂરણ પર્વ રે. ૧૫ ભવિ.
ઉજમણા દિન થકી, પનરમેં દિની તેહ.
શુલ રોગિં મરી સુર થયો, આરણિક કલ્પિ ગુણ ગેહરે. ૧૬ ભવિ.

ઢાલ : ૩

આદિકરણ શ્રી આદિનાથજીએ દેશી

તિહાંથી ચવી આ ભરતમાંજી, સોરીપુરે પુણ્યવંતજી.
સમુદ્રદત્ત વિવહારીઉંજી, પ્રીતિમતીનો કંતજી. ૧૭ ભાવિં.
ભવિયણ વ્રત ધરોજી.
તસ કૂખેં સુર ઉપનોજી, નાલનિખેપણા ઠામજી.
નિધિ પ્રકટઈ, મહોચ્છવ કરઈજી, સુવ્રત દીધું નામજી. ૧૮
ભાવેં સાધુ સમીપઈ સંગ્રહઈજી, સમકિત તિમ વ્રત બારજી.
યૌવન વયઈ પરણાવીઉંજી, કન્યા ઈગ્યાર ઉદારજી. ૧૯ ભવિ.
જનકેં સંયમ આદર્યોજી, સાધઈ આતમકાજજી.
સુવ્રત ઘર સ્વામી થયોજી, કોડિં ઇગ્યાર ધન સાજજી. ૨૦ ભવિ.
ધર્મઘોષસૂરિ આવીયાજી, કહઈ તિહાં પર્વવિચારજી.
જાતિસમરણથી ગ્રહઈજી, પૂરવન્યો આચારજી. ૨૧ ભવિ.
એક દિન પોસહ આદર્યોજી, મૌની સપરિવારજી.
તે નિસુણી ચોર આવીયાજી, ધન લેવા તિણિ વારિજી.
કીધો પ્રદીપ પ્રવારજી. ૨૨ ભવિ.
દીઠા સવિ કાઉસગિં રહ્યાજી, લેવઈ ધનની કોડિજી.
થંભઈ શાસનદેવતાજી, નહી કોઈ ધર્મની જોડિજી. ૨૩ ભવિ.
લોકઈ રાય જણાવીઉજી, આવ્યા ચોકીદારજી.
થંભાણા સવિ તે તિહાંજી, અચરિજ એહ અપારજી. ૨૪ ભવિ.

ઢાલ ૩ : હમચડી દેશી

મન થિર કરી નઈં પોસહ પારઈં, વિધિ સઘલો આરાધઈં.
રાજા પણિ તેહનઈં ઘરિ આવ્યો, ભેટિ ભગતી બહુ સાધઈં. ૨૫ હમચડી.
અભયદાન માગી મૂંકાવ્યા, તસ્કર વ્યસનિં વાર્યા
શેઠિપદઈં રાજાઈં થાપ્યો, તસ પરિજન સતકાર્યા રે. ૨૬ હમ.
વલી એકદા ઇગ્યારસિં દિવસઈં, સપરિવાર વ્રતધારી.
લાગો અગનિ જલતું પુર દેખી, ધર્મશરણ કરઈં સારરે. ૨૭ હમ.
ધર્મઠાણ સુવ્રત ગેહાદિક, મૂંકી અવર સવિ જલિઉં,
દેખી નરપતિ બોલઈં એહનઇં, ધર્મવિધાન સવિ ટલિઉં રે. ૨૮ હમ.
એક શત બિહોતરિ પુત્ર થયા, તસ એક એક નારી કેરા.
કોડિ નવાણૂં ધન સવિ મૂંકી, લિઈં સંયમ થઈ સૂરારે. ૨૯ હમ.
જયશેખર ચઉનાણી ગુરુથી, અંગ ઈગ્યાર અભ્યાસઈં,
છઠ અઠમ શત ચ્યાર છ માસી, એક તિમ ચ્યાર ચઉમાસરે. ૩૦ હમ.
ઈમ તપ કરતાં સુવ્રત મુનિનઈં, મૌન એકાદશી દિવસઈં,
અંગઈ પીડા બહુ ઉપની, પણિ થિરતા ગુણ વિકસઈ રે. ૩૧ હમ.
એક મિથ્યા સુર ખોભણ કાજઈં, પર મુનિને મુખિ આવી.
શ્રાદ્ધ ગૃહઈં જઈ ભેષ જલ્યાવઈં, તો વેદના શમાવઈં રે. ૩૨ હમ.
કહઈં વ્યંતર જો વસતિને બાહિરેં, જાવઈં તો સુખ પાવઈં.
કહિઉં ન માન્યું મસ્તકિં હણિઉં, પણિ નિજ મન ન ડગાવઈં રે. ૩૩ હમ.
ઇણિ પરિ ઘાતી કર્મ ખપાવી, પામી કેવલનાણ.
સિદ્ધ થયો સુરવૃંદ મિલીનઈં, ઉચ્છવ કરઈં વિહાણ રે. ૩૪ હમ.
વનિતાપણિ ઇગ્યારઈં, સંયમ લેઈ નિરતીચાર.
માસ સંલેખણિ શિવગતિ પામી, વલી બહુ તસ પરિવાર રે. ૩૫ હમ.

ઢાલ

બે કર જોડીને પાએ લાગું એ દેશી

નેમિજિણંદઈં કેશવ આગઈં, એહ સંબંધ કહ્યો ચિતરાગઈં.
સાંભલી કૃષ્ણ એ દિવસ આરાધઈં, ખાયક સમક્તિના ગુણવાધઈં. ૩૬

અર જિન વ્રત નમિ જિનવર જ્ઞાન, મલ્લિ જન્મ વ્રત કેવળજ્ઞાન.
એક ચોવીસીનાં પંચ કલ્યાણ, ત્રિણ ચોવીસીઈં, પનર કલ્યાણ. ૩૭
એકણ ખેત્રઈં, એમ ભણીજઈં, દસખેત્રઈં દોઢસો જાણીજઈં.
અતીત અનાગતનેં વર્તમાન, પંચાસ પંચાસ એમ પ્રમાણ. ૩૮
નેઉં જિનના નામ ગણીજઈં, એક ત્રિણનેં બિંહુ એક જ લીજઈં,
અઢારમો ઉંગણીસનેં એકવીસ, વર્તમાન જિન એ નિસદિસ. ૪૯
સાતમો ચોથો છઠ્ઠો એહ, અતીત અનાગતના જિન તેહ.
મોટું પર્વ કહિઉં તિણિ હેતઈં, જિનશાસનઈં વલી શૈવસંકેત. ૪૦
માગશિર સુદિ ઇગ્યારસિ પાલઈ, તે સવિ કર્મના મયલ પખાલઈં.
જાવજીવ કીજઈં શુભ ભાવિં, ભવિ ભવનાં જિમ સંકટ જાવઈ. ૪૧
શ્રી જ્ઞાનવિમલસૂરિ ઇણિ પરિં ભાખઈં, એહ ચરિત્ર તણી છઈં સાખિં
આરાધઈ જે જિન કલ્યાણ, તસ ઘર કોડિ કલ્યાણ. ૪૨

## સુંદરીની આયંબિલ તપવર્ણનની સજ્ઝાય

રૂડે રૂપે રે શીલ સોહાગણ સુંદરી, સુંદરી સુલલિત વયણ રૂડે,
પંકજ દલસમ નયન રૂડે. રૂડે રૂપે રે૦ ૧
સાઠસહસ સમ (વર્ષ) દિગ્ જય કરીને, ભરત અયોધ્યાયે આવ્યા,
બાર વરસ તિ-જિહાંની ચક્રી પદને, અભિષેકે ન્હવરાવ્યા. રૂડે રૂપે રે૦ ૨
એક દિન ચક્રી સુંદરી દેખે, બાહુબલીની બહિન,
દિનકર તેજે ચંદ્રકળા જિમ, રૂપ–કાંતિ થઈ ખીણ. રૂડે રૂપે રે૦ ૩
વૈદ્ય પ્રમુખા સવિ તેડી કહો, કિસ્યું ઊણું તાતવંસ,
પરિતે (ઘર તેડીને) તુમે દાખો જે જોઈએ તે હું પુરું સદંશ. રૂડે રૂપે રે૦ ૪
એ વહાલી સુંદરી કિમ કૃશ તનુ, તેહ નિદાન કહીજે,
સાઠ હજાર વરસ થયા એહને, આંબીલનો તપ કીજે. રૂડે રૂપે રે૦ ૫
દીક્ષા લેતાં તુમે હીજ વારી, સ્ત્રીયરણની ઈહા,
તસ નયથી દુર્ધર તપ કીધાં. ધન ધન એહના દીહા. રૂડે રૂપે રે૦ ૬
ઇમ નિસુણી કહે તાત અપત્યમાં, તુહિજ મુકુટ સમાણી,
વિષય દશાથી ઇણિ પરે વિરમી, માત સુનંદા જાણી. રૂડે રૂપે રે૦ ૭

અમે તો વિષય પ્રમાદે નડીયા, પડીયો છું સંસાર,
નરપતિ ઉચ્છવ સાથે તે પ્રભુ હાથે લીયે વ્રત ભાર. રૂડે રૂપે રે૦ ૮
યુદ્ધે ચક્રી હારી મનાવી બાહુબલી લીયો દીખ,
વરસસમે બ્રાહ્મી સુંદરીયે કહેવરાવે પ્રભુ શીખ. રૂડે રૂપે રે૦ ૯
ગજ ચડ્યા કેવલ ન હોય વીરા, ઈમ સુણી માન ઊતારે,
પગ ઉપાડી કેવલ પામ્યા, પ્રભુ પાસે પાઉ ધારે. રૂડે રૂપે રે૦ ૧૦
અનુક્રમે કેવલ સાધી સાધવી, બ્રાહ્મી સુંદરી જોડી,
**જ્ઞાનવિમલ** પ્રભુ ઋષભની બેટી, પ્રણમું હું કરજોડી. રૂડે રૂપે રે૦ ૧૧

□

# પરિશિષ્ટ

## અધ્યાત્મ પદ

રાગ : પ્રભાતી

જબ જિનરાજ કૃપા કરે, તવ શિવસુખ પામે;
અખય અનોપમ સંવદા, નવનિધિ ઘર આવે. જબ. ૧

એસી વસ્તુ ન જગતમેં, દિલ શાતા આવે;
સુરતરુ રવિ શશિ પ્રમુખ જે, જિન તેજે છિપાવે. જબ. ૨

જનમ જરા મરણ તણાં દુઃખ દૂર ગુમાવે;
મન વનમાં જિનધ્યાનનો જલધર વરસાવે. જબ. ૩

ચિંતામણિ રયણે કરી, કોણ કાગ ઉડાવે;
તિમ મૂરખ જિન છોડીને, ઓરન કું, ધ્યાવે. જબ. ૪

ઇલિકા અમરી સંગથી, ભમરી પદ પાવે;
તિમ જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાનથી, જિન ઉપમા આવે. જબ. ૫

## ચેતનબોધ

ચેતન અબ કછુ ચેતીયે જ્ઞાન નયન ઉઘાડી(રી),
સમતા સહજપણું ભજો તજો મમતા નારી. ચેતન૦ ૧

યા દુનિયા હે બાઉરી જૈસી બાજીગર બોજી (રી),
સાથ કીસીકે ના ચલે જીઉ કુલટા નારી. ચેતન૦ ૨

માયા તરુ છાયા પરી ન રહે થીર કારી,
જાનત હે દીલમેં જરી પણ કરત બિ(વિ)ચારી. ચેતન૦ ૩

મેરી મેરી તું ક્યા કરે ? કરે કોનશ્યું યારી ?
પલટે એકણ પલકમા જીઉં ઘન અંધીયારી. ચેતન૦ ૪

પરમાતમ અવિચલ ભજો ચિદાનંદ આકારી,
નય કહે નિયત સદા કરો સબ જન સુખકારી. ચેતન૦ ૫

## હિતશિક્ષા

આપોઆપ સદા સમજાવે મનમાં દુઃખ મત પાવે રે,
કોઈ કિસીકે કામ ન આવે આપ કિયા ફલ પાવે રે. આપો૦ ૧

જિમ પંખી તરુએ મલી આવે રજની વીત્યે જાવે રે,
જિમ તીરથ મ્હેલી સવિ સંઘો કરી કરી નિજ ઘર આવે રે. આપો૦ ૨

આપ થકી કર્તવ્ય થયાં જે ભોગવે તેહ એકીલો રે,
મ્હારું મ્હારું કરતો અહોનીશ મૂઢપણે હોય ઘેલો રે. આપો૦ ૩

થિર નહિ એ સંસાર પ્રાણી તન ધન યૌવન વાન રે,
જિમ સંધ્યાનાં વાદળનો રંગ જેમ ચંચળ ગજકાન રે. આપો૦ ૪

એમ જાણીને ધર્મ આરાધો આપે આપ સ(ખા)બાહો રે
જ્ઞાનવિમલ પ્રભુને ચિત્તધ્યાઓ જિમ શિવસુખને પાઓ રે આપો૦ ૫

## ચોવીસ જિનવરના પરીવારનું ચૈત્યવંદન

ચોવીસે જિનના સુખકાર (પરિવાર) ચૌદસયાં બાવન ગણધાર,
લાખ અટ્ઠાવીસ ને અડયાલ સહસ સવે જિન મુણી સંભાલ ૧

લાખ બયાલીસ સહસ બાયાલ ષટસય ષટ અધિકી સંભાલ,
જિનકર દીક્ષિત એ સાહુણી એ સવિ સદ્ગતિની પાહુણી, ૨

સહસ અડયાલ (બત્રીસ) પંચાવન લાખ વ્રત ધારક શ્રાવક ઈમ દાખ,
એક ક્રોડિ પણ લાખ અડ(બી)તીસ સહસ શ્રાવિકા જિન ચોવીસ. ૩

વૃષભ આદિ અંતે શ્રીવીર પુંડરિક ગૌતમ ગણધાર,
બ્રાહ્મી ચંદન બાલા જાણી આદિ અંત મુણી સાહુણી જાણી. ૪

શ્રેયાંસ શ્રાવક સંખ શતક વખાણી સુંદરી સુલસા શ્રાવિકા જાણી,
જ્ઞાનવિમલ પ્રભુની વહે આણ ચઉવિધ સંઘ કરો કલ્યાણ. ૫

## મૌન એકાદશી માહાત્મ્યગર્ભિત મલ્લિનાથ સ્તવન

દૂહા

વરદાયક વર સારદા, વાહન જાસ મરાલ.
પવયણ દેવી તે કહી, પ્રણમઈં બાલ ગોપાલ. ૧

મલ્લિ જિન ઉગણીસમા, જિનવરનો સંબંધ.
પંચ કલ્યાણક બોલથી, પૂરવભવ અનુબંધ. ૨

ઢાલ જલહીનો

શ્રી જિનવર સદા વલગું દેશી

પૂર્વ વિદેહમાં જાણીઈએ, સલીલાવતી વિજય વખાણિઈએ.
વીત શોકાપુરીનો ધણીએ, બલરાય તરુણી પણસય ધણીએ. ૩
માનહાબલપુત્ર તસ દીપતોએ, નિજરુપઈં જયંતને જીપતો એ.
કમલશ્રી આદિ પણ સય વસાએ, પરણાવીઉં એક દિનિ શુભ દિસાએ. ૪
રત્નમણિ હેમ ગૃહ પ્રમુખ જેએ, દિયા પાંચ સયર દાયજઈએ.
અનુક્રમઈં રાજ્ય મહાબલ વર્શિએ કરી, બલ મુનિ મુગતિમાંહિ વસઈએ. ૫
માહાબલ રાય ષટમિત્રસુંએ, લિઈ સંયમ ચિત્ત આનંદસુએ.
અચલ ધરણ પૂરણ વસૂએ, વલી વૈશ્રમણ અભિચંદ નામસુંએ. ૬
અંગ ઇગ્યાર ભણઇ હેજસુંએ, એક કરઈ તિમ સહુ કરઈએ.
તિહાં માહાબલ અધિક ફલ ચાહ ધરએએ. ૭
પારણઇ કહઈ મુજતનુ વ્યથાએ, કરઈ, અધિક તપ નિયમિથી સર્વથાએ.
થાનિક વીસ આરાધિઉએ, તીહાં તીર્થંકર નામ તે સાધિઉંએ. ૮
સ્ત્રીવેદ બાંધિઉ માયથીએ, કરઈ ઘોર તપ ચરણસાહાયથીએ.
વૃદ્ધલઘુસિંહ કીલિત, કરએ, અતિ અણસણ સાચિત ભગતિ ધરઈએ. ૯
વર્ષ ચોરાસી લાખ પૂર્વનુંએ, અછઈ આઉંખું તેહનઈ સર્વનુંએ.
સહસ ચોરાસી વરીસ સંયમઈએ, પાલી ઉપના જયંતવિમાનમઈએ. ૧૦
બત્રીસ સાગર આઉખઉએ, તવ ઉપના મિત્ર ષટ ધુરિ સુખઈએ.
મહાબલ પણિ તિહાં ઉપનાએ, એ છૈ આઉખાનઈવર્શિ શુભમનાએ. ૧૧

દુહા

હવઈં ષટમિત્ર અમર જિ કે પુરી પૂરણ આય.
જંબુદ્વિપઈં ભરતમાં, ભિન્ન ભિન્ન નૃપ થાય. ૧૨

ઢાલ

સોભાગણિ જાણે દેશી

પ્રતિબુધી નામેં પ્રથમ અયોધ્યા ભૂપ.
ચંદ્ર છાય બીજો ચંપાધિપ પ્રતિરૂપ.
શંખ નામેં ત્રીજો કાશીપુરનો નાથ.
રુપી નામઈં ચોથો નયર કુણાલા નાથ. ૧૩
ગજપુરનો સ્વામી પંચમ અદીનશત્રુ
કંપિલપુરનાયક છઠો છઈ જિતશત્રુ.
મિથિલાનગરી પતિ કુંભ નૃપતિ ગુણખાણી.
પ્રભાવતી રાણી રુપઈં જિતે ઈંદ્રાણી. ૧૪
મહાબલસુર આવી તસ કૂખેં ઉપન્ન,
માયા મોસ તણું ફલ સ્ત્રી વેદઈં સંપન્ન.
અશ્વિની નક્ષત્રઇં ચૈત્રશુક્લ દિન ચોથિં
ચઉદસ વર સુપના દેખઈં રયણીઈં તેથિ. ૧૫
માગશિર એકાદશી શુદ્ધિ દિવસઈં થયો જસ,
દેવાધિપઇં કીયો જન્મમહોત્સવ ધન્ન.
અશ્વિની નક્ષત્રેં નીલ વરણ તનરુપ.
પૂરપૂજિત પુત્રી દેયઈં અચરિજરુપ. ૧૬
ષટઋતુ તવ માલા દોહલાનિ અનુસારિ
મલ્લિ નામ થાપ્યું પામ્યા યૌવન ભાવ.
ત્રિઉં નાણી જાણી પૂરવભવ ષટ મિત્ર
પ્રતિબોધન કાજૈ ઉપવનમાંહિ વિચિત્ર. ૧૭
તિહાં રત્નતણું ઘર મોહન મંડપ સાર.
અપવરક ષટક યુત વિરચાવઈં સુખકાર.

સોવનની મૂરતિ સૂરતિ આપણિ થાપઈ.
પ્રતિ દિવસિં એકેકો ભક્ત કવલનો આપઈ. ૧૮
ઉત્પલ આછાદન મસ્તકિં બિંઈ કરેઈ,
પ્રતિબોધન હેતિં ઈમ સંકેત ધરેઈ.
ષટ નૃપ હવઈ આવઈ તે સુણજો અધિકાર.
એ સવિ માયાનો જાણો સર્વ વિકાર. ૧૯

ઢાલ

વીર માતા પ્રીતિકારણી દેશી

સુપ્રતિબુધ નરપતી તણી પદ્માવતી રાણી.
કુસુમની દામ દેખી ભલી, કહઈ દૂતને વાણી.
મલ્લિ જિન મિત્રને ઉપદિશાંઈ, એહવી અદ્ભુત માલિકા.
કહો કિહાં કુણેં દીઠી, તે કહઈ મલ્લિ ગલકંદલે,
ગુણે તેહથી હેઠી. ૨૧ મલ્લિ.
તે સૂણી દૂતને મોકલઈ, કહઈ દિઉં મુઝ કન્યા,
પ્રથમ ઈમ હેતુ બીજો હવઈ, સુણો ભવિજન ધન્ય ૨૨ મલ્લિ.
સેઠિં અરહણ કે આપીઉં, કુંડલયુગલને એક,
મલ્લિ તનુરુપ ગુણ વર્ણના, કહી તિહાં અતિ છેક ૨૩ મલ્લિ.
ચંદ્રછાયા નૃપ મોકલઈ, બીજો દૂત તસ કાજિં
મજ્ઝન મહોચ્છવ કારણેં, મિલ્યા લોકસમાજ. ૨૪ મલ્લિ.
અધિક મજ્ઝણમહ મલ્લિનો, સુણી એહવી વાત.
રુપી નૃપ દૂતનેં મોકલેં, ત્રીજો તેહ વિખ્યાત. ૨૫ મલ્લિ.
કુંડલ સંધિ ન જડિ સક્યા, મિલ્યા સકલ સોનારા.
કુંભ નૃપતિ પરા કાઢીયા, શંખ નૃપઈ સતકાર્યા. ૨૬ મલ્લિ.
તવ મુખેં મલ્લિ ગુણ સાંભલી, તવ મોકલ્યઈ દૂત.
મલ્લદિન કુમર જે કુંભનો, ચિત્રકર તેણે આદ્ભુત. ૨૭ મલ્લિ.
ચિત્રકારઈ સભા ચિતરી, તિહાં મલ્લિનું રુપ.
લાજીઉં બંધુ ચિત્રકારનેં, કઢાવ્યા કહી ભૂપ. ૨૮ મલ્લિ.

તે મિલ્યા અદીનશત્રુ નૃપતિનેં, કહ્યો સર્વ સંબંધ.
દૂત તેણઇં સવમો મોકલ્યો, વરવા અનુબંધ. ૨૯ મલ્લિ.
ધર્મ્મવાદેં પરિવ્રાજિકા, નિરુત્તર કરઈ મલ્લિ.
તે જિતશત્રુ નૃપનેં મિલી, રોસવતી જિમ પલ્લી. ૩૦ મલ્લિ.
પદરુપ દેખીનઈં મોહીઉં, તેણઇં પેસીઉ દૂત,
અવગણ્યા તેહ નિજ ભૂપતિ, કર્યા ક્રોધ આકુત. ૩૧ મલ્લિ.
તે ષટનૃપતિ મિથિલાપૂરઈં આવ્યા યુધ કરવાનેં
નિજ નિજ બલ ઉપક્રમ કરઈં, કની એક વરવા નઈં. ૩૨ મલ્લિ.
હારીઉ કુંભ ઝટ દેઈ તોં, પુરિમાં જઈ બેઠો,
મલ્લિઈં આપને કારણેં, મહાવિકાર દીઠો. ૩૨ મલ્લિ.
જૂજૂઆ તેહ તેડાવીયા, ઉપવન ઘરમાહિં
કનકમય મૂરતિ દેખીનઈં, હિઈં હરખિત થાય. ૩૪ મલ્લિ.
તતખિણે દૂર કર્યું ઢોકણૂં પ્રગટ્યો દૂરગંધ,
નાક મોડી રહ્યા વેગલા, ટલ્યો નાસ નિર્બંધ. ૩૫ મલ્લિ.

ઢાલ

છઠીભાવન મનિ ધરો દેશી

એ કંચન મણિમય મૂરતી, તસ દૂરગંધ એહવો રે જેહવો રે.
અહિ ગો મૃત કલેવર તણો એ. ૩૬
અશન કવલ પુદ્ગલ કરી, એ નિસદિન પૂરે.
પૂરે રાતિમ એ કાયા અશુચિશુ રે. ૩૭
વંત પિત મલ ખેલની, પુરષમૂત્રની કુંડી રે.
ભૂંડી રે આ અવધારિ કરી સદા એ. ૩૮
સડણ પડણ વિધંસણાદિક ધર્મ છઈં એહનો
તેહનો રે રાગ અથિર ઈંદ્રધનુ જિસ્યો રે. ૩૯
વિણસઈં ખીણમાં પેખતા, જો અમૃતઈં પોષઈં રે.
સોષઈં રે સાત ધાતુ સાહરી પરિંએ. ૪૦
દુર્જન મૈત્રીન પરિં દાખઈ ખિણમાં નેહોરે.
નેહો રે સ્યો એહનો સજ્જન કરઈએ. ૪૧

અણતૃપતા કામભોગના, જીવ એ છૈં સંસારી રે.
તારઈં રે વિષય કષાય વિરાગતા એ. ૪૨
પૂર્વ સંબંધ પ્રકાશીઉં, તવ નરપતિ ષટ પ્રતિબુધાં રે.
કીધા રે ચારિત્રનઈં ઉદ્યમપણઈએ. ૪૩
કુંભ નૃપતિ સતકારિયા, નિજ થાનકિં પોહતા રે.
ગહગહતા રે મલ્લિ જિનવર દરિશનઈએ. ૪૪

ઢાલ

લોકાંતિક સુર ઈમ કહૈં મનમોહનાં
ધર્મ્મ તીરથ વર્તાવો લાલ મનમોહનાં
દાન સંવચ્છરી તવ દિઈં મન૰
દાલિદ દુખ સમાવિ લાલ. ૪૫
નામિ મનોરમા શિબિકા મન૰
બેઠાં તિહાં અભિરામ લાલ.
ચઉવિહ દેવ મિલ્યા તિહાં મ૰
દિખ્યા મહોછવ કામ લાલ. ૪૬
મિથિલા નયરી ઉદ્યાનમાં મન૰ કીધો અઠમ તપ લાલ.
માગશિર શુદિ એકાદશી મન૰ ત્રિણ શત સ્ત્રી નર જૂત લાલ. ૪૭
વ્રત ઉચરે તાં ઉપનૂં મન૰ તિમ મણપજ્જવ નાણ લાલ.
તિણિ દિનિં સાંઝઈ પામીઉં મન૰ ઉજ્જવલ કેવલનાણ લાલ. ૪૮
સમવસરણ દેવઈં રચ્યું મન૰ બેઠી પરષદ બાર લાલ.
નિસુણી ષટ મિત્ર આવીયા મન૰ લેવઈ સંયમ ભાર લાલ. ૩૯
સંઘતણી તિહાં થાપના મન૰ આપ કરઈં જિનરાજ લાલ.
ચોત્રીસ અતિસય શોભતા મ૰ દિઈ દેશના ભવિ કાજિ. ૫૦

ઢાલ

ભમરાઉલિનો દેશી

અગવીસ ગણ ગણધરુતો ભમારુલી.
સહસ ચ્યાલીસ અણગારતો.

સહસ પંચાવન સાહુણી તો ભમરુ.
હસ્તદિખિત એ સાર તો. ૫૧
છસય ચૌદ પૂરવધરા તો ભ૦
અવધિનાણી દોઈ સહસ તો.
બત્રીસસય કેવલ ધરા તો ભ૦
અનુત્તર ગતિ દોઈ સહસ તો. ૫૨
પાંત્રીસસય વૈક્રિય ધરા તે ભ૦ મનપર્યવ શત આઠ તો.
એકતર શત ઈગ્યારસઈ તો વાદી આગમ પાંચતો. ૫૩
એક લખ સહસ ચોરાસીયાં તો ભ૦ શ્રાવક સમકિતવંત તો.
ત્રિણ લાખ પાસઠિ સહવલી તો ભ૦ શ્રાવિકા જસ ગુણવંત તો. ૫૪
બહુ પરિવારે પરિવર્યા તો ભ૦ પંચવીસ તનુમાન તો.
એક શત વરીસ ઘરે રહ્યા તો ભ૦ અણપરણ્યા વ્રતકામિ તો. ૫૫
સહસ પંચાવન વરિસનું તો ભ૦ પાલી પૂરણ આય તો.
એક શત વરિસઈ ઉણ જો તો ભ૦ કેવલ વ્રત પર્યાય તો. ૫૬
ચૈત્ર તણી ચોથિ ઉજલી તો ભ૦ ભરણી ચંદ્રને યોગિ તો.
માસ ભગત સંલેખના તો ભ૦ પંચશત સાહુણી યોગ તો. ૫૭
સાધુ કેવલી શત પાંચસેં તો ભ૦ મધ્યરયણિતેં માનિ તો.
સિદ્ધિ લહ્યા કાઉયગ્ગ કરી તો ભ૦ સમેતશિખર અહિઠાણ તો. ૫૮
અર જિનવરથી શિવ લહ્યા તો ભ૦ વરિસેં ચોપન લાખ તો.
એ સવિ બોલઈ જાણયો તો ભ૦ આવશ્યકની સાખિ તો.
જ્ઞાતાસૂત્રની સાખિ તો. ૫૯
માગશિર સુદિ ઇગ્યારસઇં તો ભ૦ મલ્લિ ત્રિણ કલ્યાણ તો.
એકેકું અર નમિ તણું તો ભ૦ એવ પંચ વંખાણિ તો. ૬૦
ચોથો છઠો સાતમો તો ભ૦ અતીત અનાગતઈ હોઈ તો.
એકવીસ ઉગણીસ અઢારમો તો ભ૦ વર્તમાનઈ ત્રિણિ જોઈતો. ૬૧
એક ખેત્રઈં ત્રિણ ચોવીસીઇં તો ભ૦ પનર હોઈં કલ્યાણ તો.
દસ ખેત્રે મિલી દોઢસો તો ભ૦ ભરત ઐરવતેં જાણિ તો. ૬૨

ઇણિ દિન આરાધીઇં તો ભ૦ બોધિબીજ થિર થાય તો.
શિવસુંદરી તેહનઈં વરઇં તો ભ૦ વાધઇં સુજસ સુવાસ તો. ૬૩

કલશ

ઈમ મલ્લી જિણવર સંઘસુહંકર સંથુણ્યો અતિશય ધણી.
શ્રી રાજનગરિં રહી ચોમાસેં, ભવિકને ભણવા ભણી.
તપગછનાયક સુમતિદાયક સંવેગીજન અગ્રણી.
શ્રી જ્ઞાનવિમલસૂરિંદ પ્રભુતા લહઈ દિન દિન ચોગુણી. ૬૪

## ॥ श्रीकल्याणमन्दिरस्तोत्रम् ॥

वसन्ततिलकावृत्तम् ॥

कल्याणमन्दिरमुदारमवद्यभेदि,
भीताभयप्रदमनिन्दितमङ्घ्रिपद्मम् ।
संसारसागरनिमज्जदशेषजन्तु –
पोतायमानमभिनम्य जिनेश्वरस्य ॥ १ ॥
यस्य स्वयं सुरगुरुर्गरिमाम्बुराशेः
स्तोत्रं सुविस्तृतमतिर्न विभुर्विधातुम् ।
तीर्थेश्वरस्य कमठस्मयधूमकेतो –
स्तस्याहमेप किल संस्तवनं करिष्यें ॥ २ ॥ युग्मम् ॥

## કલ્યાણમન્દિરસ્તોત્રાનુસારિ સ્તવન-૧

રાગ : જયજયવંતી

કુશલસદન જિન, ભવિ ભવભયહરન,
અશરન – શરન જિન, સુજન બરનત હૈ કુ૦ ૧
ભવજલ રાશિભરન, – પતિત – જનતા – તરન,
પ્રવહન અનુકરણ, ચરન સરોજ હૈ કુ૦ ૨
કમઠ – અસુર – માન, ધૂમકેતુ ને સમાન,
મહિમકો નિધાન જ્ઞાન, પાસ જિનરાજ હૈ કુ૦ ૩

સકલતીરથ પ્રધાન, જસ ગુનગન પ્રમાન,
કરત ન સુરગુરુ માન, માનું વડ જહાજ હૈ કુ૦ ૪
પ્રભુ મેરો જીઉ પ્રાન, **જ્ઞાનવિમલ** ગુણખાન,
તારક તુંહિ નિદાન, એહિ મુજ કાજ હૈ કુ૦ ૫

काव्यम् ॥

सामान्यतोऽपि तव वर्णयितुं स्वरूप –
मस्मादशाः कथमधीश ! भवन्त्यधीशाः ? ।
धृष्टोऽपि कौशिकशिशुर्यदि वा दिवान्धो
रुपं प्ररुपयति किं किल धर्मरश्मेः ? ॥ ३ ॥

## સ્તવન-૨

રાગ : વેલાઉલ

ધન ધન પાસ જિણંદા,
તુમ સરૂપ કહવેકું મુજ સમ,
કિમ હોવત મતિમંદા. ધન૦ ૧
નિર્વિશેષથૈં કહેવા સમરથ,
પ્રભુગુનગન – મકરંદા;
અવર દેવ તુમ અંતર બહુતર,
જ્યું સુરતરુ – પિચુમંદા. ધન૦ ૨
દિનકર રૂપ સરૂપ ન જાનેં,
જ્યું કૌશિક – લઘુનંદા;
**જ્ઞાનવિમલ** પ્રભુ – સુગુણ ભણંતા.
હોત સદા આનંદા. ધન૦ ૩

काव्यम् ॥

मोहक्षयादनुभवन्नपि नाथ ! मर्त्यो
नूनं गुणान् गणयितुं न तव क्षमेत !
कल्पान्तवान्तपयसः प्रकटोऽपि यस्मान् –
मीयेत केन जलधेर्ननु रत्नराशिः ? ॥ ४ ॥

## સ્તવન-૩

રાગ : વેલાઉલ સોહવી

પુરિસાદાણી પાસજી, આશા મોરી પૂરો,
દુઃખ અનાદિ પરંપરા, ભવસંકટ ચૂરો પુ૦ ૧

યદ્યપિ કેવલજ્ઞાન થે, લહ્યો તુમ ગુન જોરો,
તો હૈં વચન ગુણે કરી, કહેવા કુન સૂરો પુ૦ ૨

જ્યું કલ્પાંત – પવને કરી, મીટ્યો સકલ ઉસેરો,
રત્નાકરમેં રત્નનો, થયો પ્રકટ ઉકેરો. પુ૦ ૩
દેખે પણ ન ગણી શકે, કુન જાન કિસેરો,
જ્ઞાનવિમલ પ્રભુ ગુણ ઘણા, કહે કિમ તિમ તેરો. પુ૦ ૪

काव्यम् ॥

अभ्युद्यतोऽस्मि तव नाथ । जडाशयोऽपि
कर्त्तुं स्तवं लसदसङ्ख्यगुणाकरस्य ।
वालोऽपि किं न निजबाहुयुंग वितत्य,
विस्तीर्णतां कथयति स्वधियाऽम्बुराशेः ॥ ४ ॥

## સ્તવન-૪

રાગ : લલિત

તુમ્હ ગુન કહેવે કું જિનરાજ !
થયો ઉજમાલ બાલમતિથી પણ;
ભક્તિ પ્રબલથેં અનોપમ આજ તુમ્હ૦ ૧
લસદનંતગુનાકર તુંહી,
સારે ભવિજન વાંછિત કાજ.
એહી સંસાર સમુદ્ર તરવેકું,
પામી તુમ પદ – સેવા – પાજ તુમ્હ૦ ૨
જ્યું બાલક નિજ બુદ્ધિ કરીસું,
ન કહે જલનિધિ – માન સમાજિ

ભુજ પસારી ?, તિમ નય કહે પ્રભુના
ગુન દાખું હું શિવસુખકાજિ તુમ્હ૦ ૩

काव्यम् ॥

ये योगिनामपि न यान्ति गुणास्तवेश !
वक्तुं कथं भवति तेषु ममावकाशः ? ।
जाता तदेवमसमीक्षितकारितेयं
जल्पन्ति वा निजगिरा ननु पक्षिणोऽपि ! ॥ ६ ॥

## સ્તવન-૫

રાગ : ભૂપાલ

જે ગુન જોગીસરિ ન કહાય,
તે ગુન મૈં કિમ વરન્યા જાય જે૦ ૧

અનવિચારિત થયું એ કાજ,
સાહ્ય કરશે શ્રી જિનરાજ જે૦ ૨

મત શંકાયે આતમરામ,
જિનગુનકથનથી સરસ્યેં કામ, જે૦ ૩

પંખી જિમ બોલે નિજ વાની,
તિણિપરિ જિનગુન કરીસ વખાન, જે૦ ૪

જ્ઞાનવિમલપ્રભુ જિનવર નામ,
વધસ્યેં પંડિતજનમાં મામ જે૦ ૫

काव्यम् ॥

आस्तामचिन्त्यमहिमा जिन ! संस्तवस्ते
नामापि पाति भक्तो भवतो जगन्ति ।
तीव्रातपोपहतपान्थजनान्निदाधे
प्रीणांति पद्मसरस :- सरसोऽनिलोऽपि ॥ ७ ॥

## સ્તવન-૬

રાગ : દેશાખ પ્રભાતી

જિન સ્તવન તેરો અચિંત્ય મહિમા,
તેહ કિમ ભણી શકીએ રે,
ભવ થકી જે ભવિક રાખે,
નામે પાવન થઈએ રે. જિન૦ ૧

ભવિક મન - કજ તેહ પ્રીણે,
જાપે શિવસુખ પઈએ રે,
સુમતિ - પ્રકાશ કરે ઘટ ભીતર,
કુમતિ - દાવાનલ દહીએ રે. જિન૦ ૨

પદમ સરોવર દૂરિ રહો તસ,
સરસ સમીરે હરીએ રે,
પંથી જનને તાપ ઉન્હાળે,
શીતલતા તન ધરીએ રે જિન૦ ૩

તિણપરિ તુમચે નામ પ્રતાપે,
ભવદવતાપ શમીએ રે,
**નયવિમલ** કહે પ્રભુ પાસજિણંદ કે,
ધ્યાને અહનિશ રમીએ રે. જિન૦ ૪

काव्यम् ॥

हृद्वर्त्तिनि त्वयि विभो ! शिथिलीभवन्ति
जन्तोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः ।
सद्यो भुजङ्गममया इव मध्यभाग -
मभ्यागते वनशिखण्डिनि चन्दनस्य ॥ ८ ॥

## સ્તવન-૭

રાગઃ વિભાસ પ્રભાતી વસંત

જિન તું વર્તે રે, જિન તું વર્તે રે,
તું મનમેં જિનરાય,

કર્મબંધન તવ શિથિલ હોત હૈ,
પાતક દૂર પલાય. જિન૦ ૧

જિમ મલયાચલ ચંદન તરુને,
ભુજંગ રહ્યા લપટાય,
મોર મધુર ધુનિ કરત મોદશું,
વનભીતરિ જવ આય. જિન૦ ૨

તવ ચંદનના બંધ મિટત સવિ,
તિમ ભવિ ક્રોધકષાય,
**નયવિમલ** કહે ભવવનમાંહિ,
પ્રભુનું નામ સહાય. જિન૦ ૩

काव्यम् ॥
मुच्यन्त एव मनुजाः सहसा जिनेन्द्र !
रौद्रैरुपद्रवशतैस्त्वयि वीक्षितेऽपि ।
गोस्वामिनि स्फुरिततेजसि दृष्टमात्रे;
चौरैरिवाशु पशवः प्रपलायमानैः ॥ ९॥

## સ્તવન-૮

રાગ : રામકલી

તું નયણે જવ દીઠો જગતગુરુ, તું નયણે૦
દુરિત ઉપદ્રવ તવ સવિ નાઠા, અંતર વૈરીઅ નીઠો. જ૦ ૧

નેહ નજરસ્યું નયનાનંદન, નિરખત અમીય પઇઠો,
કહા કરે મોહમહીપતિ અબ થેં, ગાઢો જૂઠો ધીઠો જ૦ ૨

જિમ ચોરે પશુગણ મૂકીજે, જબ બલિયો નૃપ દીઠો,
દિનકર તેજ પ્રબલ પરગટ થેં, પશુપતિ સાથે બેઠો જ૦ ૩

તીન ભુવનમાં તિણિપરિ તુમચો, તેજ પ્રતાપ ન કુંઠો,
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન પસાયે, સબ થૈ હોત ઉક્કિઠો. જ૦ ૪

काव्यम् ॥

त्वं तारको जिन ! कथ भविनां त एव,
त्वामुद्वहन्ति हृदयेन यदुत्तरन्तः ।
यद्वा दतिस्तरति यज्जलमेष नून –
मन्तर्गतस्य मरुतः स किलानुभाव ॥ १० ॥

## સ્તવન-૯

રાગઃ ભૈરવ

તુ જ્યો તું જ્યો પાસજિનરાજ રે,
તુજ થકી સવિ સરે ભવિકનાં કાજ રે. તું૦ ૧

દેખો પ્રભુ પાસકી અજબ હે વાત રે,
બિરુદ તારકતણું કેમ ધરાત રે. તું૦ ૨

તુજ પ્રતિ જેહ ભવિ હૃદય ધરંત રે,
આપ બલે ભવજલ તેહ તરંત રે. તું૦ ૩

એહ સંદેહ મોટો મનમાંહિ રે,
પિણ મિલે એક દૃષ્ટાંત છે તાંહિ રે તું૦ ૪

જિમ તરે મશક નિશ્ચે બહુ વારિ રે,
તેહ અંતર્ગત પવન પ્રચાર રે તું૦ ૫

તિણિપરે તુંહિ જસ અંતરિ હોય રે,
નય કહે તે તરે ભવિક જન સોય રે તું૦ ૬

काव्यम् ॥

यस्मिन् हरप्रभृतयोऽपि हतप्रभावा :
सोऽपि त्वया रतिपतिः क्षपिनः क्षणेन ॥
विद्यापिता हुतभुज : पयसाऽथ येन,
पीतं न किं तदपि दुर्द्धरवाडवेन ? ॥ ११ ॥

## સ્તવન-૧૦

રાગ: મલ્હર

કામસુભટ ગયો હારી પ્રભુ થેં, કામસુભટ ગયો હારી,
રતિપતિ આણ વશે સવ સુરનર, હરિહર. બંભ મુરારી પ્રભુ૦ ૧

ગોપીનાથ વિગોપિત કીનો, હર અર્ધાંગિત નારી,
તેહ અનંગ કીઓ ચકચૂરણ, એ અતિશય તુજ ભારી. પ્રભુ૦ ૨

એ સાચું જિમ નીર પ્રભાવે, અગ્નિ હોત સવિ છારી,
તે વડવાનલ પ્રબલ જબ પ્રગટે, તવ પીવત સવિ વારી પ્રભુ૦ ૩

તિણિપરિ તે તેં હડુવટ કીનો, વિષય અરતિ રતિ નારી,
**નયવિમલ** પ્રભુ તુંહિ નિરાગી, મોટો મહાબ્રહ્મચારી. પ્રભુ૦ ૪

काव्यम् ॥

स्वामिन्ननल्पगरिमाणमपि प्रपन्ना –
स्त्वां जन्तव: कथमहो ! हृदये दधाना: ? ।
जन्मोदधि लघु तरन्त्यतिलाघवेन
चिन्त्यो न हन्त महतां यदि वा प्रभाव: ॥ १२ ॥

## સ્તવન-૧૧

રાગ : દેવગાંધાર

પ્રભુકી શક્તિ અચિંત, દેખો માઈ, પ્રભુ૦
મંદરગિરિ પરે મોટો મહિમા, તાહરો હૃદય ધરંત. દેખો૦ ૧

શીઘ્રપણે કરી સાહિબ સાહિબ, ભજતા સંત અનંત,
એહ અનોપમ ઉપમા દીસે, ભવજલરાશિ તરંત. દેખો૦ ૨

ગુરુને તરવું દુસ્તર દીસે, છે ગુરુ પણ તરે તારે
એ તો વાત મહંત,
**જ્ઞાનવિમલ** પ્રભુ મહિમાના ગુણ કહી શકે નહિ તંત. દેખો૦ ૩

काव्यम् ॥

क्रोधस्त्वया यदि विभो! प्रथमं निरस्तो
ध्वस्तास्तदा वत कथं किल कर्मचौराः?।
प्लोषत्यमुत्र यदि वा शिशिरापि लोके
नीलद्रुमाणि विपिनानि न किं हिमानी? ॥ १३ ॥

## સ્તવન-૧૨

રાગઃ ટોડી

કવણ તુમ્હારો મર્મ લહીએ રી, પાસ જિણેસર તું પરમેસર,
અજબકલા કહો કવણ કહીએ રી. ક૦ ૧
ક્રોધકષાય હણ્યા તેં પહિલા, તવ થયો ઉપશમવંત શરીરી,
ક્રોધ વિના તે કિમ કરી ટાળ્યા, અંતર દુર્ધર કર્મ અરીરી. ક૦ ૨
ક્ષમાવંતને હણવું ન ઘટે, એ કિમ અર્થ સમર્થ હવેરી,
માનું હિમ જિમ શીત પ્રકૃતિ પણ, નીલકમલદલ વિપિન દહેરી. ક૦ ૩
તેંસેં બાહ્ય અભ્યંતર દુશ્મન, હણિયા સમતાભાવ થકીરી,
નય કહે દુશ્મન દૂર કરનકું, રોમે રોમે તુમ ભક્તિ છકીરી. ક૦ ૪

काव्यम् ॥

त्वां योगिनो जिन! सदा परमात्मरूप -
मन्वेषयन्ति हृदयाम्बुजकोशदेशे।
पूतस्य निर्मलरुचेर्यदि वा किमन्य -
दक्षस्य सभविपदं ननु कर्णिकायाः ॥ १४ ॥

## સ્તવન-૧૩

રાગ: માલવી ગોડી

મેરે પ્રભુ તુંહિ નિરંજન દેવા
યોગીસર પણ હૃદયકમલમેં, ધ્યાઈ તુમ પદ સેવા. મેરે૦ ૧
પરમપુરુષ પરબ્રહ્મ સરૂપી, તુમ જોવત નિતમેવા,
થાનક અવર રુચે નહિ તુમને, ગજમનિ સાલર રેવા. મેરે૦ ૨

જિમ નિર્મલરુચિ કમલ અક્ષમે, થાનક અવર ન ટેવા,
પદ્મનાલથેં ઓર ન સૂજે, જિમ તું ધ્યાન જપેવા. મેરે૦ ૩
જિન તુજ છોડી અવર કુણ ધ્યાવત, લિઈ ખલખલ લહી મેવા;
**નયવિમલ** કહે ઈહભવે પરભવે, તુંહિ જ મુજ શિર દેવા. મેરે૦ ૪

काव्यम् ॥

ध्यानाज्जिनेश ! भक्तो भविनः क्षणेन,
देहं विहाय परमात्मदशां व्रजन्ति ।
तीव्रानलादुपलभावमपास्य लोके,
चामीकरत्मचिरादिव धातुभेदाः ॥ १४ ॥

## સ્તવન-૧૪

રાગ : પૂરવ અથવા આશાઉરી

પ્રભુ તુમ ધ્યાન થકી ભવિ પ્રાણી, તે હોએ ખિણમાં કેવલનાણી,
કર્મ નિકાચિત મલ ખય થાવે, જ્યોતિસરૂપ દશા પ્રગટાવે. પ્રભુ૦ ૧
જિમ જગમાં છે ધાતુવિભેદા, કનક ઘણું પામે નિરવેદા,
ઉપલભાવ છાંડીને વેગે, તીવ્ર અગ્નિને તાપ સંયોગે. પ્રભુ૦ ૨
તિણિપરિ પાર્થિવરૂપી કાયા, હોઈ અભેદ પરમાતમ રાયા
**જ્ઞાનવિમલ** પ્રભુકે ગુન ગાયા, તિનથેં સમકિત હોત સવાયા પ્રભુ૦ ૩

काव्यम् ॥

अन्तः सदैव जिन । यस्य विभाव्यसे त्वं
भव्यैः कंथ तदपि नाशयसे शरीरम् ? ।
एतत्स्वरूपमथ मध्यविवर्त्तिनो हि,
यद्विग्रहं प्रशमयन्ति महानुभावाः ॥ १६ ॥

## સ્તવન-૧૫

રાગ : કેદારો

તુમ ધ્યાન સદા નિરવહિએ, જસ શરીરમાંહિ તું રહિએ;
તસ નાશ હોએ કિમ ઈશ, એ અર્થ ન ઘટતો દીસે. તુમ૦ ૧

એ સાચી અર્થની વાણી, એ છે સંત તણી સહનાણી (?)
જે મોટા સાધુ કહાવે, તે વિગ્રહને રે સમાવે. તુમ૦ ૨
વિગ્રહ તનુ યુદ્ધ કહીજે, બિહું ભેદે અર્થ લહીજે;
અરૂપી રૂપી યોગ, જે કર્મ જીવ સંયોગ. તુમ૦ ૩
ઝઘડો જવ તેહનો માંજ્યો, તવ અંતર રિપુગણ ગાંજ્યો;
**નયવિમલ** પ્રભુગુન પાયા, તવ જીત નિશાન બજાયા. તુમ૦ ૪

काव्यम् ॥

आत्मा मनीषिभिरयं त्वदभेदबुद्धया
ध्यातो जिनेन्द्र ! भवतीह भवत्प्रभाव: ।
पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानं
किं नाम नो विपविकारमपाकरोति ? ॥ १७ ॥

## સ્તવન-૧૬

રાગ : મારૂ

પાસજિન પાયો હો, પ્રભુ સાહિબ પાયો હો;
ભવભયથી બીહતે હવે, તુમ ચરણે આયો હો. પ્રભુ૦ ૧

તુમથી અભેદબુદ્ધિ કરી, એ આતમ ધ્યાયો હો;
તુમ ભાવિં તુમ સારિખો, હોએ તેહ સવાયો હો. પ્રભુ૦ ૨

જિમ કેવલ જલ ચિંતવ્યું, અમૃત ઇતિ ભાવે હો;
મહામંત્ર અનુભાવથી, વિષવિકૃતિ ગમાવે હો. પ્રભુ૦ ૩

તિમ પ્રભુ નામ પ્રભાવથી, નિર્વિષ હોયે પ્રાણી હો;
**નયવિમલ** જિન ધ્યાનની, એ છે એ અવલ નિશાની હો. પ્રભુ૦ ૪

काव्यम् ॥

त्वामेव वीततमसं परवादिनोऽपि
नूनं विमो ! हरिहरादिधिया प्रपन्ना: ।
किं काचकामलिभिरीश ! सितोऽपि शङ्खो
नो गृह्यते विविधवर्णविपर्ययेण ? ॥ १८ ॥

## સ્તવન-૧૭

રાગ : સામેરી

મેરો સાહિબ અંતર્યામી હો, અલખ અરૂપ અને અવિનાશી;
કામિતદાય અકામી હો. મેરો૦ ૧

નિરાગી તે દેવ કહીજે, પણ ગતિ તિણે નવિ પામી હો;
હરિ હર બુદ્ધિ તુંહિ જ ધ્યાવે, પરવાદી શિર નામી હો. મેરો૦ ૨

શંખ ધવલ પણ વિવિધ વર્ણની, ભ્રાંતિ પીત કરી જાની હો;
તિમિરરોગભાવે કરી તિણિપરે, પરતીર્થિક કહે માની હો. મેરો૦ ૩

પણ પરમારથબુદ્ધિ તુંહિ, વીતરાગ કરી વાની હો;
નય કહે તુમ વિણ અવર ન કોઈ, ભૂતલ દેવ સુગ્યાની હો. મેરો૦ ૪

काव्यम् ॥

धर्मोपदेश समये सविधानुभावा –
दास्तां जनो भवति ते तरुरप्यशोकः ।
अभ्युद्गते दिनपतौ समहीरुहोऽपि
किं वा विबोधमुपयाति न जीवलोकः ? ॥ १९ ॥

## સ્તવન-૧૮

રાગ : બિહાગડો

સાંઈ સરૂપ કૈસે પાઉં રી, જો થિરતા નવિ હોય;
કાળ અનાદિ મેં વિષય કષાયે, યુંહિ ગયે ભવ ખોય. સાંઈ૦ ૧

ધર્મદેશના અવસરે તુમ છે, તરુ અશોક જ હોઈ;
ભવિકલોક અશોક જે હોઈ, ઈહાં અચરિજ નહિ કોઈ. સાંઈ૦ ૨

સાત ઈતિ તસ દૂરિ ટલત હૈ જિહાં વિચરત તું જોય;
જ્યું દિનકર જગત થૈં વિકસત, સમહીરૂહ જીયલોય. સાંઈ૦ ૩

ગુણ સ્વરૂપ જે જે પ્રગટાવે, એ પ્રતાપ સવિ તોય;
નય કહૈં ભવબંધન છોડણ કું, ઐસો દેવ ન કોય. સાંઈ૦ ૪

काव्यम् ॥

चित्रं विभो! कथमवाङ्मुखवृन्तमेव
विष्वक् पतत्यविरला सुरपुष्पवृष्टिः ? ।
त्वद्गोचरे सुमनसां यदि वा मुनीश!
गच्छन्ति नूनमध एव हि बन्धनानि ॥ २० ॥

## સ્તવન-૧૯

રાગ : નટ

જિન સેવો રે લય લાઈ, સખિ ! તન મન વચનસું લય લાઈ;
જિનકી સંગતિસેં સુખ પાવે, યાહી મનુજજનુ – ફલદાઈ. જિન૦ ૧
સુરકૃત કુસુમવૃષ્ટિ ઘન નિપતત, પંચ વરન સુખદાઈ;
બિંટ અધોમુખ જાનુ પ્રમાને, યોજનમાને સમુદાઈ. જિન૦ ૨
એ અચરિજ નહિ અરથ મિલત હૈ, તુમ સમીપનો ગુણ યાહી,
સુમનસબંધન હોત અધોમુખ, વયર વિરોધ ન કાંઈ. જિન૦ ૩
સુમનસ પંડિત કુસુમ સુહૃદજન અર્થ અનેક અછે યાહી;
યા અથાહ ભવસાયર તરિયા, તે નર જે તેં ગ્રહ્યા બાંહી. જિન૦ ૪
તીનભુવન – મંડપમેં તુમચી, કીરતિ કલ્પલતા છાઈ;
**જ્ઞાનવિમલ** કહે સુખ દેવનકું, પાસ જિનેસર હે સાંઈ. જિન૦ ૫

काव्यम् ॥

स्थाने गमीरहृदयोदधिसम्भवायाः
पीयूषतां तव गिरः समुदीरयन्ति ।
पीत्वा यतः परमसम्मदसङ्गभाजो
भव्या व्रजन्ति तरसाऽप्यजरामरत्वम् ॥ २१ ॥

## સ્તવન-૨૦

રાગ : કેદારો

સુગુણ સુજ્ઞાની સાહિબ સુગુણ સુજ્ઞાની,
પરમપુરુષ પ્રભુ પુરિસાદાણી. સાહિબ૦ ૧

અમીયસમાણી જાગી તુમચી વાણી,
યુક્તવયણ કહે એહ પ્રમાણી. સાહિબ૦ ૨
હૃદય – ગંભીર ખીર જલનિધિ જાતા,
સકલ સમયમાં જેહ વિખ્યાતા. સાહિબ૦ ૩
વચનસુધારસપાનથી ધાવે,
અજર અમરતા ભવિજન પાવે. સાહિબ૦ ૪
પરમ પ્રમોદ પ્રસંગ સદાઈ,
નય કહે તે લહે પ્રભુ સુપસાઈ. સાહિબ૦ ૫

काव्यम् ॥

स्वामिन् ! सुदूरमवनम्य समुत्पतन्तो
मन्ये वदन्ति शुचयः सुरचामरौधाः ।
येऽस्मै नतिं विदधते मुनिपुङ्गवाय
ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ॥ २२ ॥

## સ્તવન-૨૧

રાગ : કાનડો

પ્રેમે પાયે લાગું જિનવર, ચરણે શીશ – કર જોડી;
શિવસુખ કારણ તારણ ચરચિત, કુન કરે જિનકી હોડી. પ્રેમ૦ ૧
ઉતપત નિપતત નિર્મલ ભાસુર, ચામર બિહું પખે સોહે;
માનું એણીપરે ભવિક લોકને, કહેવાને પડિબોહે. પ્રેમ૦ ૨
અમ પરિ જે જિનવરને નમશે, તે ઊરધગતિ લહેસ્યેં;
શુદ્ધ ભાવશું સકલ કારજ કરી, શિવગતિ રમણી વરસ્યેં. પ્રેમ૦ ૩
પ્રાતિહારિજ હારિ જ જિનની, નિશદિન સેવા સારે;
નય કહે એ બિનુ અવર ન દૂજો, ભવજલ પાર ઉતારે. પ્રેમ૦ ૪

काव्यम् ॥

श्यामं गमीरगिरमुज्जवलहेमरत्न –
सिंहासनस्थमिह भव्यशिखण्डिनस्त्वाम् ।

आलोकयन्ति रभसेन नदन्तमुच्चै –
श्चामीकराद्रिशिरसीव नवाम्बुवाहम् ॥ २३ ॥

## સ્તવન-૨૨

રાગ : વૃંદાવની સારંગ

નિરખત હે ભવિ મોર, સિંહાસને નિરખત હે ભવિ મોર;
જિનજીકું પેખત આનંદ ઉપજત, જ્યું વિધુ દેખિ ચકોર. સિંહા૦ ૧
સજલ જલદ વનિ નીલકમલ તનુ, કરત મધુર ધ્વનિ ઘોર;
ઉજ્જ્વલ હેમ રતન સિંહાસન, ઉપર બેઠી કઠોર. સિંહા૦ ૨
જ્યું મંદરગિરિ શિખર શિરોપરિ, નિરખત કેકિ – કિશોર;
જલધર શ્યામ ગુહિર ધ્વનિ ગાજત, દામિની ચમકત જોર. સિંહા૦ ૩
તિણપરિ બરસત દેશનધારા, હરખિત કરત હિંસોર;
**નયવિમલ** પ્રભુ વચનસુધારસ, – સમ નહીં કો રસ ઓર. સિંહા૦ ૪

काव्यम् ॥

उद्गच्छता तव शितिघुतिमण्डलेन
लुप्तच्छदच्छविरशोकतरुर्बभूव ।
सान्निध्यतोऽपि यदि वा तव वीतराग !
नीरागतां व्रजति को न सचेतनोऽपि ? ॥ २४ ॥

## સ્તવન-૨૩

રાગ : શ્રીરાગ

પ્રભુ તુમ દરિસન હરખ કરે, બહ ભવસંચિત પાપ હરે;
જાંગુલિજાપથી વિષ જિમ નાસે, શિશિરઋતે જિમ પાન ખરે. પ્રભુ૦ ૧
ભામંડલયુત તનુની શોભા, તરણિકિરણથી બહુ પસરે;
તરુ અશોક પણ તેહી અપની, પત્રકીર્તિ ગતરાગ ધરે. પ્રભુ૦ ૨
તો કુણ ચેતનાસંયુત પ્રાણી, તુમ ભગતિથી કર્મ ઝરે;
નીરાગીની સંગતિગુણથી, યુક્ત એહ વીતરાગ કરે. પ્રભુ૦ ૩

જિમ ઈલી – ભમરીની સંગતિ, ભમરીરૂપે આપ કરે;
નયવિમલ કહે સાહિબ તેહી જ, સેવક આપ સમાન કરે પ્રભુ૦ ૪

काव्यम् ॥

भो भोः ! प्रमादमवधूय भजध्वमेन –
मागत्य निर्वृतिपुरीं प्रति सार्थवाहम् ।
एतन्निवेदयति देव ! जगत्त्रयाय,
मन्ये नदन्नभिनभः सुरदुन्दुभिस्ते ॥ २५ ॥

## સ્તવન-૨૪

રાગ : પૂરવી

નિતુ નિતુ સાંભરે તું હિ જિણંદા.
પાસ પ્રભુ મેરે દિલથે ન જાવત, પાવત, આતમ પરમાનંદા. નિતુ૦ ૧

સુરદુંદુભિ આકાશે બાજતી, માનું ભવિકકું એમ ભણંતી;
ભવિ – મધુકર તુમ એહિ સેવો, પાવન પ્રભુ કે પદ અરવિંદા. નિતુ૦ ૨

કર્મકષાય પ્રમાદ તજીને, જિમ લહો અવિચલસુખ અમંદા;
સારથવાહ એ મુગતિપુરીનો, તીનભુવન નહિ તવ છલ ઇંદા. નિતુ૦ ૩

પ્રભુ શું નેહ લગ્યો જ્યું ચકવા, દિનકર જ્યું રયણાયર ચંદા;
નય કહે ભવિભવિં ઓર ન સેવું, તું સાહિબ મેં ખિજમત બંદા. નિતુ૦ ૪

काव्यम् ॥

उद्योतितेषु भवता भुवनेषु नाथ !
तारान्वितो विधुरयं विहताधिकारः ।
मुक्ताकलापकलितोच्छ्वसितातपत्र–
व्याजात् त्रिधा घृततनुर्ध्रुवमभ्युपेतः ॥ २६ ॥

## સ્તવન-૨૫

રાગ : સામેરી

તીન છત્ર શિર ઉપર બાજે, તીનભુવન ઠકુરાઈ છાજે;
સેવક સુપરિ નિવાજે. ૧

તેં પ્રકાશ ત્રિભુવનમાં કીનો, બાહ્ય અભ્યંતર તમ સવિ છીનો;
ચંદ થયો તવ હીનો. ૨

જિન તેજે થયો ગત અધિકારે, છત્રમિશે તુમ સેવા સારે;
તીનરૂપ કરી સારે. ૩

મુક્તાફલ તારા પરિવાર, નિશ્ચે જાણો એહ પરિવાર;
પ્રભુ મેરો અડવડિયા આધાર. ૪

નયવિમલ ઉત્તમ આચાર, સેવાથી હોયે જયજયકાર;
જિન ! વાંછિતદાતાર ! ૫

काव्यम् ॥

स्वेन प्रपूरितजगत्त्रयपिण्डितेन
कान्तिप्रतापयशसामिव संचयेन ।
माणिक्यहेमरजतप्रविनिर्मितेन
सालत्रयेण भगवन्नभितो विमासि ॥ २७॥

## સ્તવન-૨૬

રાગ : સારંગ

જિન શોભત હે સમવસરનમેં,
ઉદયાચલ શિખરોપરિ સુંદર, રાજતિ જ્યું ભર કિરણમેં. જિન૦ ૧
માણિક હેમ રજતમય ભાસુર, ચોપખે રતી નવ રણમેં;
તીન ભુવનમેં એહી અનુપમ, રાખણકું કિય શરણ મેં. જિન૦ ૨
માનું નિજ કાંતિ પ્રતાપ યશોભર, પૂરણ પૂરત ભુવનમેં;
તાકું શેષ રહ્યો જે પ્રભુકી, ઘેર રહ્યો ગદરૂપમેં. જિન૦ ૩
ચઉવિધ દેશન દેત ચતુર્મુખ, ભવિકું સુખ અનુકરણમેં;
નય કહે પાસ જિનેસર પરગટ, પાવન ભવજલ ભરણમેં. જિન૦ ૪

काव्यम् ॥

दिव्यस्त्रजो जिन ! नमत्त्रिदशाधिपाना-
मुत्सृज्य रत्नरचितानपि मौलिबन्धान् ।
पादौ श्रयन्ति भवतो यदि वा परत्र
त्वत्सङ्गमे सुमनसो न रमन्त एव ॥ २८ ॥

## સ્તવન-૨૭

રાગ : કેદારો ગોડી

મૈં કીનો સાહિબ ! તો શું અવિહડ રંગ;
સો ન મિટે કબહી કરુણાકર, જ્યું ગંગાધર ગંગ. મૈં૦ ૧

માનવ – હંસ જ્યું પંકજ – મધુકર, વિંધ્યાચલ – માતંગ;
અર્થ – સૂત્ર પટ – તંતુ તણી પરિ, પ્રીતિ અભંગ સુચંગ. મૈં૦ ૨

કુસુમદામ સુરની તુજ પદકજ, સેવા કરતી સંગ;
રત્નરચિત સુર મુકુટ તજીને, એહિ જ અતિશય રંગ. મૈં૦ ૩

નય કહે તિમ મુજ મન તુમ ચરને, લીનો હે એકાંગ;
મોજ મહીરાણ સાહિબનો અવિચલ, નિર્મલધ્યાનતરંગ. મૈં૦ ૪

काव्यम् ॥

त्वं नाथ ! जन्मजलधेर्विपराङ्मुखोऽपि
यत्तारयस्यसुमतो निजपृष्ठलग्नान् ।
युक्तं हि पार्थिवनिपस्य सतस्तवैव
चित्रं विभो ! यदसि कर्मविपाकशून्यः ॥ २९ ॥

## સ્તવન-૨૮

રાગ : આશાઉરી

પાસ મોહિ તારી પાસ જિણંદા,
ચઉ ગઈ ગમન નિવારી મોરા સ્વામી રે;
સેવકને દિલમેં ધારી મોરા અંતરયામી રે. પાસ૦ ૧

જે ભવિ વિલગા બાંહિ તુમ્હારે,
ભવજલનિધિ તસ પાર ઊતારે. પાસ૦ ૨
ઘટ પરિ એ તુજ ઘટતું દીસે,
હેજે હિયડલું મુજ અતિહીસે. પાસ૦ ૩
અચરિજ કર્મવિપાક ના તારે,
ઘટને પાવનગુણ વિવહારે. પાસ૦ ૪
તું નિસ્સંગ નિરંજન ત્રાતા રે,
**નયવિમલ** પ્રભુ શિવસુખ દાતા રે. પાસ૦ ૫

काव्यम् ॥
विश्वेश्वरोऽपि जनपालक ! दुर्गतस्त्वं
किं वाऽक्षरप्रकृतिरप्यलिपिस्त्वमीश ! ।
अज्ञानवत्यपि सदैव कथञ्चिदेव
ज्ञानं त्वयि स्फुरति विश्वविकाशहेतुः ॥ ३० ॥

## સ્તવન-૨૯

રાગ : આશાઊરી

પ્રભુ ! તુમ ગુણ કિમ ગણના કીજે, વચન અગોચર ચરિત કહીજે;
તું જગનાથ અનાથ – ગુંસાઈ, નિર્ધન થેં પ્રભુતા કિમ પાઈ. પ્રભુ૦ ૧
યોગી અયોગી ભોગી અભોગી, વિષયરહિત બહુ વિષયી ભોગી;
અક્ષરગતિ ને અલિપિ દીસે, તું અરિઘાતક પણ નહિ રીસે. પ્રભુ૦ ૨
જ્ઞાનવંત અજ્ઞાનને રાખે, હિત મૃદુ કથક યથાસ્થિત દાખે;
તુંહી સકલગુરુ ગુરુ નવિ હોઈ, આપ નિરાગી રાગી સહુ કોઈ. પ્રભુ૦ ૩
અણભણિયો પણ પંડિત સહુથી, અનલંકારી સુભગ બહુથી;
તું વ્રતધારી નિર્વૃતિ નારી, નિશદિન વિલસે તું અવિકારી. પ્રભુ૦ ૪
ઇણિપરિ તારો મહિમા ઝાઝો, તુંહિ જ નિરાશી એ છે આઝો;
**નયવિમલ** પ્રભુ જગદુપકારી, સુરતરુ તુજ પરિ કરું ઉવારી. પ્રભુ૦ ૫

काव्यम् ॥

प्राग्भारसंभृतनभांसि रजांसि रोषा –
दुत्थापितानि कमठेन शठेन यानि ।
छायापि तैस्तव न नाथ ! हता हताशो
ग्रस्तस्त्वमीभिरयमेव परं दुरात्मा ॥ ३१ ॥

यद्गर्जदूर्जितघनौघमदभ्रभीमं
भ्रश्यत्तडिन्मुसलमांसलघोरधारम् ।
दैत्येन मुक्तमथ दुस्तरवारि दध्रे
तेनैव तस्य जिन ! दुस्तरवारिकृत्यम् ॥ ३२ ॥

ध्वस्तोर्ध्वकेशविकृताकृतिमर्त्यमुण्ड –
प्रालम्बभृद्भयदवक्त्रविनिर्यदग्निः ।
प्रेतव्रजः प्रतिभवन्तमपीरितो यः
सोऽस्याऽभवत् प्रतिभवं भवदुःखहेतुः ॥ ३३ ॥

## સ્તવન-૩૦

રાગ : કડખો મલ્હાર કે આશાઉરી

જ્યો પાસ જિનરાજ દિનરાજ પરિ દીપતો, કમઠ રાહુનો માન ગાલ્યો;
રોષથી ઊપડી ભુંઈથી પડપડી, નહતલિં છાઈઓ રવિતેજાલો. જ્યો૦ ૧

તેણિ રજે તાહરી કીર્તિ પણ નવિ હણી, તેણિ રજે દુષ્ટનો જોર લાગો;
તેહ હતઆશ ભવપાશમાં બહુ ફરે, રંક પરિ રડવડે કમઠ નાગો. જ્યો૦ ૨

ઘોર ઘનજોર ગર્જારવે મુસલપરિ, પુષ્ટધારા જલધાર કીનો;
વીખર્યા કેશ વિકરાળ ઝાલા મુખે, મર્ત્યના મુંડ રૂંડમાલ લીનો. જ્યો૦ ૩

ઈણિપરિ પ્રેતનો પુંજ બહુ પરિકરી, વિકૃત આકાર તરવારિધારિ;
તિણિસમે ભક્ત ધરણિંદ પદ્માવતી, આવિયાં દેખી ગયો કમઠ હારી. જ્યો૦ ૪

પ્રગટ પરતો પ્રભુ પાસનો મહિયલિ; દીપતો દાસની આશ પૂરે;
વદતિ નયવિમલ પ્રભુ નામ અભિરામથી, વિકટ સંકટ તણા ચક્ર ચૂરે. જ્યો૦ ૫

काव्यम् ॥

धन्यास्त एव भुवनाधिप ! ये त्रिसन्ध्य ॐ
माराधयन्ति विधिवद् विधुतान्यकृत्याः ।
भक्त्योल्लसत्पुलकपक्ष्मलदेहदेशाः
पारद्वयं तव विभो ! भुवि जन्मभाजः ॥ ३४ ॥

## સ્તવન-૩૧

રાગ : ગોડી

કરો માઈ જિનવંદન ભવમોચન,
ભક્તિવંત ધન તે નરનારી, જે કરે તુજ પદકજ – મહન. કરો૦ ૧
અનુદિન આરાધે ત્રિણ સંધ્યે, વિમલકમલદલલોચન;
તીનભુવનજનપાવન શ્રીજિન, ભગતવચ્છલ અશરનશરન. કરો૦ ૨
વિધિશું ત્રિકરણશુદ્ધિ કરીને, છંડી કારિજ કર્મ ઘન;
બહલ પ્રમોદ મુદિત મન પંકજ, આરાધે ધન તેહ જન. કરો૦ ૩
અશ્વસેનકુલકમલ વિકાસન, ભાસન ભાનુ સમાન ગુન,
નયવિમલ પ્રભુ મંગલકાનન, સેચન નીલ વરન તન. કરો૦ ૪

काव्यम् ॥

अस्मिन्नपारभववारिनिधौ मुनीश !
मन्ये न मे श्रवणगोचरतां गतोऽसि ।
आकर्णिते तु तव गोत्रपवित्रमन्त्रे
किं वा विपद्विषधरी सविधं समेति ? ॥ ३५ ॥

## સ્તવન-૩૨

રાગ : રામગિરિ

પ્રબલ પુણ્યે પાસ જિનવર, પામિયો દીદાર રે;
માનું અમૃતપૂર્ણ લોચન, શાંતરસ ભૃંગાર રે. પ્ર૦ ૧

આજ પહેલાં ઈણી સંસારે, સુણ્યો મેં નવિ કાને રે;
ભુવનનાયક સુખદાયક, તે લહ્યું અનુમાને રે. પ્ર૦ ૨

જે ભણી ભવદુઃખ દુષ્ટ વિષધર, રહે છે કિમ પાસ રે;
નવિ સુણ્યુ તુજ નામ ગારુડ, મંત્ર મહિમા ખાસ રે. પ્ર૦ ૩

સર્વ દુશ્મન દૂરે નાસે, ટલે દોહગ દૂર રે;
નયવિમલ પ્રભુ નામ સમરણ, હોયે સુખ ભરપૂર રે. પ્ર૦ ૪

काव्यम् ॥

जन्मान्तरेऽपि तव पादयुगं न देव!
मन्ये मया महितमीहितदानदक्षम् ।
तेनेह जन्मनि मुनीश! पराभवानां
जातो निकेतनमहं मथिताशयानाम् ॥ ३६ ॥

## સ્તવન-૩૩

રાગ : કલ્યાણ

અનીએ પાસ આરાધો,
દુઃખ ચૂરણ મન વંછિત પૂરણ, એહી જ સુરતરુ સાધો. અ૦ ૧
જન્માંતર પણ તુજ પદ પંકજ, પૂજિત નહિય લગાર,
ઈમ જાણું છું નહિતર આપદ, કિમ આવે નિરધાર. અ૦ ૨
ઈહભવિ પર ભવિ તો દુઃખ આવે, જો નવિ કીધી સેવા,
પાયો પણ તુમને નવિ ધ્યાયો, દેવ બુદ્ધિ કરી દેવા. અ૦ ૩
વામાનંદન ચંદન શીતલ, નેહ નયણ શું નિરખો,
નય કહે બાંહિ ગ્રહીને કીજે, સેવક આપ સરિખો. અ૦ ૪

काव्यम् ॥

नूनं न मोहतिमिरावृतलोचनेन
पूर्वं विभो! सकृदपि प्रविलोकितोऽसि ।
मर्माविधो विधुरयन्ति हि मामनर्थाः
प्रोद्यत्प्रबन्धगतयः कथमन्यथैते? ॥ ३७ ॥

## સ્તવન-૩૪

રાગ : વસંત કાફી

અરિહંત અબ ઈતની સુનો, એક દાસ તણી અરદાસ હો,
બહોત કાલ ફીરતાં થયો, અબે આયો હું તુમ પાસ હો. અરિ૦ ૧

મોહતિમિર જોરે કરી, મતિમૂઢ કદાગ્રહ ધીઠો હો,
એકવાર પણ તાહરું દરિસન, જગે નયણે ન દીઠો હો. અરિ૦ ૨

એહ અનર્થ પરંપરા, કિમ પીડે છે સંસારે હો,
સુકૃત સુકૃત અનુસારિયાં, નવિ મિલે સુખ લગારે હો. અરિ૦ ૩

તેહ ભણી એમ જાણું છું, મન શુદ્ધે ન કીધી સેવ હો,
નય કહે હવે નિશ્ચય ધર્યો, ભવ ભવ મુજ તુંહી જ દેવ હો. અરિ૦ ૪

काव्यम् ॥

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि
नूनं न चेतसि मया विधृतऽसि भक्त्या ।
जातोऽस्मि तेन जनबान्धव ! दुःखपात्रं
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ॥ ३८ ॥

## સ્તવન-૩૫

રાગ : કાફી

પ્રભુ સાહિબ કિમ પાઈએ હો,
અહો મેરે પ્યારે તન મન વચ કરી શુદ્ધ,
જો સાહિબ ચિત્ત લાઇએ હો. પ્રભુ૦ ૧

સુણિયો નામ તુમારો શ્રવણે, નયણે નીરખ્યું અંગ;
પૂજ્યું વિવિધ પ્રકારે તુમચું, બિંબ અનોપમ ચંગ. પ્રભુ૦ ૨

બાહ્ય વિનય સવિ બહુ પરિ કીધો, પણ સીધો નવિ કામ;
ભક્તિ થકી ચિત્તમાં નવિ ધાર્યો, તાર્યો નહીં આતમરામ. પ્રભુ૦ ૩

ભાવશૂન્ય કિરિયા સવિ ન ફળે, જ્યું ગગને ચિત્રામ,
તપ જપ સંયમ કષ્ટ વિતથ સવિ, હોયે જવ નિજ મન વામ. પ્રભુ૦ ૪

દેવ બુદ્ધિ કરી તું જબ ધ્યાયો, તવ સીઝે સવિ કામ,
**નયવિમલ** કહે દુઃખ દૂર પ્રણાસે, સમરે ભાવે તુજ નામ. પ્રભુ૦ ૫

काव्यम् ॥

त्वं नाथ ! दु:खिजनवत्सल ! हे शरण्य !
कारुण्यपुण्यवसते ! वशिनां वरेण्य !
भक्त्या नते मयि महेश ! दयां विधाय
दु:खाङ्कुरोद्लनतत्परतां विधेहि ॥ ३९॥

## સ્તવન-૩૬

રાગ : કાફી-દખ્ખણી

નાથ નિરંજન જગદાધાર, તું દુઃખિત જન કરુણાગાર;
સાહિબ સેવીએ, હાં રે મેરે આતમ શ્રી જિન સેવીએ. સા૦ ૧
દયા કરો પ્રભુ દેવ દયાલ, ભવ ભવનાં છેદો દુઃખ જાલ. સા૦ ૨
જગદીસર તુંહિ મુનિનાથ, સાચા સાજન શિવ પુર સાથ. સા૦ ૩
હું તો પ્રણમું તોરા પાય, ટાલો કઠિન મુજ કર્મ કષાય. સા૦ ૪
પ્રભુ તારણહાર, અવર ન કો ઇણે સંસાર. સા૦ ૫

काव्यम् ॥

नि:सङ्ख्यसारशरणं शरणं शरण्य-
मासाद्य सादितरिपु प्रथितावदातम् ।
कत्वत्पादपङ्कजमपि प्रणिधानवन्ध्यो
वध्योऽस्मि चेद् भुवनपावन ! हा ! हतोऽस्मि ॥ ४० ॥

## સ્તવન-૩૭

રાગ : કાફી-હુસેની કેદારા ચાલી

સલૂણે સાહિબ બિનું કૈસે ભવ પારા,
ચાહું રે હું તુમચી દીદારા-સુણો લોકો. સ૦ ૧

મંદરગિરિથી અધિક હે સારા,
તુંહી જ અંતર વૈરી નિવારા. સ૦ ૨

તુમ પદ લહી જો ભાવે ન નમીયો,
તો જન્મ હમારો ઇમ આલે ગમીયો. સ૦ ૩

ભુવન પાવન અબ ખેદ-નિવારા,
**જ્ઞાનવિમલ** પ્રભુ પ્રાન આધારા. સ૦ ૪

काव्यम् ॥

देवेन्द्रवन्द्य ! विदिताखिलवस्तुसार ।
संसारतारक ! विभो ! भुवनाधिनाथ ! ।
त्रायस्व देव ! करुणाह्रद ! मां पुनीहि
सीदन्तमद्य भयदव्यसनाम्बुराशेः ॥ ४१ ॥

## સ્તવન-૩૮

રાગ : આશાઉરી

નર ભવનું ફલ એહી જાણો, શ્રી જિન સેવા કીજે રે;
નામ સુણીને મન કજ વિકસે, જિમ ઘનસું ધર ભીંજે રે. નર૦ ૧

તુંહિ સુરાસુર-નરવર-વંદિત, વિદિત-સકલજન-ભાવ રે;
તું ભવ તારક વિભુ કરુણાદ્રહ, ભવ જલ તરવા નાવ રે. નર૦ ૨

રાખો મુજને ભવ-વનદવથી, અપરાધી પણ તુમચો રે;
સેવક સીદાતો દેખીને, સુપ્રસન્ન મન કરો તુમચો રે. નર૦ ૩

તુંહિ જ માતા તુંહિ જ ત્રાતા, તાત સયણ તું મોરો રે;
**નયવિમલ** કહે તું મુજ સાહિબ, ભવ ભવ દાસ હું તોરો રે. નર૦ ૪

काव्यम् ॥

यद्यस्ति नाथ ! भवदङ्घ्रिसरोरुहाणां
भक्तेः फलं किमपि सन्ततिसञ्चितायाः ।
तन्मे त्वदेकशरणस्य शरण्य ! भूयाः
स्वामी त्वमेव भवनेऽत्र भवान्तरेऽपि ॥ ४२ ॥

## સ્તવન-૩૯

રાગ : કલ્યાણ

જો ફલ હે તુમ ભક્તિ કિઈરી
ત્રિભુવન નાયક ચરણકમલકી, સેવ કરતી ધરી ભાવ હિઇં રી. જો૦ ૧

તો તુજ ચરણ શરણ સેવકને, ભવ ભવ તુમ પદ વાસ દિઇં રી;
ધન ધન તે ભવિજન નિજ શ્રવણે, તુમ ગુન અમૃત પાન પીઇં રી. જો૦ ૨

બહુ ભવ સંતતિ સંતત સંચિત, હજી લગે સુકૃત સુકૃત ફલ લહે રી;
આ કલિમાં સુર તરુ પરિ સાહિબ, દરિસનથે સવિ અશુભ જહે રી. જો૦ ૩

આ ભવ પર ભવ વળીય ભવોભવ, આણ તુમ્હારી સીસ વહે રી;
નયવિમલ પ્રભુ ગુણની ગણના, એક જીહ કરી કેમ કહે રી. જો૦ ૪

काव्यम् ॥

इत्थं समाहितधियो विधिवज्जिनेन्द्र !
सान्द्रोल्लसत्पुलकक‍ञ्चुकिताङ्गभागाः ।
त्वद् बिम्बनिर्मलमुखाम्बुजबद्धलक्ष्या
ये संस्तवं तव विभो ! रचयन्ति भव्याः ॥ ४३ ॥

## સ્તવન-૪૦

રાગ : કાફી

મેરે દિલમેં સાહિબ તુમ વસે, મૈં ઓર ન ધારું આણ રે;
જ્ઞાની તુંહી જ જાની લૈ મેરે, તુંહી જ જીવિત પ્રાણ રે. મેરે૦ ૧

ઇણિ જગે જે ભવિ જીવડા, સમભાવે વિધિના જાણ રે;
હર્ષે હર્ષિત દેહડી, જિમ પંકજ નિરખી ભાણ રે. મેરે૦ ૨

અનિમિષ નયણે નિરખતાં, તુમ વદન કમલ ગુણખાણી રે;
અહનિશિ વિધિ વંદન કરે, જે જોડી કોમલ પાણિ રે. મેરે૦ ૩

જિનવર સુખકર જંતુના, તું ભાવ મનોગત પ્રાણી રે;
નયવિમલ ધન જીહડી, જે પ્રભુ ગુણ વદે વખાણી રે. મેરે૦ ૪

काव्यम् ॥ (आर्यावृत्तम्) ॥

जननयनकुमुदचन्द्र !

प्रभास्वराः स्वर्गसम्पदो भुक्त्वा ।

स्ते विगलितमलनिचया

अचिरान्मोक्षं प्रपद्यन्ते ॥ ४४ ॥

## સ્તવન-૪૧

રાગ : કાફી

અમર નર પૂજહી, સુરાસુર પૂજહી, પુરિસાદાણી દેવ,
આનંદ પુલકિત દેહ, દુરિત રજ પૂજે હૈં. અ૦ ૧

પૂરણચંદ અધિક વિશદાંબુજ–સરસ વદન કે તેજ હી;
ભવિક લોક કે નયન ચકોરે, નિરખી નિરખી બહુ રીજ હી. અ૦ ૨

નીલકમલ તનિ ફણિ મણિ મંડિત, માનું ધનાધન વીજ હી;
નયવિમલ પ્રભુ ધ્યાન અહોનિશ, રંગાણી તનુ મીંજ હી. અ૦ ૩

## સ્તવન-૪૪ (૪૨મી ગાથા ઉપર બીજું સ્તવન)

રાગ : જયતસીરી ધન્યાશ્રી

મેરો પ્રભુ પ્યારો પાસ જિણંદ, સાહિબ પાસ જિણંદ;
ભવિજન નયન–કુમુદવન–ભાસન, નિર્મલ શારદ ચંદ. મેરો૦ ૧

જે નરસુખ સુરસુખ પામીને, તેજ પ્રતાપ દિણંદ;
અનુક્રમે અચિરકાલ માંહિ શિવસુખ, પામે પરમાનંદ. મેરો૦ ૨

અવગત કલિમલ દુરિત તિમિર સવિ, સુંદરતા માકંદ,
જગિ જસવાદ વધે ચિહું દિશિમાં, જિમ ઘનસાર અમંદ. મેરો૦ ૩

કમઠદલન પ્રભુ નીલવરન તનુ, લંછન જાસ ફણીંદ;
ઉભય પાસ સેવિત કૃતવંછિત, પદ્માવતી ધરણિંદ. મેરો૦ ૪

મુકુટ સપ્તફન હરન તિમિર રજ, વરણિત વામાનંદ;
જ્ઞાનવિમલ પ્રભુ આશાપૂરન, અનુપમ સુરતરુ કંદ. મેરો૦ ૫

## સ્તવન-૪૩

રાગ : ધન્યાશ્રી સામેરી

ઈમ રાગ કુસુમ માલા કરી, મેં પૂજા વિરચી સુહ કરી;
હિતકરી દીઓ પદવી અપની હવે એ. ૧

ધન્ય તે નર જે ચિત્ત ધરે, વળી રાગ સહિત કંઠે કરે;
નિસ્તરે તે ભવસાયર દુઃખ સવે એ ૨

પ્રભુ ગુણ હૃદયમાં ધારીએ, ધન ધન તે નર નારીએ;
અવધારીએ વિનતડી એ દાસની એ. ૩

બોધિબીજ મોહિ આપીએ, કુમતિ કદાગ્રહ કાપીએ;
થાપીએ સુમતિ સુબોધ સુવાસનાએ. ૪

જે રાગી હોયે જિનતણો, તે એ રાગમાલા ભણો;
અતિ ઘણો લાભ હોયે ભવિ જીવને એ. ૫

તાલભંગ ઇહાં હોવે, સુકવિ સુધારી તે લેવે;
નવિ દેવે દૂષણ જિન ગુણ વર્ણતા એ. ૬

## ઉપસંહાર સ્તવન

ઢાળ

વિસ્તરિયા ગુણ ત્રિભુવને પાસ જિણંદના રે, જિનજી છે પરમ દયાળ. વિસ્તરિયા૦
નિસ્તરિયા જે તુમચી ભક્તિ વાસિયા રે, તરિયા તે ભવ સિંધુ. વિસ્તરિયા૦
છેતરિયા જે કુગુરુ કુધર્મ કુવાસને રે, નહિ તસ ત્રાણ ન બંધુ. વિસ્તરિયા૦ ૧
કાતરિયા પરિ ફીરતા ખેત્ર વિણાસતા રે, જે તુજ ગુણ ન ભણંત, વિસ્તરિયા૦
પાતરિયા તે માનવભવ પામી કરી રે, તુજ સેવા ન કરંત. વિસ્તરિયા૦ ૨
ઠીકરિયા જે પ્રભુ ભક્તિથી વેગળા રે, કાકરિયા તસ કર્મ, વિસ્તરિયા૦
તીતરિયા પરિ તપ જપ કરતા આકરા રે, ન લહે ધર્મનો મર્મ. વિસ્તરિયા૦ ૩
ઠાકરિયા તે ત્રિભુવન કેરા જાણીએ રે, સાકરિયા તસ વયણ, વિસ્તરિયા૦
બાગરિયા પરિ દુશ્મન તેણે જીતિયા રે, જે નિરખ્યા તે નયણ. વિસ્તરિયા૦ ૪

ભવ જલ દરિયા સહેજે તરિયા તે જના રે, જે જિન નામ થુણંત, વિસ્તરિયા૦
જ્ઞાનવિમલ કહે એ શુભ કિરિયા યોગથી રે, પરિયા પુણ્ય લહંત. વિસ્તરિયા૦ ૫

## ઢાલ–ધન્યાશ્રી

એહ કલ્યાણ મંદિર તણાં, ગીત રચ્યાં સુખકારી રે,
મંગલમાળા તસ ઘરે, જેહ ભણે નરનારી. રે. ૧

પાસ જિનેસર નામથી, દુરિત ઉપદ્રવ નાસે, રે;
સુમતિ સુયોગ સુસંપદા, સમકિત આતમ વાસે. રે. ૨

તપગચ્છ અંબર રવિ સમો, શ્રી વિજયપ્રભ ગચ્છધોરી રે,
વિનયવિમલ કવિ દિન મણિ, જગે જસ કીરતિ ગોરી. રે. ૩

ધીરવિમલ કવિ તેહનો, નયવિમલ તસ શીશ રે,
ઘરે ઘરે મંગલ થઈયા, શ્રી જ્ઞાનવિમલસૂરીશ રે. ૪

**इति श्रीमत्तपागच्छाचार्य श्रीज्ञानविमलसूरिरचितानि**
**श्रीकल्याणमन्दिरस्तोत्रगीतानि ।**

## શ્રી કંચનાંજન જ્ઞાનઝરણાં

### ચોવીશ જિનેશ્વરોના છંદ

ચોપાઈ

આર્યા બ્રહ્મા સુતા ગીર્વાણી, સુમતિ વિમલ આપો બ્રહ્માણી,
કમલ કમંડલ પુસ્તક પાણી, હું પ્રણમું જોડી જુગ પાણી ૧

દુહો

ચોવીશે જિનવર તણા, છંદ રચું ચોસાલ,
ભણતાં શિવસુખ સંપજે, સુણતાં મંગલ માલ ૨

છંદ જાતિ સવૈયા

આદિ જિણંદ, નમે નરઇંદ, સપુનમ ચંદ, સમાન મુખં,
સમામૃત કંદ, ટાલે ભવફંદ, મરૂદેવી નંદ, કરત સુખં,
લગે જસ પાય, સુરીદ નિકાય, ભલા ગુણ ગાય, ભવિકજનં,
કંચન કાય, નહિ જસ માય, નમે સુખ થાય, શ્રી આદિજિનં. ૧

અજિત જિણંદ, દયાલ મયાલ, કુપાલ વિસાલ, નયન જુગં,
અનુપમ ગાલ, મહામૃગચાલ, સુભાલ સુજાનગ, બાહુ જુગં;
મનુષ્યમેં લીહ, મુનીસર સિંહ, અબીહ નિરીહ, ગયે મુગતિ,
કહેનય ચિત્ત, ધરી બહુ ભક્તિ, નમો જિન નાથ, ભલી જુગતિ. ૨

અહો સંભવનાથ, અનાથ કોનાથ મુક્તિ કો સાથ મિલ્યો પ્રભુ મેરો,
ભવોદધિ પાજ, ગરિબ નીવાજ, સર્વે શિરતાજ, નિવારત ફેરો;
જિતારી કો જાત, સુસેનામાત, નમે નર જાત, મિલિ બહુ ગેરો,
કહે નય શુદ્ધ, ધરી બહુ બુદ્ધ, જિતાવનિ નાથ હું સેવક તેરો. ૩

અભિનંદન સ્વામ, લિયે જશ નામ, સરે સવિ કામ, ભવિક તણો.
વનિતા જસગામ, નિવાસકો ઠામ, કરે ગુણ ગ્રામ, નરિંદ ઘણો;
મુનીસર ભુપ, અનુપમ રૂપ, અકલ સ્વરૂપ, જિણંદ તણો,
કહે નય ખેમ, ધરી બહુ પ્રેમ, નમે નર પાવત, સુખ ઘણો. ૪

મેઘ નરિંદ, મલ્હાર વિરાજિત, સોવનવાન, સમાન તનુ,
ચંદસુચંદ, વદન સુહાવત, રૂપ વિનિર્જિત, કામ તનુ,

કર્મકી કોડી, સર્વે દુઃખ છોડી, નમે કરજોડી, કરી ભગતિ,
વંશ ઇક્ષ્વાકુ, વિભૂષણ સાહિબ. સુમતિ જિણંદ, ગયે મુગતિ. ૫

હંસ પાદ તુલ્ય રંગ, રતિ અર્ધ રાગ રંગ,
અઢીસેં ધનુષ ચંગ દેહ કો પ્રમાણ હે,
ઉગતો દિણંદ રંગ, લાલ કેસુ ફુલ રંગ,
રૂપ હે અનંગભંગ, અંગ કેરો વાન હે,
ગંગ કો તરંગ રંગ, દેવનાથ હી અભંગ,
જ્ઞાન કો વિશાલ રંગ, શુદ્ધ જાકો ધ્યાન હે,
નિવારીએ ક્લેશ સંગ, પદ્મ પ્રભુ સ્વામી ધીંગ
દિજિયે સુમતિ સંગ, પદ્મ કેરો ભાણ હે. ૬

જિણંદસુપાસ, તણા ગુણ રાસ, ગાવે ભવિ ભાવ, આણંદ ઘણે,
ગમે ભવિ પાસ, મહિમા નિવાસ, પુરે સવિ આસ, કુમતિ હણે,
ચિહું દિશે વાસ, સુગંધ સુખાસ, ઉસાસ, નિશાસ જિનેંદ્ર તણો,
કહે નય ખાસ, મુનીંદ્ર સુપાસ, તણો જશ વાદ સદૈવ ભણો. ૭

ચંદ્ર ચંદ્રિકા સમાન, રૂપશૈલસેં સમાન,
દોઢસો ધનુષ માન, દેહ કો પ્રમાણ હે,
ચંદ્ર પ્રભુ સ્વામી નામ, લિજિએ પ્રભાત જામ,
પામીએ સુઠામ ઠામ ગામ જસ, માન હે.
મહાસેન અંગ જાત, લક્ષ્મણાભિધાન માત,
જગમાં સુવાસવાત ચિહુ દિશે થાત હે.
કહે નય નય છોડી તાંત, ધ્યાઈ એ જો દિનરાત,
પામીએ તો સુખશાત, દુઃખ કો મીટાત હે. ૮

દૂધ સિંધુ ફેન પિંડ, ઉજલો કપુર ખંડ,
ધેનુ ખીરકોસુમંડ, શ્વેતપદ્મ ખંડ હે,
ગંગ કો પ્રવાહપિંડ, શુભ શૈલ શુદ્ધદંડ,
અમૃત સરસ કુંડ, શુદ્ધ જાકો તુંડ હે,

સુવિધિજિણંદ સંત, કીજીએ દુષ્કર્મ અંત,
શુભ ભક્તિ જાસદંત, શ્વેત જાકો વાન હે,
કહે નય સુણો સંત, પૂજીએ જો પુષ્પદંત,
પામીએ તો સુખ સંત, શુદ્ધ જાકો ધ્યાન હે, ૯

શીતલ શીતલ વાણી ઘનાઘન, ચાહત હે ભવિ કોક કિશોરા.
કોક દિણંદ પ્રજાસુ નરિંદ, વલિ જિમ ચાહત ચંદ ચકોરા;
વિંધ્ય ગયંદ શચી સુરઇંદ, સતિ નિજ કંત સુમેઘ મયૂરા,
કહે નય નેહ, ધરી ગુણ ગેહ, તથા લહુ ધાવતસાહેબ મેરા. ૧૦

વિષ્ણુ ભૂપકો મલ્હાર, જગ જંતુ સુખકાર,
વંશકો શૃંગાર હાર, રૂપકો આગાર હે,
છોડી સવિચિત્ત ખાર, માન મોહકો વિકાર,
કામ ક્રોધકો સંચાર, સર્વ વૈરી વાર હે.
આદર્યો સંયમ ભાર, પચ મહાવ્રત સાર,
ઉતારે સંસાર પાર, જ્ઞાનકો ભંડાર હે,
અગીયારમો જિણંદ સાર, ખડ્ગીજીવ ચિન્હધાર,
કહે નય વારોવાર, મોક્ષકો દાતાર હે. ૧૧

લાલ કેશુ ફુલ લાલ, રતિ અર્ધ રંગલાલ,
ઉગતો દિણંદ લાલ, લાલ ચોલ રંગ હે,
કેશરીકી જીહલાલ, કેસરકો ધોલલાલ, ચુંદડીકો રંગલાલ
લાલ પાન રંગ હે,
લાલ કીર ચંચૂલાલ, હીંગલો પ્રવાલ લાલ,
કોકીલાકી દષ્ટિ લાલ, લાલ ધર્મ રંગ હે,
કહે નય તેમ લાલ, બારમો જિણંદ લાલ,
જયાદેવી માત લાલ, લાલ જાકો અંગ હે, ૧૨

કૃતવર્મ, નરિંદ, તણો એહ નંદ નમંત સુરેંદ્ર પ્રમોદ ધરી,
ગમે દુઃખ દંદ, દીએ સુખ વૃન્દ, જાકે પદ સોહત ચિત્તધરી,

વિમલ જિણંદ, પ્રસન્ન વદન, જાકે શુભ મન્ન, સુગંગ પરિ,
નમે એક મન્ન, કહેનય ધન્ન, નમો જિનરાજ, સુપ્રીત ધરી, ૧૩

અનંત જિણંદ દેવ, દેવમાં દેવાધી દેવ,
પૂજો ભવિ નિત્યમેવ, ધરી બહુ ભાવના,
સુરનર સારે સેવ, સુખ કીયો સ્વામી હેવ,
તુજ પાખે ઓર દેવ, ન કરું હું સેવના,
સિંહસેન અંગજાત, સુજસાભિધાન માત,
જગમાં સુજશ ખ્યાત, ચિહું દિશે વ્યાપતો,
કહે નય તાસ વાત, કીજીએ જો સુપ્રભાત,
નિત્ય હોય સુખસાત, કીર્તિ કોડી આપતો, ૧૪

જા કે પ્રતાપ પરાજિત નિર્બલ, ભૂતલ થઈ ભમે ભાનું આકાશે,
સૌમ્યવદન વિનિર્જિત અંતર, શ્યામ વાસી વેન હોત પ્રકાશે,
ભાનુ મહીપતિ વંશ કુસેસય, બોધન દીપત ભાનુ પ્રકાશે.
નમે નય નેહ ધરી નિતુ સાહિબ, ધર્મજિણંદ ત્રિજગપ્રકાશે. ૧૫

સોલમા જિણંદ નામે, શાંતિ હોય ઠામોઠામે,
સિદ્ધિ હોય સર્વકામે, નામ કે પ્રભાવ થે,
કંચન સમાન વાન, ચાલીશ ધનુષ માન,
ચક્રવર્તી કોભિધાન, દીપતો તે સુરથે,
ચૌદ રયણ સમાન, દીપતા નવે નિધાન, કરત સુરેંદ્ર ગાન
પુણ્ય કે પ્રભાવ થે.
કહે નય જોડી હાથ, અબ હું થયો સનાથ,
પાઈઓ સુમતિ સાથ શાંતિ નાથ કે દિદાર થે, ૧૬

કહે કુંથુ જિણંદ, મયાલ દયાનિધિ સેવકની અરદાસ સુણો,
ભવભીમ મહાર્ણવ, પૂર અગાહ, અથાહ ઉપાધિ સુનીર ઘણો,
બહુ જન્મજરા, મરણાદિ વિભાવ, નિમિત ઘણાદિ કલેશ ઘણો,
અબ તારક તાર, કૃપાપર સાહિબ, સેવક જાણીને છે આપણો. ૧૭

અરદેવસુદેવ, કરે નરસેવ, સર્વે દુઃખ દોહગ દૂર કરે,
ઉપદેશ ઘનાઘન, નીરભરે ભવિ માન સમાનસ ભૂરીતરે,
સુદર્શન નામે, નરેસર અંગજ, ભવ્ય મને પ્રભુ જાસ નિવાસે,
તસ સંકટસોગ, વિયોગકુયોગ, દરિદ્ર કુસંગતિ, નાવત પાસે. ૧૮

નિલકીર પંખી નીલ, નાગવલ્લી પત્ર નીલ, તરુવર રાજીનીલ
નીલ નીલ દ્રાખ હે, કાચકો શું સુઘોલ નીલ પાંચકો
સુરંગ નીલ, ઇંદ્ર નીલ રત્ન નીલ, પત્રનીલ ચાસ હે;
જમુના પ્રવાહ નીલ. ભંગરાજપંખી નીલ, જેહવો અશોકવૃક્ષ
નીલ, નીલ નીલરંગ હે, કહે નય તેમ નીલ, રાગ થે અતિવ.
નીલ, મલ્લિનાથ દેવ નીલ, નીલ જાકો અંગ હે. ૧૯

સુમિત્ર નરીંદ તણો વરનંદ, સુચંદ વદન સોહાવત હે,
મંદર ધીર સવે નર હીર, સુશ્યામ શરીર વિરાજિત હે,
કજ્જલ વાન, સુકચ્છ પયાન, કરે ગુણ ગાન, નરીંદ ઘણો,
મુનીસુવ્રત સ્વામી, તણો અભિધાન લહે નયમાન, આનંદ ઘણો, ૨૦

અરિહંત સ્વરૂપ અનુપમ રૂપ કે, સેવક દુઃખને દૂર કરે,
નિજ વાણી સુધારસ મેઘ જલે ભવિ, માણસ માનસ ભૂરી ભરે,
નમિ નાથ કો દર્શન સાર લહી કુણ, વિષ્ણુ મહેશ ઘરે જો ફરે,
અબ માનવ મૂઢ લહિ કોણ સક્કર, છોડ કે કંકર હાથ ધરે, ૨૧

જાદવ વંશ વિભૂષણ સાહિબ, નેમિ જિણંદ મહાનંદ કારી,
સમુદ્રવિજયનરિંદ્રતણો સુત, ઉજ્વલ શંખ સુલક્ષણ ધારી,
રાજુલ નારી મૂકી નિરધારી, ગયે ગિરનાર ક્લેશ નિવારી,
કજ્જલ કાય શિવા દેવી માય, નમે નય પાય, મહા વ્રતધારી ૨૨

પાર્શ્વનાથ અનાથ કો નાથ, સનાથ ભયો પ્રભુ દેખતથે,
સવિરોગ વિયોગ કુયોગ મહાદુઃખ, દૂર ગયે પ્રભુ ધાવતશે,
અશ્વસેન નરેશ સુપુત વિરાજિત, ઘનાઘન વાન સમાન તનું,
નય સેવક વાંછીત, પૂરણ સાહિબ, અભિનવ કામ કરી રમનું, ૨૩

કમઠ કુલંઠ ઉલંઠ હઠીહઠ, ભંજન જાસ પ્રતાપ વિરાજે,
ચંદન વાણી સુવામાનંદન, પુરીસા દાણી બિરુદ જસ છાજે,
જસ નામ કે ધ્યાન થકો સવિ દોહગ, દારિદ્ર દુઃખ મહાભય ભાંજે,
નય સેવક વાંછિત પુરણ સાહિબ, અષ્ટમહાસિદ્ધિ નિત્ય નિવાજે. ૨૪

સિદ્ધારથ ભુપતણો પ્રતિરૂપ, નમે નર ભુપ આનંદ ધરી,
અચિંત્ય સ્વરૂપ અનુપમ રૂપકે લંછન સોહત, જાસ હરી.
ત્રિશલાનંદન, સમુદ્રમકંદન, લઘુપે કંપિત મેરુ ગિરિ,
નમે નય ચંદ્ર વદન વિરાજિત વીર જિણંદ સુપ્રીત ધરી, ૨૫

ચોવીસ જિણંદ તણા ઇહ છંદ, ભણે ભવિવૃંદ જે ભાવ ધરી,
તસ રોગ વિયોગ, કુજોગ કુભોગ, સવિ દુઃખ દોહગ દૂર કરે,
તસ અંગણ બાર ન લાભે પાર, સુમતિ કોખાર હેખાર કરે,
કહે નય સાર, સુમંગલ ચાર, ઘરે તસ સંપદ ભૂરી ભરે, ૨૬

સંવેગી સાધુ વિભૂષણ વંશ વિરાજિત, શ્રી નયવિમલ જયાનંદકારી,
તસ સેવક સંજમ ધીર સુધીરકે, ધીરવિમલ ઘણી જયકારી,
તાસ પદાંબુજ ભૃંગ સમાન, શ્રી જ્ઞાનવિમલ મહાવ્રત ધારી,
કહે એહ છંદ સુણો ભવિ વૃંદ કે, ભાવ ધરીને ભણો નરનારી. ૨૭

## ભરત ક્ષેત્રના લેખનું સ્તવન

દેશી-નમો રે નમો શ્રી શેત્રુંજાગિરિવર

સાંભળો જિનવર અરજ હમારી જન્મ મરણ દુઃખ વાર રે;
ભરતક્ષેત્રથી લેખ પઢાવું, લખું છું. વિતક વાત રે,
તમે તો સ્વામી જાણો છો સારું, પણ જાણ આગળ
વખાણ રે. સાંભળો. ૧

જે દિનથી પ્રભુ વીરજિનેશ્વર, મોક્ષે બીરાજવા જાય રે,
સમોવસરણ શોભા ભરતની લેઈ ગયા, અરિહંતનો પડિયો
વિજોગ રે. સાં૦ ૨

ગૌતમ ગણધર પટ ઉપર રાખ્યા, શ્રી સંઘને રખવાલ રે,
તેપણ થોડા દિવસની ચોકી, કરી ગયા શિવવાસ રે સાં૦ ૩

કેવલ જ્ઞાન જંબુ લેઈ પહોંચ્યા, સાથે દશ જણશ રે,
તત્ત્વનાણું તે ગાંઠે બાંધ્યું, લેઈ ગયા પ્રભુ પાસ રે. સાં૦ ૪

મનપજ્જવ અવધિ લેઈ નાઠો, ન રહ્યો પૂરવ જ્ઞાન રે,
સહસ તેત્રીસ જોજન અધિક, સંશય ભંજન વસો દૂર રે. સાં૦ ૫

ગોવાળ આધારે ગાયો ચરે છે, આવે નિજ નિજ ઠામ રે,
તિમ જ્ઞાનાધારે જીવ તરે છે, પામે ભવજલ પાર રે. સાં૦ ૬

જિનપ્રતિમા જીનવચન આધારે, સઘળો ભરત તે આજ રે;
જીન આણાથી પ્રાણી ચાલે, તેહનો ધન્ય અવતાર રે. સાં૦ ૭

ભરતક્ષેત્ર માંહિ તિરથ મોટા, સિદ્ધાચલ ગીરનાર રે;
સમેતશીખર અષ્ટાપદ આબુ, ભવજલ તારણ નાવ રે, સાં૦ ૮

ભરતક્ષેત્ર માંહી વારતા ચલ રહી, કપટી હીન આચાર રે;
સાચી કહેતાં રીસ ચઢાવે, ભાખે મુખ વિપરીત રે. સાં૦ ૯

વૈરાગે ખસીયા ને રાગે ફસીયા, ચાલે નહિ તુજ પંથ રે,
યોગ્ય જીવ તે વિરલા ઉઠાવે, તુજ આણાનો ભાર રે. સાં૦ ૧૦

શુદ્ધપરૂપક સમતા ધારી, ચાલે સૂત્રને ન્યાય રે,
તેહના પણ છીદ્ર જુવે છે, ઉલટા કાઢે છે વાંક રે. સાં૦ ૧૧

આપ પ્રશંસા આપણી કરતાં, દેખે નહિ પરગુણ લેશ, રે
પરપીડા દેખી હૈયું ન કંપે, એ મુજ મોટી ખોટ રે. સાં૦ ૧૨

તે દિન ભરતમાં ક્યારે હોંશે, જન્મશે શ્રી જિન રાજ રે,
સમોવસરણ વિર ચાવી બીરાજે, સીજશે ભવિઓના કજ રે. સાં૦ ૧૩

સદ્‌ગુરુ સાખે વ્રત મેં લીધાં, પાળ્યાં નહિ મન શુદ્ધ રે,
દેવગુરુની મેં આણા લોપી, જીનશાસનનો હું ચોર રે, સાં૦ ૧૪

ક્રિષ્ણપક્ષી જીવ ક્યાંથી પામે, તુમ ચરણોની સેવ રે,
ત્રણ જગતની ઠકુરાઈ તુમારી, રીદ્ધિ તણો નહિ પાર રે. સાં૦ ૧૫

કર્મ બલુંજણ આકરો ફસીયો, ફરીયો ચોરાશીના ફેર રે
જન્મજરામરણ કરીને થાક્યો, હવે તો શરણ આપ રે. સાં૦ ૧૬

ઓછું પૂન્ય દીસે છે મ્હારું, ભરતક્ષેત્રે અવતાર રે,
તુમ જેટલી પ્રભુ રિદ્ધિ ન માગું, પણ માગું સમકિત દાનરે. સાં૦ ૧૭

ત્રિગડે બીરાજી ધર્મ પ્રકાશો, સુણે પરખ(ર્ષ)દા બાર રે,
ધન્ય સુરનર ધન્ય નગરીવેલા, તેહને કરું હું પ્રણામ રે. સાં૦ ૧૮

મ્હોટાની જો મહેર હોવે તો, કર્મ વેરી જાયે દૂર રે,
જગ સહુનો ઉપકાર કરો છો, મુજને મૂક્યો તે વિચાર રે. સાં૦ ૧૯

જ્ઞાનવિમળ શિખ ભલી પરે આપે, જીન વાણી હૈડે રાખે રે
સત્ય શિયલ તુજ સાથે ચાલે કોણ કરે તુજ રોક રે. સાં૦ ૨૦

## શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન.

દુહો

પુરિસાદાણી પાસજી, બહુ ગુણ મણિ આવાસ,
ઋદ્ધિ વૃદ્ધિ મંગલ કરણ, પ્રણમું પરમ ઉલ્લાસ. ૧

## શ્રી સિદ્ધગિરિનું સ્તવન

પ્યારો લાગે સારો લાગે આછો લાગે
રાજ ઋષભ જીણંદ મને પ્યારો લાગે રાજ,
પ્યારો લાગે સારો લાગે નીકો લાગે રાજ,
મરુદેવીનો જાયો મને પ્યારો લાગે રાજ. ૧.

નાભિરાયા કુલચંદ, ઋષભ જીણંદ,
દીપે દીપે દુનિયામાંહિ જીસ્યો દિણંદ. મ. ૨

ટાળ્યો ટાળ્યો મિથ્યાત્વ કેરો ઉદ્યોત
જાગી જાગી ભવિજન અંતરંગ જ્યોત. મ. ૩.

પામ્યો પામ્યો હવે તુજ ચરણોની સેવ,
અધિક અધિક પ્રભુ પૂરો મ્હારી આશ. મ. ૪.

ધર્મ ચતુર્વિધ કિયો રે પ્રકાશ,
આપો આપો અનુભવ જ્ઞાન ઉલ્લાસ, મ. ૫.

ભમ્યો ભમ્યો હુંતો એતા દિવસ અજાણ,
સૂણી નહિ શુભ ચિત્તે પ્રભુ મુખ વાણ. મ. ૬.

આપો આપો હવે મુજ જ્ઞાન પ્રકાશ,
જ્ઞાન વિમલ પ્રભુ વચન વિલાસ. મ. ૭.

માગું માગું મહાનંદ પદ મારા દેવ,
સાચે ચિત્તે હોજો સાહિબા ચરણોની સેવ. મ. ૮.

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

વંદના-વંદના-વંદના રે ગિરિરાજ કું સદા મોરી વંદના,
વંદના તે પાપ નિકંદના મોરી વંદના ગિરિરાજ કું સદા.
જિનકો દર્શન દુર્લભ દેખી, કીધી તે કર્મની કંદના,
મોરી વંદના રે આદિનાથકું સદા. ૧
વિષય-કષાય-તાપ-ઉપશમીએ, જિમ મળે બાવના ચંદના,
ધન-ધન તે દિન કબહી હોંશે, થાશે તુમ મુખ દર્શના. મો. ગિરિ. ૨.
તિહાં વિશાળ ભાવ પણ હોંશે, જીહાં પ્રભુ પદકજ સ્પર્શના;
ચિત્ત માંહેથી કબહું ન વિસારું, પ્રભુ ગુણ ગણની ધ્યાવના, મો. ગિરિ. ૩.
વળી-વળી દર્શન વહેલેરું લહીએ, એવી રહે નિત્ય ભાવના,
ભવોભવ એહીજ ચિત્તમાં ચાહું, મેરે નહિ ઔર વિચારણા, મો. ગિરિ. ૪.
ચિત્રગયંદના મહાવતની પરે, ફરે ન હોય ઉતારણા,
જ્ઞાનવિમલપ્રભુ પૂર્ણ કૃપાથી, સુકૃત-સુબોધ'
મો. સુવાસના-ગિરિરાજ કું-૫.

## સિદ્ધાચલજીનું સ્તવન

તુમ દરિસણ ભલે પાયો ઋષભ જિન, તુમ દરિસણ ભલે પાયો,
નાભિનરેશ્વર નંદન નિરૂપમ, માતા મરુદેવી જાયો, માતા. ઋ. તુમ. ૧.
આજ અમીરસ જલધર વુઠયો, માનું ગંગાજલે ન્હાયો,
સુરતરુ-સુરમણી પ્રમુખ અનુપમ, તે સવિ આજ મેં પાયો, ઋ. તુમ. ૨.
યુગલા ધર્મ નિવારણ તારણ, જગજશ મંડપ છાયો,
પ્રભુ તુજ શાસન-વાસન સમકિત, અંતર વૈરી હરાયો (હઠાયો), ઋ. તુમ. ૨.
કુગુરુ-કુદેવ-કુધર્મનીવાસે, મિથ્યા મતમેં ફસાયો,
મેં પ્રભુ આજશે નિશ્ચય કીનો, સવિ મિથ્યાત્વ ગમાયો. ઋ. ૪.
બેર-બેર કરુ વિનતિ ઇતની, તુમ સેવા રસ પાયો,
જ્ઞાનવિમળ પ્રભુ સાહિબ નજરે, સમકિત પૂરણ સવાયો. ઋ. ૫.

## શ્રી સિદ્ધગિરિનું સ્તવન

મોરા આતમ રામ, કોણ દિન શેત્રુંજે જાશું;
શેત્રુંજા કેરી પાજે ચઢંતાં; ઋષભ તણા ગુણ ગાશું રે, મો. ૧.
એ ગિરિવરનો મહિમા સુણીને, હઈડે સમકિત વાસ્યું;
જિનવર ભાવ સહિત પૂજીને ભવો ભવ નિર્મળ થાશું રે, મો. ૨.
મન-વચ-કાયા નિર્મળ કરીને, સુરજ કુંડમાં ન્હાશું;
મરુદેવી 'નો નંદન નિરખી (દેખી), પાતિક દૂરે પલાશું રે. મા. ૩.
ઈણગિરિ સિદ્ધ અનંતા હુવા, ધ્યાન સદા તસ ધ્યાશું;
સકલ જનમમાં એ માનવ ભવ, લેખે કરીને રહીશું રે. મો. ૪.
સુરવર પુજિત પદકજની રજ, નિલવટ તિલક ચઢાશું,
મન હરખી ડુંગર ફરસી, હૈડે હર્ષીત થાશું રે. મો. ૫.
સમકિત ધારી સ્વામી સાથે; સદ્ગુરુ સમકિત લાશું;
છરી પાલી પાપ પખાલી, દુર્ગતિ દૂરે પલાસું રે. મો. ૬.
શ્રી જિનનામી સમકિત પામી, લેખે ત્યારે ગણાસું,
જ્ઞાનવિમલસૂરિ કહે ધન્ય તે દિન, પરમાનંદ પદ પાશું રે. મોરા. ૭.

# શબ્દાર્થો

| | |
|---|---|
| અજ | : બકરો |
| અદત્ત | : ન દીધેલું |
| અનર્ગળ | : ઘણું, પુષ્કળ |
| અમરી | : દેવી |
| અહિ | : સાપ |
| અંગધન | : એક નાગનું કુળ વિશેષ |
| ઇલિકા | : ઇયળ |
| ઉણિમ | : ઓછું |
| ઉપલ | : માટી |
| એલા | : એલચી |
| કદલી | : કેળ |
| કલત્રાદિક | : સ્ત્રી આદિ પરિવાર |
| કાતર | : બીકણપણે |
| કાશકુસુમ | : ઘાસના ફૂલ |
| કાષ્ઠાનિલ | : લાકડાનો અગ્નિ |
| કીલક | : ખીલો |
| કુલ્માશ | : અડદ |
| કુવાય | : ખરાબ વાયુ |
| ગહવર | : ગુફા |
| ગુહીરા | : ગંભીર |
| ગોમાય | : ગાયનું છાણ |
| ઘરણી | : ગૃહિણી |
| ચીવર | : વસ્ત્ર |
| છીન | : પળ, ક્ષણ |
| જલદ | : વર્ષાઋતુ |
| જાત્યતુરગ | : જાતિવાન ઘોડો |
| જલનાદિ | : અગ્નિ વગેરે |
| જુવટ | : જુગાર |
| ઝુંસર | : ધૂંસર |
| ત્રિયા | : સ્ત્રી |
| તમહર | : અંધારું દૂર કરનાર |
| તરણી | : સૂર્ય |
| તુરગ | : ઘોડો |
| થોહરિ અક્કહ | : થોરનું દૂધ |
| દુર્ધર | : મુશ્કેલ |
| દુર્ભિક્ષ | : દુકાળ |
| ધૂક | : ઘુવડ |
| ધૂણાક્ષર | : ઊધઈ કાગળ ખાઈ અક્ષર જેવો દેખાવ કરે તે |
| ધૂરિ | : પહેલું |
| નિગડીત | : બંધાયેલું |
| નિરાસરા | : ઇચ્છા વિનાના |
| પડુત્તર | : પ્રત્યુત્તર |
| પરિઅટ્ટણ | : ફરીને |
| પતંગ | : એક વૃક્ષ જેની છાલનો રંગ લાલ ઝડપથી નાશ પામે |
| પરમાન્ન | : ખીર |
| પરિગલ | : ખૂબ |

| | | | |
|---|---|---|---|
| પરિયાગત | : વંશ પરંપરાગત | વચ્છ | : પુત્ર |
| પ્રવહણ | : વહાણ | વણજ | : વેપાર |
| પાકીન | : એક જળચર જીવ | વાસવ | : ઇન્દ્ર |
| પોત | : કાફ્લો | વાગુલ | : વડગોવાળ |
| ફરસિયો | : સ્પર્શ્યો | વાઘતી | : વાઘણી |
| ભાજના | : પાત્ર | વિરલાઈ | : છૂટા પડી જવું |
| ભૈમી | : ભીમકરાજાની પુત્રી દમયંતી | વીક | : વીષ્ટા |
| મસી | : શાહી | શશધર | : ચંદ્ર |
| મૃદ | : માટી | સાલિ | : ચોખા |
| માત્રા | : પેશાબ | સુમિણ | : સ્વપ્ન |
| માદલ | : વાજિંત્ર વિશેષ | સાથુઅ | : સાથવો |
| મુસે | : નષ્ટ કરે | સાદી | : ઘોડાને શિક્ષા આપનાર |
| રચણાં | : રત્નો | સયણ | : બધા |
| લચ્છી | : લક્ષ્મી | હરિ | : સિંહ |
| લીહાલ | : કોલસો | હુરવાણી | : રીસાઈ |

તે સુખિયા ભાઈ તે નર સુખિયા, જે પરદુઃખે દુઃખિયાજી;
પરસુખ દેખી જે સંતોષિયા, જેણે જૈન ધર્મ ઓળખિયાજી. ૧

જ્ઞાનાદિક બહુ ગુણના દરિયા, ઉપશમ રસ જળ ભરિયાજી;
જે પાળે નિત્ય શુદ્ધ ક્રિયા, ભવસાગર તે તરિયાજી. ૨

દાન તણા જે રંગે રાતા, શીલ ગુણે કરી માતા રે;
સવિ જગ જીવને દિયે જે શાતા, પર વનિતાના ભ્રાતા રે. ૩

જેણે છાંડ્યા ઘરના ધંધા, જે પરધન લેવા અંધા રે;
જે નવિ બોલે બોલ નિર્બંધા, તપ તપવે જે જોધા રે. ૪

પરમેશ્વર આગળ જે સાચા, જે પાળે શુદ્ધ વાચાજી;
ધર્મ કામે કબ હિ ન પાછા, જિન ગુણ ગાવે જાચાજી. ૫

પાપતણા દૂષણ સવિ ટાળે, નિજ વ્રત નિત્ય સંભાળેજી;
કામક્રોધ વૈરીને ગાળે, તે આત્મકુળ અજવાળેજી. ૬

નિશદિન ઈર્યા-સમિતિએ ચાલે, નારી અંગ ન ભાળેજી;
શુક્લ ધ્યાન માંહે જે મ્હાલે, તપહ તપી કર્મ ગાળેજી. ૭

જે નવિ બોલે પરની નિંદા, જીભ અમીરસ કંદાજી;
જેણે તોડ્યા ભવના ફંદા, તસ દેખત પરમ આનંદાજી. ૮

જે પૂજે ભાવે જિન-ઈંદા, સૌમ્ય ગુણે જિમ ચંદાજી;
ધર્મ ધીર ગુરુ ચિર નંદા નય કહે હું તસ બંદાજી. ૯